
પૂર્વાચાર્ય વિરચિત

# યોગસાર પ્રકરણ

શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યોગસાર પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર ❖

પ્રાચીન પરમર્ષિ ચિરંતનાચાર્ય રચિતમ્

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❖ સંપાદિકા ❖

સુવિશાલગચ્છાધિપતિ – વ્યાખ્યાનવાચસ્પતિ
પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના
આજ્ઞાવર્તીની પૂજ્ય ચંદ્રાનનાશ્રીજી મ. સા.ના વિદુષી શિષ્યા
પૂજ્ય ચારુનંદિતાશ્રીજી મ. સા.ના શિષ્યા ધ્યાનરુચિતાશ્રીજી


: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.



સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.

ગીતાર્થ ગંગા

# યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૫ ❖ વિ. સં. ૨૦૬૫ → આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૩૦૦

વીર સં. ૨૫૩૮ ❖ વિ. સં. ૨૦૬૮ → આવૃત્તિ : દ્વિતીય ❖ નકલ : ૩૦૦

મૂલ્ય : રૂ. ૧૦૦-૦૦


⁂ આર્થિક સહયોગ ⁂

**શ્રીમતી હસુમતિબેન શાંતિલાલ શાહ, (સિહોર-હાલ મુંબઈ)**

**હ. નીલકમલભાઈ, રજનીભાઈ, ઈલાબહેન, નીતાબહેન**


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૦૭

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

⁂ મુદ્રક ⁂

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન


**✤ અમદાવાદ :**

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

શ્રી લલિતભાઈ ધરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ જામનગર :**

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✤ રાજકોટ :**

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્‌ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૫. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન

૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન

૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# સંકલના

આત્માને મોક્ષની સાથે યોજન કરે તેવો આત્માનો અંતરંગ પરિણામ અને તે પરિણામને ઉપષ્ટભંક એવી ક્રિયા તે યોગ છે. આ પ્રકારનો યોગ દ્વાદશાંગીરૂપ વિસ્તારાત્મક છે અને તેનો સાર કોઈક ચિરન્તનાચાર્યએ પ્રસ્તુત ગ્રંથમાં આપેલ છે.

ગ્રંથકારશ્રીએ પાંચ પ્રસ્તાવમાં વિભાજન કરી આખા 'યોગસાર' ગ્રંથની રચના કરી છે.

**(૧) પ્રથમ પ્રસ્તાવ – 'યથાવસ્થિતદેવસ્વરૂપોપદેશ'** :- આ પ્રસ્તાવમાં યથાવસ્થિત દેવના સ્વરૂપનો ઉપદેશ બતાવે છે. યોગીઓ જેના ધ્યાનમાં તન્મય થાય તે વીતરાગ ધ્યાતવ્ય છે. તેથી વીતરાગના ધ્યાનથી તન્મય થયેલ આત્મા વીતરાગતુલ્ય થઈને યોગના પ્રકર્ષને પ્રાપ્ત કરે છે, માટે સુખના અર્થીએ વીતરાગના પારમાર્થિક સ્વરૂપને જાણવા સદા યત્ન કરવો જોઈએ. વીતરાગનું ધ્યાન પરમપદનું કારણ ક્યારે બને છે તેની સ્પષ્ટતા શ્લોક-૩માં કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે પોતાનો આત્મા વીતરાગ તુલ્ય છે એ પ્રકારના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક કરાયેલા ધ્યાનથી આત્મા વીતરાગ બને છે.

મોક્ષના અર્થી જીવો પણ સામ્યભાવના નૈર્મલ્ય વગર વીતરાગના પારમાર્થિક સ્વરૂપને સ્પષ્ટ જોઈ શકતા નથી, તેમ બતાવીને સામ્યભાવના નૈર્મલ્યની પ્રાપ્તિના ઉપાય રૂપે અનંતાનુબંધી કષાયનો નાશ કારણ છે તેમ ગ્રંથકારે બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોને સંસારના પરિભ્રમણની વિડંબના સદા સ્પષ્ટરૂપે દેખાય છે અને કર્મ વગરની જીવની અવસ્થા જ જીવ માટે એકાંતે સુખકારી છે એમ સદા સ્પષ્ટ દેખાય છે અને તેના ઉપાયરૂપે સર્વજ્ઞનુ વચન છે એમ સ્થિર બોધ થાય છે ત્યારે સ્વ શક્તિ અનુસાર જિનવચનના પરમાર્થને જાણવા પ્રયત્ન કરે છે. સૂક્ષ્મબુદ્ધિથી જિનવચનના પરમાર્થને જાણીને તેને સ્થિર કરે છે અને જિનવચનથી આત્માને ભાવિત કરીને સદા શક્તિ અનુસાર વિરતિમાં ઉદ્યમ કરે છે, તેઓને અનંતાનુબંધી કષાયનું વિગમન થયેલું છે. તે અનંતાનુબંધી કષાયના વિગમનથી પ્રાથમિક સામ્ય આવે છે અને અપ્રત્યાખ્યાનીય

આદિ કષાયના વિગમનથી વિશેષ, વિશેષતર સામ્ય આવે છે. અને જ્યારે સંપૂર્ણ મોહનો ક્ષય થાય છે ત્યારે પોતાના આત્મામાં રહેલો પરમાત્મ ભાવ તેને સ્પષ્ટ દેખાય છે. તેથી શાસ્ત્રથી ભાવિત થઈને કરાતા યત્નથી જેમ જેમ કષાયો દૂર થાય છે તેમ તેમ આત્મામાં પરમાત્મભાવ સ્પષ્ટ થાય છે અને જેમ જેમ કષાયોનું પ્રાબલ્ય વધે છે તેમ તેમ આત્માનો પરમાત્મભાવ મલિન થાય છે. આ પરમાત્મભાવ પ્રગટ કરવાને અનુકૂળ યત્ન એ યોગ છે માટે મોક્ષના અર્થીએ મોક્ષના ઉપાયભૂત યોગની પ્રાપ્તિમાં ઉદ્યમ કરવો જોઈએ અને યોગની પ્રાપ્તિના અર્થીએ કષાય અને નોકષાયના પારમાર્થિક સ્વરૂપને શાસ્ત્રવચનથી યથાર્થ જાણીને સદા તેના નાશ માટે ઉદ્યમ કરવો જોઈએ. વળી, પોતાના વૈરી એવા કષાયોના નાશમાં આત્મા જેમ જેમ ઉદ્યમ કરે છે તેમ તેમ સામ્યભાવમાં નિશ્ચલ થતાં આત્મામાં પરમાત્મભાવ પ્રગટે છે. તેથી પ્રથમ ભૂમિકામાં પોતાનાથી ભિન્ન પરમાત્મા ઉપાસ્ય છે અને સંપન્ન ભૂમિકાવાળા મહાત્માને પોતાનો આત્મા જ સદા પરમાત્મારૂપે ઉપાસ્ય છે. અને જ્યાં સુધી આત્મા પરમાત્મભાવને પામતો નથી ત્યાં સુધી જ પોતે પરમાત્માથી ભિન્ન છે. જ્યારે કર્મરહિત થાય છે ત્યારે આપણો જ આત્મા પરમાત્મરૂપ બને છે. અને સર્વકર્મથી રહિત થયા છે તેવા પરમાત્માની જેઓ આરાધના કરે છે તેઓને પરમાત્મા સ્વતુલ્ય કરે છે. અને પરમાત્માની આરાધના અર્થે સદા પરમાત્માએ બતાવેલ સદ્શાસ્ત્રોનો અભ્યાસ કરી તેના પરમાર્થને પ્રાપ્ત કરી પરમાત્માના વચનથી સદા આત્માને ભાવિત કરવો જોઈએ, તે જ પરમાત્માની આજ્ઞા છે.

વળી, મુનિઓ સર્વ ઉદ્યમથી પરમાત્માના વચનને પરતંત્ર થઈને સદા પરમાત્મતુલ્ય થવા યત્ન કરવા દ્વારા પરમાત્માની આરાધના કરે છે અને શ્રાવકો પરમાત્મતુલ્ય થવાના અત્યંત અર્થી હોવા છતાં દ્રવ્યસ્તવ દ્વારા પરમાત્માની આરાધના કરે છે. જે શ્રાવકો પરમાત્માના પારમાર્થિક સ્વરૂપને જાણીને સદા પરમાત્માતુલ્ય થવાના આશયથી દ્રવ્યસ્તવ કરે છે તેઓ પણ શીઘ્ર સર્વકર્મોનો નાશ કરીને મોક્ષની પ્રાપ્તિ કરે છે, માટે જેઓની જેટલી શક્તિ છે તે પ્રમાણે ભગવાનની આજ્ઞાનું આરાધન કરીને સુખને પ્રાપ્ત કરે છે અને ભગવાનની આજ્ઞાની વિરાધના કરીને દુઃખને પામે છે. તેથી જેઓ કદાગ્રહને છોડીને પરમાત્માના સ્વરૂપને જાણવા માટે યત્ન કરનારા છે તેઓ બુદ્ધની, વિષ્ણુની કે

અન્ય દેવોની ઉપાસના કરતા હોય તો પણ પરમાર્થથી જિનની જ ઉપાસના કરે છે અને જેઓ પરમાત્માનાં પારમાર્થિક સ્વરૂપને જાણ્યા વગર "અમારા જ દેવ દેવ છે" એ પ્રકારે સ્વીકારીને અન્યના દેવો પ્રત્યે મત્સરભાવ ધારણ કરે છે તેઓ પરમાર્થથી પરમાત્માનાં ઉપાસક નથી. અને જેઓ કદાગ્રહ રહિત પોતાના ઉપાસ્ય દેવને વીતરાગ સ્વીકારીને તેમાં જ તન્મય થવા યત્ન કરે છે તેઓ ઈલિકા-ભમરીનાં દૃષ્ટાંતથી શીઘ્ર વીતરાગતુલ્ય થાય છે.

(૨) **બીજો પ્રસ્તાવ - 'તત્ત્વસારોપદેશ'** :- પ્રથમ પ્રસ્તાવમાં પરમાત્મા અને પરમાત્માની ઉપાસના કઈ રીતે કરવી જોઈએ તેનું કંઈક સ્વરૂપ બતાવ્યું. હવે, વીતરાગના સ્વરૂપને જાણ્યા પછી તત્ત્વનો સાર શું છે તે બતાવવા તત્ત્વસાર નામનો બીજો પ્રસ્તાવ બતાવે છે. સંસારી જીવોનો દૃષ્ટિરાગ જ સર્વ અનર્થનું કારણ છે. આથી સંસારથી કંઈક વિમુખ થઈને પરમાત્માની ઉપાસના કરવા તત્પર થાય તો પણ સંસારી જીવો સ્વ-સ્વ દર્શનનાં અવિચારક રાગરૂપ દૃષ્ટિરાગથી પરમાત્માની ઉપાસના કર્યા વગર ભવભ્રમણની વિડંબનાને પામે છે. માટે દૃષ્ટિરાગવાળા જીવો કેવા હોય છે ? તે બતાવતાં કહે છે – આ કાળના દોષને કારણે પ્રાયઃ જીવો મોહથી હણાયેલા ચિત્તવાળા હોય છે, મૈત્રીઆદિ ભાવોથી અસંસ્કૃત હોય છે તેથી પરમાત્માની ઉપાસના માટે બહારથી યત્ન કરવા છતાં સ્વયં નાશ પામે છે અને મુગ્ધજીવોનો નાશ કરે છે. માટે કલ્યાણના અર્થીએ મૈત્રીઆદિ ચાર ભાવનાનું પારમાર્થિક સ્વરૂપ જાણવું જોઈએ અને અવિચારક સ્વદર્શનનાં રાગનો ત્યાગ કરવો જોઈએ અને તત્ત્વને જાણવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. ત્યાં પ્રશ્ન થાય કે તત્ત્વ શું છે ? તેથી તત્ત્વ બતાવે છે - **આત્માનો સામ્યભાવ તે જ જીવ માટે પરમતત્ત્વ છે.** માટે માન-અપમાન, નિંદા-સ્તુતિ કે ઢેફા-કાંચન આદિમાં કે જીવન-મરણમાં સમાન બુદ્ધિ રાખીને સામ્યભાવના સ્વરૂપનું સદા પારમાર્થિક સ્વરૂપ વિચારવું જોઈએ; કેમ કે યોગનાં સર્વ અંગોનો સાર સામ્યભાવ જ છે. અને જેઓ આજે કે કાલે કેવળજ્ઞાનને પામશે તેઓ સામ્યભાવ વગર ક્યારેય પણ કેવળજ્ઞાનને પામવાના નથી માટે સામ્યભાવને પ્રગટ કરવા માટે જ સર્વ ઉદ્યમ કરવો જોઈએ.

વળી, બાહ્ય સર્વ આચરણાઓ પણ જો સામ્યભાવનું કારણ ન બને તો તે વ્યર્થ છે માટે મોક્ષનાં અર્થીએ સર્વ ઉદ્યમથી સામ્યભાવમાં યત્ન કરવો જોઈએ.

વળી, સત્ત્વશાળી જીવો જ અંતરંગ સામ્યભાવમાં ઉદ્યમ કરી શકે છે તે બતાવવા અર્થે ગ્રંથકાર કહે છે - બહારના સર્વ સંયમના આચારો પાળવા સુકર છે, અતિશય તપ કરવો પણ સુકર છે, ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો પણ સુકર છે, પરંતુ ચિત્તને સામ્યભાવથી વાસિત કરવું અતિદુષ્કર છે; કેમ કે અનાદિથી જીવને પોતાના મૂઢ સ્વભાવને કારણે પોતાનાથી સેવાતા બાહ્ય આચાર કૃત અલ્પગુણો પોતાને દેખાય છે, પરંતુ પર્વત જેવા મોટા દોષો જે સામ્યભાવથી વિપરીતભાવસ્વરૂપ પોતાનામાં વર્તે છે તે દેખાતા નથી. આથી જ દૃષ્ટિરાગના દોષથી જીવો તત્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી અને પોતપોતાના ધર્મના આચારોને સેવીને પોતે ધર્મ સેવે છે તેમ માને છે અને અન્યના આચારોને જોઈને તેમને ધર્મરહિત માને છે. માટે સર્વધર્મના સારભૂત સામ્યને ધારણ કરીને દૃષ્ટિરાગનો ત્યાગ કરવો જોઈએ.

**(૩) ત્રીજો પ્રસ્તાવ - 'સામ્યોપદેશ' :-** પ્રથમ પ્રસ્તાવમાં ઉપાસ્ય પરમાત્માનું સ્વરૂપ બતાવ્યું અને તે ઉપાસ્યની ઉપાસનામાં બાધક એવા દૃષ્ટિરાગના ત્યાગનો ઉપદેશ બીજા પ્રસ્તાવમાં બતાવ્યો. હવે દૃષ્ટિરાગનો ત્યાગ કર્યા પછી સામ્યભાવની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો જોઈએ. તેથી ત્રીજા પ્રસ્તાવમાં સામ્યભાવનો ઉપદેશ આપે છે. સામ્યભાવ એ જીવને માટે સહજ સુખરૂપ છે અને વૈષયિકસુખ ક્ષણિક સુખરૂપ હોવા છતાં રાગાદિની આકુળતાથી તત્કાલ દુઃખને દેનારું છે અને કર્મબંધની પરંપરા દ્વારા દુઃખની પરંપરાનું ઉત્પાદક છે, છતાં સામ્યભાવના પરમાર્થને જોવામાં મુગ્ધબુદ્ધિવાળા જીવો વૈષયિકસુખને જ સુખરૂપ જોઈ શકે છે. સામ્યભાવના સુખને સુખરૂપે જોઈ શકતા નથી, આથી જ સર્વસંગનો પરિત્યાગ કરનારા અને સામ્યભાવમાં સુખ છે તેવું કંઈક જાણવા છતાં પણ સામ્યભાવની સન્મુખ થતા નથી. માટે સૂક્ષ્મબુદ્ધિથી સામ્યભાવ અને અસામ્યભાવના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ.

વળી, સંસારીજીવોમાં જે વૈભવસંપન્ન ઇન્દ્રાદિ કે ચક્રવર્તી આદિ છે તેઓને પણ જે સુખ નથી તે સુખ સામ્યભાવથી પ્રગટ થાય છે; કેમ કે તત્ત્વના ભાવનથી શાંતરસમાં મગ્ન યોગીઓને બાહ્ય પદાર્થોની વિષમતા પણ સ્પર્શતી નથી. તેથી તેઓના હૈયામાં નિરાકુળ ચેતનારૂપ સામ્યભાવ સદા વર્તે છે. માટે

સામ્યભાવના અર્થીએ રાગાદિ કષાયોને અને હર્ષ-શોકાદિ નોકષાયને જીતવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ.

જેઓના ચિત્તમાં સામ્યભાવ વર્તે છે તેઓને વાચિક-કાયિક સર્વ ચેષ્ટાઓમાં સામ્યભાવની જ વૃદ્ધિ થાય છે. વળી, ઊંઘતા હોય કે જાગતા હોય, દિવસ હોય કે રાત્રી હોય, સર્વ કર્મોમાં સામ્યભાવના અર્થી મુનિઓ સદા સામ્યભાવને અનૂકુળ જ ઉદ્યમ કરતા હોય છે.

વળી, શાસ્ત્ર અધ્યયનની ક્રિયા, સંયમની સર્વ ક્રિયા સામ્યભાવની વૃદ્ધિનો હેતુ હોવા છતાં મૂઢ જીવો શાસ્ત્ર અધ્યયન કે સંયમની ક્રિયાઓ કરીને પણ બાહ્યભાવમાં જ સદા વર્તે છે. માટે શ્રુત અધ્યયનની કે સંયમની ક્રિયાઓને સૂક્ષ્મબુદ્ધિથી જાણીને તે ક્રિયાઓ સામ્યભાવનું કારણ થાય તે રીતે જ મહાત્માઓએ ઉદ્યમ કરવો જોઈએ.

વળી, સામ્યભાવમાં ઉદ્યમ કરવાની ઇચ્છા કરવી તે સુલભ છે, પરંતુ ઉદ્યમ કરવો દુર્લભ છે. તેથી ગ્રંથકાર કહે છે કે જેમ બાળક ચંચળતાથી બહાર જતો હોય તો ગોળાદિ આપીને તેને બહાર જતો અટકાવાય છે, તેમ સામ્યભાવના અર્થીએ શુભધ્યાનના ફળનું પ્રલોભન બતાવી પોતાના ચંચળ ચિત્તને બાહ્યભાવોમાંથી વારણ કરવું જોઈએ. જેથી સામ્યભાવને અનુકૂળ ચિત્ત નિષ્પન્ન થાય.

વળી, સામ્યભાવ માટે વિશિષ્ટ યુક્તિ બતાવતાં કહે છે - જેમ બાળક અજ્ઞાનને કારણે આ શત્રુ છે, મિત્ર છે ઇત્યાદિને જાણતો નથી તેમ જ્ઞાની પણ બાહ્યપદાર્થો પ્રત્યે શત્રુ-મિત્રાદિ બુદ્ધિનાં ત્યાગથી સર્વત્ર વર્તે છે, જેથી ચિત્ત સદા સામ્યભાવમાં વર્તે છે.

**(૪) ચોથો પ્રસ્તાવ - 'સત્ત્વોપદેશ' :-** સામ્યભાવથી જ સંસારનો અંત થાય છે અને સામ્યભાવને ઉલ્લસિત કરવા માટે સત્ત્વભાવ આવશ્યક છે. તેથી ચોથા પ્રસ્તાવમાં સત્ત્વનો ઉપદેશ આપે છે. ત્યાં પ્રથમ હીનસત્ત્વવાળા જીવો ધર્મના અધિકારી નથી તેમ બતાવીને હીનસત્ત્વવાળા જીવો જે વ્રતાદિ ગ્રહણ કરે છે તેનું પણ સમ્યક્પાલન કરતા નથી તેમ બતાવેલ છે. આથી જ હીનસત્ત્વવાળા જીવો સંયમ ગ્રહણ કર્યા પછી પણ પોતાના સંયમભાવને ભૂલીને યથા તથા

ક્રિયાઓ કરે છે અને તેવા જીવો કોઈ ક્રિયાઓથી સામ્યભાવને અનુકૂળ લેશ પણ યત્ન કરી શકતા નથી. અને જેઓ સત્ત્વવાળા નથી તેવા જીવોને ગુરુઉપદેશ, શાસ્ત્રવચન કે ભાવનાઓ પણ કલ્યાણ તરફ લઈ જવા સમર્થ બનતી નથી; કેમ કે નિઃસત્ત્વ જીવો ઇન્દ્રિયોના વિષયોથી અને કષાયોથી હંમેશા ચંચળ મનવાળા હોય છે. અને જેઓ સત્ત્વાશાળી છે તેઓ રૌદ્ર ઉપસર્ગો અને પરિષહોમાં પણ પોતાના સાધ્ય એવા સામ્યભાવથી ચલાયમાન થતા નથી. અને જેઓ સત્ત્વહીન છે તેઓ વ્રતગ્રહણ કરીને ગૃહસ્થો સાથે મધુરવચનાદિ બોલીને કૂતરાની જેમ હીનભાવને ધારણ કરે છે.

વળી, જેઓ સ્થિર બુદ્ધિવાળા છે, ધીર છે, ગંભીર છે તેઓ સંપત્તિમાં કે વિપત્તિમાં હર્ષ કે વિષાદથી બાધા પામતા નથી તેઓ સત્ત્વવાળા છે. અને જેઓ સત્ત્વવાળા છે તેઓ જ સત્ત્વના બળથી સામ્યભાવને પ્રાપ્ત કરીને સિદ્ધિને પામે છે.

**(૫) પાંચમો પ્રસ્તાવ – 'ભાવશુદ્ધિજનકોપદેશ' :–** સામ્યભાવ માટે આત્મામાં સત્ત્વની આવશ્યકતા છે અને સત્ત્વને પ્રગટ કરવા માટે ભાવશુદ્ધિની આવશ્યકતા છે. તેથી પાંચમા પ્રસ્તાવમાં ભાવશુદ્ધિનો ઉપદેશ બતાવે છે. જેઓ ધર્મના કોઈ અનુષ્ઠાન કરે તેમાં મનના-વચનના અને કાયાના અત્યંત દૃઢ ઉપયોગપૂર્વક યત્ન કરે તેવા મુનિમાં ભાવની શુદ્ધિ પ્રગટે છે. અને જેઓ આ રીતે ભાવશુદ્ધિમાં ઉદ્યમ કરે છે તેઓ ભાવશુદ્ધિના બળથી સાત્ત્વિક બને છે અને સાત્ત્વિક બનેલા તેઓ પરમાત્માની ઉપાસના કરીને સામ્યભાવને પ્રાપ્ત કરે છે, જેના બળથી અંતે મોક્ષને પ્રાપ્ત કરે છે.

મન-વચન-કાયાને યોગમાર્ગમાં દૃઢ પ્રવર્તાવવા અર્થે શું કરવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે –

જેઓ પોતાના મનને મૃતપ્રાયઃ કરે છે, કાયાને મૃતપ્રાયઃ કરે છે અને ઇન્દ્રિયોને મૃતપ્રાયઃ કરે છે તેઓને અંતરંગ પક્વસુખ દેખાય છે, જેથી તેઓમાં ભાવશુદ્ધિ પ્રગટે છે.

આશય એ છે કે ચિત્ત, કાયા અને ઇન્દ્રિયો અતિચંચળ છે. અને તેની પ્રવૃત્તિઓ જ જીવને આત્મભાવથી પર બાહ્યભાવોમાં પ્રવર્તાવે છે, તેથી જે

યોગીઓ શાસ્ત્રવચનથી ચિત્તને ભાવિત કરીને બાહ્ય વિષયોમાં જવા માટે પ્રવર્તે નહિ તેવું મૃતપ્રાયઃ ચિત્ત કરે છે અને કાયા જિનવચન અનુસાર સંયમવૃદ્ધિના પ્રયોજન વગર લેશ પણ પ્રવર્તે નહિ તેવી મૃતપ્રાયઃ કરે છે અને ઇન્દ્રિયો બાહ્ય સર્વ વિષયોમાં ઉત્સુક્તા વગરની થાય તેવી મૃતપ્રાયઃ કરે છે, તેવા યોગીઓ ભાવશુદ્ધિ દ્વારા સામ્યભાવમાં ઉદ્યમ કરી શકે છે. માટે યોગીએ નિરર્થક વિચારરૂપ દુર્ધ્યાનનો નિરોધ કરવો જોઈએ, શાસ્ત્રથી અનિયંત્રિત વચનનો નિરોધ કરવો જોઈએ અને કાયાના ચાપલ્યનો નિરોધ કરવો જોઈએ.

વળી, ભાવશુદ્ધિ માટે યોગીએ સર્વકાર્યમાં ઔચિત્યનો વિચાર કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી ઔચિત્યના પાલનથી મોહથી અનાકુળ થયેલો આત્મા ભાવશુદ્ધિને પામે. વળી ભાવશુદ્ધિ માટે લોભાદિ કષાયોનો સદા ત્યાગ કરવો જોઈએ અને સંતોષ આદિ ભાવમાં સદા ઉદ્યમ કરવો જોઈએ.

વળી, આત્માને ભાવનાઓથી ભાવિત કરીને સદા તત્ત્વ માર્ગને અભિમુખ કરવો જોઈએ, જેથી જીવમાં સાત્ત્વિકભાવ પ્રગટે અને સત્ત્વના બળથી તે મહાત્મા સામ્યભાવને પ્રાપ્ત કરીને સંસારના અંતને પ્રાપ્ત કરે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તિથિ : ફાગણ વદ-૪ ૨૦૬૫**
**તારીખ : ૧૪-૩-૨૦૦૯, શનિવાર**
**૩૦૨, વિમલવિહાર,**
**સરસ્વતી સોસાયટી, પાલડી,**
**અમદાવાદ-૭.**

# પ્રસ્તાવના

માતૃહૃદયા પૂ. ચંદ્રાનનાશ્રીજી મ. સા.ની અનુજ્ઞાથી, જ્ઞાનપિપાસુ ગુરુ મહારાજ પૂ. ચારૂનંદિતાશ્રીજી મ. સા.ની પાવન નિશ્રામાં શ્રુતના કામ માટે "ગીતાર્થ ગંગા"માં લાંબો સમય સ્થિરતા કરવાની થઈ. પૂ. ગુરુ મ. સા.ની નિશ્રામાં સંયમજીવનની આરાધના કરતાં કરતાં અધ્યાત્મતત્ત્વમર્મજ્ઞ, નિઃસ્પૃહી, જ્ઞાન એકમાત્ર દૃષ્ટિવાળા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા પાસે મારા પુણ્યોદયે **'યોગસાર'** ગ્રંથનું લખાણ કરવાની તક મને પ્રાપ્ત થઈ.

આમ તો, આ ગ્રંથથી હું તદ્દન અજાણ હતી, પરંતુ મારી દીક્ષાના શરૂઆતના દિવસોમાં જ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજશ્રી કૈવલ્યજિતવિજયજી મ. સા. (દીકરા મ. સા.)ની મને દીક્ષાના આશીર્વાદ પાઠવતી ચિઠ્ઠી મળી. તેમાં તેમણે ખાસ સૂચન કરેલ કે સંયમજીવનમાં થોડા સ્થિર થાવ પછી તમારે 'યોગસાર' ગ્રંથનું અધ્યયન કરવા યોગ્ય છે. તેઓશ્રીની પ્રેરણા ઝીલી સાધુ જીવનનાં આવશ્યકસૂત્રોનો અભ્યાસ પૂરો થતાં જ મેં "યોગસાર" ગ્રંથ ભણવાનું ચાલુ કર્યું. પરંતુ આવા યોગના ભાવોથી ભાવિત ગ્રંથ પર કોઈ પ્રાચીન મહાપુરુષની ટીકા, વગેરે કોઈ સાહિત્ય ન મળતાં મેં મારી રીતે મૂળ ગ્રંથમાંથી મારા ક્ષયોપશમ પ્રમાણે જેટલું સમજી શકાય એટલું સમજી ગ્રંથ પૂર્ણ કર્યો; છતાં ગ્રંથના અમુક અમુક શ્લોકોએ મારા મન પર ઘેરી અસર કરી. તેમાં પણ ખાસ તો સુખ-દુઃખનું કારણ ભગવાનની આજ્ઞાનું આરાધન-ભગવાનની આજ્ઞાનું વિરાધન જ છે તે દર્શક –

**येनाज्ञा यावदाराद्धा स तावल्लभते सुखम् ।**
**यावद् विराधिता येन तावद् दुःखं लभेत सः ।।३४-१।।**

આ શ્લોકથી હું અત્યંત પ્રભાવિત થઈ અને ત્યારે જ મને થયેલું કે આ ગ્રંથનું ગુજરાતી વિવેચન શ્લોકના શબ્દોને સ્પર્શી સ્પર્શી અન્વય વગેરે સાથે બહાર પડે તો ઘણો લોકોપકાર થઈ શકે.

આવી શુભભાવના સાથે સંયમ જીવનનું પાલન કરતા કરતા ગુરુમહારાજની કૃપાથી મને શ્રી પ્રવીણભાઈ પાસે પાઠ કરવાની તક સાંપડી. મેં 'યોગસાર' ગ્રંથ કરાવવાની વિનંતી કરી. જેનો સ્વીકાર કરી તેઓશ્રીએ ગ્રંથનું વિવેચન-લખાણ કરાવવાનું ચાલુ કર્યું.

'યોગસાર' જેવો ગ્રંથ યોગની ભૂમિકા પામેલા "યોગી" પાસે કરવાનો હોય તો કેટલો આનંદ આવે ? શ્રી પ્રવીણભાઈનો પરિચય અત્રે ટૂંકમાં આપું તો અસ્થાને નહીં જ કહેવાય.

ષડ્દર્શનવિધ, અગાધજ્ઞાનના સાગર સ્વ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત મ. સા.), તેઓશ્રીના લઘુભ્રાતા, ધર્મતીર્થરક્ષક પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી (નાના પંડિત મ. સા.) તથા વિદ્વાન, સૌમ્યપ્રભાવી સાધ્વીજી પ. પૂ. ચારૂનંદિતાશ્રીજી મ. સા. જેવા અમૂલ્ય રત્નોની ભેટ જૈનશાસનને જે કુળમાંથી સાંપડી છે તે કુળમાં જ પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાનો જન્મ થયો છે. બાહોશ, કુશળવ્યવહારજ્ઞ, ધર્મરસિક શ્રી ખીમજીભાઈ મોતા તથા રત્નકુક્ષી સુશ્રાવિકા લક્ષ્મીબાઈના પરિવારમાં આવા તેજસ્વી રત્નોના જન્મ થયા છે તે યોગીકુળ આપણને પૂર્વનાં યોગીકુળોની યાદ અપાવે છે. લોકપરિચયથી અત્યંત દૂર રહી એકાંતમાં આત્મસાધના કરતાં કરતાં શ્રી પ્રવીણભાઈ અત્યારે જીવનના સાતમા દાયકાના આરે પહોંચી ગયા છે. મને એક સારા જ્ઞાની ગીતાર્થ મહાત્માએ પોતાના શ્રીમુખેથી કહેલ કે **"પ્રવીણભાઈ જેવા શ્રાવકો શ્રીસંઘમાં જુજ છે"**. આ શ્રાવકના જીવન પર દૃષ્ટિપાત કરીએ તો ઓવારી જવાય, એકદમ અલ્પ જરૂરિયાતો, સંપૂર્ણ સ્વાવલંબી અને જયણામય જીવન, એક સમય પણ સંસારની આડી-અવળી વાતોમાં પસાર નહિ કરવાનો, આખો દિવસ 'તેમનો જ્ઞાનયજ્ઞ' ચાલુ જ હોય. પોતાના જીવનમાં જયણાનું મહત્વ એટલું કે,

**"જયણા ય ધમ્મજણણી, જયણા ધમ્મસ્સ પાલણી ચેવ,**
**તવવુઢ્ઢિકરી જયણા, એગંતસુહાવહા જયણા:"**

શ્લોકનું રટણ ચાલતું જ હોય. ઘરમાં રસોઈથી માંડી કચરા-પોતા વગેરે તમામ કાર્ય જાતે જ કરવાના. પોતાને પગની તકલીફ છતાં અન્ય જીવો પર દયાને કારણે ઘરમાં ઘાટી વગેરે રાખવાનો નહીં. તેમનો પાણીનો વપરાશ

જોઈએ તો લાગે 'ઘીની જેમ પાણીનો ઉપયોગ કરે છે.' સવારે છ વાગ્યાથી રાત્રે દસ વાગ્યા સુધી એક જ પ્રવૃત્તિ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓને સંપૂર્ણ નિરપેક્ષભાવે, નિઃસ્વાર્થભાવે "શાસ્ત્રાધ્યયન" કરાવવું. આજ સુધીમાં વિવિધ સમુદાયના અનેક સાધુ-સાધ્વી ભગવંતને શ્રી પ્રવીણભાઈના શ્રુતજ્ઞાનનો લાભ મળ્યો છે. તેમાં પણ એમની પાસે 'યોગગ્રંથો'નું અધ્યયન કરવું એ તો જીવનનો એક લ્હાવો છે. પ્રસ્તુત ગ્રંથના લખાણમાં એમની વિદ્વતાની - છાંટ જોવા મળે છે.

મારા પર તો તેઓશ્રીનો ઘણો ઉપકાર રહ્યો છે. ગૃહસ્થપણામાં પણ મેં એમની પાસે પાઠ કરેલા છે, એટલું જ નહીં જીવનમાં અનેકવાર અનેક મૂંઝવણોમાં તેઓશ્રીએ સાચું માર્ગદર્શન આપી મને ધર્મમાં સ્થિર કરી છે.

**ગ્રંથ પરિચય :-**

આ ગ્રંથના કર્તાએ પ્રથમ શ્લોકમાં જ પોતાના ગ્રંથનું નામ આપ્યું છે. પરંતુ પોતાનો પરિચય તો બાજુ પર પણ પોતાનું નામ સુધ્ધાં પણ ક્યાંય આપ્યું નથી, છતાં ગ્રંથની રચના પરથી લાગે છે કે તેના રચયિતા યોગમાર્ગની પરાકાષ્ઠાની ભૂમિકા પામેલા કોઈ 'યોગીપુરુષ' હોવા જોઈએ.

ગ્રંથનો મુખ્ય વિષય અનાદિકાલથી સંસારમાં ભવભ્રમણ કરી રહેલા જીવોને પરમાત્માનું સ્વરૂપ બતાવી પરમાત્મપદની પ્રાપ્તિના ઉપાય બતાવવાનો છે - ગ્રંથરચનાનો કાલ પણ નિર્દેશ કરાયો નથી પરંતુ "જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ, ભાગ-૪" (પાના નં. ૨૪૨) આધારે આ ગ્રંથ વિક્રમની ૧૨મી સદી પૂર્વે રચાયો હોવો જોઈએ. પ્રસ્તુત ગ્રંથ પાંચ પ્રસ્તાવમાં વિભાજિત છે.

**'યથાવસ્થિતદેવસ્વરૂપોપદેશ'** નામના પ્રથમ પ્રસ્તાવમાં પરમાત્માનું સ્વરૂપ અને તેવા સ્વરૂપવાળા પરમાત્મા જ પરમાત્મા કેમ કહેવાય તેનું સુંદર વિવેચન છે. આવા પરમાત્માની પ્રાપ્તિનો ઉપાય ખાસ વિશેષતાપૂર્વક બતાવતા ગ્રંથકાર ફરમાવે છે કે "આપણો આત્મા જ પરમાત્મા છે" પણ અત્યારે તે કર્મથી મલિન છે અને 'સામ્યભાવ' દ્વારા આ કર્મ મલિનતા દૂર થાય, નિર્મલતા પ્રગટે ત્યારે આત્મામાં પરમાત્માનું સ્પષ્ટ દર્શન થાય છે. આ સામ્યભાવ પ્રગટાવવાનો ઉપાય અનંતાનુબંધી આદિ કષાયોનું વિગમન છે. અને સર્વમોહના ક્ષયથી

આત્મા સંપૂર્ણ શુદ્ધ બનતા પૂર્વમાં અસ્પષ્ટ જણાતો આત્મા સ્પષ્ટ બને છે. આ કષાયોના નાશનો ઉપાય ભગવાનની આજ્ઞાનું આરાધન છે અને તે જ જીવ માટે હિતકારી અને મોક્ષનો ઉપાય છે. આ રીતે ભગવાનની આજ્ઞાનું મહત્વ બતાવતાં છેલ્લે ત્યાં સુધી કહી દીધું કે **"જેટલી ભગવાનની આજ્ઞાની આરાધના એટલું સુખ અને જેટલી ભગવાનની આજ્ઞાની વિરાધના એટલું દુઃખ"**. આ રીતે ભગવાનની આજ્ઞાનું મહત્વ બતાવ્યા પછી સાચા ભગવાનનું સ્વરૂપ બતાવતાં "રાગદ્વેષથી રહિત વીતરાગ" જ ભગવાન કેમ તેનું સુંદર સ્થાપન કર્યું છે અને પ્રથમ શ્લોકમાં પરમાત્મા માટે મૂકેલ "રાગદ્વેષવિવર્જિત" વિશેષણની સિદ્ધિ કરી છે.

પ્રથમ પ્રસ્તાવમાં ઉપાસ્યદેવનું સ્વરૂપ બતાવ્યા પછી કલ્યાણના અર્થી જીવો પણ આવા ઉપાસ્યદેવની ઉપાસના કેમ કરી શકતા નથી તે સ્પષ્ટ કરવા **"તત્ત્વસારોંપદેશ"** નામનો બીજો પ્રસ્તાવ કહે છે.

પ્રસ્તુત પ્રસ્તાવમાં સાચા ઉપાસ્યદેવની ઉપાસનામાં અવરોધક "દૃષ્ટિરાગ"ની અનર્થતા બતાવતાં ત્યાં સુધી કહ્યું કે "પરસ્પર અથડાતા ભાજનો જેમ વિનાશને પામે છે તેમ દૃષ્ટિરાગથી ગ્રસ્ત પોતાના દર્શન પ્રત્યે રાગવાળા અને અન્ય દર્શન પ્રત્યે દ્વેષવાળા જીવો વાદ-વિવાદ દ્વારા એકાંતવાદનો પક્ષપાત કરી પરસ્પર અફડાય છે અને વિનાશને પામે છે." આવા જીવોને રાગદ્વેષ વિના થનારૂં તત્ત્વ જે "સામ્ય" કહેવાય છે તેની પ્રાપ્તિ થતી નથી. અહીં પંદરસો તાપસો, ભરતચક્રવર્તી વગેરેના દૃષ્ટાંત દ્વારા સામ્યતત્ત્વનું માહાત્મ્ય બતાવતા શ્લોકોનું વર્ણન કરી અંતે કહ્યું કે સામ્યની પ્રાપ્તિ માટે જ સર્વ ઉદ્યમ કરવો જોઈએ. જે રીતે રાગાદિથી મલિન મન નિર્મલતાને પામે તે રીતે જ મન-વચન-કાયાની દરેક પ્રવૃત્તિ કરવી જોઈએ. અહીં શ્લોક-૨૯માં ચંચલ ચિત્તને વશ કરવા યોગીઓએ ઉપયોગમાં તત્પર રહેવું જોઈએ એમ કહી ચિત્તને સ્થિર કરવાનો જે ઉપાય બતાવ્યો છે તેનું વિવેચન શ્રી પ્રવીણભાઈએ ખૂબ જ સુંદર રીતે કર્યું છે, જે ખાસ મનનીય છે. અંતમાં સમસ્તધર્મનો સાર "સામ્યતત્ત્વ" છે એમ કહી બાહ્ય દૃષ્ટિગ્રહ છોડી ચિત્તને નિર્મલ કરવાનો ઉપદેશ આપ્યો છે.

જગતવર્તી સર્વભાવો પ્રત્યે 'સામ્યભાવ' પ્રગટ કરવા ત્રીજા પ્રસ્તાવમાં ગ્રંથકારશ્રી **"સામ્યોપદેશ"** ફરમાવે છે. શ્લોક-૧માં સામ્યભાવથી વિમુખ મૂઢ

બુદ્ધિવાળા જીવો વૈષયિકસુખને ઇચ્છે છે એમ કહી શ્લોક-૪માં માર્મિક વાત કરી કે સૂક્ષ્મબુદ્ધિવાળા જીવો પણ પોતાના ચિત્તમાં વર્તતા વિષય-કષાયના ભાવોનું વિભાજન કરી શકતા નથી. પછીના શ્લોકમાં ગ્રંથકારશ્રીએ વિષય-કષાયનું વિભાજન બતાવી આ રાગાદિ ભાવો જીવના વિવેકનો નાશ કરનાર છે તેમ કહી શ્લોક-૧૫માં રાગાદિભાવોને જીતવા ઉદ્યમ કરી રહેલા મહાત્માઓ કેવા હોય છે તેનું વર્ણન કરી સામ્યભાવમાં રહેલા યોગીઓ કેવા હોય છે તેનું સુંદર વર્ણન કર્યું છે. ત્યારબાદ આદ્યભૂમિકામાં રહેલા યોગીઓએ સામ્યભાવમાં જવા શું ઉપાય કરવો જોઈએ તે બતાવી પ્રસ્તાવની સમાપ્તિ કરતાં કહ્યું કે પરમાત્મભાવમાં લયથી સામ્યભાવની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય છે અને મહાત્મા તે લયને કઈ રીતે પ્રાપ્ત કરે છે તે શ્લોક-૩૦માં બતાવ્યું છે. વિવેચનકારશ્રીએ આ શ્લોકનો ગૂઢાર્થ ખોલી ખૂબ મોટો ઉપકાર કર્યો છે.

હવે સામ્યના ઉપદેશને અવધારણ કરી કોઈ જીવ સામ્યભાવનો અર્થી બને તોપણ અલ્પ સત્ત્વવાળા જીવો પોતાનું ઇષ્ટ સાધી શકતા નથી. તેથી ચોથા પ્રસ્તાવમાં ગ્રંથકારશ્રી **“સત્ત્વોપદેશ”** આપે છે. ‘સત્વ’નો ઉપદેશ આપતા પહેલા હીનસત્ત્વવાળા જીવો ધર્મના અધિકારી નથી તે એક શ્લોક દ્વારા બતાવી વિષય-કષાય-પરિષહ-ઉપસર્ગને જીતવા દુષ્કર દુષ્કર છે અને તેનાથી પણ અતિદુર્જેય એવા કામને પરવશ થયેલા જીવોની સ્થિતિનો તાદૃશ ચિતાર આપ્યો છે. શ્લોક-૧૬થી ૨૫માં સાધુવેશમાં રહેલા સત્ત્વહીન જીવો પણ કેવી અસાર પ્રવૃત્તિઓ કરે છે તે બતાવી સત્ત્વશાળી મુનિઓ કેવા હોય છે તેનું વર્ણન કરી સત્ત્વશાળી જીવો જ સિદ્ધિને પ્રાપ્ત કરશે એમ કહી છેલ્લા શ્લોકમાં સત્ત્વ માટે ઉદ્યમ કરવાનો ઉપદેશ આપ્યો છે.

પ્રસ્તાવ-૪માં આપેલ ‘સત્ત્વ’નો ઉપદેશ સાંભળી સત્ત્વભાવનાથી ભાવિત થઈને સંયમની ક્રિયા કરનારા મહાત્માઓ પણ ભાવશુદ્ધિ કરે તો જ તેમનું સંયમજીવન ફલદાયી બને તેથી હવે ગ્રંથકારશ્રી પાંચમા પ્રસ્તાવમાં **“ભાવશુદ્ધિજનકોપદેશ”** આપે છે. અહીં પહેલા શ્લોકમાં મુનિને મન-વચન-કાયાની દરેક પ્રવૃત્તિ સાવધાન થઈ કરવાનો ઉપદેશ આપ્યા પછી શ્લોક-૬માં ચિત્તનો નિરોધ, અયતનાવાળા વચનનો નિરોધ અને કાયચાપલ્યનો નિરોધ કરવાનો ઉપદેશ આપ્યો છે. આ પ્રસ્તાવમાં ભાવશુદ્ધિના ઉપાયરૂપ અનેક

શ્લોકો મૂક્યા છે અને શ્રી પ્રવીણભાઈએ દરેક શ્લોકના ગૂઢાર્થ ખોલી ખોલી સુંદર વિવેચન કર્યું છે. મુનિએ કેવો વચનપ્રયોગ કરવો જોઈએ, ઔચિત્ય, સદાચારની મહત્તા તથા ખાસ તો ભાવશુદ્ધિ માટે લોભકષાયનું સ્વરૂપ અને તેની અનર્થતા બતાવતા શ્લોકો વારંવાર ચિંતન-મનન કરવા લાયક છે. આમ અનેક શ્લોકો મૂકી છેલ્લા બે શ્લોકમાં "યોગસાર" ગ્રંથના ભાવનથી થતું ફલ બતાવી ગ્રંથકારશ્રી ગ્રંથની સમાપ્તિ કરે છે.

**મારી વાત :-**

આ ગ્રંથનું અધ્યયન કરવાની અનુજ્ઞા આપી મને સમય આદિની અનુકૂળતા કરી આપનાર પૂ. ગુરુદેવ ચારુનંદિતાશ્રીજી મ. સા.ની હું ખૂબ જ ઋણી છું. યત્કિંચિત્ ઋણમુક્તિ માટે આવા ગુરુના ગુણોનું સંક્ષેપથી અનુવાદન મારા અને વાચકોના આત્મહિત માટે કરું તો યોગ્ય જ ગણાશે.

વીરપ્રભુના પ્રથમ સાધ્વી ચંદનબાલાશ્રીજી મ. સા.ની પાટ પરંપરામાં આજસુધી સેંકડો જ નહીં હજારો સાધ્વીજી ભગવંતો થઈ ગયા. તેમાં અનેક શાસન પ્રભાવિકા સાધ્વી ભગવંતો પણ થઈ ગયા. પણ થોડા ખેદની વાત એ છે કે પાટ પરંપરામાં પ્રભાવક સાધુ ભગવંતોનો ઇતિહાસ જેટલો ઉપલબ્ધ છે એટલો ઇતિહાસ સાધ્વી ભગવંતો વિષે ઉપલબ્ધ નથી. પ્રભુ શાસન પુરુષપ્રધાન હોવાને કારણે આવું બન્યું હોય તોપણ ખબર નહીં. પણ વર્તમાન સાધ્વી સંસ્થામાં પણ એવા ઘણાં સાધ્વી ભગવંતો છે જે અનેક રીતે શાસનકાર્યમાં વ્યાપૃત્ત છે.

પૂજ્ય ગુરુ મ. સા. પણ શ્રુતરક્ષાના મહાનકાર્યમાં રત છે. છેલ્લા લગભગ પંદર વર્ષથી હું તેઓશ્રીના પરિચયમાં છું. ખૂબ જ ઓછું બોલવું, જરૂરી બોલવું, કામ પૂરતું સમિતિપૂર્વક બોલવું અને શ્રુતના અધ્યયનમાં લાગ્યા રહેવું એ એમના સ્વભાવની ખાસ વિશેષતા રહી છે. "ગીતાર્થ ગંગા"ની સ્થાપનાના શરૂઆતના વર્ષોમાં જે શ્રુતકાર્ય જેમ કે, મહાન ગ્રંથોનું કોડીંગ, વિષયો પ્રમાણે વિભાજન, બીજી પણ અન્ય વિવેચન માટેની માહિતી એકત્રિત કરી નોંધવી વિગેરેમાં પૂજ્ય ગુરુ મ. સા.નો સિંહફાળો છે. કલાકો સુધી એકાંતમાં બેસી અનેક યોગના ગ્રંથો, દર્શનશાસ્ત્રના ગ્રંથોનું કોડીંગ કરતા જોયાં છે.

તાજેતરમાં તેઓશ્રીએ અનેક ગ્રંથોના ચાર્ટ બનાવ્યા છે. આવા એક ચાર્ટનો અભ્યાસ કરો તો આખા ગ્રંથનું દોહન થઈ જાય. તેવી જ રીતે વિવિધ સૂત્રોમાં સંભવિત અનેક ભાંગાઓના કોષ્ટક/ચાર્ટ પણ તેઓએ તૈયાર કર્યા છે. તે કોષ્ટકનો અભ્યાસ કરતાં જે તે સૂત્રમાં કયા કયા પ્રકારે, કેટલા અને કેવા વિભાગો પડે છે તેનો ખ્યાલ આવી જાય. આમ વિવિધ શ્રુતના કાર્યો તેઓ આજે પણ જાતે કરી રહ્યા છે. આટલું જ્ઞાન, વિશિષ્ઠ સૂઝ બૂઝ છતાં ગંભીર એટલા કે ક્યારેય કોઈ પ્રકારનો ઉત્સેક, જ્ઞાન પ્રગટ કરવાની અધીરાઈ એવું કશું એમના જીવનમાં જોવા મળે નહિ. આમ જોઈએ તો સ્ત્રીવેદના ઉદય સાથે આટલી ગંભીરતા, ધીરજ, જ્ઞાન છતાં જ્યાં ત્યાં ન બોલવું, કામ પૂરતી વાત કરવી, વગેરે ગુણો કેળવવા તે નાનીસૂની વાત નથી. પરંતુ તેઓશ્રીને જ્ઞાનમાં એટલો રસ રહ્યો છે કે આ બધા ગુણો જીવનમાં સહજ વણાઈ ગયા છે. શ્રી પ્રવીણભાઈ જેવા પંડિત પાસે દિવસોના દિવસો સુધી દર્શનશાસ્ત્રોના પાઠ કરતાં જ નહીં પણ પાઠ માણતાં જોયા છે. હું તેઓશ્રીના પરિચયમાં આવી ત્યારે શરૂઆતના વર્ષોમાં તો દિવસે ટાઈમ જ ન મળે એટલે રાત્રે એમની પાસે રહેવા જતા તોપણ સતત જ્ઞાનની વાત.

વળી, શાસ્ત્રનું જ્ઞાન છે એટલું જ નહીં પણ સાથે સાથે જ્ઞાનની પરિણતિ પણ તેઓશ્રી પાસે એટલી જ છે. યોગગ્રંથોના પાઠ કરાવતા તે દરમિયાન વૈરાગ્ય નીતરતો દેખાય. પાલીતાણા ચાતુર્માસ દરમિયાન પૂજ્ય શ્રી બાપજી મ. સા.ના વડીલ સાધ્વીજી ભગવંતોએ વાચનાની વિનંતી કરતા લગભગ બે-ત્રણ વાચના ગોઠવાયેલી. તેમાં 'ઉપમિતિ' જેવા જીવંત ગ્રંથની વાચના સાંભળતાં શ્રોતાઓને રસ-આનંદ જળવાઈ રહે તે તો સ્વભાવિક છે પરંતુ પછી તરત જ '૯૮ બોલનું અલ્પબહુત્વ' જેવા શુષ્ક વિષયની વાચના પણ તેઓ એ રીતે આપતા કે સાંભળનારને સંસારની અસારતાનું ભાન થયા વિના ન રહે. પોતાના સમુદાયમાં પણ તેઓશ્રીએ સાધ્વી ભગવંતોને અનેક વાચનાઓ આપી જ્ઞાનરસિક બનાવ્યા છે. કર્મગ્રંથ પર તો એટલી પકડ છે કે ખુદ પૂ. મોહજિતવિજયજી મ. સા. (મોટા પંડિત મ. સા.) પણ કહેતાં કે "આ તમારો વિષય છે"

પૂજ્ય મોહજિતવિજયજી મ. સા. (મોટા પંડિત મ. સા.) 'ગીતાર્થ ગંગા'ના કામની શરૂઆત કરતા "અહિંસા" વિષય પર પૂજ્ય ગુરુ મ. સા. સાથે બેસી ચર્ચા પણ શરૂ કરેલી પરંતુ દુર્ભાગ્યે પૂજ્યશ્રીની તબિયત અચાનક બગડતાં ચર્ચા આગળ ચાલી શકી નહીં.

પૂ. ગુરુ મ. સા. ઉપરાંત વડીલ સાધ્વી ભગવંતો પૂ. હિતરુચિતાશ્રીજી મ. સા. તથા પૂ. જિતમોહાશ્રીજી મ. સા.ની પણ હું ઋણી છું. જેઓએ મારી પાસે અન્ય કામની અપેક્ષા ન રાખતા મને પાઠ કરવાની અનુકૂળતા કરી આપી. ગ્રંથના કાચા કામનું લખાણ કરી આપનાર જ્ઞાનરસિક સુશ્રાવિકા અંકિતાબેનનો સહકાર પણ ભૂલાય તેમ નથી. વળી, ટૂંક જ સમયમાં સંકલના - પ્રસ્તાવના વાંચી અનેક સુધારા-વધારા કરી આપનાર સુશ્રાવક શ્રી ગીરીશભાઈનો સહકાર પણ અનુમોદનીય છે.

પ્રાંતે આ ગ્રંથના લખાણ દ્વારા હું પણ 'યોગમાર્ગ'ને પામું; જ્ઞાનીઓ કહે છે આપણો આત્મા અનંતીવાર નવગ્રૈવેયક સુધી જઈ આવ્યો છતાં આત્માનો ઉદ્ધાર ન થયો; કેમ કે આપણા આત્માએ 'યોગમાર્ગ'માં પ્રવેશ ન કર્યો. બસ, આ ગ્રંથના અધ્યયન દ્વારા અનંતકાલમાં અપ્રાપ્ત એવા 'યોગમાર્ગ'ની મને અને વાચકોને પ્રાપ્તિ થાય અને 'યોગમાર્ગ'ની આગળ આગળની ભૂમિકાને સર કરતાં કરતાં આપણો આત્મા અનંતસુખને પ્રાપ્ત કરે તે જ દેવ-ગુરુ પાસે પ્રાર્થના કરી વિરમું છું.

**'कल्याणमस्तु सर्वजीवानाम्'**

**વિ. સં. ૨૦૬૫, ફાગણ વદ-૪,**
**તા. ૧૪-૩-૦૯, શનિવાર,**
**ગીતાર્થગંગા, ૫, જૈન મર્ચન્ટ**
**સોસાયટી, પાલડી,**
**અમદાવાદ-૩૮૦૦૦૭.**

**વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય**
**ભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી**
**મહારાજાના સામ્રાજ્યવર્તી તથા પરમપૂજ્ય**
**પૂ. ચારૂનંદિતાશ્રીજી મ.સા.ની શિષ્યા સાધ્વી**
**ધ્યાનરૂચિતાશ્રીજી મ.સા.**

# અનુક્રમણિકા


| પ્રસ્તાવ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | યથાવસ્થિત દેવનાં સ્વરૂપનો ઉપદેશ | ૧-૫૩ |
| ૨. | તત્ત્વસાર ઉપદેશ | ૫૪-૧૦૧ |
| ૩. | સામ્યનો ઉપદેશ | ૧૦૨-૧૪૩ |
| ૪. | સત્ત્વનો ઉપદેશ | ૧૪૪-૧૮૪ |
| ૫. | ભાવશુદ્ધિનો ઉપદેશ | ૧૮૫-૨૩૮ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

પૂર્વાચાર્ય વિરચિત

# યોગસાર પ્રકરણ

શબ્દશઃ વિવેચન

## ❖ પ્રથમ પ્રસ્તાવ ❖

## યથાવસ્થિતદેવસ્વરૂપોપદેશ

**શ્લોક :**

**प्रणम्य परमात्मानं रागद्वेषविवर्जितम् ।**
**योगसारं प्रवक्ष्यामि गम्भीरार्थं समासतः ।।१।।**

**શ્લોકાર્થ :**

**રાગ-દ્વેષથી રહિત પ્રકૃષ્ટ આત્મા સ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરીને ગંભીર અર્થવાળા યોગસારને હું સંક્ષેપથી કહીશ. ।।૧।।**

**ભાવાર્થ :-**

ગ્રંથના પ્રારંભમાં ગ્રંથકારશ્રી યોગસારને=યોગના સારને, કહેવાની પ્રતિજ્ઞા કરે છે અને તે યોગનો સાર આખા યોગમાર્ગના વર્ણન સ્વરૂપ છે અને તેનો અર્થ અતિગંભીર હોવાથી શબ્દો માત્રથી તેના અર્થની પ્રાપ્તિ થાય તેમ નથી. છતાં સ્વબુદ્ધિ અનુસાર શબ્દોના અવલંબનથી અને સૂક્ષ્મ ઊહથી કંઈક અર્થ પ્રાપ્ત થઈ શકે તેથી તે પ્રકારના સૂક્ષ્મ ઊહનો યત્ન કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે યોગનો સાર ગંભીર અર્થવાળો છે તેથી શ્રોતા પણ તે પ્રમાણે ઊહ કરીને તેના કંઈક અર્થને પ્રાપ્ત કરે. વળી, યોગનો સાર આખા યોગમાર્ગ સ્વરૂપ

હોવાથી ઘણાં વિઘ્ન થવાનો સંભવ છે તેથી યોગના સારનું વર્ણન કરતાં પૂર્વે યોગના પરમફલને પામેલા એવા પરમાત્માને નમસ્કાર કરીને ગ્રંથકારશ્રી યોગના સારને કહેવાની પ્રતિજ્ઞા કરે છે. જેથી ગ્રંથરચનામાં આવતા વિઘ્નોનો નાશ થાય. **॥૧॥**

**શ્લોક :-**

**यदा ध्यायति यद् योगी याति तन्मयतां तदा ।**
**ध्यातव्यो वीतरागस्तद् नित्यमात्मविशुद्धये ।।२।।**

**શ્લોકાર્થ :-**

**યોગી જ્યારે જેનું ધ્યાન કરે છે ત્યારે તેની સાથે તન્મયતાને પામે છે તે કારણથી=ધ્યાન દ્વારા યોગી તેની સાથે તન્મયતાને પામે છે તે કારણથી, આત્મશુદ્ધિ માટે વીતરાગ નિત્ય ધ્યાન કરવા યોગ્ય છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ગ્રંથકારશ્રીએ "યોગના સારને કહીશ" એ પ્રમાણે પ્રતિજ્ઞા કરેલી અને યોગમાર્ગ એ મુક્ત અવસ્થાની પ્રાપ્તિનો માર્ગ છે અને મુક્ત થવા માટે વીતરાગ થવું આવશ્યક છે અને વીતરાગ થવાનો ઉપાય વીતરાગનું ધ્યાન છે. હવે વીતરાગ થવાનો ઉપાય વીતરાગનું ધ્યાન કેમ છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે યોગી જ્યારે જેનું ધ્યાન કરે છે ત્યારે ધ્યાનના વિષયરૂપ પદાર્થ સાથે તન્મય થાય છે. તેથી જો વીતરાગનું ધ્યાન કરવામાં આવે તો આત્મા વીતરાગની સાથે તન્મય (વીતરાગમય) અવસ્થાને પામે અને જો આત્મા વીતરાગમય અવસ્થાને પામે તો અવીતરાગ અવસ્થામાં બંધાયેલ કર્મોનો નાશ થાય છે અને આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે માટે આત્મશુદ્ધિ અર્થે નિત્ય વીતરાગનું ધ્યાન કરવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે વીતરાગનું નિત્ય ધ્યાન કરવું હોય તો અન્ય સર્વ પ્રવૃત્તિ થઈ શકે નહીં અને અન્ય સર્વ પ્રવૃત્તિ વિના યોગી દેહનું પાલન કે અન્ય ઉચિત આચાર પણ કઈ રીતે કરી શકે ? તેનું તાત્પર્ય એ છે કે યોગીએ આત્માને

વીતરાગના સ્વરૂપથી અત્યંત ભાવિત કરીને દરેક પ્રવૃત્તિના પ્રારંભ પૂર્વે વીતરાગ અને વીતરાગના વચનનું સ્મરણ કરીને વીતરાગના વચનાનુસાર ત્રણ ગુપ્તિપૂર્વક સદા સર્વ ઉચિત કૃત્યો કરવાં જોઈએ જેથી તે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ વીતરાગભાવને પ્રગટ કરવાને અનુકૂળ વ્યાપારરૂપ બને અને જે યોગી આ રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તે કાયિકાદિ કૃત્યો કરતી વખતે પણ વીતરાગના ધ્યાનવાળા જ છે; કેમ કે વીતરાગના વચનના સ્મરણના નિયંત્રણથી વીતરાગભાવને ઉલ્લસિત કરવાને અનુકૂળ યત્ન સ્વરૂપ જ તે મહાત્મા કાયિકાદિ કૃત્યો કરે છે. ॥૨॥

**શ્લોક :-**

**शुद्धस्फटिकसंकाशो, निष्कलश्चात्मनाऽऽत्मनि ।**
**परमात्मेति संज्ञातः प्रदत्ते परमं पदम् ।।३।।**

**શ્લોકાર્થ :-**

**શુદ્ધસ્ફટિક જેવો, નિષ્કલંક=કર્મના કલંકથી રહિત, પોતાના વડે આત્મામાં=પોતામાં, પરમાત્મા=પોતે પ્રકૃષ્ટ આત્મા, છે એ પ્રમાણે જણાયેલો પોતાનો આત્મા પરમપદને આપે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

સર્વ કર્મથી રહિત જે આત્મા છે તે જ પ્રકૃષ્ટ આત્મા છે અને તે પ્રકૃષ્ટ આત્મા શુદ્ધસ્ફટિક જેવો નિર્મલ અને સર્વ કલંકથી રહિત છે. સંસારાવસ્થામાં પણ પોતાના આત્માનું તેવું સ્વરૂપ હોવા છતાં કર્મના આવરણને કારણે તે સ્વરૂપ અભિવ્યકત થતું નથી છતાં જે મહાત્માને શ્રુતવચનના બળથી, કંઈક ઊહશક્તિથી અને કંઈક સ્વઅનુભવથી જ્ઞાન થાય કે કર્મ અને આત્મા બે સ્વતંત્ર પદાર્થ છે. આ બંન્ને એકક્ષેત્રમાં મળેલા હોવા છતાં કર્મ આત્મારૂપ બનતું નથી કે આત્મા કર્મરૂપ બનતો નથી. તેથી મારું પારમાર્થિક સ્વરૂપ તો પ્રકૃષ્ટ આત્મતુલ્ય જ છે અર્થાત્ પરમાત્મા તુલ્ય જ છે અને જે મહાત્મા શ્રુતના ઉપયોગ દ્વારા પોતાના આત્મામાં રહેલા પરમાત્મા તુલ્ય પોતાના સ્વરૂપને જોઈ શકે છે તે મહાત્માને પોતાનો આત્મા પરમાર્થથી શુદ્ધ સ્ફટિક જેવો,

કર્મના કલંકથી રહિત ભાસે છે અને પોતાના તેવા સ્વરૂપમાં શ્રુતના બળથી તે મહાત્મા અત્યંત ઉપયુક્ત રહે તો શ્રુતના ઉપયોગના બળથી પોતાના આત્મામાં રહેલું પરમાત્મ સ્વરૂપ કર્મના આવરણને ભેદીને આવિર્ભાવ પામે છે ત્યારે તે મહાત્મા મોહના કલ્લોલ વગરના પોતાના આત્માને વેદે છે અને કેવલજ્ઞાન પામે છે ત્યારે દેહ અને કર્મવાળી અવસ્થામાં પણ અરૂપી એવા પોતાના શુદ્ધ આત્માને કેવલજ્ઞાન ચક્ષુથી જુએ છે અને તેના બળથી જ તે મહાત્મા સર્વ કર્મોનો નાશ કરી પરમપદને પ્રાપ્ત કરે છે.

આનાથી એ ફલિત થાય કે પોતાના આત્મામાં રહેલા પરમાત્મ સ્વરૂપને જોવાના સૂક્ષ્મ ઉપયોગના બળથી જ આત્મામાં રહેલું પરમાત્મ સ્વરૂપ આવિર્ભાવ પામે છે. **તેથી યોગનો સાર એ જ છે કે સર્વ ઉદ્યમથી અંતરંગ ચક્ષુને ખુલ્લી રાખી અંતરંગ સ્વરૂપને જોવા માટે ઉદ્યમ કરવો જોઈએ. ॥૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં કહ્યું કે આત્મા વડે આત્મામાં "હું પરમાત્મા છું" એ પ્રમાણે સંજ્ઞાત પામેલો=ધ્યાન દ્વારા તન્મય પામેલો, પોતાનો આત્મા જ પરમપદને આપે છે. ત્યાં પ્રશ્ન થાય કે પરમપદના અર્થી જીવો પણ આત્મા વડે આત્મામાં પરમાત્માને કેમ જોઈ શકતા નથી અને તેઓ ક્યારે આત્મામાં પરમાત્માને જોઈ શકે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**किन्तु न ज्ञायते तावद् यावद् मालिन्यमात्मनः ।**
**जाते साम्येन नैर्मल्ये स स्फुटः प्रतिभासते ।।४।।**

**શ્લોકાર્થ :-**

**પરંતુ ત્યાં સુધી=જ્યાં સુધી આત્માનું માલિન્ય છે ત્યાં સુધી, જણાતું નથી=આત્મા વડે આત્મામાં "હું પરમાત્મા છું" તે પ્રમાણે જણાતું નથી. સામ્યથી=સામ્યભાવનના સેવનના બલથી, નિર્મલતા થયે છતે તે=આત્મામાં પરમાત્મભાવનું પ્રતિભાસન, સ્પષ્ટ થાય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

મોક્ષના અર્થી પણ મહાત્માઓ જ્યાં સુધી આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવામાં સમર્થ એવા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમભાવને પામે નહીં અને જ્યાં સુધી મોહથી અનાકુલ એવા પોતાના સ્વરૂપને પરમાર્થથી જોવા સમર્થ બને નહીં ત્યાંસુધી પરમાર્થને જોવામાં બાધક એવાં કર્મોનું પ્રાચુર્ય વર્તે છે અને કર્મોનુ પ્રાચુર્ય વર્તે છે ત્યાંસુધી તેમના આત્મામાં માલિન્ય વર્તે છે અને જ્યાંસુધી આત્મામાં માલિન્ય વર્તતું હોય ત્યાંસુધી કોઈક નિમિત્તને પામીને તેઓ પરમપદના અર્થી થયા હોય તોપણ પરમાર્થથી પોતાના આત્મામાં રહેલા પરમાત્મભાવને જોઈ શકતા નથી. આવા જીવો કદાચ તેવાં તેવાં શાસ્ત્રવચનો સાંભળીને સ્વયં બોલતા હોય કે "આપણો આત્મા પરમાત્માતુલ્ય છે" અથવા પ્રસંગે બીજાને તે પ્રકારે ઉપદેશ પણ આપતા હોય તોપણ તેઓ મોહથી અનાકુલ અને પોતાના સ્વરૂપમાં વિશ્રાંતિને પામેલ આત્માના પરમ સ્વાસ્થ્યના પરમાર્થને જોવા સમર્થ બનતા નથી. પરંતુ કલ્યાણના અર્થી એવા તે મહાત્મા શ્રુતનો અભ્યાસ કરે, આત્માને શાસ્ત્રવચનોથી ભાવિત કરે અને દૃઢ પ્રયત્નપૂર્વક સંયમની ક્રિયાઓ કરીને કાંઈક સામ્યભાવને સ્પર્શે ત્યારે તે મહાત્માના આત્મા ઉપરથી માલિન્યભાવ કાંઈક ઘટે છે અને તે મહાત્મા સામ્યભાવના દીર્ઘકાળના અભ્યાસ દ્વારા નિર્મલતાને પામે છે ત્યારે તેની પાંચેય ઇન્દ્રિયો સહજ પ્રકૃતિથી સંવરભાવવાળી બને છે, ચિત્ત બાહ્ય પદાર્થો સાથે યોજન પામતું નથી પરંતુ આત્માના સહજ પારમાર્થિક સ્વરૂપને શ્રુતચક્ષુથી જોવા સમર્થ બને છે. તેવા મહાત્માને પોતાના સ્વપરાક્રમ દ્વારા આત્મામાં રહેલ પરમાત્મ સ્વરૂપ સ્પષ્ટ પ્રતિભાસન પામે છે અને આવું સ્પષ્ટ પ્રતિભાસન અસંગાનુષ્ઠાનવાળા યોગીઓને થાય છે. આવા યોગીઓ અસંગભાવમાં રહીને શ્રુતના પારાયણ દ્વારા આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવાના વ્યાપારવાળા થાય છે જેના બળથી તેઓમાં રહેલો પરમાત્મભાવ પ્રગટ થતો જાય છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સામ્યભાવથી નિર્મલપણું થયે છતે આત્મામાં પરમાત્મભાવ સ્પષ્ટ પ્રતિભાસ થાય છે તેથી હવે આત્મામાં સામ્યભાવ કઈ રીતે પ્રગટે છે અને કઈ રીતે વૃદ્ધિ પામે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

तत्त्वनन्तानुबन्ध्यादिकषायविगमक्रमात् ।
आत्मनः शुद्धिकृत् साम्यं शुद्धं शुद्धतरं भवेत् ।।५।।

**શ્લોકાર્થ :-**

**વળી આત્માની શુદ્ધિને કરનારું તે સામ્ય=પૂર્વશ્લોકમાં કહ્યું તે સામ્ય, અનંતાનુબંધી આદિ કષાયના વિગમનના ક્રમથી શુદ્ધ શુદ્ધતર થાય છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે સામ્યભાવથી નૈર્મલ્યભાવ પ્રાપ્ત થયે છતે આત્મામાં પરમાત્મભાવનું સ્પષ્ટ પ્રતિભાસન થાય છે. હવે તે સામ્ય શેનાથી પ્રગટ થાય છે તે બતાવતાં કહે છે.

અનંતાનુબંધી આદિ સોળ કષાયના નાશના ક્રમથી આત્મામાં સામ્યભાવ પ્રગટે છે અને તે પ્રગટ થયેલો સામ્યભાવ આત્માની શુદ્ધિને કરનારો છે અને જેમ જેમ સોળ કષાયોમાંથી જે જે કષાયોનું વિગમન થાય છે તે તે પ્રમાણે તે તે સામ્ય શુદ્ધ શુદ્ધતર થાય છે.

આશય એ છે કે આત્માની મૂળભૂત પ્રકૃતિ જગતના સર્વ પદાર્થો પ્રત્યે સામ્યભાવને ધારણ કરનારી છે અને પોતાના સ્વરૂપમાં વિશ્રાંત થનારી છે. પરંતુ કર્મના ઉદયને કારણે જીવોમાં કષાયોની પરિણતિ વર્તે છે અને તે કષાયોની પરિણતિને કારણે જીવ પોતાના મૂળભૂત સ્વભાવમાં વિશ્રાંત થતો નથી અને બાહ્ય પદાર્થો સાથે સંગ કરીને તે તે પદાર્થો પ્રત્યે પક્ષપાતને ધારણ કરે છે તેથી તેમાં સદા અસામ્યભાવ વર્તે છે. જે જીવોનો કર્મમલ કાંઈક અલ્પ થયો છે તે જીવો તત્ત્વને અભિમુખ બને છે ત્યારે આત્માની મૂળભૂત પ્રકૃતિ પ્રત્યે અને તેના ઉપાયો પ્રત્યે અભિમુખભાવવાળા થાય છે અને તેના કારણે તે મહાત્માને પોતાના મૂળભૂત સ્વભાવ પ્રત્યે તીવ્ર પક્ષપાત થાય છે અને બાહ્યપદાર્થો પ્રત્યે જે પક્ષપાતનો ભાવ હતો તે દૂર થાય છે ત્યારે અનંતાનુબંધી કષાયના

વિગમનથી તત્ત્વાતત્ત્વના વિભાગને અનુરૂપ માધ્યસ્થ પરિણતિરૂપ સામ્યભાવ વર્તે છે. તેવા મહાત્માઓને હવે પોતાના કોઈ વચન પ્રત્યે આગ્રહ નથી પરંતુ પૂર્ણ મધ્યસ્થતાપૂર્વક સર્વજ્ઞએ કહેલા તત્ત્વના પરમાર્થને જાણવા પ્રયત્ન કરે છે અને અનંતાનુબંધી કષાયના વિગમનથી થયેલો પ્રથમ ભૂમિકાનો સામ્યભાવ જીવને પોતાના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે પક્ષપાતવાળો બનાવે છે તેથી તે મહાત્મા પોતાના પારમાર્થિક સ્વરૂપને પ્રગટ કરવા અર્થે શક્તિઅનુસાર ક્રમશઃ દેશવિરતિ કે સર્વવિરતિનું પાલન કરે છે. તેના બળથી ક્રમે કરીને અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય કષાયોનું વિગમન થાય છે અને તે વિગમન થવાને કારણે જગતના કોઈ ભાવો પ્રત્યે પક્ષપાત રહેતો નથી પરંતુ જગતના સર્વ ભાવો પ્રત્યે સામ્યભાવ પ્રગટ થવાને કારણે આત્માના નિરાકુળ ભાવો પ્રત્યે જ પક્ષપાત રહે છે અને તેવા મહાત્મા જેમ જેમ સંયમના ઉચિત અનુષ્ઠાનનું સેવન કરીને પોતાના નિર્લેપભાવમાં સ્થિર-સ્થિરતર થાય છે તેમતેમ તેમનો સામ્યભાવ તેમના આત્માની શુદ્ધિને કરનારો બને છે અને આત્માની શુદ્ધિને કરનારો તેવો સામ્યભાવ જેમ જેમ શુદ્ધ શુદ્ધતર થાય છે તેમ તેમ તે મહાત્મા પોતાના સામ્યભાવમાં સ્થૈર્યભાવને પાંમે છે. અને પોતાના સામ્યભાવમાં સ્થિરભાવને પામેલા યોગીઓને લેશ પણ બાહ્ય પદાર્થોનો સંસર્ગ સ્પર્શી શકતો નથી. તેવા યોગીઓને સામ્યના નૈર્મલ્યને કારણે પોતાના આત્મામાં સ્પષ્ટપણે પરમાત્મભાવ પ્રતિભાસ થાય છે અને તેવા મહાત્મા પરમાત્મભાવમાં તન્મયભાવને પામીને વીતરાગ સર્વજ્ઞ બને છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સોળ કષાયના વિગમનના ક્રમથી સામ્યભાવ શુદ્ધ-શુદ્ધતર થાય છે તેથી હવે સામ્યભાવની શુદ્ધિના ક્રમથી જ આત્મામાં સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**साम्यशुद्धिक्रमेणैव स विशुद्ध्यत आत्मनः ।**
**सम्यक्त्वादिगुणेषु स्यात् स्फुटः स्फुटतरः प्रभुः ।।६।।**

**શ્લોકાર્થ :-**

**સામ્યની શુદ્ધિના ક્રમથી જ વિશુદ્ધિને પામતા એવા આત્માના સમ્યક્ત્વાદિ ગુણોમાં તે પ્રભુ=પોતાના આત્માને પ્રગટ કરવા માટે સમર્થ એવો તે પ્રભુ, સ્પષ્ટ સ્પષ્ટતર થાય છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

જે મહાત્મા પરમ માધ્યસ્થભાવથી તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ સામ્યભાવને પામે છે ત્યારે તે મહાત્મામાં અનંતાનુબંધી કષાયના વિગમનથી સમ્યક્ત્વની પ્રાપ્તિને અનુકૂળ એવો સામ્યભાવ પ્રગટે છે અને તે વખતે તે મહાત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અનંતાનુબંધી કષાયના વિગમનકૃત કાંઈક સમ્યગ્ચારિત્ર વર્તે છે. વળી, તે મહાત્મા વિરતિની ઉચિત ક્રિયાઓ કરીને સંવરભાવ તરફ જાય છે તેમ તેમ અન્ય અન્ય કષાયોના વિગમનથી સામ્યભાવની શુદ્ધિ થાય છે. તે વખતે તે મહાત્મામાં સમ્યગ્દર્શન-સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર રૂપ ગુણો પૂર્વોક્ત કરતાં સ્પષ્ટ સ્પષ્ટતર થાય છે અને જેમ જેમ સામ્યભાવની વિશુદ્ધિને પામતા એવા તેના આત્મામાં સમ્યક્ત્વ આદિ ગુણો પ્રગટે છે અર્થાત્ સમ્યગ્ દર્શન- સમ્યગ્ જ્ઞાન-સમ્યક્ ચારિત્ર આદિ ગુણો ઉત્તરોત્તર નિર્મલ નિર્મલતર પ્રગટે છે અને તેના કારણે પોતાના આત્મા પર જેનું પ્રભુત્વ છે તેવા તે પ્રભુ મહાત્મા પોતાના પારમાર્થિક સ્વરૂપના વિષયમાં સ્પષ્ટ સ્પષ્ટતર થાય છે તેમ તેમ તે મહાત્માને આત્માના સ્વરૂપનો નિર્મલ બોધ સ્પષ્ટતર થાય છે. જેના બળથી પોતાના આત્મામાં રહેલા પરમાત્મભાવનાં દર્શન કરીને તે મહાત્મા વીતરાગભાવમાં તન્મય થવા સમર્થ બને છે. ॥૬॥

**અવતરણિકા -**

**શ્લોક-૬માં કહ્યું કે સામ્યની શુદ્ધિના ક્રમથી પ્રભુ એવો તે આત્મા રત્નત્રયીમાં સ્પષ્ટ સ્પષ્ટતર થાય છે તેથી હવે તે પ્રભુ પૂર્ણ સ્પષ્ટ ક્યારે થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

सर्वमोहक्षयात् साम्ये सर्वशुद्धे सयोगिनि ।
सर्वशुद्धात्मनस्त्वेष प्रभुः सर्वस्फुटीभवेत् ।।७।।

**શ્લોકાર્થ :-**

**સર્વ મોહનો ક્ષય થવાથી=વીતરાગના ધ્યાનથી બારમા ગુણસ્થાનકમાં સર્વ મોહનો ક્ષય થવાથી, સર્વશુદ્ધ એવો સામ્યભાવ હોતે છતે=સર્વથા રાગના સ્પર્શ વગરનું પૂર્ણ શુદ્ધ એવું સામ્ય હોતે છતે, સયોગી કેવલી અવસ્થામાં સર્વશુદ્ધ આત્મા હોવાથી=ઘાતીકર્મના સંપૂર્ણ નાશથી સર્વ રીતે શુદ્ધ આત્મા હોવાથી, પ્રભુ એવો આ=પોતાના આત્મા પર પ્રભુતાવાળો એવો પોતાનો આત્મા, સર્વ સ્પષ્ટ થાય છે=પૂર્વમાં અસ્પષ્ટ એવો આત્મા સર્વ સ્પષ્ટ થાય છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

સામ્યભાવના બળથી જે મહાત્મા અનંતાનુબંધી કષાયોના વિગમનને કારણે ચોથા ગુણસ્થાનકની આદ્ય ભૂમિકાની રત્નત્રયીને પ્રાપ્ત કરે છે તે વખતે તે મહાત્માને મોહથી અનાકુળ એવો પોતાનો સામ્યભાવ જ એકાંતે હિતરૂપ દેખાય છે અને મોહથી આકુલ એવો અસામ્યભાવ જ સંસારના સર્વ અનર્થોનું બીજ દેખાય છે તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિથી તે મહાત્મા પોતે સામ્યભાવની વૃદ્ધિ માટે સદા વીતરાગના વચનને જાણવા માટે, જાણીને સ્થિર કરવા માટે અને સ્થિર થયેલા બોધ દ્વારા ઉચિત આચરણ કરીને પોતાના સામ્યભાવની વૃદ્ધિ કરવા ઉદ્યમ કરે છે. આમ અનંતાનુબંધીના વિગમનથી પ્રગટ થયેલો પ્રાથમિક સામ્યભાવ ઉત્તરોત્તર અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય કષાયના વિગમન દ્વારા અતિશય-અતિશયતર થાય છે અને અંતે સર્વ કષાયના વિગમન દ્વારા મોહનો ક્ષય થાય છે ત્યારે તે સામ્યભાવ સંપૂર્ણ શુદ્ધ થાય છે; કેમકે પૂર્વમાં વર્તતો સામ્યભાવ તત્ત્વના રાગના સ્પર્શવાળો હતો પરંતુ સંપૂર્ણ રાગ-દ્વેષના અભાવવાળો ન હતો અને મોહનો સંપૂર્ણ ક્ષય થાય છે ત્યારે સર્વથા રાગ-દ્વેષના અભાવને કારણે પૂર્ણશુદ્ધ સામ્યભાવ પ્રગટે છે. આવો પૂર્ણશુદ્ધ

સામ્યભાવ પ્રગટ્યા પછી બારમા ગુણસ્થાનકમાં રહેલા તે મહાત્મા મોહનીય સિવાયનાં બીજાં પણ ત્રણ ઘાતીકર્મોનો નાશ કરે છે. ત્યારે સયોગી કેવલી અવસ્થામાં=તેરમા ગુણસ્થાનકમાં, તે મહાત્મામાં ચારે ઘાતીકર્મોની અશુદ્ધિ દૂર થાય છે. તે વખતે પોતાના આત્મા પર પ્રભુત્વવાળો એવો આ પ્રભુ સર્વ સ્પષ્ટ થાય છે અર્થાત્ શ્લોક-૨માં કહેવાયેલું તેમ જ્યારે તે મહાત્મા વીતરાગનું ધ્યાન કરે છે ત્યારે વીતરાગ સ્વરૂપ પોતાનો આત્મા કાંઈક સ્પષ્ટ હતો પરંતુ સર્વથા સ્પષ્ટ ન હોતો અને ચાર ઘાતીકર્મોનો ક્ષય થાય છે ત્યારે સર્વથા મોહની આકુળતા વિનાનો નિષ્કલંક એવો પોતાનો અરૂપી આત્મા તે મહાત્માને સર્વથા સ્પષ્ટ થાય છે. તેના પૂર્વે તે મહાત્મા ધ્યાન દ્વારા પોતાના આત્માને સ્પષ્ટ કરવા ઉદ્યમ કરતા હતા અને તે ધ્યાનના ફલરૂપ કેવલજ્ઞાન કાળમાં પોતાનો આત્મા સર્વથા સ્પષ્ટ થાય છે. **||૭||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સર્વ મોહના ક્ષયથી જ્યારે સંપૂર્ણ શુદ્ધ સામ્યભાવ આવે છે ત્યારે સયોગીકેવલી અવસ્થામાં આ આત્મા સંપૂર્ણ સ્પષ્ટ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે સંપૂર્ણ મોહના ક્ષયથી આ આત્મા કઈ રીતે પૂર્ણશુદ્ધ સામ્યભાવને પામે છે ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**कषाया अपसर्पन्ति यावत् क्षान्त्यादिताडिताः ।**
**तावदात्मैव शुद्धोऽयं भजते परमात्मताम् ।।८।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષાન્તિ=ક્ષમા, આદિ ગુણોથી તાડન કરાયેલા કષાયો જેટલા દૂર થાય છે તેટલો જ શુદ્ધ થયેલો આ આત્મા પરમાત્મભાવને પામે છે. ||૮||**

**ભાવાર્થ :-**

અનાદિકાળથી અનંતાનુબંધી આદિ સોળ કષાયોને વશ થયેલો જીવ અત્યંત અસામ્યભાવને ધારણ કરીને સંસારમાં પરિભ્રમણ કરે છે અને જ્યારે તે

આત્મામાં કાંઈક વિવેક પ્રગટે છે ત્યારે ચાર કષાયના પ્રતિપક્ષ એવા ક્ષાન્તિ-મૃદુતા-ઋજુતા-નીરીહતાના ભાવો દ્વારા તે મહાત્મા પોતાના કષાયોને દૂર કરે છે અને જેટલા જેટલા અંશમાં તેના કષાયો દૂર થાય છે તેટલા તેટલા અંશમાં શુદ્ધ એવો આત્મા પોતાના પરમાત્મભાવને પ્રાપ્ત કરે છે. **II૮II**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ક્ષાન્ત્યાદિભાવોથી તાડન કરાયેલા કષાયો જેટલા જેટલા દૂર થાય છે એટલા એટલા અંશમાં આ આત્મા પરમાત્મભાવને પામે છે. હવે, કોઈ મહાત્મા ક્ષાન્ત્યાદિના બળથી કષાયોનું તાડન કરીને કંઈક શુદ્ધ થયા હોય ત્યારે કાંઈક અંશથી પરમાત્મભાવને પામ્યા પછી પણ તે ફરી પરમાત્મભાવનો ત્યાગ કઈ રીતે કરે છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**अपसर्पन्ति ते यावत् प्रबलीभूय देहिषु ।**
**स तावन्मलिनीभूतो जहाति परमात्मताम् ।।९।।**

**શ્લોકાર્થ :-**

**જીવોમાં જેટલા પ્રબલીભૂત થઈને તે=ક્ષમાદિભાવો, અપસર્પણ પામે છે=કષાયોને વશ થવાથી ક્ષમાદિ ભાવો દૂર થાય છે તેટલો મલિનીભૂત એવો તે આત્મા પરમાત્મભાવોનો ત્યાગ કરે છે. II૯II**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ ક્ષમાદિ ભાવોમાં ઉદ્યમ કરીને કષાયોને જેટલા દૂર કરે છે એટલા અંશમાં તે મહાત્મામાં પરમાત્મભાવ પ્રગટ થાય છે અને આવા મહાત્મામાં જે કાંઈ પરમાત્મભાવ પ્રગટ્યો છે તે સર્વ તે મહાત્મા પ્રમાદને વશ થાય છે ત્યારે દૂર થવા માંડે છે. આથી જ અગિયારમા ગુણસ્થાનકમાં મોહના સંપૂર્ણ ઉપશમથી, પરમાત્મભાવને પામેલા તે મહાત્મા જ્યારે ઉપશમશ્રેણિથી નીચે ઊતરે છે ત્યારે જેટલા જેટલા અંશમાં જે જે ભૂમિકામાં તે મહાત્માના ક્ષમાદિભાવો દૂર થાય છે તેટલા તેટલા અંશમાં મલિનીભૂત થયેલો એવો તેમનો આત્મા

તેટલા તેટલા પરમાત્મભાવનો ત્યાગ કરે છે. આથી જ ઉપશમશ્રેણિથી પડ્યા પછી તે મહાત્મા છઠ્ઠા ગુણસ્થાનકમાં આવે છે ત્યારે તેટલો પરમાત્મભાવનો ત્યાગ થાય છે અને કોઈ મહાત્મા ઉપશમશ્રેણિથી પડીને મિથ્યાત્વ અવસ્થાને પ્રાપ્ત કરે તો સંપૂર્ણ સામ્યભાવ જવાથી પરમાત્મભાવનો સર્વથા ત્યાગ થાય છે. તેથી ફલિત થાય છે કે ક્ષમાદિભાવોના પ્રકર્ષથી પરમાત્મભાવ આવે છે અને ક્ષાયિક ક્ષમાદિભાવોમાં પૂર્ણ પરમાત્મભાવ આવે છે. અને ક્ષમાદિભાવોના અપસર્પણથી પ્રગટ થયેલો પરમાત્મભાવ ચાલ્યો પણ જાય છે, માટે પરમાત્મભાવના અર્થી મહાત્માએ સદા ક્ષમાદિભાવોમાં જ ઉદ્યમ કરવો જોઈએ. ॥૯॥

**અવતરણિકા :-**

**શ્લોક બેથી માંડીને અત્યાર સુધી યોગીપુરુષો કઈ રીતે વીતરાગભાવને પ્રાપ્ત કરે છે ? અને વીતરાગભાવમાં વિઘ્નભૂત કષાયો પ્રાપ્ત થયેલા યોગમાર્ગનો કઈ રીતે વિનાશ કરે છે ? તે સ્પષ્ટ કર્યું. હવે, તે સર્વનું નિગમન કરતાં કહે છે=તે સર્વનો ફલિતાર્થ બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**कषायास्तन्निहन्तव्यास्तथा तत्सहचारिणः ।**
**नोकषायाः शिवद्वारार्गलीभूता मुमुक्षुभिः ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી મુમુક્ષુએ મોક્ષમાર્ગમાં અર્ગલીભૂત કષાયો અને તત્સહચારિણી=તે કષાયોના સહચારિ એવા નોકષાયો, અત્યંત હણવા જોઈએ. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૮માં કહ્યું કે ક્ષમાદિ ગુણોથી તાડન કરાયેલા કષાયો જેટલા અંશમાં દૂર થાય છે તેટલા અંશમાં આ આત્મા પરમાત્મતત્ત્વને ભજે છે=પરમાત્મતત્ત્વને પામે છે. વળી શ્લોક-૯માં કહ્યું કે પ્રબલ થયેલા પણ ક્ષમાદિગુણો આત્મામાંથી

દૂર થાય છે ત્યારે તે આત્મા તેટલા અંશમાં પરમાત્મભાવનો ત્યાગ કરે છે. તેથી એ ફલિત થયું કે આ કષાયો મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત છે અને તેના=આ કષાયોના સહચારી નોકષાયો છે. તે કારણથી મોક્ષે જવાના અર્થી એવા મહાત્માએ યોગમાર્ગમાં વિઘ્નભૂત એવા સોળ કષાયો અને તેના સહચારી એવા નવ નોકષાયોને નિતરામ્=અત્યંત, હણવા યોગ્ય છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે મોક્ષમાર્ગના પ્રયાણમાં વિઘ્નભૂત કષાયો અને નોકષાયોને હણવા જોઈએ. તેથી હવે કષાયોને કઈ રીતે હણવા ? તે પહેલાં બતાવે છે –**

**શ્લોક :-**

**हन्तव्यः क्षमया क्रोधो मानो मार्दवयोगतः ।**
**माया चार्जवभावेन लोभः संतोषपोषतः ।।११।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષમાથી ક્રોધને હણવો જોઈએ, માર્દવના યોગથી માનને હણવો જોઈએ, આર્જવભાવથી માયાને હણવી જોઈએ. સંતોષના પોષણથી લોભને હણવો જોઈએ. ।।૧૧।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોમાં વિકલ્પોથી કષાયો થાય છે અને પ્રથમ ભૂમિકામાં વિકલ્પોથી જ ક્ષમાદિભાવો થાય છે. જેમ કોઈ નિમિત્તને પામીને કોઈ પુરુષને વિચાર આવે કે “આ માણસ અનુચિત પ્રવૃત્તિ કરે છે” તેથી તેની અનુચિત પ્રવૃત્તિને કારણે ક્રોધનો વિકલ્પ ઊઠે છે. વળી, કોઈ બાહ્યપદાર્થ જોઈ “આ પદાર્થ રમ્ય નથી” એવો વિકલ્પ થવાથી ક્રોધના જ અવયવભૂત અરુચિનો પરિણામ થાય છે. તેથી તે તે પદાર્થને અવલંબીને તે તે પ્રકારે ક્રોધ, અરુચિ, ઇર્ષ્યા, દ્વેષ વિગેરેના વિકલ્પો થાય છે. હવે તે ક્રોધના વિકલ્પના નાશ માટે મહાત્માએ

ક્ષમાના વિકલ્પો કરવા જોઈએ અર્થાત્ ક્રોધ એ મારી પ્રકૃતિ નથી વિકૃતિ છે, ક્રોધ સર્વ અનર્થનું બીજ છે જ્યારે ક્ષમા એ આત્માના નિરાકુલ સ્વભાવરૂપ હોવાથી સર્વ સંપત્તિઓનું કારણ છે. આ રીતે અનેક પ્રકારે ક્ષમાના વિકલ્પો કરવાથી ક્ષમાભાવના પ્રકર્ષથી આત્મામાં ક્રોધના વિકલ્પો કરવાના અનાદિકાલના સંસ્કારો છે તેનાથી વિરુદ્ધ સંસ્કારોનું આધાન થાય છે અને તે વિરુદ્ધ સંસ્કારોના આધાન દ્વારા તે મહાત્મા ક્ષમાભાવને પ્રાપ્ત કરશે. તે જ રીતે માન, માયા, લોભના વિકલ્પોના પ્રતિપક્ષી માર્દવ-આર્જવ-સંતોષના વિકલ્પો કરવાથી આત્મામાં વધતા ક્રોધાદિ ચાર કષાયો શાંત-શાંતતર અવસ્થાને પામે છે અને ક્ષમાદિ ચાર ભાવોના સંસ્કારો પ્રકૃષ્ટ-પ્રકૃષ્ટતર થાય છે. જેના બળથી તે મહાત્મા નિર્વિકલ્પ અવસ્થાને પામશે ત્યારે ક્ષમાદિના વિકલ્પો વગર જ સહજભાવે ક્ષમાદિભાવો વર્તશે. ત્યારે ક્રોધાદિ ચાર ભાવોના સંસ્કારો નષ્ટપ્રાયઃ અવસ્થાને પામશે અને નિર્વિકલ્પદશાવાળા તે ક્ષમાદિભાવો પ્રકર્ષને પામી ક્ષાયિકભાવના થશે ત્યારે તે મહાત્મામાં ક્રોધાદિ ચારે કષાયોના સંસ્કારોનો અને ચારે કષાયોના આપાદક કર્મોનો સર્વથા નાશ થશે. માટે મુમુક્ષુએ ક્ષમાદિભાવો દ્વારા કષાયોનો નાશ કરવા યત્ન કરવો જોઈએ. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૦માં કહેલ કે મુમુક્ષુએ કષાય અને નોકષાયને હણવા જોઈએ. તેથી શ્લોક-૧૧માં કષાયોને કેવી રીતે હણવા જોઈએ ? તે બતાવ્યું. હવે નોકષાયોને કેવી રીતે હણવા જોઈએ ? તે શ્લોક-૧૨માં બતાવે છે –**

**શ્લોક :-**

**हर्षः शोको जुगुप्सा च भयं रत्यरती तथा ।**
**वेदत्रयं च हन्तव्यं तत्त्वज्ञैर्दृढधैर्यतः ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વના જાણનારાઓએ દૃઢ ધૈર્યથી હર્ષ, શોક, જુગુપ્સા, ભય, રતિ, અરતિ તથા વેદત્રયને હણવા જોઈએ. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

જીવોમાં અનાદિના સંસ્કારોને કારણે તે તે પ્રકારના વિકલ્પો દ્વારા કષાયો-નોકષાયો સ્ફુરાયમાન થાય છે. તેથી જીવને બાહ્ય અનુકૂળ પદાર્થને જોઈ "આ પદાર્થ મને અનુકૂળ છે" એવી બુદ્ધિ થાય છે ત્યારે 'હર્ષ' થાય છે અથવા અનુકૂળ વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે રતિ થાય છે. વળી, આ વસ્તુ મને પ્રતિકૂલ છે એવો વિકલ્પ થાય ત્યારે શોક થાય છે અને પ્રતિકૂલ વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે અરતિ થાય છે. વળી, જીવને પોતાની ઇન્દ્રિયોને જે પદાર્થ જુગુપ્સનીય લાગે તે પદાર્થો તરફ જુગુપ્સાનો ભાવ થાય છે. વળી, બાહ્ય પદાર્થો પ્રત્યે પ્રતિબંધ હોવાથી આ બાહ્ય પદાર્થો મને ઇષ્ટ છે તેવી બુદ્ધિ થાય છે અને તે ઇષ્ટ પદાર્થનો નાશ થવાની સંભાવના દેખાય તો "ભય" થાય છે. વળી, પોતાને મળેલ દેહને અનુરૂપ તે તે નિમિત્તોને પામીને તે તે પ્રકારના વિકારો થતાં વેદત્રયમાંથી કોઈક વેદનો ઉદય થાય છે ત્યારે તે પ્રકારની કુત્સિત ચેષ્ટા કરવાનો અભિલાષ થાય છે. આ રીતે નોકષાયોથી પોતાનો આત્મા સદા ચિત્ર વિકલ્પો દ્વારા કદર્થના પામે છે તે પ્રકારે તત્ત્વજ્ઞપુરુષે અત્યંત ભાવન કરવું જોઈએ અને દૃઢ ધૈર્ય રાખીને તે હર્ષ-શોકાદિના વિકલ્પો ચિત્તમાં ઊઠે નહીં અને તે સર્વ ભાવોથી નિરાકુળ એવી પોતાની ચેતના જ આત્મા માટે સુખાકારી છે તેમ ભાવન કરવું જોઈએ. આ રીતે ભાવન કરવાથી નોકષાયોના પરિણામો ઉત્થિત થતા નથી. તેથી પૂર્વમાં નોકષાયો દ્વારા આત્મામાં જે સંસ્કારો આધાન થયેલા તે દૃઢ થતા નથી. વળી તે સર્વ નોકષાયોના પરિણામોથી રહિત નિરાકુલ ચેતના જ આત્મા માટે હિતકારી છે એમ ચિંતન કરીને દૃઢ પ્રયત્નથી આત્માને તે તે ભાવોથી ભાવિત કરવાથી નવેનવ નોકષાયો ક્ષીણ-ક્ષીણતર દશાને પામે છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૧-૧૨માં કષાયોને અને નોકષાયોને કેવી રીતે હણવા જોઈએ તે બતાવી હવે કષાય અને નોકષાયોનો નાશ થવાથી આત્મા જ પરમાત્મા બને છે તે બતાવે છે –**

**શ્લોક :-**

रागद्वेषमयेष्वेषु हतेष्वान्तरवैरिषु ।
साम्ये सुनिश्चले यायादात्मैव परमात्मताम् ।।१३।।

**શ્લોકાર્થ :-**

**આંતર્વૈરી એવા રાગ-દ્વેષમય આ સોળ કષાય અને નવ નોકષાય હણાયે છતે સુનિશ્ચલ સામ્યભાવમાં આત્મા જ પરમાત્મતાને પામે છે. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

અનંતાનુબંધી ક્રોધ વગેરે સોળ કષાય અને હર્ષ-શોક આદિ નવ નોકષાય આત્માના પારમાર્થિક નિરાકુલ સ્વરૂપનો નાશ કરનાર હોવાથી આત્માના આંતર્વૈરી છે અને જીવના બાહ્ય પદાર્થો સાથેના સંશ્લેષને કારણે ઉત્પન્ન થયેલા હોવાથી રાગ-દ્વેષમય છે; કેમ કે આત્મા કર્મને પરવશ થઈ બાહ્ય પદાર્થ સાથે સંગ કરે છે ત્યારે ઇષ્ટમાં રાગનો અને અનિષ્ટમાં દ્વેષનો પરિણામ થાય છે અને તે સંગના પરિણામ સ્વરૂપ જ આ સોળ કષાય અને નવ નોકષાય છે. વળી, શ્લોક-૧૧ અને ૧૨માં બતાવ્યું તે પ્રકારે જે મહાત્મા દૃઢ યત્નથી સર્વકષાય અને નોકષાયનો નાશ કરવા ઉદ્યમ કરે છે ત્યારે નાશ કરવાના પ્રવૃત્તિકાલમાં અનંતાનુબંધી કષાયના વિગમનથી જે પ્રાથમિક સામ્યભાવ પ્રગટેલ તે સામ્યભાવ સર્વકષાય અને નોકષાયના વિગમનથી આત્મામાં સુસ્થિર થાય છે. અર્થાત્ હવે આત્મામાંથી તે સામ્યભાવ ક્યારેય જાય નહીં તેવો સહજ પ્રકૃતિ સ્વરૂપ સ્થિર થાય છે અને તે અવસ્થામાં પૂર્વનો આત્મા જ પરમાત્મતાને પામે છે. અર્થાત્ પૂર્વમાં અપ્રકૃષ્ટ આત્મભાવ હતો તેથી કાંઈક ચેતના હતી તે હવે પ્રકૃષ્ટ આત્મભાવરૂપ ચેતના પ્રાપ્ત થાય છે. **।।૧૩।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કષાય અને નોકષાય હણાય છે ત્યારે આત્મા પરમાત્મભાવને પામે છે અને જેઓએ તે કષાયોને હણીને પરમાત્મભાવને પ્રાપ્ત કર્યો છે તેઓની તે સુંદર અવસ્થાનો બોધ જીવોને કેમ થતો નથી તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

स तावद् देहिनां भिन्नः सम्यग् यावन्न लक्ष्यते ।
लक्षितस्तु भजत्यैक्यं रागाद्यञ्जनमार्जनात् ।।१४।।

**શ્લોકાર્થ :-**

**પોતાનાથી ભિન્ન એવા તે=પરમાત્મા, દેહીઓને=સંસારી જીવોને, જ્યાં સુધી સમ્યગ્ જણાતા નથી. વળી, જ્યારે લક્ષિત થાય છે=પોતાનાથી ભિન્ન એવા પરમાત્મા દેહીઓને પરમાત્મારૂપે જણાય છે ત્યારે રાગાદિ અંજનના માર્જનથી ઐક્યને ભજે છે=સંસારી જીવો તે પરમાત્મા સાથે ઐક્યને પ્રાપ્ત કરે છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

સંસારમાં જીવની સુંદર અવસ્થા પરમાત્મભાવ સ્વરૂપ છે અને કોઈ મહાત્માએ તે સુંદર અવસ્થા પ્રાપ્ત કરી હોય છતાં સંસારી જીવો પોતાનાથી ભિન્ન એવા તે પરમાત્માને પરમાત્મ સ્વરૂપે જોઈ શકતા નથી. તેથી, આત્માની આવી સુંદર અવસ્થા જગતમાં વિદ્યમાન હોવા છતાં પોતાની અપરમાત્મદશાને દૂર કરવા યત્ન કરતા નથી અને અપરમાત્મદશાને કારણે જ કર્મો બાંધીને ચારગતિરૂપ સંસારની કદર્થનાને પામે છે. હવે, કોઈ યોગ્ય જીવને જ્યારે પોતાનાથી ભિન્ન એવા તે પરમાત્માનું સ્વરૂપ દેખાય છે ત્યારે તેઓ વિચારે છે કે ખરેખર આ મહાત્મા ધન્ય છે જેણે મોહની સંપૂર્ણ આકુળતા વિનાની સુંદર અવસ્થાને પ્રાપ્ત કરીને સંસારની સર્વ કદર્થનાઓનો અંત કર્યો છે. તે જીવ પણ તે પ્રકારનું પરમાત્માનું સ્વરૂપ જણાવવાથી પરમાત્માની ઉપાસના કરીને પોતાનામાં વર્તતા રાગાદિના અંજનનુ માર્જન કરીને તે પરમાત્મા સાથે ઐક્યને પામે છે અને તે ઐક્યભાવના બળથી પોતે પણ કઈ રીતે પરમાત્મતાને પામે છે તે ગ્રંથકારશ્રી સ્વયં આગળના શ્લોકમાં બતાવે છે.

અહીં વિશેષ એ છે કે યોગ્ય જીવો પોતાનાથી ભિન્ન એવા પરમાત્માને પ્રાથમિક ભૂમિકામાં કાંઈક જાણી શકે છે અને જ્યારે તેઓને સમ્યગ્દર્શનગુણની પ્રાપ્તિ થાય છે ત્યારે સર્વ ઉપદ્રવોથી રહિત અને સર્વથા મોહથી અનાકુલ એવા

પરમાત્માનું પારમાર્થિક સ્વરૂપ તેઓને દેખાય છે. હવે, તે જીવ માટે અત્યારસુધી જગતમાં ભોગસામગ્રી પ્રયત્ન સાધ્ય હતી તેને બદલે હવે પરમાત્મભાવ પ્રયત્ન-સાધ્ય બને છે. આવા જીવો પોતાનાથી ભિન્ન એવા પરમાત્માના પારમાર્થિક સ્વરૂપનું વારંવાર આલંબન લઈને તે પરમાત્માએ બતાવેલા શાસ્ત્રવચનનું અવલંબન લઈને પોતાને માટે સાધ્ય એવો પોતાનો પરમાત્મભાવ પ્રગટ કરવા ઉદ્યમ કરે છે અને તે ઉદ્યમના બળથી જ્યારે અપ્રમત્તગુણસ્થાનકને પામે છે ત્યારે તેઓ નિરાલંબન ધ્યાનમાં આવે છે. તે વખતે રાગાદિ ભાવોના અઞ્જનના માર્જનથી પરમાત્મભાવ સાથે ઐક્યને ભજે છે=ઐક્યને પ્રાપ્ત કરે છે. જેના બળથી અલ્પકાલમાં જ તેઓ પરમાત્મતુલ્ય બને છે જેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં સ્પષ્ટ કરે છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**જે જીવો પોતાનાથી ભિન્ન એવા પરમાત્માને પરમાત્મરૂપે જાણે છે અને સાધના દ્વારા પરમાત્મા સાથે ઐક્યભાવને પામે છે ત્યારે તેના ફલરૂપે તેઓને શું પ્રાપ્ત થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**यादृशोऽनन्तवीर्यादिगुणोऽतिविमलः प्रभुः ।**
**तादृशास्तेऽपि जायन्ते कर्ममालिन्यशोधनात् ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે અનંતવીર્યાદિ ગુણવાળા અતિવિમલ પ્રભુ છે=પોતાનાથી ભિન્ન એવા પરમાત્મા છે, તેમ તે જીવો પણ=પરમાત્મા સાથે ધ્યાન દ્વારા ઐક્યભાવને પામેલા તેવા તે જીવો પણ, કર્મમાલિન્યના શોધનથી તેવા થાય છે. ॥૧૫॥**

**ભાવાર્થ :-**

જે જીવોને પોતાનાથી ભિન્ન એવા પરમાત્મા આત્માની કેવી સુંદર અવસ્થાને પામેલા છે તેવો બોધ થાય છે અને પરમાત્માની ઉપાસના કરીને સંચિતવીર્યવાળા

થાય છે ત્યારે તેઓ અસંગભાવદશાને પામે છે. અસંગભાવદશાને પામેલા એવા તેઓનો આત્મા ધ્યાન દ્વારા પરમાત્મા સાથે ઐક્યભાવને પામે છે. અને ધ્યાન દ્વારા પરમાત્મા સાથે ઐક્યભાવને પામેલા એવા તે જીવો ક્રમે કરીને મોહરૂપી કર્મમલનો સંપૂર્ણ નાશ કરીને તેવા જ થાય છે=જેવા અનંતવીર્યાદિ ગુણવાળા અતિવિમલ તે પરમાત્મા છે.

આનાથી એ ફલિત થાય છે કે પરમાત્માને પરમાત્મા સ્વરૂપે જાણીને ઉપયોગ દ્વારા સદા તે સ્વરૂપમાં તન્મય થનારા જીવો અલ્પકાલમાં મોહનીય અને ઘાતીકર્મોનો નાશ કરીને વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ બને છે અને અંતે કર્મબંધના કારણ એવા મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય-યોગ એમ પાંચે કારણનો અનુક્રમે ચોથા, છઠ્ઠા, સાતમા, બારમા અને ચૌદમા ગુણસ્થાનકે અભાવ કરીને શૈલેશીઅવસ્થાને પામે છે જેના ફલરૂપે તે મહાત્માઓ પરમાત્મા જેવા જ સંપૂર્ણ શુદ્ધ બને છે. **||૧૫||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે પરમાત્માની સાથે એકતાને પામેલા તેઓ પરમાત્મા તુલ્ય થાય છે. હવે, સંસારી જીવો અને મુક્તઆત્માઓ પરસ્પર કેવા છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**आत्मानो देहिनो भिन्नाः कर्मपंककलंकिताः ।**
**अदेहः कर्मनिर्मुक्तः परमात्मा न भिद्यते ।।१६।।**

**શ્લોકાર્થ :-**

**કર્મરૂપી કાદવથી કલંકિત દેહધારી એવા આત્માઓ ભિન્ન છે=પરસ્પર ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છે. અદેહી, કર્મથી મુક્ત પરમાત્મા ભેદને પામતા નથી=પરસ્પર ભેદને પામતા નથી. ||૧૬||**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવો કર્મરૂપી કાદવથી કલંકિત છે અને દેહધારી છે તેવા

દેહધારી એવા સર્વ આત્માઓ પરસ્પર ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છે. કર્મને કારણે સર્વ જીવોના દેહનો આકાર, રંગ વિગેરે ભિન્ન ભિન્ન છે. વળી, મોહના પરિણામને કારણે દરેક જીવ ચૈતન્યરૂપે સમાન હોવા છતાં દરેકના અધ્યવસાય, પ્રકૃતિઓ, ભિન્ન ભિન્ન પ્રકારે છે. તે સર્વમાં કારણ તેની વિચિત્રતાના નિયામક ભિન્ન ભિન્ન કર્મો છે. કર્મથી મુક્ત થયેલા આત્માઓ દેહ વગરના છે તેથી સ્વ-સ્વ વ્યક્તિ રૂપે ભિન્ન હોવા છતાં પરમાત્મા સ્વરૂપે તેઓમાં કોઈ ભેદ નથી. તેથી સર્વ સિદ્ધના આત્માઓ પૂર્ણ જ્ઞાનમય, પૂર્ણ સુખમય આદિભાવોથી સર્વથા સમાન છે માટે પરમાત્મામાં પરસ્પર કોઈ ભેદ નથી. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**હવે, સર્વ સિદ્ધ આત્માઓમાં કઈ અપેક્ષાએ પરસ્પર ભેદ નથી તે દૃષ્ટાંત સહિત બે શ્લોકમાં સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**संख्ययाऽनेकरूपोऽपि गुणतस्त्वेक एव सः ।**
**अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः ।।१७।।**
**जातरूपं यथा जात्यं बहुरूपमपि स्थितम् ।**
**सर्वत्रापि तदेवैकं परमात्मा तथा प्रभुः ।।१८।।(युग्मम्)**

**શ્લોકાર્થ :-**

**સંખ્યાથી અનેક રૂપવાળા એવા પણ તે=પરમાત્મા, ગુણથી અનંતદર્શન-અનંતજ્ઞાન-અનંતવીર્ય-અનંતઆનંદ ગુણાત્મક એક જ છે. ॥૧૭॥**

**જે પ્રમાણે જાતરૂપ=સુવર્ણ, બહુરૂપે રહેલું પણ=કુંડલાદિ અનેક આકારમાં રહેલું પણ જાત્ય છે=એક જાતિવાળું છે તે પ્રમાણે પ્રભુ એવા પરમાત્મા સર્વત્ર પણ=સિદ્ધશિલાના દરેક સ્થાનોમાં પણ, ત્યારે જ= સર્વકર્મથી મુક્ત થાય છે ત્યારે જ એક છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

સિદ્ધના આત્માઓ સંખ્યાથી અનેક રૂપવાળા છે=પોતપોતાના વ્યક્તિત્વથી

સંખ્યામાં અનંત છે તેથી અનેકરૂપ છે, તોપણ અનંતદર્શન-અનંતજ્ઞાન-અનંતવીર્ય-અનંતઆનંદ ગુણસ્વરૂપે તે પરમાત્મા એક જ છે=સંસારીજીવોની જેમ અનેક નથી પરંતુ એક જ છે. જેમ શુદ્ધ થયેલું સુવર્ણ કુંડલ, મુગટ, કડાં, આદિ અનેક આકારરૂપે રહેલું છતાં સુવર્ણજાતિથી કોઈ વિસદૃશતાવાળું નથી પરંતુ સર્વ સુવર્ણ સમાન ગુણવાળું છે તેમ સર્વ કર્મથી મુક્ત થયેલા પોતાના આત્મા પર પ્રભુત્વ છે જેમને એવા પરમાત્મા સિદ્ધ અવસ્થામાં સદા એક જ છે. અર્થાત્ જેમ કુંડલ, મુગટ, કડાં આદિ અનેકરૂપે રહેલું છતાં ગુણોથી સુવર્ણ સમાન છે. તેમ સિદ્ધના આત્માઓ ભિન્ન ભિન્ન આત્મપ્રદેશ ને ભિન્ન ભિન્ન અવગાહનારૂપે સંસ્થિત હોવા છતાં ગુણસ્વરૂપે સર્વદા સદૃશ છે, કોઈ વિસદૃશતા નથી. તેથી પૂર્ણ આત્મસ્વરૂપે તેઓ એક સ્વરૂપવાળા છે. આ પ્રકારે સિદ્ધના આત્માની ઉપસ્થિતિ કરવાથી આત્માનું પારમાર્થિક પૂર્ણસુખમય-જ્ઞાનમય-આનંદમય-નિરાકુલ સ્વરૂપ જણાય છે.

અહીં વિશેષ એ છે કે સર્વ સિદ્ધના જીવોમાં પૂર્ણ સુખમયતા ન હોય તો જેમ સંસારીજીવો પોતાની સુખમય અવસ્થામાં અધિક અધિક સુખ માટે કાંઈક ને કાંઈક પ્રયત્ન કરે છે તેમ સિદ્ધના જીવો પણ અનંતવીર્યવાળા, પૂર્ણજ્ઞાનવાળા હોવાથી અધિક સુખ માટે પ્રયત્ન કરત અને પરસ્પર વૈષમ્યને પામત. પરંતુ તેમનામાં કોઈ વિષમતા નથી તેથી જ જણાય છે કે તેઓમાં સુખની પૂર્ણતા છે. આવા પૂર્ણસુખમય પરમાત્માના સ્વરૂપને પ્રગટ કરવા માટે તેમને તે સ્વરૂપે જ જાણવા જોઈએ અને જાણીને તેમાં તન્મય થવા ઉદ્યમ કરવો તે જ તેમની પ્રાપ્તિનો ઉપાય છે. **॥૧૭-૧૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં સિદ્ધ અવસ્થામાં સર્વ પરમાત્મા એક સ્વરૂપવાળા છે તે બતાવ્યું. હવે તે એક સ્વરૂપવાળા પરમાત્મા કેવા સ્વરૂપવાળા છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**आकाशवदरूपोऽसौ चिद्रूपो नीरुजः शिवः ।**
**सिद्धिक्षेत्रगतोऽनन्तो नित्यः शं परमश्नुते ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**આકાશની જેમ અરૂપવાળા એવા આ=પરમાત્મા, ચિદ્રૂપ છે=જ્ઞાનરૂપ છે, નિરુજ છે=રોગ રહિત છે, શિવ છે=ઉપદ્રવ વગરના છે, સિદ્ધક્ષેત્રમાં રહેલ અનંત છે અને નિત્ય પરમસુખને ભોગવે છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

સિદ્ધના આત્માઓ સંખ્યાથી અનેક છે અને તે સર્વ આકાશની જેમ રૂપ, રસ, ગંધ વગેરે પુદ્ગલના ગુણોથી રહિત છે માટે અરૂપી છે. આકાશ જડ છે જ્યારે સિદ્ધના આત્માઓ ચિદ્રૂપ=જ્ઞાનમય છે, સંસારીજીવો દેહવાળા છે તેથી દેહકૃત દ્રવ્યરોગવાળા છે અને કર્મવાળા છે તેથી કર્મકૃત ભાવરોગવાળા છે. જ્યારે સિદ્ધના જીવો દેહ અને કર્મથી રહિત હોવાથી દ્રવ્ય અને ભાવરોગ વગરના છે. વળી, શિવરૂપ છે=દેહ અને કર્મના અભાવને કારણે કોઈપણ પ્રકારના બાહ્ય ઉપદ્રવ વગરના છે. સિદ્ધક્ષેત્રમાં રહેલા છે, સંખ્યાથી અનંતા છે અથવા મોક્ષમાં સદા રહેનારા હોવાથી અંત વગરના છે તેથી અંનત છે અને સ્વરૂપથી એક છે એવા તે પરમાત્મા નિત્ય પ્રકૃષ્ટ સુખને ભોગવે છે. તેથી સુખના અર્થીએ પરમાત્મા તુલ્ય બનવા માટે શ્લોક-૧૧ અને ૧૨માં કહ્યું તેમ કષાય અને નોકષાયને હણવા પ્રયત્ન કરવો જોઈએ એ પ્રકારે સંબંધ છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં પરમાત્માનું સ્વરૂપ બતાવ્યું. હવે પરમાત્માની આરાધનાથી પરમાત્મા તુલ્ય બનાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**येनैवाराधितो भावात् तस्यासौ कुरुते शिवम् ।**
**सर्वजन्तुसमस्यास्य न परात्मविभागिता ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**જે પુરુષ વડે ભાવથી=પરમાત્માના પારમાર્થિક સ્વરૂપના બોધપૂર્વક**

**તત્સ્વરૂપ પ્રત્યે વધતા જતા બહુમાનના ભાવથી, આરાધિત એવા આ= પરમાત્મા, તેના=આરાધના કરનાર પુરુષના, શિવને કરે છે=કલ્યાણને કરે છે. સર્વજન્તુ પ્રત્યે સમપરિણામવાળા એવા આમને=આ પરમાત્માને, પર અને આત્મા એ પ્રકારની વિભાગિતા નથી=તે પ્રકારે વિભાજન નથી. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કરાયેલા સ્વરૂપવાળા પરમાત્માના સ્વરૂપને ઉપસ્થિત કરીને જે મહાત્માને તેવા સ્વરૂપવાળા પરમાત્મા પ્રત્યે બહુમાનભાવ વર્તે છે અને બહુમાનભાવને કારણે જેનું ચિત્ત સતત તેમના ગુણોથી વાસિત છે તે મહાત્મા ભાવથી તે પરમાત્માની આરાધના કરનારા છે. અને જે મહાત્મા ભાવથી આવા પરમાત્માની આરાધના કરે છે તેઓનું તે પરમાત્મા કલ્યાણ કરે છે. આ પરમાત્મા આરાધકનું કલ્યાણ કેમ કરે છે ? તેથી કહે છે – સર્વ જીવો પ્રત્યે સમ પરિણામવાળા એવા તે પરમાત્માને "આ પર છે" અને "આ હું છું" તે પ્રકારનો વિભાગ નથી તેથી તેમના ધ્યાનથી સર્વજન્તુનું કલ્યાણ થાય છે.

અહીં વિશેષ એ છે કે પરમાત્મા વીતરાગ સ્વરૂપ છે અને વીતરાગને જગતના તમામ ભાવો પ્રત્યે સમભાવ હોય છે તેથી સર્વ જીવો પ્રત્યે પણ સમભાવ હોય છે. માટે જેમ સંસારી જીવોને પોતાના અને પર વચ્ચેનો વિભાગ છે તેવા વિભાગનો પરિણામ પરમાત્માને નથી અને તેવા સ્વભાવવાળા પરમાત્માનું ધ્યાન કરવાથી આત્મામાં પણ સર્વજીવો પ્રત્યે તેવો જ તુલ્યભાવ પ્રગટે છે અને સર્વજીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિ કલ્યાણની પરંપરાનું કારણ છે; કેમ કે સર્વ જીવો પ્રત્યે સ્વ-પરના વિભાગની બુદ્ધિથી જીવમાં રાગ-દ્વેષ વર્તે છે અને તેથી કર્મબંધ અને સર્વ અકલ્યાણની પ્રાપ્તિ થાય છે અને તેનાથી વિરુદ્ધ એવા સર્વજીવો પ્રત્યેના સમપરિણામથી તે કર્મો નાશ પામે છે જેથી આત્માને કલ્યાણની પ્રાપ્તિ થાય છે. માટે કહ્યું કે આ પરમાત્માની ભાવથી આરાધના કરવાથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય છે અને ભાવથી પરમાત્માની આરાધના કરવાથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય છે તેથી ઉપચારભાષાથી "પરમાત્મા સર્વકલ્યાણ કરે છે" એ પ્રકારનો વ્યવહાર છે. **વસ્તુતઃ પરમાત્મા સ્વયં કાંઈ કરતા નથી પરંતુ પરમાત્માને અવલંબીને થતો જીવનો ભાવ જ સર્વકલ્યાણનું કારણ છે. ।।૨૦।।**

**અવતરણિકા :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે જે મહાત્મા પરમાત્માની ભાવથી આરાધના કરે છે તેનું પરમાત્મા કલ્યાણ કરે છે તેથી હવે આ પરમાત્મા કઈ રીતે ભાવથી આરાધિત થાય તે બતાવે છે –

**શ્લોક :-**

कृतकृत्योऽयमाराद्धः स्यादाज्ञापालनात् पुनः ।
आज्ञा तु निर्मलं चित्तं कर्तव्यं स्फटिकोपमम् ।।२१।।

**શ્લોકાર્થ :-**

**વળી, આજ્ઞાના પાલનથી કૃતકૃત્ય એવા આ=પરમાત્મા, આરાધાયેલા થાય. વળી, સ્ફટિકની ઉપમા જેવું નિર્મલ ચિત્ત કર્તવ્યરૂપ આજ્ઞા=પરમાત્માની આજ્ઞા છે. ।।૨૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે પરમાત્માની આરાધનાથી સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય છે. તેથી હવે કહે છે કે કૃતકૃત્ય એવા ભગવાન તેમણે બતાવેલ આગમવચનના પાલનથી આરાધાયેલા થાય છે. આશય એ છે કે, પરમાત્મા મોહનો નાશ કર્યા પછી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે કૃતકૃત્ય થયેલા છે અર્થાત્ સંસારમાં આત્માના હિતાર્થે જે કાંઈ કર્તવ્ય છે તેવું કૃત્ય તેઓએ કરી લીધેલું છે; કેમ કે આત્મા માટે શત્રુરૂપ મોહનો નાશ જ કર્તવ્ય છે અને તે મોહનો નાશ તેમણે કરી લીધેલ છે. અને તે મોહનો નાશ કરીને **કેવલજ્ઞાન પામેલા તે પરમાત્માએ પોતાના તુલ્ય થવાના ઉપાય રૂપે સન્માર્ગ બતાવ્યો તે સન્માર્ગ ઉપર ચાલવાનો યત્ન કરવો તે જ પરમાત્માની આજ્ઞા છે.** જે મહાત્માઓ પરમાત્માના વચનાનુસાર તેમને બતાવેલ સન્માર્ગનું સેવન કરે છે તેઓ ભગવાનની આજ્ઞાનું પાલન કરનારા છે અને જેઓ ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે તેઓ વડે કૃતકૃત્ય એવા આ પરમાત્મા આરાધાયેલા થાય છે.

અહીં વિશેષ એ છે કે પરમાત્માએ જે જીવોની જે પ્રકારની ભૂમિકા છે તે ભૂમિકા અનુસાર તે જીવો મન-વચન-કાયાથી જે કૃત્ય સેવી શકે તે જીવોને તે

તે કૃત્યો સેવવાનાં બતાવ્યાં છે. તેથી સંસારવર્તી કોઈપણ જીવને બોધ થાય કે આ પરમાત્માની આજ્ઞાનું જ આરાધન કરવા યોગ્ય છે. આવા જીવો પરમાત્માના વચનના બળથી કે યોગ્ય ગુરુના ઉપદેશના વચનના બળથી પરમાત્માની આજ્ઞાનું પાલન કરે તો તે જીવો આદ્યભૂમિકામાં હોય કે ઉપરની ભૂમિકામાં હોય પણ સ્વભૂમિકા અનુસાર ભગવાનની આજ્ઞાનું આરાધન કરનારા બને છે અને તેઓનું અવશ્ય કલ્યાણ થાય છે.

પરમાત્માની આજ્ઞાના પાલનથી તેઓનું કલ્યાણ થાય છે એમ કહ્યા પછી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે **"સ્ફટિકની ઉપમા જેવું નિર્મલ ચિત્ત કરવું જોઈએ" એ પ્રમાણે ભગવાનની આજ્ઞા છે.** આનાથી એ ફલિત થાય છે કે જીવોને પૂર્વમાં વર્ણન કર્યું તેવા પરમાત્માના સ્વરૂપનો બોધ થાય અને તેના કારણે સ્થિર બુદ્ધિ થાય કે મારે આ ભગવાનની ભાવથી આરાધના કરવી છે તે જીવો પોતે જે ભૂમિકામાં હોય તે ભૂમિકાના ભગવનાના વચનને ગ્રહણ કરીને ભગવાનની આજ્ઞાનું પાલન કરે ત્યારે તેઓનું ચિત્ત ભગવનાનની આજ્ઞાથી રંજિત થયેલું હોવાથી સ્ફટિક જેવું નિર્મલ વર્તે છે અને તે આજ્ઞાના પાલનના બળથી જ ઉત્તરોત્તરની આજ્ઞાનું પાલન કરીને પરમાત્માની આસન્ન-આસન્નતર બને છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ભગવાનની આજ્ઞાના પાલનથી ભગવાન આરાધિત થાય છે અને તે ભગવાનની આજ્ઞા પરમાર્થથી દ્વાદશાંગીના વચન સ્વરૂપ છે. હવે, દ્વાદશાંગીમાંથી સારભૂત એવી ભગવાનની આજ્ઞાને ગ્રહણ કરીને બે શ્લોકો વડે તે આજ્ઞાને બતાવે છે –**

**શ્લોક :-**

**ज्ञानदर्शनशीलानि पोषणीयानि सर्वदा ।**
**रागद्वेषादयो दोषा हन्तव्याश्च क्षणे क्षणे ।।२२।।**
**एतावत्येव तस्याज्ञा कर्मद्रुमकुठारिका ।**
**समस्तद्वादशांगार्थसारभूताऽतिदुर्लभा ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**"જ્ઞાન, દર્શન અને શીલ સર્વદા પોષણ કરવા યોગ્ય છે અને રાગાદિ દોષો ક્ષણે ક્ષણે હણવા યોગ્ય છે" આટલી જ તેમની આજ્ઞા= પરમાત્માની આજ્ઞા, કર્મરૂપી વૃક્ષ માટે કુઠારિકા, સમસ્ત દ્વાદશાંગીના અર્થના સારભૂત અતિ દુર્લભ છે. ||૨૨-૨૩||**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે સ્ફટિક જેવું નિર્મલ ચિત્ત કરવું તે ભગવાનની આજ્ઞા છે તેથી જિજ્ઞાસા થાય કે સ્ફટિક જેવું નિર્મલ ચિત્ત કઈ રીતે થાય ? તેના માટે ઉપાય બતાવે છે :

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ શીલનું હંમેશાં પોષણ કરવું જોઈએ અને રાગ-દ્વેષ દોષોને ક્ષણે ક્ષણે હણવા જોઈએ. જે મહાત્માનું ચિત્ત આવું નિર્મલ થાય તેમનું ચિત્ત સ્ફટિકની ઉપમાં જેવું છે. **ભગવાનની આજ્ઞા યોગમાર્ગના પ્રારંભથી માંડીને યોગમાર્ગની નિષ્ઠા સુધી સર્વ યોગમાર્ગને ક્રમસર સેવી અંતે યોગનિરોધમાં વિશ્રાંત થનારી છે.** તોપણ રત્નત્રયીનું પોષણ કરવું જોઈએ અને રાગ-દ્વેષનો નાશ કરવો જોઈએ આટલી જ તેમની આજ્ઞા આત્માના કર્મરૂપ વૃક્ષ માટે કુઠાર=કુહાડા, જેવી છે અને આખી દ્વાદશાંગીના અર્થના સારભૂત છે. અને ભગવાનની આ આજ્ઞા જ જીવોને માટે અતિ દુર્લભ છે. તેથી પ્રાથમિક ભૂમિકાની આટલી આજ્ઞા જેઓને પ્રાપ્ત થઈ નથી તેઓ કદાચ ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કરે, માસક્ષમણના પારણે માસક્ષમણ કરે કે અનેક પ્રકારનાં કષ્ટોને જીવનમાં સ્વેચ્છાએ સ્વીકારી લે તોપણ દુર્લભ એવી આ આજ્ઞાની પ્રાપ્તિ વિના અન્ય સર્વ પ્રવૃત્તિ નિષ્ફળ બને છે.

અહીં વિશેષ એ છે કે આત્માનું પારમાર્થિક સ્વરૂપ કેવલજ્ઞાન અને ક્ષાયિક સમ્યગ્દર્શન સ્વરૂપ છે, આત્માનું પારમાર્થિક શીલ સ્વપરિણામમાં સ્થિરતારૂપ છે અને આ પ્રકારના જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામને અભિમુખ એવા ક્ષાયોપશમિકભાવના જ્ઞાન-દર્શન-ચારિત્ર સંસારી જીવને પ્રગટ થાય છે જે પ્રકર્ષને પામી સિદ્ધ અવસ્થામાં પૂર્ણ અવસ્થાના બને છે. તેથી કલ્યાણના અર્થીએ સિદ્ધ અવસ્થામાં વર્તતા જ્ઞાન-દર્શન-ચારિત્રને અનુકૂળ એવા જ્ઞાન-

દર્શન-ચારિત્રના પરિણામને સદા પોષવા જોઈએ અને સંસારના કારણભૂત એવા રાગ-દ્વેષરૂપી દોષોને ક્ષણે ક્ષણે હણવા જોઈએ. એ પ્રકારે ભગવાનની આજ્ઞા છે. વળી, જે જીવોને પ્રાથમિક ભૂમિકાનું પણ સમ્યગ્દર્શન પ્રગટ્યું છે તે જીવોને અતિ દુર્લભ એવી પણ આ આજ્ઞા પ્રાપ્ત થાય છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વભૂમિકા અનુસાર નવું નવું શ્રુત અધ્યયન કરે છે અને પોતાનામાં પ્રગટ થયેલા સમ્યગ્દર્શનની શુદ્ધિના ઉપાયોનું સેવન કરે છે. આવા સમ્યગ્દૃષ્ટિને અવિરતિનો ઉદય હોય તોપણ અનંતાનુબંધી કષાયના વિગમનથી પોતાને જે શીલ પ્રાપ્ત થયું છે તેને ઉત્તરોત્તર વધારવા પ્રયત્ન કરે છે. આ રીતે નિર્મલચિત્તવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની ભૂમિકા અનુસાર અવશ્ય રત્નત્રયીને પોષે છે. વળી, અનાદિકાલથી સંસારના ભાવોને સેવીને બાહ્ય પદાર્થોને અવલંબીને પોતાને જે રાગ-દ્વેષના ભાવો થાય છે તે દોષોને હણવા માટે સદા ઉદ્યમ કરનારા છે; કેમ કે નિર્મલ લોચનવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવોને સંક્ષેપથી બતાવાયેલી આ ભગવાનની આજ્ઞા બુદ્ધિમાં સ્થિર થયેલી છે. તેથી જ પોતાનામાં વર્તતી અવિરતિને પણ ક્રમસર ઘટાડવા યત્ન કરે છે અને સ્વભૂમિકા અનુસાર રત્નત્રયીની વૃદ્ધિ માટે યત્ન કરે છે અને ભગવાનની આટલી જ આજ્ઞા કર્મરૂપી વૃક્ષ માટે કુઠાર જેવી છે; કેમ કે નિર્મલ દૃષ્ટિ પામેલા સમ્યગ્દૃષ્ટિ જીવો આટલી જ આજ્ઞાના બળથી સતત ઉદ્યમ કરીને ઉત્તરોત્તરની આજ્ઞા પ્રાપ્ત કરવાના ઉદ્યમવાળા થાય છે તેથી તેમના આત્મા પર લાગેલાં કર્મો ક્ષીણ ક્ષીણતર થઈ રહ્યાં છે અને સમ્યગ્દૃષ્ટિને પ્રાપ્ત થયેલી આટલી આજ્ઞા આખા દ્વાદશાંગીના અર્થના સારભૂત છે; કેમ કે આ જ આજ્ઞાને અવલંબીને તેના વિસ્તાર સ્વરૂપ દ્વાદશાંગી છે. તેથી સારભૂત એવી દુર્લભ આજ્ઞા જેઓને પ્રાપ્ત થાય છે તેઓ શક્તિના બળથી દ્વાદશાંગીનું અધ્યયન કરીને દુર્લભ એવી આજ્ઞાને સફળ કરીને ઉત્તર-ઉત્તરની ભૂમિકાને અવશ્ય પામે છે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૨૨માં બતાવી એટલી જ ભગવાનની આજ્ઞા નથી. પરંતુ મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગ સ્વરૂપ સંસારનાં પાંચે કારણોનો ઉચ્છેદ કરવાની ભગવાનની આજ્ઞા છે અને સંસારનાં પાંચે કારણોના ઉચ્છેદ માટે જ મુનિઓ સ્વશક્તિ અનુસાર શ્રુત ભણે છે, અનેક પ્રકારના સંયમના આચારો સેવે છે. આ રીતે આચારોને સેવી સેવી આગળ

આગળની ભૂમિકાથી સંપન્ન થાય છે ત્યારે ઉત્તર-ઉત્તરના આચારોને સ્વીકારે છે અને શક્તિના સંચયના બળથી જ્યારે મિથ્યાત્વ વગેરે સંસારનાં પાંચે કારણોનો ઉચ્છેદ કરી યોગનિરોધ અવસ્થાને પામે છે ત્યારે ભગવાનની પૂર્ણ આજ્ઞાને પ્રાપ્ત કરે છે અને તેના ફળરૂપે સર્વકર્મનો નાશ કરી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી ભગવાનની સર્વ આજ્ઞા તો અતિ દુર્લભ છે જ પણ શ્લોક-૨૨માં બતાવેલી સમ્યગ્દષ્ટિને પ્રાથમિક ભૂમિકામાં પ્રાપ્ત થતી આજ્ઞા પણ જીવોને અતિ દુર્લભ છે. તેથી સમસ્ત દ્વાદશાંગીના સારભૂત એવી આ આજ્ઞા જેઓને મળી નથી તેઓ શ્રાવકાચાર, સાધ્વાચાર પાળે, શાસ્ત્રો ભણે તોપણ આત્મહિત સાધી શકતા નથી અને જેઓને સારભૂત એવી આ આજ્ઞા પ્રાપ્ત થઈ છે તેઓ સારભૂત એવી આ આજ્ઞાના બળથી ઉત્તરોત્તરની આજ્ઞા પ્રાપ્ત કરીને અંતે પૂર્ણ આજ્ઞાનું પાલન કરીને પૂર્ણ આજ્ઞાના ફલરૂપે સિદ્ધઅવસ્થાને પામે છે. **॥૨૨-૨૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૨-૨૩માં ભગવાનની સારભૂત એવી આજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું. હવે પછીના ત્રણ શ્લોકોથી જેઓએ આ સારભૂત આજ્ઞાનું પાલન કર્યું તેઓનું હિત થયું અને જેઓએ આ સારભૂત આજ્ઞાનું પાલન કર્યું નહીં તેઓનું અહિત થયું તે બતાવે છે –**

**શ્લોક :-**

**विश्वस्य वत्सलेनापि त्रैलोक्यप्रभुणापि च ।**
**साक्षाद् विहरमाणेन श्रीवीरेण तदा किल ।।२४।।**
**त एव रक्षिता दुःखभैरवाद् भवसागरात् ।**
**इयं यैः स्वीकृता भक्तिनिर्भरैरभयादिभिः ।।२५।।**
**यैस्तु पापभराक्रान्तैः कालशौरिकादिभिः ।**
**न स्वीकृता भवाम्भोधौ ते भ्रमिष्यन्ति दुःखिताः ।।२६।।**

**(त्रिभिर्विशेषकम्)**

**શ્લોકાર્થ :-**

**વિશ્વના વત્સલ, ત્રૈલોકના પ્રભુ, સાક્ષાદ્ વિહરમાન એવા વીર ભગવાન વડે પણ ત્યારે તેઓ જ દુઃખથી ભૈરવ એવા ભવસાગરથી રક્ષણ કરાયા. જે ભક્તિનિર્ભર અભયકુમારાદિ વડે આ આજ્ઞા સ્વીકાર કરાઈ. વળી પાપભર આક્રાંત એવા જે કાલસૌરિકાદિ વડે આ આજ્ઞા સ્વીકારાઈ નહીં તેઓ દુઃખને પામેલા ભવસમુદ્રમાં ભમશે. ||૨૪-૨૫-૨૬||**

**ભાવાર્થ :-**

વીરપ્રભુ જ્યારે આ પૃથ્વીતલ પર વિચરતા હતા ત્યારે ચાર ઘાતીકર્મોનો ક્ષય કરીને પોતાના ઉપર પ્રભુત્વ મેળવેલું હોવાથી ત્રણ લોકના પ્રભુ હતા તેથી તેવા પ્રભુ ત્રણ લોક માટે ઉપાસ્ય બને છે. કેવલજ્ઞાનને પામેલા-વીતરાગ એવા પ્રભુ સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યભાવવાળા હતા; કેમ કે વીતરાગ થયા પછી તેઓમાં વર્તતી શુક્લલેશ્યા જગતના જીવમાત્રના હિતને અનુકૂળ યત્ન કરાવનાર છે. આવા વીરપ્રભુ સાક્ષાત્ વિહરમાન હતા ત્યારે પણ તે ભગવાન પ્રત્યે જેઓને ભક્તિ થયેલી તેવા અભયકુમાર આદિએ શ્લોક-૨૨માં બતાવેલી તેમની આજ્ઞાનો સ્વીકાર કરેલો; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી તે મહાત્માને રત્નત્રયી સદા પોષણીય છે અને રાગાદિભાવો હણવા જેવા છે એવી સ્થિરબુદ્ધિ હોય છે. આથી જ સંસારમાં હતા ત્યારે પણ અભયકુમાર સ્વશક્તિ અનુસાર રત્નત્રયીની પ્રાપ્તિમાં ઉદ્યમ કરતા હતા અને કષાયોનું ઉન્મૂલન કરતા હતા અને જ્યારે શક્તિનો સંચય થયો, અને ઉચિત સંયોગ પ્રાપ્ત થયા ત્યારે સંયમ ગ્રહણ કરીને પૂર્વ કરતાં પણ વિશેષ પ્રકારની આજ્ઞાનું પાલન કરીને દુઃખમય એવા ભવસાગરથી રક્ષણને પામ્યા અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા.

બીજી બાજુ, ભગવાનને પામ્યા છતાં જે કાલસૌરિક આદિ પાપી જીવોએ ભગવાનની આજ્ઞાનો લેશ પણ સ્વીકાર કર્યો નહીં તેઓ આ મનુષ્યભવમાં ક્લેશો કરીને દુઃખી થયા અને આગળ પણ ભવરૂપી સમુદ્રમાં ભટકશે.

આનાથી એ ફલિત થાય છે કે સાક્ષાત્ ભગવાન મળે તોપણ શ્લોક-૨૨માં બતાવેલી આજ્ઞાથી જ ભવનો નિસ્તાર થાય છે અને સાક્ષાત્ ભગવાન મળ્યા નથી તેઓ પણ ભગવાનના વચનનું અવલંબન લઈ શ્લોક-૨૨માં બતાવેલી

દ્વાદશાંગીના સારભૂત આજ્ઞા સ્વીકારશે તેઓ જ ઉત્તરોત્તરની ભૂમિકાને પામી આ ભવસાગરથી સદા રક્ષિત થશે, અને જેઓ આ ભગવાનની આજ્ઞા પામ્યા નથી તેઓ તે કાલસૌરિક વગેરેની જેમ સંસારમાં ભટકનારા છે જ, અને કદાચ બાહ્યથી ધર્મ અનુષ્ઠાન સેવશે તોપણ યથાતથા ધર્મનું સેવન કરીને સંસારમાં ભટકનારા જ થશે. **॥૨૪-૨૫-૨૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં કહ્યું કે આજ્ઞાના પાલનથી પરમાત્મા આરાધાયેલા થાય છે. ત્યાર પછી સંક્ષેપમાં તે ભગવાનની આજ્ઞા શું છે તે શ્લોક-૨૨માં બતાવ્યું. પછી, તે આજ્ઞાની આરાધનાથી જ જગતના જીવોનું હિત થાય છે અને આજ્ઞાની વિરાધનાથી જગતના જીવોનું અહિત થાય છે તેની અત્યારસુધી સ્પષ્ટતા કરી. હવે, ભગવાનની આજ્ઞા એકાંતે હિતકારી છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सर्वजन्तुहिताऽऽज्ञैवाऽऽज्ञैव मोक्षैकपद्धतिः ।**
**चरिताऽऽज्ञैव चारित्रमाज्ञैव भवभञ्जनी ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**સર્વજંતુને હિત કરનારી આજ્ઞા છે. આજ્ઞા જ મોક્ષની એક પદ્ધતિ છે=મોક્ષપ્રાપ્તિનો એક ઉપાય છે, આચરાયેલી આજ્ઞા જ ચારિત્ર છે, આજ્ઞા જ ભવનો ભંગ કરનારી છે. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

શ્લોકમાં ફરી ફરી "આજ્ઞા" શબ્દનો પ્રયોગ આજ્ઞાના અત્યંત મહત્ત્વના સ્થાપન અર્થે છે.

**(૧) સર્વજંતુને હિત કરનારી આજ્ઞા જ છે :**

ભગવાનની આજ્ઞા જગતના સર્વ જીવોનું હિત કરનારી છે. અભવ્યોનું હિત થતું નથી તેમાં કારણ તેઓ ભગવાનની આજ્ઞાનો સ્વીકાર જ કરતા નથી.

**જગતમાં કોઈ પણ જીવ ભગવાનની આજ્ઞાનો સ્વીકાર કરે અને તેમનું હિત ન થાય તેવું ત્રણ કાલમાં સંભવે નહીં.** માટે સર્વજંતુને હિતકારી એવી ભગવાનની આજ્ઞા છે. વર્તમાનમાં જે જીવો પોતાની ભૂમિકા અનુસાર ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે તેઓ ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પામીને ઉત્તર-ઉત્તરની આજ્ઞાનું પાલન કરનારા બને છે અને અંતે પૂર્ણ આજ્ઞાનું પાલન કરીને સિદ્ધઅવસ્થાને અવશ્ય પામશે. અચરમાવર્તી જીવો તથા અભવ્યના જીવો ભગવાનની આજ્ઞાને અભિમુખ જ થતા નથી તેથી તેઓનું હિત થતું નથી. વસ્તુતઃ તે ભગવાનની આજ્ઞાનો દોષ નથી પરંતુ તે જીવોમાં વર્તતો કર્મના પ્રાચુર્યનો પ્રભાવ છે કે તેઓને ભવનો ઉત્કટ રાગ છે અને ભવનો ઉત્કટ રાગવાળા એવા તે જીવો ભવના ઉચ્છેદને અનુકૂળ એવી ભગવાનની આજ્ઞા તરફ રુચિવાળા થતા નથી. આ જીવો ક્વચિત્ બહારથી સંયમ પાળતા હોય તોપણ તેઓના સંયમનું પાલન આલોક કે પરલોકના ભૌતિક સુખ માટે હોય છે કે અનાભોગથી હોય છે. પરંતુ ભગવાનના વચનાનુસાર ભવના નિસ્તાર અર્થે હોતું નથી. અને તેથી જ તેઓનું હિત થતું નથી. બાકી જેઓને આ ભવ સંત્રાસરૂપ જણાય છે અને જેઓ ભવના ઉચ્છેદના અર્થી થાય છે તેઓને ભવના ઉચ્છેદનું કારણ એવી ભગવાનની આજ્ઞા રુચે છે અને આવા જીવો સ્વશક્તિ અનુસાર ભગવાનની આજ્ઞાનું પાલન કરે તો તે ભગવાનની આજ્ઞા અવશ્ય તેમનું હિત કરનારી બને છે.

### (૨) આજ્ઞા જ મોક્ષનો ઉપાય છે :

મોક્ષ એ જીવની સર્વ કર્મરહિત અવસ્થા છે અને મોક્ષમાં રહેલા જીવો દ્રવ્યથી સર્વસંગ વગરના છે અને ભાવથી પણ કોઈ પદાર્થ પ્રત્યેના સંગવાળા નથી. આવા **મોક્ષની પ્રાપ્તિનો ઉપાય સંસાર અવસ્થામાં વર્તતી સંગની પરિણતિનો ઉચ્છેદ છે.**

સંસારમાં અનાદિથી જીવની અંતરંગ સંગની પરિણતિ છે જેનાથી ચિત્ત સંશ્લેષવાળું વર્તે છે અને તેના કારણે સંસારી જીવ બાહ્ય પદાર્થોનો સંગ કરી બાહ્ય સંગમાં આનંદ લેનારા બને છે. તે સંગના પરિણામથી કર્મનો સંચય કરી ચાર ગતિમાં ભ્રમણ કરે છે. ભગવાનની આજ્ઞા સંગના ઉચ્છેદ અર્થે છે તેથી જ જેઓને ભગવાનની આજ્ઞા પ્રત્યે રાગ થાય છે તેઓનો રાગ સંસારના ઉચ્છેદ

પ્રત્યે પ્રવર્તે છે. તેથી જે રાગ સંસારની વૃદ્ધિનું કારણ હતું તે જ રાગ સંસારના ઉચ્છેદનું કારણ બને છે. અને જેમ જેમ સંગ વગરની અવસ્થા પ્રત્યેનો રાગ વધે છે તેમ તેમ તે મહાત્માનો સંસારનો રાગ ક્ષીણક્ષીણતર થાય છે અને સંસારનો ઉચ્છેદનો રાગ રત્નત્રયીની વૃદ્ધિનું કારણ બને છે; વસ્તુતઃ અસંગભાવનું પારમાર્થિક જ્ઞાન એ જ સમ્યગ્જ્ઞાન છે, અસંગભાવની પારમાર્થિક રુચિ એ સમ્યગ્દર્શન છે અને અસંગભાવને પ્રગટ કરવા માટેનો ઉદ્યમ તે પારમાર્થિક ચારિત્ર છે. તેથી જે મહાત્માઓ ભગવાનની આજ્ઞાના રાગથી સતત આજ્ઞામાં ઉદ્યમ કરે છે તેઓ સ્વભૂમિકાના અસંગભાવને પામીને ઉત્તરોત્તરના રત્નત્રયીની પરિણતિરૂપ મોક્ષમાર્ગને સેવનારા છે જેના ફળરૂપે તેઓ અવશ્ય મોક્ષને પામશે. તેથી ભગવાનની આજ્ઞા જ મોક્ષનો એક ઉપાય છે.

**(૩) આચરાયેલી ભગવાનની આજ્ઞા જ ચારિત્ર છે.**

આજ્ઞાનું મહત્ત્વ બતાવતાં કહે છે કે સ્વભૂમિકા અનુસાર આચરાયેલી ભગવાનની આજ્ઞા જ ચારિત્ર છે; કેમ કે જે જીવો ભગવાનની આજ્ઞા અનુસાર ઉદ્યમ કરે છે તે ચારિત્રરૂપ છે અને ભગવાનની આજ્ઞા અનુસાર જે જીવો કષાયને હણવામાં ઉદ્યમ કરે છે તે પણ ચારિત્રરૂપ જ છે. **આજ્ઞાને સેવનારા મહાત્માઓ આજ્ઞાના રાગથી રત્નત્રયીમાં ઉદ્યમ કરે છે અને કષાયોના દ્વેષથી કષાયોને હણવામાં ઉદ્યમ કરે છે** અને તે રાગ-દ્વેષ રત્નત્રયીમાં રાગરૂપે અને ભવના કારણ રૂપ કષાય પ્રત્યે દ્વેષ રૂપે વર્તે છે ત્યારે તે જીવોની આચરણા જીવના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાને અનુરૂપ વ્યાપારવાળી હોવાથી ચારિત્ર જ છે.

**(૪) ભગવાનની આજ્ઞા જ ભવનો ભંગ કરનારી છે.**

ભવનાં કારણ મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગો છે અને ભગવાનની આજ્ઞા યોગનિરોધને લક્ષ્ય કરી સ્વભૂમિકા અનુસાર ભવના કારણનો ઉચ્છેદ કરી યોગનિરોધને અનુકૂળ ઉદ્યમ કરવા રૂપ છે. તેથી જે મહાત્માઓ સ્વભૂમિકા અનુસાર ભગવાનની આજ્ઞા સેવે છે તેઓ આજ્ઞાના પ્રકર્ષથી જ યોગનિરોધને પ્રાપ્ત કરશે અને ભવનો નાશ કરશે. માટે ભગવાનની આજ્ઞા જ ભવનો ભંગ કરનારી છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં કહ્યું કે આજ્ઞાપાલનથી આ પરમાત્મા આરાધાયેલા થાય છે તેથી ત્યાર પછી ભગવાનની આજ્ઞા શું છે તે બતાવ્યું અને તે આજ્ઞાના સ્વીકારથી જીવો કેવી રીતે રક્ષિત થાય છે તે બતાવ્યું. ત્યારપછી તે આજ્ઞા જ એકાંતે હિતકારી છે તે શ્લોક-૨૭માં બતાવ્યું. હવે, તે આજ્ઞાનું પાલન જીવો કેવી રીતે કરી શકે છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**इयं तु ध्यानयोगेन भावसारस्तुतिस्तवैः ।**
**पूजादिभिः सुचारित्रचर्यया पालिता भवेत् ।।२८।।**

**શ્લોકાર્થ :-**

**વળી, આ=ભગવાનની આજ્ઞા, ધ્યાનયોગથી, ભાવસાર એવા સ્તુતિ-સ્તવનોથી, પૂજાદિથી, સુચારિત્રની ચર્યાથી પાલિત થાય છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહેલું કે ભગવાનની આજ્ઞાના પાલનથી ભગવાન આરાધિત થાય છે. તેથી હવે ભગવાનની આરાધના કઈ કઈ રીતે થઈ શકે છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

ભગવાનના પારમાર્થિક સ્વરૂપનો શાસ્ત્રવચનથી યથાર્થ બોધ કરીને તે સ્વરૂપને બુદ્ધિરૂપી ચક્ષુ સામે ઉપસ્થિત કરીને ચિત્ત તેમાં એકાગ્ર બને ત્યારે પરમાત્માના સ્વરૂપનું ધ્યાન પ્રાપ્ત થાય અને આ ધ્યાનમાં પરમાત્માની કર્મકાય અવસ્થાની અને તત્ત્વકાય અવસ્થાની ઉપસ્થિતિ કરાય છે. મહાત્મા જ્યારે સમવસરણમાં બિરાજમાન અષ્ટપ્રાતિહાર્ય યુક્ત, સર્વાતિશયરૂપવાળા અથવા અપાયાપગમ આદિ ચાર અતિશયવાળા પરમાત્માના સ્વરૂપમાં તલ્લીનતાને પામે ત્યારે ધ્યાનયોગથી પરમાત્માની આજ્ઞાનું પાલન થાય છે. હવે, જે મહાત્માને તેવી વિશેષ શક્તિનો સંચય નથી થયો તેવા મહાત્માઓ પણ ભગવાનના પારમાર્થિક સ્વરૂપની ઉપસ્થિતિ થાય તેવા ભાવસભર સ્તુતિ કે તેવા સ્વરૂપે

ભગવાનની સ્તવના કરે તો, તેનાથી ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે; કેમ કે સ્વભૂમિકા અનુસાર વીતરાગના ગુણોને અવલંબીને વીતરાગતાને અનુરૂપ ઉદ્યમ કરવા સ્વરૂપ જ ભગવાનની આજ્ઞા છે અને તેવો ઉદ્યમ ધ્યાનયોગથી થઈ શકે છે અથવા ભાવસભર સ્તુતિસ્તવથી પણ થઈ શકે છે. આ ભાવસ્તવ થયો.

વળી, શ્રાવકો ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયથી ઉત્તમ દ્રવ્યો દ્વારા ભગવાનની પૂજા કરે તેનાથી પણ ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે; કેમ કે શ્રાવકોને ઉત્તમદ્રવ્ય પ્રત્યે રાગ વર્તે છે અને તે ઉત્તમદ્રવ્યનું સાફલ્ય તેમને ભગવાનની ભક્તિમાં જણાય છે તેથી ઉત્તમ દ્રવ્યોના અવલંબનથી ભગવાનની ભક્તિ કરીને પોતાનો વીતરાગ પ્રત્યેનો રાગ ઉત્કર્ષવાળો કરે છે. તે રીતે પણ ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે.

વળી, સર્વસંગનો ત્યાગ કર્યો છે તેવા ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા સુસાધુઓ સર્વ ચારિત્રાચારની ક્રિયાઓ કરે છે તે ચારિત્રાચારના પાલનથી પણ ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે; કેમ કે ચારિત્રની સર્વ આચરણાઓ સંસારના ભાવોનો ત્યાગ કરીને વીતરાગના વચનાનુસાર શુદ્ધ સંયમમાં જવાના ઉદ્યમ સ્વરૂપ છે. તેથી, જેમ જેમ મહાત્મા ચારિત્રની ક્રિયાઓ કરે છે તેમ તેમ તે મહાત્મા અસંગભાવને અનુકૂળ સંચિતવીર્યવાળા થાય છે. તેથી અસંગભાવના ઉદ્યમ સ્વરૂપ ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં કહ્યું કે આ પરમાત્મા આજ્ઞાપાલનથી આરાધિત થાય છે. ત્યાર પછી ભગવાનની આજ્ઞા શું છે અને ભગવાનની આજ્ઞાનું પાલન શું છે તેની અત્યારસુધી સ્પષ્ટતા કરી. હવે, અન્યપ્રકારે ભગવાનની આજ્ઞા કેવી રીતે આરાધિત થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**आराधितोऽस्त्वसौ भावस्तवेन व्रतचर्यया ।**
**तस्य पूजादिना द्रव्यस्तवेन तु सरागतया ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**વ્રતચર્યાથી ભાવસ્તવરૂપે આ=પરમાત્મા આરાધિત થાય, વળી તેની પૂજાદિ દ્વારા દ્રવ્યસ્તવરૂપે સરાગપણાથી ભગવાન આરાધિત થાય. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

આ પરમાત્મા ભાવસ્તવથી અને દ્રવ્યસ્તવથી એમ બે પ્રકારે આરાધિત થાય છે.

હવે, ભાવસ્તવરૂપે પરમાત્મા કેવી રીતે આરાધિત થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે : ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા જે મહાત્મા સર્વસંગનો ત્યાગ કરીને વીતરાગના વચનનું અવલંબન લઈને વીતરાગભાવની વૃદ્ધિ થાય તે રીતે ભગવાનના વચનના નિયંત્રણથી મન-વચન-કાયાની દરેક ચેષ્ટાઓ પ્રવર્તાવે છે તે મહાત્મા વ્રતચર્યાનું પાલન કરે છે અને તે વ્રતચર્યાના પાલન દ્વારા પરમાત્મા ભાવસ્તવરૂપે આરાધિત થાય છે. પરંતુ, જે શ્રાવકોને વીતરાગનો વીતરાગભાવ અત્યંત ઇષ્ટ છે છતાં વીતરાગ થવા માટે સર્વ ઉદ્યમથી યત્ન કરી શકે તેવા સંચિતવીર્યવાળા નથી માટે તેમને ઇન્દ્રિયોના અનુકૂળ રમ્ય પદાર્થો પ્રત્યે ઇચ્છા પ્રવર્તે છે તેથી પ્રસંગે પ્રસંગે ભોગાદિમાં પણ પ્રવૃત્તિ કરે છે. આમ છતાં, વિવેકી શ્રાવક વિચારે છે કે ઉત્તમ એવા દ્રવ્યોનો ભોગમાં ઉપયોગ થાય છે તે માત્ર ક્ષણિક આલ્લાદ કરનાર છે જ્યારે આ ઉત્તમ સામગ્રીથી ભગવાનની ભક્તિ કરવામાં આવે તો તે સર્વકલ્યાણનું કારણ છે. તેથી તે ઉત્તમ સામગ્રી દ્વારા ભગવાનની પૂજા વગેરે કરીને તથા સુસાધુની ભક્તિ વગેરે કરીને વીતરાગ પ્રત્યેનો રાગ વધારે છે અને આ રીતે સરાગથી દ્રવ્યસ્તવરૂપે પરમાત્મા આરાધિત થાય છે; કેમ કે ઉત્તમ દ્રવ્યોથી પરમાત્માની આરાધના કરવાથી જેમ પરમાત્મા આરાધિત થાય છે તેમ પરમાત્માની સર્વ આજ્ઞાનું પાલન કરનાર સુસાધુની ઉત્તમદ્રવ્યોથી ભક્તિ કરવાથી પણ પરમાત્મા આરાધિત થાય છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે વ્રતચર્યાથી ભાવસ્તવરૂપે વીતરાગ આરાધિત થાય છે અને પૂજાદિ દ્વારા સરાગથી વીતરાગ આરાધિત થાય છે. ત્યાં પ્રશ્ન**

**થાય કે વીતરાગની આરાધના તો વીતરાગ થવા માટેના યત્ન સ્વરૂપ જ હોઈ શકે. સરાગથી કરાયેલી આરાધના કઈ રીતે કલ્યાણનું કારણ બને ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**चिन्तामण्यादिकल्पस्य स्वयं तस्य प्रभावतः ।**
**कृतो द्रव्यस्तवोऽपि स्यात् कल्याणाय तदर्थिनाम् ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**ચિન્તામણિ આદિ કલ્પ એવા=ચિન્તામણિ આદિ તુલ્ય એવા, તેમના પ્રભાવથી કરાયેલો દ્રવ્યસ્તવ પણ=શ્રાવક દ્વારા કરાયેલો દ્રવ્યસ્તવ પણ, તેના અર્થીઓના=વીતરાગતાના અર્થી એવા શ્રાવકોના, સ્વયં કલ્યાણ માટે થાય છે. ||૩૦||**

**ભાવાર્થ :-**

ચિન્તામણિ, કલ્પવૃક્ષ વગેરે અચેતન પદાર્થ છે તેથી તે કોઈને કાંઈ આપવાની ઇચ્છાવાળા નથી છતાં તેમનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાને કારણે સમ્યક્ પ્રકારે આરાધાયેલ ચિંતામણિ, કલ્પવૃક્ષ તેના આરાધકને ઇષ્ટ ફળ આપે છે. તે જ રીતે વીતરાગ કોઈની આરાધનાથી કોઈના પ્રત્યે તોષ પામતા નથી કે કોઈની અનારાધનાથી કોઈના પ્રત્યે રોષ પામતા નથી તોપણ ચિન્તામણિ વગેરેની જેમ તેમની આરાધના કરનારનું તેમના પ્રભાવથી સ્વયં કલ્યાણ થાય છે. અર્થાત્ વીતરાગતાના અર્થી શ્રાવકો દ્રવ્યસ્તવથી તે પરમાત્માની આરાધના કરે તો તેનાથી વીતરાગ તોષ થઈને કાંઈ કરતા નથી તોપણ વીતરાગના પ્રભાવથી જ સ્વયં તેઓનું કલ્યાણ થાય છે.

અહીં કહ્યું કે શ્રાવક વડે કરાયેલો "દ્રવ્યસ્તવોડપિ" વીતરાગતાના અર્થી શ્રાવકના કલ્યાણ માટે થાય છે. ત્યાં "અપિ" શબ્દથી એ પ્રાપ્ત થાય છે કે વીતરાગતાના અર્થી એવા સાધુઓ જે ભાવસ્તવ કરે છે તેનાથી તો તેઓનું કલ્યાણ થાય જ છે પણ સરાગભાવથી કરાયેલા દ્રવ્યસ્તવથી પણ શ્રાવકોનું કલ્યાણ થાય છે. **||૩૦||**

**અવતરણિકા :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે વીતરાગતાના અર્થી એવા શ્રાવકોને માટે દ્રવ્યસ્તવ પણ કલ્યાણ માટે થાય છે તેથી હવે દ્રવ્યસ્તવ કઈ રીતે કલ્યાણ માટે થાય છે તે સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

स्वर्गापवर्गदो द्रव्यस्तवोऽत्रापि सुखावहः ।
हेतुश्चित्तप्रसत्तेस्तत् कर्तव्यो गृहिणा सदा ।।३१।।

**શ્લોકાર્થ :-**

**ચિત્તની પ્રસત્તિનો હેતુ=ચિત્તની પવિત્રતાનો હેતુ, સ્વર્ગ અને અપવર્ગને=મોક્ષને, દેનારો એવો દ્રવ્યસ્તવ અહીં પણ=વર્તમાનના ભવમાં પણ, સુખ દેનારો છે તે કારણથી ગૃહસ્થોએ સદા કરવો જોઈએ. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

શ્રાવકોનો દ્રવ્યસ્તવ પણ કઈ રીતે કલ્યાણનું કારણ બને છે તે સ્પષ્ટ કરતાં બતાવે છે કે મોક્ષના અર્થી એવા પણ શ્રાવકો ભોગ પ્રત્યેના રાગવાળા હોવાથી ધનાર્જન અને ભોગાદિની પ્રવૃત્તિ કરવા છતાં જ્યારે ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરે છે ત્યારે તેઓનું ચિત્ત પવિત્ર બને છે; કેમ કે ભોગાદિની પ્રવૃત્તિથી આકુળ થયેલું ચિત્ત મોહધારાની વૃદ્ધિવાળું હોય છે આમ છતાં તે શ્રાવક જ્યારે ઉત્તમદ્રવ્યથી ભગવાનની ભક્તિ કરે છે ત્યારે ભગવાન પ્રત્યેના બહુમાન ભાવને કારણે તેઓનું ચિત્ત વીતરાગના ગુણોથી રંજિત બને છે અને તેના કારણે તેઓનો દ્રવ્યસ્તવ ચિત્તની પવિત્રતાનો હેતુ બને છે. વળી, દ્રવ્યસ્તવ કાલમાં ઉત્તમદ્રવ્યથી ભગવાનની ભક્તિ કરવાનો જે રાગનો પરિણામ છે તે રાગના પરિણામથી બંધાયેલું પુણ્યાનુબંધી પુણ્ય ઉત્તમ એવા દેવભવની પ્રાપ્તિ કરાવશે અને દેવભવની પ્રાપ્તિમાં પણ તેઓને વીતરાગ પ્રત્યેનો રાગ ઉલ્લસિત થશે જેથી દેવભવમાં પણ ભગવાનની, સુસાધુની ભક્તિ કરીને તે મહાત્મા સર્વવિરતિની શક્તિનો સંચય કરશે અને ક્રમે કરીને મોક્ષને પામશે. આ રીતે શ્રાવકપણામાં સેવાયેલો દ્રવ્યસ્તવ ચિત્તની પવિત્રતાનો હેતુ છે. તથા સ્વર્ગ-

અપવર્ગના ફલને આપનારો છે એટલું જ નહીં પણ મોહથી વ્યાકુળ થયેલું ચિત્ત ભગવાનની ભક્તિ કરીને સ્વસ્થતાને પામતું હોવાથી વર્તમાનમાં પણ સુખને આપનાર છે. માટે ગૃહસ્થોએ સદા દ્રવ્યસ્તવ કરવો જોઈએ. ॥૩૧॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં દ્રવ્યસ્તવ ગૃહસ્થને કઈ રીતે કલ્યાણનું કારણ છે તે બતાવ્યું. હવે, વિરતિવાળા એવા શ્રાવકને તે દ્રવ્યસ્તવ કઈ રીતે સંસારના ઉચ્છેદનું કારણ બને છે તે બતાવવા અર્થે બે શ્લોકોથી કહે છે –**

**શ્લોક :-**

**भवेद् विरतिरप्यस्य यथाशक्ति पुनर्यदि ।**
**ततः प्रक्षरितः सिंहः कर्मनिर्मथनं प्रति ।।३२।।**
**श्रावको बहुकर्मापि पूजाद्यैः शुभभावतः ।**
**दलयित्वाऽखिलं कर्म शिवमाप्नोति सत्वरम् ।।३३।।**

**શ્લોકાર્થ :-**

**જો આને=શ્રાવકને, યથાશક્તિ વિરતિ પણ હોય તો કર્મના નિર્મથન પ્રત્યે પ્રક્ષરિત સિંહ છે=શત્રુના નાશ માટે સન્મુખ થયેલ સિંહ છે અને તેવો શ્રાવક બહુકર્મવાળો પણ=સંચિત થયેલાં ઘણાં કર્મવાળો પણ, શુભભાવથી પૂજાદિ વડે અખિલ=સકલ, કર્મનો નાશ કરીને સત્વર મોક્ષને પામે છે. ॥૩૨-૩૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે ગૃહસ્થ જે દ્રવ્યસ્તવ કરે છે તે સ્વર્ગ-અપવર્ગને આપનારો છે અને વર્તમાનમાં પણ સુખને આપનારો છે. આનાથી એ પ્રાપ્ત થાય કે દ્રવ્યસ્તવમાં સરાગપણું હોવાને કારણે તે પરંપરાએ મોક્ષને દેનારો છે અને સાક્ષાત્ સ્વર્ગનું કારણ છે. હવે, જે શ્રાવક પોતાની શક્તિને ગોપવ્યા વિના વિરતિમાં યત્ન કરે છે તે શ્રાવક કર્મના નિર્મથન માટે તત્પર થયેલ સિંહ સમાન છે; કેમ કે તે શ્રાવકના ચિત્તમાં સંસારનો ઉચ્છેદ જ એક લક્ષ્ય છે અને તેના

ઉપાયરૂપ વિરતિમાં ઉદ્યમ કરે છે. અને સર્વવિરતિની શક્તિનો સંચય થયો નથી છતાં સર્વવિરતિની શક્તિનો સંચય કરવા જ પોતાની ભૂમિકા અનુસાર દેશવિરતિ પાળીને ઉત્તરોત્તરની દેશવિરતિ માટે શક્તિનો સંચય કરે છે. અને તે શ્રાવક સિંહની જેમ પરાક્રમ કરીને કર્મનો નાશ કરવા તત્પર થયેલો છે.

આવો શ્રાવક પૂર્વનાં સંચય કરાયેલાં ઘણાં કર્મવાળો હોય તો સર્વવિરતિની પ્રાપ્તિમાં વિઘ્ન થાય એવાં કર્મો વિદ્યમાન હોવાથી આ ભવમાં કદાચ સર્વવિરતિ ગ્રહણ ન પણ કરી શકે તોપણ પ્રતિદિન ઉત્તમ સામગ્રીથી ભગવાનની પૂજા કરે છે અને વિચારે છે કે ભાવસ્તવના ઉપાયરૂપે જ ભગવાને આ દ્રવ્યસત્વનું વિધાન કરેલ છે માટે શક્તિના પ્રકર્ષથી હું દ્રવ્યસ્તવ કરું અને તેના દ્વારા પ્રતિદિન ચિત્તને વીતરાગના ગુણોથી વાસિત કરું કે જેથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય. આ પ્રકારના શુભભાવથી તે શ્રાવક પ્રતિદિન દ્રવ્યસ્તવ કરીને પણ પોતાના આત્મામાં સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. આવો શ્રાવક અલ્પકાલમાં અખિલ કર્મને=સમસ્ત કર્મને, દલીને શીઘ્ર મોક્ષને પામે છે.

મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરના સમવસરણમાં કોઈક દસ દેવતાઓ આવીને ભગવાનની ભક્તિથી ભગવાન સન્મુખ નૃત્ય કર્યું. તેઓનું દૈવી તેજ જોઈને સમવસરણમાં બેઠેલ ચક્રવર્તીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે "ભગવન્ ! આ દેવો કોણ હતા ? અને તેઓનું આટલું તેજ કેમ હતું ?" તેના ઉત્તર રૂપે તીર્થંકર પરમાત્માએ કહ્યું કે આ દસ દેવો પૂર્વભવમાં દસ ભાઈઓ હતા અને તેઓ પચ્ચીસ લાખ વર્ષ સુધી ત્રિકાલ પરમાત્માની પૂજા કરતા હતા. અને નિરતિચાર દેશવિરતિનું પાલન કરી અંતે અનશન કરી સત્તર સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા છે અને પૂર્વભવમાં જે ત્રિકાલપૂજા કરી તેના પ્રભાવે તેઓને દેવભવમાં આ પ્રકારની અદ્ભુત કાંતિ પ્રાપ્ત થઈ છે. ત્યારપછી ચક્રવર્તીએ પ્રશ્ન કર્યો કે હવે પછી તેઓ ક્યાં જશે ? તેના ઉત્તરરૂપે તીર્થંકર પરમાત્માએ કહ્યું કે અહીંથી ચ્યવીને આ દસે દેવો મહાવિદેહમાં જઈ મોક્ષમાં જશે. આ દૃષ્ટાંતથી એ ફલિત થાય કે દસે ભાઈઓએ પૂર્વભવમાં યથાશક્તિ વિરતિનું પાલન કર્યું માટે કર્મના નિર્મર્થન પ્રતિ પ્રક્ષરિત સિંહ હતા અને ત્રિકાલપૂજાના શુભભાવથી અખિલ કર્મને દલીને તે શીઘ્ર મોક્ષને પામશે. **॥૩૨-૩૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૮માં કહ્યું કે ધ્યાનયોગાદિ દ્વારા ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે. ત્યારપછી શ્લોક-૨૯માં કહ્યું કે મુનિ ભાવસ્તવથી ભગવાનની આરાધના કરે છે અને શ્રાવક દ્રવ્યસ્તવથી ભગવાનની આરાધના કરે છે. ત્યારપછી શ્રાવકનો દ્રવ્યસ્તવ પણ કેવી રીતે મોક્ષનું કારણ બને છે તેની સ્પષ્ટતા કરી. હવે, આજ્ઞા આરાધના અને આજ્ઞા વિરાધના કૃત ફલ બતાવે છે –**

**શ્લોક :-**

**येनाज्ञा यावदाराद्धा स तावल्लभते सुखम् ।**
**यावद् विराधिता येन तावद् दुःखं लभेत सः ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**જેઓ વડે=જે સાધુ કે શ્રાવક વડે, જેટલી આજ્ઞા આરાધન કરાઈ તે તેટલા સુખને પામે છે અને જેના વડે=જે સાધુ કે શ્રાવક વડે, જેટલી આજ્ઞા વિરાધન કરાઈ તે તેટલા દુઃખને પામે છે. ।।૩૪।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓ અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમ કરે છે તેઓ સ્વભૂમિકા અનુસાર ભગવાનની પૂર્ણ આજ્ઞાનું આરાધન કરે છે અને જે શ્રાવકો સર્વવિરતિના અત્યંત ખપી છે પણ સર્વવિરતિ સ્વીકારવાની શક્તિ નથી તેથી સ્વભૂમિકા અનુસાર અપ્રમાદભાવથી દેશવિરતિના પાલનપૂર્વક દ્રવ્યસ્તવ દ્વારા આરાધના કરે છે તેઓ પણ ભગવાનની પૂર્ણ આજ્ઞાનું આરાધન કરે છે. ફક્ત સાધુ ઉપરની ભૂમિકાની ભગવાનની આજ્ઞાનું આરાધન કરનારા હોવાથી શીઘ્ર મોક્ષસુખ મેળવે છે. અને સાધુની અપેક્ષાએ શ્રાવકની પૂર્વની ભૂમિકાની આરાધના હોવાથી કાંઈક વિલંબથી મોક્ષસુખ પામે છે. તોપણ ભગવાનની આજ્ઞાનું આરાધન કરનાર સાધુ કે શ્રાવક જ્યાંસુધી સંસારમાં છે ત્યાંસુધી સદ્ગતિઓની પરંપરા દ્વારા અંતે મોક્ષ પ્રાપ્ત કરે છે. વળી, સાધુ કે શ્રાવક ભગવાનની

આજ્ઞાનું કાંઈક આરાધન કરતા હોય છતાં પ્રમાદને વશ ભગવાનની આજ્ઞાનું જેટલું વિરાધન કરે છે તેટલાં દુઃખોને પ્રાપ્ત કરે છે.

આનાથી એ ફલિત થાય કે સ્વભૂમિકા અનુસાર સંયમમાં ઉદ્યમ કરનાર સાધુ કે સ્વભૂમિકા અનુસાર દ્રવ્યસ્તવમાં ઉદ્યમ કરનાર શ્રાવક પણ પ્રમાદને વશ થઈ જેટલા અંશમાં શક્તિ છતાં ભગવાનની આજ્ઞાનું પાલન કરતા નથી પરંતુ સેવાતાં અનુષ્ઠાનોમાં દોષો સેવે છે કે સ્વમતિ અનુસાર ભગવાનનાં વચનો યથાતથા યોજન કરે છે અને તેના દ્વારા જેટલા પ્રમાણમાં ભગવાનની આજ્ઞાની વિરાધના કરે છે તેટલી કદર્થના પામે છે. જેમ સાવદ્યાચાર્ય આજ્ઞાની આરાધના દ્વારા સંસાર પરિમિત કરી એકાવતારી બન્યા છતાં ઉત્સૂત્રભાષણ કરીને ભગવાનની આજ્ઞાની વિરાધના કરી તો અનંત સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થઈ. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**ભગવાનની આજ્ઞાના પાલનથી કઈ રીતે મોક્ષની પ્રાપ્તિ થાય છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**सदा तत्पालने लीनैः परमात्माऽऽत्मनाऽऽत्मनि ।**
**सम्यक् स ज्ञायते ज्ञातो मोक्षं च कुरुते प्रभुः ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**સદા તેના પાલનમાં=ભગવાનની આજ્ઞાના પાલનમાં, લીન એવા મહાત્માઓ વડે આત્મામાં આત્મા વડે તે પરમાત્મા સમ્યક્ જણાય છે અને જ્ઞાત એવા તે પ્રભુ=આત્મામાં જ્ઞાત એવા તે પરમાત્મા, મોક્ષને કરે છે. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

**આત્મા વીતરાગભાવથી વાસિત થાય તેવા પ્રકારની મન-વચન-કાયાની ઉચિત પ્રવૃત્તિઓ સત્વના પ્રકર્ષથી કરવી તેવી ભગવાનની આજ્ઞા છે.** જે સાધુઓ કે

શ્રાવકો સદા વીતરાગના વચનનું સ્મરણ કરીને ચિત્ત સતત વીતરાગના વચનથી ભાવિત થાય એ રીતે શક્તિ અનુસાર, અપ્રમાદભાવથી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે તો તેઓ સદા ભગવાનની આજ્ઞાના પાલનમાં લીન છે. આવા આત્માઓ જાણે છે કે જેવું પરમાત્માનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે પણ અત્યારે તે સ્વરૂપ કર્મથી આવૃત્ત છે. ફક્ત પરમાત્માના વચનના અવલંબનથી મારા આત્મામાં રહેલું પરમાત્માતુલ્ય સ્વરૂપ શાસ્ત્રવચનના બળથી મારે જાણવું જોઈએ જેથી કર્મથી આવૃત્ત પણ તેવાં સ્વરૂપનો પોતાને બોધ થાય. અને જે મહાત્માઓ આ રીતે સદા ભગવાનની આજ્ઞાના પાલનમાં ઉદ્યમ કરનાર છે તેઓને પોતાના આત્મામાં પરમાત્માતુલ્ય પોતાનું સ્વરૂપ સમ્યક્ રીતે દેખાય છે. અને શ્રુતના બળથી જેમ જેમ તે સ્વરૂપ તે મહાત્માને પોતાનામાં સ્પષ્ટ-સ્પષ્ટતર જણાય છે તેમ તેમ પોતાના આત્મામાં જ્ઞાત એવા તે પ્રભુ પોતાનો કર્મથી મોક્ષ કરે છે. અર્થાત્ પરમાત્માના સ્વરૂપમાં લીન થયેલો ઉપયોગ જ તત્પ્રતિબંધક કર્મના નાશ દ્વારા પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરે છે.

આનાથી એ ફલિત થાય કે પ્રથમ ભૂમિકામાં પોતાનાથી ભિન્ન એવા પરમાત્મા કેવા સ્વરૂપવાળા છે એનો પારમાર્થિક બોધ કરવામાં આવે છે અને તેમના વચન અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને સંપન્ન થયેલા મહાત્મા શ્રુતચક્ષુથી પોતાના આત્મામાં રહેલા પરમાત્મભાવને જોવા માટે ઉદ્યમ કરે છે. અને જેમ જેમ તે મહાત્માને તે પરમાત્મભાવ સ્પષ્ટ-સ્પષ્ટતર દેખાય છે તેમ તેમ તે મહાત્મા તેમાં લીન થાય છે. અને જેમ જેમ તે મહાત્મા પરમાત્મભાવમાં લીન થાય છે તેમ તેમ આત્મામાં વર્તતા પરમાત્મભાવના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય આદિ ઘાતીકર્મો ક્ષીણ-ક્ષીણતર થાય છે તેથી ક્રમસર પોતાનો પરમાત્મભાવ પ્રગટ થાય છે. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ભગવાનની આજ્ઞાના પાલનમાં લીન એવા મહાત્મા વડે આત્મામાં જ પરમાત્મા જણાય છે અને જ્ઞાત એવા તે પરમાત્મા મોક્ષને કરે છે. આ પરમાત્મા ભિન્ન ભિન્ન દર્શનોમાં ભિન્ન ભિન્ન શબ્દોથી વાચ્ય છે તોપણ દરેક શબ્દોથી વાચ્ય પરમાત્મા એક જ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**बुद्धो वा यदि वा विष्णुर्यद्वा ब्रह्माथवेश्वरः ।**
**उच्यतां स जिनेन्द्रो वा नार्थभेदस्तथापि हि ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધ અથવા વિષ્ણુ અથવા બ્રહ્મ અથવા ઈશ્વર અથવા જિનેન્દ્ર તે=આત્મામાં પરમાત્મારૂપે જ્ઞાત એવા તે, કહો તોપણ અર્થથી ભેદ નથી. ।।૩૬।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ ભગવાનની આજ્ઞાના પાલનમાં લીન છે તેઓને પોતાના આત્માનું સ્વરૂપ પરમાત્મતુલ્ય જણાય છે અને તે પરમાત્માને આ બુદ્ધ છે અથવા આ વિષ્ણુ છે અથવા આ બ્રહ્મા છે અથવા આ ઈશ્વર છે અથવા આ જિનેન્દ્ર છે તે પ્રમાણે કહેવામાં આવે તોપણ તેમાં કોઈ અર્થભેદની પ્રાપ્તિ નથી પરંતુ સર્વ કર્મકલંકથી રહિત એવા શુદ્ધ આત્માની જ પ્રાપ્તિ છે; કેમ કે પરમાત્માના પારમાર્થિક સ્વરૂપને બતાવનારા બુદ્ધાદિ શબ્દોનો ભેદ કરવામાં આવે એટલા માત્રથી પરમાત્માના સ્વરૂપનો ભેદ પ્રાપ્ત થતો નથી પરંતુ **મોહના કલંકથી રહિત એવું જે આત્માનું સ્વરૂપ છે તે જ પરમાત્મા છે.** બુદ્ધ, વિષ્ણુ વગેરે શબ્દો તો તે પરમાત્મસ્વરૂપના વાચક છે. **।।૩૬।।**

**અવતરણિકા :-**

**વળી, જેઓ એક જ પરમાત્માના વાચક તેવા બુદ્ધ વગેરે શબ્દોને ગ્રહણ કરીને પરસ્પર વિખવાદ કરે છે પરંતુ બુદ્ધ વગેરે શબ્દો દ્વારા આત્માના શુદ્ધ સ્વરૂપને વાચ્યરૂપે ગ્રહણ કરતા નથી તે તેઓનું અજ્ઞાન જ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**ममैव देवो देवः स्यात् तव नैवेति केवलम् ।**
**मत्सरस्फूर्जितं सर्वमज्ञानानां विजृम्भितम् ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**મારા જ દેવ દેવ છે=મેં સ્વીકાર્યા તે બુદ્ધ કે વિષ્ણુ આદિ કોઈ એક દેવ જ દેવ છે. તારા વડે સ્વીકારાયેલા અન્ય દેવ દેવ નથી. એ પ્રમાણે કેવલ મત્સરથી સ્ફુરિત થયેલું અજ્ઞાની જીવોનું સર્વ વિજૃમ્ભિત છે=કથન કરાયેલું છે. ।।૩૭।।**

**ભાવાર્થ :-**

કોઈપણ દર્શનમાં રહેલા જીવો માર્ગાનુસારી બુદ્ધિથી યોગમાર્ગનું સેવન કરતા હોય તો તેઓ સ્વભૂમિકા અનુસાર પરમાત્માની આજ્ઞાનું પાલન કરે છે. આમ છતાં તે તે દર્શનમાં રહેલા પણ જીવો વિચારે છે કે અમારા દેવ જ ઉપાસ્યરૂપ દેવ છે, પરંતુ પોતાનાથી અન્ય દ્વારા સ્વીકારાયેલા દેવ વાસ્તવમાં દેવ નથી. આ પ્રકારનાં તેમનાં વચનો સ્વમત પ્રત્યેના અવિચારક રાગને કારણે અને અન્ય મત પ્રત્યે ઈર્ષ્યાથી પ્રગટ થયેલાં જ સર્વ વચન છે.

વસ્તુતઃ જેઓ વીતરાગ અવસ્થાના અર્થી છે તેઓ તો સંસારથી અતીત અવસ્થાવાળા દેવને જ દેવ રૂપે સ્વીકારે છે. આથી જ, સંસારથી અતીત અવસ્થાની ઉપાસના કરનારા યોગીઓ અવિચારક રીતે મારા-તારાનો પક્ષપાત કરતા નથી પરંતુ તત્ત્વ શું છે તે જાણવા જ પ્રયત્ન કરે છે અને તેવા યોગીઓને ઉપાસનાના વિષયભૂત પરમાત્મા ભિન્ન ભિન્ન શબ્દથી વાચ્ય હોય તોપણ સ્વરૂપથી એક જ છે એવો બોધ થાય છે. **।।૩૭।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે "મારા દેવ જ દેવ છે, તારા નહીં" એ અજ્ઞાનીઓનું વચન છે. હવે, જ્ઞાની પુરુષો આવો=મારા-તારાનો, વિવાદ કરતા નથી તે બતાવે છે –**

**શ્લોક :-**

**यथावस्थितविज्ञाततत्स्वरूपास्तु किं क्वचित् ।**
**विवदन्ते महात्मानस्तत्त्वविश्रान्तदृष्टयः ? ।।३८।।**

**શ્લોકાર્થ :-**

**યથાવસ્થિત વિજ્ઞાત તત્સ્વરૂપવાળા=પરમાત્માના સ્વરૂપવાળા અને તત્ત્વમાં વિશ્રાન્ત દૃષ્ટિવાળા એવા મહાત્માઓ શું ક્યારેય વિવાદ કરે છે ? અર્થાત્ વિવાદ કરતા નથી. ॥૩૮॥**

**ભાવાર્થ :-**

જેઓની માર્ગાનુસારી મતિ છે તેઓને સંસારનું સ્વરૂપ જીવની કદર્થના રૂપ જણાય છે. અને સંસારથી અતીત અવસ્થા જીવની વાસ્તવિક અવસ્થા જણાય છે. વળી, આવી અવસ્થાને પામવાનો ઉપાય તેવી અવસ્થાને પામેલા પરમાત્મા છે એવો માર્ગાનુસારી બોધ છે તેવા જીવો પરમાત્માના યથાવસ્થિત વિજ્ઞાત સ્વરૂપવાળા છે અને તેવા જીવો તો તત્ત્વની પ્રાપ્તિમાં જ વિશ્રાન્ત દૃષ્ટિવાળા હોય છે માટે સદા વિચારે છે કે સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય શું છે તેને યથાર્થ જાણવો જોઈએ અને તેને પ્રગટ કરવા માટે જ સર્વ ઉદ્યમ કરવો જોઈએ. આવા જીવો તત્ત્વની પ્રાપ્તિ અર્થે સ્વપર દર્શનની ચર્ચાઓ કરે ત્યારે પણ કયું દર્શન પરિપૂર્ણ વીતરાગ તત્ત્વને બતાવનાર છે અને કયું દર્શન વીતરાગ તત્ત્વને બતાવનાર નથી તેની જ વિચારણા કરે છે પરંતુ પોતે સ્વીકારેલા બુદ્ધ આદિ દેવો જ દેવ છે અને અન્યએ સ્વીકારેલા જિનેન્દ્ર આદિ દેવો દેવ નથી તે પ્રકારે વિચાર્યા વિના નિર્ણય કરી કોઈ દર્શનવાદી સાથે વિવાદ કરતા નથી. આવા જીવો સ્વદર્શનમાં રહેલા હોય તોપણ તત્ત્વના જ પક્ષપાતીઓ છે અને પરદર્શનમાં પણ તત્ત્વને સ્પર્શનારાં જે વચનો છે તેનો જ સ્વીકાર કરે છે; કેમ કે આવા મહાત્માની દૃષ્ટિ તત્ત્વપ્રાપ્તિમાં જ વિશ્રાન્ત હોય છે. આથી જ મારા-તારાનો ભેદ કરીને જેઓ વિવાદ કરે છે તેઓનો તે અજ્ઞાનનો જ વિલાસ છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. **॥૩૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૫માં કહ્યું કે ભગવાનની આજ્ઞાના પાલનમાં લીન પુરુષો વડે આત્મામાં જ પરમાત્મા સમ્યગ્ જણાય છે. પછી શ્લોક-૩૬માં કહ્યું કે તે**

**પરમાત્મા જ બુદ્ધ, વિષ્ણુ વગેરે શબ્દોથી વાચ્ય છે. આમાં કોઈ અર્થભેદ નથી. હવે, આવા પરમાત્માનું સ્વરૂપ શું છે તે સ્પષ્ટ કરવા કહે છે –**

**શ્લોક :-**

**स्वरूपं वीतरागत्वं पुनस्तस्य न रागिता ।**
**रागो यद्यत्र तत्रान्ये दोषा द्वेषादयो ध्रुवम् ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**વળી, તેમનું=સંસારથી અતીત અવસ્થારૂપે રહેલા પરમાત્માનું, સ્વરૂપ વીતરાગતા છે. રાગિતા નથી. જે કારણથી જ્યાં રાગ છે ત્યાં દ્વેષાદિ અન્ય દોષો નક્કી છે. ॥૩૯॥**

**ભાવાર્થ :-**

સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિ અર્થે ઉપાસ્ય, બુદ્ધ આદિ શબ્દોથી વાચ્ય એવા પરમાત્માનું સ્વરૂપ વીતરાગતા જ છે પણ રાગિતા નથી. અહીં પ્રશ્ન થાય કે ઉપાસ્ય દેવ ભક્તો પ્રત્યે રાગવાળા છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે – જે કારણથી જે પુરુષમાં રાગ વર્તે છે તે પુરુષમાં દ્વેષાદિ દોષો નક્કી હોય છે અને રાગાદિ દોષોથી વ્યાપ્ત એવા પુરુષની ઉપાસના કરવાથી સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિ થાય નહીં. માટે જેઓને સંસારી અવસ્થા વિડંબણારૂપ જણાય છે અને તેનાથી પર એવી અવસ્થા જ ઉપાસ્યરૂપે જણાય છે તેવા જીવો તો સંસારથી પર અવસ્થાને પામેલા એવા વીતરાગની જ ઉપાસના કરે છે. અને તે ઉપાસનાના બળથી પોતે પણ વીતરાગ બને છે અને સંસારની વિડંબણાથી મુક્ત થાય છે. **॥૩૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્મા માટે વીતરાગ જ ઉપાસ્ય હોઈ શકે અને રાગીને ઉપાસ્ય તરીકે સ્વીકારવામાં આવે તો ત્યાં દ્વેષાદિ દોષોની પણ અવશ્ય પ્રાપ્તિ થાય. તેથી હવે, તેવા દોષોવાળા દેવ ઉપાસ્ય બને નહીં તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**तैर्दोषैर्दूषितो देवः कथं भवितुमर्हति? ।**
**इत्थं माध्यस्थ्यमास्थाय तत्त्वबुद्ध्याऽवधार्यताम् ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**તેવા દોષોથી દૂષિત=રાગાદિ દોષોથી દૂષિત, એવા (દેવ) દેવ થવા માટે કેવી રીતે યોગ્ય છે ? અર્થાત્ દેવ થવા માટે યોગ્ય નથી. એ પ્રમાણે મધ્યસ્થપણાનું આલંબન લઈને તત્ત્વબુદ્ધિથી વિચારવું જોઈએ. ।।૪૦।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી કહે છે કે ઉપાસ્યના વિષયમાં "આ મારા દેવ ઉપાસ્ય છે, પરના દેવ ઉપાસ્ય નથી." તેવા પક્ષપાતનો ત્યાગ કરીને મધ્યસ્થ બુદ્ધિનું આલંબન લઈને ઉપાસ્યના વિષયમાં "તત્ત્વ શું છે ?" તેને જોનારી નિર્મલ બુદ્ધિથી વિચારવું જોઈએ કે જેઓ રાગાદિ દોષોથી દૂષિત છે તેઓ દેવરૂપે ઉપાસ્ય કેવી રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. માટે જેઓ વીતરાગ છે, રાગાદિ દોષ વગરના છે તેઓ જ કલ્યાણના અર્થી જીવો માટે ઉપાસ્ય દેવ છે અને તે દેવને કોઈ બુદ્ધ કહે, કોઈ વિષ્ણુ કહે, એટલા શબ્દભેદ માત્રથી કોઈ વિરોધ નથી પરંતુ ઉપાસ્યદેવના વીતરાગ સ્વરૂપમાં કોઈ ભેદ સ્વીકારી શકાય નહીં અર્થાત્ રાગી-દ્વેષી પણ ઉપાસ્ય તરીકે સ્વીકારી શકાય નહીં પરંતુ વીતરાગ જ ઉપાસ્ય છે, અન્ય નહીં તે સ્વીકારવું જોઈએ. **।।૪૦।।**

**અવતરણિકા :-**

**વીતરાગદેવ જ ઉપાસ્ય છે અને વીતરાગ નથી તેઓને ઉપાસ્ય તરીકે સ્વીકારી શકાય નહીં, તેને જ દૃઢ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**यद्वा रागादिभिर्दोषैः सर्वसंक्लेशकारकैः ।**
**दूषितेन शुभेनापि देवेनैव हि तेन किम्? ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**અથવા સર્વસંક્લેશને કરનારા, રાગાદિ દોષો વડે દૂષિત એવા શુભ પણ તે દેવ વડે=લોકોના હિતને કરનારા એવા શુભ પણ તે દેવ વડે શું ? અર્થાત્ તેવા દેવની ઉપાસનાનું કોઈ પ્રયોજન નથી. ॥૪૧॥**

**ભાવાર્થ :-**

રાગાદિ દોષો આત્માને સર્વ પ્રકારના ક્લેશો કરનારા છે અને તેવા રાગાદિ દોષોથી દૂષિત દેવગતિમાં રહેલા અને લોકોને સુખ કરનારા એવા પણ કોઈ દેવ હોય જે પોતાની ઉપાસના કરનારા લોકોને ભૌતિક સુખ-સામ્રગી આપતા હોય તોપણ તેવા દેવની ઉપાસના કોઈ કામની નથી. આવા દેવની ઉપાસનાથી કદાચ ભૌતિક સુખોની પ્રાપ્તિ થાય તોપણ સર્વ સંક્લેશને કરનારા એવા રાગાદિભાવોનો તો ઉચ્છેદ થાય જ નહીં. માટે તેવા દેવોની ઉપાસના “જીવને સંસારની વિડંબણાથી મુક્ત કરવાનું કારણ બનતી નથી.” આ કારણે જ તેવા દેવોની ઉપાસના વ્યર્થ છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**હવે, વીતરાગની ઉપાસના જ કેમ સફળ છે તે બતાવવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

**वीतरागं यतो ध्यायन् वीतरागो भवेद् भवी ।**
**इलिका भ्रमरी भीता ध्यायन्ती भ्रमरीं यथा ।।४२।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી ભવમાં રહેલા જીવો વીતરાગનું ધ્યાન કરતા વીતરાગ થાય છે. જે પ્રમાણે ભમરીથી ભય પામેલી ઇયળ ભમરીનું ધ્યાન કરતી ભમરી થાય છે. ॥૪૨॥**

**ભાવાર્થ :-**

ભમરીઓ નવી ભમરીઓની નિષ્પતિના આશયથી ઇયળોને લાવીને ડંખ

દઈને માટીનાં ઘરો કરીને તેમાં પૂરે છે. અને ભમરી તેની આજુબાજુ ગુંજારવ કરે છે ત્યારે ભમરીના ડંખના કારણે ભય પામેલી ઇયળો સતત ભમરીનું ધ્યાન કરે છે અર્થાત્ હમણાં ભમરી મને ડંખ મારશે તે પ્રકારના ભયથી ભમરીનું ધ્યાન કરે છે અને તે ધ્યાનમાં જ મૃત્યુ પામેલી તે ઇયળ પોતાના શરીરમાં જ ભમરીરૂપે ઉત્પન્ન થાય છે. આ દૃષ્ટાંત અનુસાર ભવથી ભય પામેલા જીવો ભવથી પર અવસ્થાને પામેલા એવા વીતરાગનું ધ્યાન કરતાં પોતે જ વીતરાગ થાય છે. આથી જ મુનિઓ મન-વચન-કાયાની કોઈપણ ચેષ્ટા કરતાં હોય ત્યારે વીતરાગના વચનનું સ્મરણ કરી વીતરાગે કઈ રીતે મન-વચન-કાયાને પ્રવર્તાવવાની આજ્ઞા કરી છે તેનું સ્મરણ કરી કાયિકાદિ સામાન્ય ક્રિયા પણ વીતરાગના વચન અનુસાર કરે છે. આ રીતે સર્વ કૃત્યકાલમાં તે મહાત્માના ચિત્તમાં વીતરાગનું સ્મરણ વર્તે છે અને ક્રિયાકાલમાં પણ વીતરાગના વચનના સ્મરણપૂર્વક દૃઢ યત્ન વર્તે છે જેના બળથી તે મહાત્મા અલ્પકાલમાં વીતરાગ બને છે. **॥૪૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૧માં કહ્યું કે સર્વસંક્લેશને કરનારા રાગાદિ દોષોથી દૂષિત એવા શુભ પણ દેવના ધ્યાનથી કોઈ પ્રયોજન નથી. હવે, તેવા દેવની ઉપાસનાનું કેમ કોઈ પ્રયોજન નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**रागादिदूषितं ध्यायन् रागादिविवशो भवेत् ।**

**कामुकः कामिनीं ध्यायन् यथा कामैकविह्वलः ।।४३।।**

**શ્લોકાર્થ :-**

**રાગાદિથી દૂષિત એવા દેવનું ધ્યાન કરતો પુરુષ રાગાદિ વિવશ થાય છે. જે પ્રમાણે કામિનીનું ધ્યાન કરતો કામુક પુરુષ કામ એક વિહ્વલવાળો થાય છે. ॥૪૩॥**

**ભાવાર્થ :-**

જે જીવો આત્મકલ્યાણ અર્થે રાગાદિવાળા એવા શુભદેવની ઉપાસના કરે છે અર્થાત્ જેની ઉપાસનાથી ઉપાસકને તેઓ ફળ આપે છે તેવા રાગાદિ દેવની ઉપાસના કરે છે તેવા જીવો રાગાદિથી દૂષિત એવા દેવનું ધ્યાન કરતા પોતાના રાગાદિ ભાવોને વધારે છે. તેથી તે દેવની ઉપાસનાથી કદાચ કોઈ ભૌતિક લાભ થતો હોય તોપણ રાગાદિની વૃદ્ધિને કારણે સંસારના પરિભ્રમણ રૂપ અનર્થની જ પ્રાપ્તિ થાય છે. એમાં દૃષ્ટાંત આપતાં કહે છે કે કામની વૃત્તિવાળો કોઈ પુરુષ કામિનીના=સ્ત્રીના, સ્વરૂપનું ચિંતન કરે તો તેનાથી તેને કામની એક વિલ્વલતા જ પ્રાપ્ત થાય છે. તેમ રાગી દેવની ઉપાસનાથી એક રાગની જ વૃદ્ધિ થાય છે. માટે ઉપાસ્ય રૂપે દેવ તો રાગાદિ રહિત વીતરાગ જ હોઈ શકે, અન્ય કોઈ નહીં. **II૪૩II**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે રાગાદિ દૂષિત એવા દેવનું ધ્યાન કરવાથી રાગાદિની વૃદ્ધિ થાય છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે રાગાદિની વૃદ્ધિ થાય તો શું વાંધો ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**रागादयस्तु पाप्मानो भवभ्रमणकारणम् ।**
**न विवादोऽत्र कोऽप्यस्ति सर्वथा सर्वसंमतेः ।।४४।।**

**શ્લોકાર્થ :-**

**પાપી એવા રાગાદિ ભવભ્રમણનું કારણ છે તેમાં કોઈ પણ વિવાદ નથી; કેમ કે સર્વ પ્રકારે સર્વની સંમતિ છે=મોક્ષના ઉપાસક એવા સર્વ દર્શનકારોની સંમતિ છે. II૪૪II**

**ભાવાર્થ :-**

રાગાદિ દૂષિત એવા દેવોની ઉપાસના કરવાથી રાગાદિ ભાવો વૃદ્ધિ પામે છે; કેમ કે એવા રાગાદિ ભાવોવાળા પુરુષ પ્રત્યેનો આદરભાવ પોતાનામાં પણ

તે રાગાદિ ભાવોના પક્ષપાતના સંસ્કારોનું આધાન કરે છે અને રાગાદિ ભાવો આત્માને ક્લેશ કરનારા હોવાથી પાપરૂપ છે અને પાપરૂપ એવા તે રાગાદિ ભાવો જીવને કર્મબંધ કરાવીને ભવભ્રમણનું કારણ બને છે.

ઉપર બતાવેલી માન્યતામાં કોઈ દર્શનનો વિવાદ નથી; કેમ કે મોક્ષમાર્ગનો ઉપદેશ આપનારા સર્વ દર્શનકારો રાગાદિને સર્વ પ્રકારે ભવભ્રમણના કારણ તરીકે જ સ્વીકારે છે માટે રાગાદિ દોષથી દૂષિત દેવ ક્યારેય ઉપાસ્ય બને નહીં પણ વીતરાગ દેવ જ ઉપાસ્ય બને. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે રાગાદિ ભવભ્રમણના કારણ છે તેથી હવે રાગાદિથી વિપરીત=વીતરાગ ભાવનું ધ્યાન કરતો પુરુષ વીતરાગ થતો કર્મોથી મુકાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**वीतरागमतो ध्यायन् वीतरागो विमुच्यते ।**
**रागादिमोहितं ध्यायन् सरागो बध्यते स्फुटम् ।।४५।।**

**શ્લોકાર્થ :-**

**આથી=રાગાદિ ભવનાં કારણો છે આથી, વીતરાગનું ધ્યાન કરતો એવો વીતરાગ પુરુષ કર્મોથી મુકાય છે. રાગાદિ મોહિતનું ધ્યાન કરતો સરાગ પુરુષ કર્મથી સ્પષ્ટ બંધાય છે. ॥૪૫॥**

**ભાવાર્થ :-**

માર્ગાનુસારી દૃષ્ટિવાળા જીવોને સંસાર જન્મ-જરા-મૃત્યુ આદિ અનેક ક્લેશોથી પૂર્ણ દેખાય છે અને તેવા ક્લેશ વગરની જીવની મુક્તાવસ્થારૂપ ઉત્તમ અવસ્થા જ પ્રાપ્તવ્ય દેખાય છે. આવા જીવોને આ મુક્તાવસ્થા પામેલા વીતરાગ છે તેવો બોધ થાય ત્યારે તે મહાત્મા સદા વીતરાગનું ધ્યાન કરે છે અર્થાત્ વીતરાગના વચનનું સ્મરણ કરીને વીતરાગ થવાના ઉપાયભૂત સર્વસંયમના અનુષ્ઠાન કરે છે. આ અનુષ્ઠાનના પ્રારંભમાં વીતરાગના વચનનું સ્મરણ હોય છે અને

અનુષ્ઠાન સેવનકાલમાં વીતરાગ બનવાનું લક્ષ્ય હોય છે. અને તે લક્ષ્યને બદ્ધ થઈને અનુષ્ઠાન સેવે છે ત્યારે તે મહાત્મા વીતરાગના ધ્યાનમાં ઉપયુક્ત હોય છે. તેથી તે વખતે સ્વયં વીતરાગ નહીં હોવા છતાં તદર્થનો જ્ઞાતા અને તદર્થમાં ઉપયુક્ત પુરુષને વીતરાગરૂપે સ્વીકારનાર નયની દૃષ્ટિથી તે વીતરાગ છે. આથી જ ઘટઅર્થનો જ્ઞાતા અને ઘટઅર્થમાં ઉપયુક્ત એવો માણવક ભાવઘટ કહેવાય છે. એ દૃષ્ટાંતથી વીતરાગનો ધ્યાતા મહાત્મા ભાવથી વીતરાગ કહેવાય છે. અને જે ભાવથી વીતરાગ હોય તે અવીતરાગ ભાવથી બંધાયેલાં કર્મોથી મુક્ત થાય છે અને જે જીવો રાગાદિથી મોહિત અને દેવગતિમાં રહેલા સરાગી દેવોનું ધ્યાન કરે છે તેઓ કર્મથી સ્પષ્ટ બંધાય છે.

આશય એ છે કે, રાગાદિથી મોહિત એવા દેવોની ઉપાસના કરનાર જીવોને તે દેવોના ભોગવિલાસમય જીવનનો મોહ છે અને ઉત્તમ ભોગસામગ્રી અને ઉત્તમ દૈવીશક્તિ પ્રત્યેનો રાગ છે તેથી જ્યારે તેઓની ભક્તિ કરે છે ત્યારે પણ તેનો રાગનો ઉપયોગ તે ભોગસામગ્રી, તે દૈવીશક્તિ પ્રત્યે જ સ્ફુરાયમાન થાય છે માટે તે કર્મથી બંધાય છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**પ્રથમ પ્રસ્તાવનું નિગમન કરતાં અંતે કહે છે –**

**શ્લોક :-**

**य एव वीतरागः स देवो निश्चीयतां ततः ।**
**भविनां भवदम्भोलिः स्वतुल्यपदवीप्रदः ।।४६।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=પ્રસ્તુત અધિકારમાં સ્પષ્ટતા કરી કે વીતરાગ જ ઉપાસ્ય છે અને વીતરાગનું ધ્યાન કરતો પુરુષ વીતરાગ થાય છે અને કર્મથી મુકાય છે તેથી, જે વીતરાગ છે તે જ દેવ ભવ્યજીવોના ભવરૂપી પર્વતનો નાશ કરવા માટે વજ્ર સમાન અને સ્વતુલ્યપદવી આપનારા છે એ પ્રમાણે નિશ્ચય કરવો. ॥૪૬॥**

**ભાવાર્થ :-**

સંસારનું ઉત્પત્તિસ્થાન રાગાદિરૂપ અવીતરાગભાવ છે અને વીતરાગભાવમાં ઉદ્યમ કરવાથી અવીતરાગભાવથી બંધાયેલાં કર્મોનો ક્ષય થાય છે. માટે જે પુરુષે પોતાનામાં વીતરાગભાવ પ્રગટ કર્યો છે તે પુરુષ જ આત્મા માટે ઉપાસ્ય દેવ છે, અન્ય કોઈ નહીં. આવા ઉપાસ્યદેવની ઉપાસના કરવાથી જ ભવનો ઉચ્છેદ થાય છે, માટે ભવિજીવોના ભવરૂપી પર્વતનો નાશ કરવા માટે ઇન્દ્રના વજ્ર સમાન વીતરાગ છે. વળી વીતરાગનું આલંબન લઈ ઉપાસના કરવાથી જીવ સ્વયં વીતરાગ થાય છે તેથી વીતરાગદેવ ઉપાસકને સ્વ તુલ્ય પદવી આપનારા છે, માટે તે દેવ જ ઉપાસ્ય છે અન્ય નહીં તે પ્રમાણે બુદ્ધિમાન પુરુષોએ નિર્ણય કરવો જોઈએ. **॥૪૬॥**

**પ્રથમ પ્રસ્તાવ સમાપ્ત**

## ❖ દ્વિતીય પ્રસ્તાવ ❖

# તત્ત્વસારોપદેશ

**પૂર્વ પ્રસ્તાવ સાથે જોડાણ :-**

પૂર્વ પ્રસ્તાવમાં ઉપાસ્યદેવ કેવા હોય તેનું સ્વરૂપ બતાવ્યું. હવે કલ્યાણના અર્થી, પરલોક માટે ઉદ્યમ કરનારા પણ જીવો પૂર્વમાં બતાવ્યું તેવા સ્વરૂપવાળા દેવની ઉપાસના કેમ કરી શકતા નથી અર્થાત્ કદાચ જૈનધર્મને કંઈક સમજેલો હોય તોપણ પરમાર્થથી તેવા દેવની ઉપાસના કેમ કરી શકતા નથી તે સ્પષ્ટ કરવા અર્થે "**તત્ત્વસારોપદેશ**" ફરમાવે છે –

**શ્લોક :-**

**सर्वेऽपि साम्प्रतं लोकाः प्रायस्तत्त्वपराङ्मुखाः ।**
**क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता दृष्टिरागेण मोहिताः ॥१॥**

**શ્લોકાર્થ :-**

**વર્તમાનમાં પ્રાયઃ સર્વ પણ લોકો તત્ત્વથી પરાઙ્મુખ, સ્વઆગ્રહથી ગ્રસ્ત, દૃષ્ટિરાગથી મોહિત ક્લેશને પામે છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

વર્તમાનનો કાલ તીર્થંકર આદિ અતિશય જ્ઞાનીના વિરહવાળો કાલ છે. તેવા કાલમાં આત્મકલ્યાણ માટે ઉદ્યમ કરનારા જીવો પણ પ્રાયઃ સ્વ સ્વ માન્યતામાં આગ્રહવાળા દેખાય છે. અને તેઓમાં સ્વ સ્વ માન્યતા પ્રત્યેનો અવિચારક રાગ પ્રવર્તે છે તેથી તેઓ દૃષ્ટિરાગથી મોહિત છે. આવા જીવો સંસારનો ઉચ્છેદ કરવાનો માર્ગ શું છે તેના પરમાર્થને જાણવારૂપ તત્ત્વથી પરાઙ્મુખ છે તેથી આત્મકલ્યાણ અર્થે કે પરલોકાર્થે તપ-સંયમની બાહ્યક્રિયાઓ કરતા હોય, વળી અન્યદર્શનમાં રહેલા હોય કે જૈન દર્શનમાં રહેલા હોય તો પણ મોટાભાગના જીવો તત્ત્વથી પરાઙ્મુખ હોવાને કારણે ક્લેશને જ પ્રાપ્ત કરે છે પરંતુ આત્મકલ્યાણને પ્રાપ્ત કરી શકતા નથી.

આશય એ છે કે વીતરાગના વચનના પરમાર્થને જાણવાને અભિમુખ ભાવ વગરના તે જીવો કદાચ બાહ્યથી જૈનશાસનને પામ્યા હોય તોપણ પરમાર્થથી જિનવચનના તત્ત્વને જાણવા ઉદ્યમ કરતા નથી. તેઓ જે કાંઈ સંયમની આચરણાઓ કરે છે કે ત્યાગાદિનું સેવન કરે છે તે સર્વે પણ દૃષ્ટિરાગના દોષથી દૂષિત હોવાને કારણે તેના દ્વારા પણ અસાર એવાં તુચ્છફળોને પ્રાપ્ત કરીને સંસારના પરિભ્રમણરૂપ ક્લેશને પ્રાપ્ત કરે છે. તેથી પૂર્વ પ્રસ્તાવમાં બતાવેલા ઉપાસ્ય એવા દેવની ઉપાસના કરી શકતા નથી એમ સંબંધ છે. ॥૧॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે દૃષ્ટિરાગથી મોહિત એવા જીવો ક્લેશ પામે છે તેથી દૃષ્ટિરાગની અનર્થકારિતા બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**दृष्टिरागो महामोहो दृष्टिरागो महाभवः ।**
**दृष्टिरागो महामारो दृष्टिरागो महाज्वरः ।।२।।**

**શ્લોકાર્થ :-**

**દૃષ્ટિરાગ મહામોહ છે, દૃષ્ટિરાગ મહાભવ છે, દૃષ્ટિરાગ મહામાર છે=વિનાશને કરનાર છે, દૃષ્ટિરાગ મહાજ્વર છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

**"દૃષ્ટિરાગ=તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે પ્રતિબંધક એવો સ્વમાન્યતાનો રાગ."**

સંસારીજીવોમાં અનાદિથી મહામોહ વર્તે છે અને આ મહામોહને કારણે જ સંસારીજીવોને ભોગવિલાસમય સંસારી અવસ્થા જ સુંદર લાગે છે. તે સિવાય અન્ય તત્ત્વનો તેઓ વિચાર કરતા નથી અને તે મહામોહને કારણે જ અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે. તેવા પણ જીવો કોઈક નિમિત્તને પામીને પરલોકાર્થે ઉદ્યમ કરવા તૈયાર થાય તોપણ સ્વ સ્વ પક્ષ પ્રત્યે બદ્ધ અવિચારક રાગ પ્રવર્તતો હોવાથી તે રાગને કારણે ઉપાસ્ય

દેવનું સ્વરૂપ, ઉપાસ્યદેવનાં વચનોનો પરમાર્થ તેઓ ક્યારે પણ પ્રાપ્ત કરી શકતા નથી. તેઓએ કદાચ જૈનધર્મનો સ્વીકાર કર્યો હોય તો પણ વીરપ્રભુએ જે વીતરાગ થવાનો માર્ગ બતાવ્યો છે તે માર્ગના પરમાર્થને જાણવાનું છોડીને સ્વ સ્વ માન્યતા અનુસાર ભગવાનનાં વચનોને જોડીને પોતાનો અતત્ત્વ પ્રત્યેનો રાગ જ દૃઢ કરે છે. આમ તત્ત્વાતત્ત્વનો વિચાર કરવામાં તે દૃષ્ટિરાગ અત્યંત મૂંઝવણ કરતો હોવાથી તેઓમાં વર્તતો દૃષ્ટિરાગ "**મહામોહ**" રૂપ છે. વળી, દૃષ્ટિરાગના કારણે તેઓનો બાહ્ય ત્યાગ પણ ભવના ઉચ્છેદનું કારણ બનતો નથી પણ ભવભ્રમણની વૃદ્ધિનું કારણ બને છે. માટે દૃષ્ટિરાગ **મહાભવ** છે=દીર્ઘકાળ સુધી ભવોની પરંપરા ચલાવે તેવો છે. એટલું જ નહિ આવા દૃષ્ટિરાગવાળા જીવો ધર્મ કરીને પણ દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે માટે તેઓમાં વર્તતો દૃષ્ટિરાગ **મહામાર** છે=જીવને અત્યંત મારનાર છે. વળી આ દૃષ્ટિરાગ **મહાજ્વર** છે; કેમ કે દેહમાં વર્તતો જ્વર તો સામાન્ય અશાતાની પીડા કરે છે, અને કદાચ પ્રકર્ષવાળો હોય તો એકભવના મૃત્યુનું કારણ બને છે પણ તેનાથી વધારે કાંઈ કરતો નથી. જ્યારે દૃષ્ટિરાગ તો મહાજ્વર છે=આત્મામાં પ્રગટતો એવો મોટો ભાવરોગ છે. જેના કારણે દૃષ્ટિરાગવાળા જીવો ઘણા ભવો સુધી અનેક પ્રકારની જન્મ-મરણની કદર્થનાઓ પ્રાપ્ત કરશે. આ પ્રકારનું દૃષ્ટિરાગનું ભયંકર સ્વરૂપ બતાવીને ગ્રંથકારશ્રી યોગ્ય જીવોને દૃષ્ટિરાગ છોડવા જેવો છે તે પ્રકારે ઉપદેશ આપે છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં દૃષ્ટિરાગ કેવો અનર્થકારી છે ? તે બતાવ્યું. હવે આ કાળમાં તો આ દૃષ્ટિરાગનું સામ્રાજ્ય વર્તે તે ઉચિત જ છે તે પ્રકારે વ્યંગ્યભાષાથી કહે છે –**

**શ્લોક :-**

**पतितव्यं जनैः सर्वैः प्रायः कालानुभावतः ।**
**पापो मत्सरहेतुस्तद् निर्मितोऽसौ सतामपि ।।३।।**

**શ્લોકાર્થ :-**

**કાલના અનુભાવથી પ્રાયઃ સર્વ જીવોએ પડવું જોઈએ=દૃષ્ટિરાગમાં પડવું જોઈએ. તે કારણથી સંતોમાં પણ=પરલોકાર્થે સાધના કરનાર એવા જીવોમાં પણ, મત્સરનો હેતુ, પાપી એવો આ નિર્મિત છે. ॥૩॥**

❖ "सतामपि"માં ષષ્ટી વિભક્તિ સપ્તમીના અર્થમાં છે.

**ભાવાર્થ :-**

વર્તમાનમાં દુઃષમા નામનો પાંચમો આરો વર્તે છે જે ધર્મ માટે બહુ સારો કાલ નથી. પરંતુ ખરાબ કાલ છે અને આ કાલના અનુભાવથી સર્વજીવોએ પ્રાયઃ દૃષ્ટિરાગમાં પડવું જોઈએ. તો આ કાલને શાસ્ત્રકારોએ ખરાબ કાલ કહ્યો છે તે સાર્થક થાય. જો બધા જીવો દૃષ્ટિરાગનો ત્યાગ કરીને તત્ત્વના રાગવાળા થાય તો જગતમાં આ કાલનો અનુભાવ કઈ રીતે પોતાનું સ્વરૂપ બતાવી શકે ? માટે કટાક્ષ ભાષામાં ગ્રંથકારશ્રી કહે છે આ કાલમાં પ્રાંયઃ બધા જીવોએ દૃષ્ટિરાગમાં યત્ન કરવો જોઈએ.

અહીં "પ્રાયઃ" શબ્દથી એ બતાવે છે કે ખરાબ કાલમાં પણ કેટલાક યોગ્ય જીવો આ દૃષ્ટિરાગથી મુક્ત છે અને આથી જ આ પાંચમો આરો ખરાબ હોવા છતા છઠ્ઠા આરા જેવો સર્વથા ધર્મ રહિત નથી. તોપણ મોટાભાગના જીવો આ કાલ પ્રમાણે દૃષ્ટિરાગમાં યત્ન કરે એ કાલને અનુરૂપ ઉચિત છે. તેથી પાપી એવો આ દૃષ્ટિરાગ ધર્મપરાયણ જીવોમાં પણ નિર્માણ થયેલો છે અને પોતપોતાની માન્યતા કરતાં ભિન્ન માન્યતાઓ પ્રત્યે આ દૃષ્ટિરાગ મત્સરનો હેતુ બને છે. આ કારણે પોતાની માન્યતાથી ભિન્ન માન્યતા તત્ત્વને સ્પર્શનારી હોય તોપણ તેના પ્રત્યે દ્વેષ કરીને આવા જીવો તત્ત્વના દ્વેષી બને છે. તેથી બાહ્ય રીતે સંયમની આચરણાઓ, તપાદિ કરે છતાં દૃષ્ટિરાગના બળથી તત્ત્વનો દ્વેષ કરીને સંસારના દીર્ઘ પરિભ્રમણને પ્રાપ્ત કરે છે અને આવો પાપી દૃષ્ટિરાગ કાલના અનુભાવથી નિર્માણ કરાયેલો છે. આમ બતાવીને વિવેકી જીવોને આ કાલમાં દૃષ્ટિરાગથી બચવા માટે અત્યંત જાગૃત થવાનો ઉપદેશ ગ્રંથકારશ્રી આપે છે. ॥૩॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કાલના અનુભાવથી પ્રાયઃ બધા જીવોએ દૃષ્ટિરાગમાં પડવું ઉચિત છે. તેથી ત્યાગીઓમાં પણ આ દૃષ્ટિરાગ પ્રાપ્ત થાય છે. હવે બાહ્ય ત્યાગ કરનારા છતાં દૃષ્ટિરાગમાં પડેલા જીવો કેવા છે તે બતાવે છે -**

**શ્લોક :-**

**मोहोपहतचित्तास्ते मैत्र्यादिभिरसंस्कृताः ।**
**स्वयं नष्टा जनं मुग्धं नाशयन्ति च धिग् हहा ।।४।।**

**શ્લોકાર્થ :-**

**મોહથી ઉપહત ચિત્તવાળા=સ્વદૃષ્ટિ પ્રત્યેના બાહ્ય રાગરૂપ મોહથી હણાયેલા ચિત્તવાળા, મૈત્રી વગેરે ભાવોથી અસંસ્કૃત એવા ઉપદેશકો સ્વયં નાશ પામેલા છે અને મુગ્ધજનોનો નાશ કરે છે. ધિગ્ હહા=હા ! હા ! ખેદની વાત છે કે તે ધિક્કાર પાત્ર છે. ।।૪।।**

**ભાવાર્થ :-**

કાલના દોષને કારણે જેઓ તત્ત્વાતત્ત્વના વિભાગનો યત્ન છોડીને સ્વ સ્વ પક્ષમાં મૂઢતાથી રાગ ધરાવે છે તેઓનું ચિત્ત મોહથી હણાયેલું છે. વળી, જગતના જીવોની હિતચિંતા આદિ કરાવે તેવા **મૈત્રીભાવથી** અસંસ્કૃત છે. આથી જ **ઉપદેશ આપીને જગતના જીવોને સ્વપક્ષના રાગી બનાવે છે પણ તત્ત્વના રાગી બનાવતા નથી.** એટલું જ નહિ, પોતે દૃષ્ટિરાગવાળા હોવાથી તત્ત્વના રાગી એવા ગુણવાન મહાત્માના ગુણોને જોઈને **પ્રમોદ** થતો નથી પરંતુ પોતાના મતથી વિરુદ્ધ છે માટે તેમના ગુણોની પણ નિંદા કરે છે. વળી, તત્ત્વની વિચારણામાં મૂઢ હોવાથી પોતાના આત્માની **કરુણા** નથી તેઓને વળી અન્યજીવોની કરુણા ક્યાંથી હોય ? તેથી તેઓ દૃષ્ટિરાગથી ઉપદેશ આપીને અન્યનો વિનાશ કરે છે. વળી, આવા ઉપદેશકો અયોગ્ય જીવોની **ઉપેક્ષા** કરનાર નથી પરંતુ તેઓની અયોગ્યતાની વૃદ્ધિ થાય તેવો દૃષ્ટિરાગ પેદા કરાવીને તેઓનો અધિક વિનાશ કરે છે. આથી તેઓ મૈત્રી આદિ ચાર ભાવોથી સર્વથા રહિત છે.

આ કારણે, બાહ્ય સંયમની આચરણા પાળીને પણ આવા ઉપદેશકો અતત્ત્વનો રાગ કરીને સ્વયં નાશ પામેલા છે અને મુગ્ધ જીવો જે મુગ્ધતાથી પણ ધર્મને અભિમુખ થયા છે તેવા જીવો યોગ્ય ઉપદેશકને પામીને તત્ત્વને પામે તેવા હતા તેવાનો પણ આવા ઉપદેશકો ઉપદેશ દ્વારા દૃષ્ટિરાગ સ્થિર કરીને વિનાશ કરે છે. તેથી તે દૃષ્ટિરાગને ધિક્કાર થાવ ! ॥૪॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે દૃષ્ટિરાગવાળા જીવો મૈત્રી વગેરે ભાવોથી અસંસ્કૃત છે. હવે, કોઈને વિચાર આવે કે તે ઉપદેશકો પણ સ્વયં બાહ્ય ત્યાગ કરે છે, બીજાને ત્યાગનો ઉપદેશ આપે છે, દુઃખી જીવો પ્રત્યે સ્થૂલથી કરુણા કરે છે અને સ્વપક્ષવાળા ગુણવાનની પ્રશંસા પણ કરે છે. તેથી તેઓ મૈત્રી આદિથી રહિત છે તેમ કેમ કહી શકાય ? તેના સમાધાન અર્થે મૈત્રી આદિનું પારમાર્થિક સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**परे हितमतिर्मैत्री मुदिता गुणमोदनम् ।**
**उपेक्षा दोषमाध्यस्थ्यं करुणा दुःखमोक्षधीः ।।५।।**

**શ્લોકાર્થ :-**

**પરમાં હિતની મતિ મૈત્રી છે. ગુણનું મોદન=પ્રમોદ મુદિતા છે, ઉપેક્ષા દોષમાં મધ્યસ્થપણું છે, કરુણા દુઃખથી મોક્ષની બુદ્ધિ છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

**મૈત્રી એ સ્નેહનો પરિણામ** છે અને જેમ આત્માને પોતાના પ્રત્યે જેવો સ્નેહ હોય તેવો સ્નેહનો પરિણામ બીજા પ્રત્યે થાય તે મૈત્રી છે અને જેને પોતાના આત્મા પ્રત્યે સ્નેહ હોય તેવો સ્નેહ સર્વ જીવો પ્રત્યે હોય તો સર્વ જીવો પ્રત્યે હિતની બુદ્ધિરૂપ મૈત્રીનો પરિણામ છે. પરંતુ દૃષ્ટિરાગવાળા જીવો પોતાના આત્માને જ ઠગે છે તેથી તેઓને પોતાના આત્માના હિતની પણ મતિ નથી તો પરના હિતની મતિ કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ હોઈ શકે નહિ. માટે

**દૃષ્ટિરાગવાળા જીવોમાં પરના હિતની મતિરૂપ મૈત્રી સંભવી શકે નહિ,** એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

**મુદિતા ભાવના ગુણના પ્રમોદરૂપ છે.** તેથી સિદ્ધના ગુણો, વીતરાગના ગુણો, અને વીતરાગના ગુણોની પ્રાપ્તિના ઉપાયભૂત એવા જે જે ગુણો જે જે જીવોમાં દેખાય તેઓને જોઈને જેઓને પ્રમોદ થાય તેઓ પ્રમોદભાવવાળા છે. જેમ સંસારી જીવોને સુંદર રૂપ, સુંદર વૈભવ જોઈને પ્રમોદ થાય છે તેમ ગુણરાગી જીવોને મોક્ષને અનુકૂલ એવો નાનો પણ ગુણ જ્યાં દેખાય ત્યાં પ્રમોદ થાય છે. દૃષ્ટિરાગવાળા જીવો ગુણના જ પક્ષપાતી નથી તેથી સ્વદર્શનનો અવિચારક રાગ ધરાવે છે તેવા જીવો સ્વપક્ષમાં કોઈ બાહ્ય તપાદિ કે બાહ્ય આચરણા કરનારાની કદાચ અનુમોદના કરે તોપણ સ્વપક્ષના રાગથી જ તેમની અનુમોદના કરે છે. પરપક્ષમાં રહેલાના ગુણો પ્રત્યે તેઓને દ્વેષ વર્તે છે; કેમ કે સ્વપક્ષથી વિરુદ્ધપક્ષવાળા જે કાંઈ કરે તે સર્વ નિરર્થક છે તેવી સ્થિર મતિ તેઓની હોય છે. માટે દૃષ્ટિરાગવાળા જીવોને મોક્ષને અનુકૂળ પારમાર્થિક ગુણો પ્રત્યેનો પ્રમોદભાવ નથી એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

બીજાના દોષો જોઈને તે જીવો પ્રત્યે દ્વેષ થાય તો તે આત્માનો અનુચિત પરિણામ છે. તેના નિવારણ અર્થે યોગીઓ અયોગ્ય જીવોમાં કોઈ અનિવર્તનીય દોષ દેખાય તોપણ દ્વેષ કરતા નથી. પરંતુ મધ્યસ્થભાવ ધારણ કરે છે. દૃષ્ટિરાગવાળા જીવોને પોતાની માન્યતાથી વિપરીત માન્યતાવાળા પ્રત્યે ઉપેક્ષા વર્તતી નથી પરંતુ હંમેશાં મત્સરભાવ વર્તે છે. તેથી દૃષ્ટિરાગવાળા જીવો ધર્મપ્રવૃત્તિ કરતા હોય, ઉપેક્ષાભાવનાથી આત્માને ભાવિત કરતા હોય તોપણ તેઓના ચિત્તને ઉપેક્ષાભાવના સ્પર્શતી નથી. પરંતુ દૃષ્ટિરાગને કારણે પરદર્શન પ્રત્યે મત્સરભાવ જ વર્તે છે.

દુઃખીઓનાં દુઃખ જોઈને તેમના દુઃખને દૂર કરવાની બુદ્ધિ કરુણાભાવના સ્વરૂપ છે. આદ્ય ભૂમિકાના જીવો કોઈનાં શારીરિક કે માનસિક દુઃખો જુએ તો તેઓના હૈયામાં કરુણા પ્રગટે છે અને વિચારે છે કે શું કરું કે જેથી આ જીવોના દુઃખની પીડા દૂર થાય ? અને શક્તિ અનુસાર દુઃખ દૂર કરવાનો પ્રયત્ન પણ કરે છે. વળી, શારીરિક રીતે કે સાંયોગિક રીતે સુખી જીવો સંસારની પ્રવૃત્તિ કરીને પાપ બાંધે છે અને તેના ફલરૂપે ચાર ગતિના પરિભ્રમણની કદર્થના

પામશે તેવું જણાવવાથી યોગીઓને તેઓ પ્રત્યે કરુણા થાય છે જેથી વિચારે છે કે શું કરું જેથી આ લોકોને તત્ત્વની પ્રાપ્તિ થાય અને સંસારની વિડંબનાઓથી તેઓનું રક્ષણ થાય ? દૃષ્ટિરાગવાળા જીવો કદાચ ક્યારેક કોઈ બાહ્યથી દુઃખી જીવોને જોઈ આવી કરુણા બુદ્ધિ કરે તોપણ તેઓને દૃષ્ટિરાગને કારણે પોતાના આત્માના દુઃખની જ ચિંતા નથી, તેથી અન્યજીવોને પણ વિપરીત ઉપદેશ આપીને દુઃખની પરંપરા જ ઊભી કરે છે. તેથી તેઓ તત્ત્વથી કરુણાના પરિણામ વિનાના છે. આથી જ પૂર્વશ્લોકમાં કહ્યું કે દૃષ્ટિરાગવાળા જીવો મૈત્રી આદિ ભાવનાથી અસંસ્કૃત ચિત્તવાળા છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સામાન્યથી મૈત્રી આદિ ચાર ભાવનાનું સ્વરૂપ બતાવ્યું. હવે તે ચાર ભાવનાના વિષયભૂત જીવો કોણ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**मैत्री निखिलसत्त्वेषु प्रमोदो गुणशालिषु ।**
**माध्यस्थ्यमविनेयेषु करुणा दुःखदेहिषु ।।६।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ જીવોમાં મૈત્રી, ગુણશાલીઓમાં પ્રમોદ, અવિનયીઓમાં=અયોગ્ય જીવોમાં માધ્યસ્થ અને દુઃખદેહવાળાઓમાં=પીડાકારી એવા દેહધારી જીવોમાં કરુણા. ॥૬॥**

**ભાવાર્થ :-**

**મૈત્રીભાવના :** વિવેકી જીવો મૈત્રી આદિ ચાર ભાવોથી આત્માને વાસિત કરે છે અને તે મૈત્રીનો વિષય સર્વ જીવો છે. જેના હૈયામાં સર્વ જીવો પ્રત્યે મૈત્રી હોય તેને પોતાનું અહિત કરનાર જીવો પ્રત્યે પણ દ્વેષ બુદ્ધિ થતી નથી અને પોતાના સ્વાર્થ ખાતર અન્યના હિતની ઉપેક્ષા થતી નથી. પરંતુ સર્વ જીવો વિષયક હિતચિંતાનો પરિણામ વર્તે છે.

**પ્રમોદભાવના :** સિદ્ધના જીવો પરિપૂર્ણ ગુણવાળા છે અને તે ગુણોની

પ્રાપ્તિને અભિમુખ સંસારવર્તી તીર્થંકરો પરાકાષ્ઠાના ગુણવાળા છે અને તીર્થંકરોએ બતાવેલા માર્ગ પર ચાલનારા સુસાધુ, શ્રાવક કે સમ્યગ્ દૃષ્ટિ જીવો મોક્ષમાર્ગને અનુકૂળ સ્વ સ્વ ભૂમિકાના ગુણોને ધારણ કરનારા છે. વળી, કોઈપણ દર્શનમાં રહેલા ભદ્રક પ્રકૃતિવાળા અપુનર્બંધક જીવો સંસારથી વિમુખ થઈને જે કાંઈ દયા વગેરે શુભભાવો કરે છે તે સર્વ મોક્ષને અનુકૂલ ગુણો છે અને જે જીવોને ગુણોનો પક્ષપાત છે તેવા જીવોને કોઈપણ જીવમાં મોક્ષને અનુકૂલ માર્ગાનુસારી ગુણ દેખાય તો પ્રમોદ થાય છે. જે ગુણના રાગ સ્વરૂપ છે. **પ્રમોદભાવનાનો વિષય સર્વ જીવો નથી પણ ફક્ત ગુણિયલ જીવો છે, જ્યારે મૈત્રીભાવનાનો વિષય સર્વ જીવો છે.**

**મધ્યસ્થભાવના :** કેટલાક અયોગ્ય જીવો અનુચિત પ્રવૃત્તિ કરનારા હોય છે અને તેઓની અનુચિત પ્રવૃત્તિ જોઈને જે જીવોને તેઓ પ્રત્યે દ્વેષ થાય છે તે દ્વેષ કર્મબંધનું કારણ છે; કેમ કે વાસ્તવિક રીતે **મોક્ષને પ્રતિકૂળ એવા પોતાના અનુચિત ભાવો પ્રત્યે દ્વેષ કરવાની વિધિ છે.** અન્યજીવોના અનુચિત ભાવો જોઈ આ સંસારનું કર્મજન્ય સ્વરૂપ છે એ પ્રમાણે ભાવન કરીને તેઓ પ્રત્યે દ્વેષ કે રાગ ન થાય તેવો મધ્યસ્થભાવ ધારણ કરવો જોઈએ. જે મધ્યસ્થભાવના સ્વરૂપ છે. આ **મધ્યસ્થભાવનાનો વિષય ગુણિયલ જીવો કે સર્વ જીવો નથી પરંતુ અનિવર્તનીય દોષવાળા જીવો છે.**

**કરુણાભાવના :** શારીરિક, માનસિક કે કર્મની વિડંબનાકૃત દુઃખવાળા દેહધારી જીવો પ્રત્યે કરુણા કરવાથી હૃદય દયાળુ થાય છે. આ **કરુણાભાવનાનો વિષય શારીરિક આદિ દુઃખવાળા જીવો છે.** સર્વ જીવો નથી તેમજ ગુણવાન જીવો કે અયોગ્ય જીવો પણ નથી. ફક્ત કોઈ જીવોમાં કોઈક દોષ વર્તતો હોય અને પ્રયત્નથી તે દોષ દૂર થાય તેવું જણાય ત્યારે કરુણાબુદ્ધિથી તેના હિત માટે પ્રયત્ન થાય છે, પરંતુ અનિવર્તનીય દોષવાળા જીવો કરુણાભાવનાનો વિષય નથી. **॥૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં મૈત્રી આદિ ચાર ભાવનાઓ અને તેનો વિષય બતાવ્યો. હવે, ધર્મની નિષ્પત્તિમાં મૈત્રી આદિ ભાવો કારણ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः ।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ताः स तेषामतिदुर्लभः ।।७।।**

**શ્લોકાર્થ :-**

**આ=પૂર્વમાં વર્ણન કરાઈ તે મૈત્રી આદિ ચાર ભાવના, ધર્મકલ્પવૃક્ષનું મૂલ છે. જેઓના વડે તે જ્ઞાત નથી=મૈત્રી આદિ ચાર ભાવનાઓ જ્ઞાત નથી અને અભ્યસ્ત નથી, તેઓને તે=ધર્મ, અતિ દુર્લભ છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

**ધર્મ એ સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરાવીને આત્માના સ્વભાવરૂપ એવા પૂર્ણધર્મનું કારણ છે.** સિદ્ધ અવસ્થામાં જીવના સ્વભાવરૂપ કાર્ય ધર્મ છે અને તેનું કારણ એવો ધર્મ એ યોગમાર્ગના આસેવન રૂપ છે જે સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ રૂપ છે અને તે ધર્મ કલ્પવૃક્ષ જેવો છે. જેમ કલ્પવૃક્ષ યુગલિકોને સુખમય જીવનનું કારણ બને છે તેમ સંસારવર્તી જીવો દ્વારા સેવાયેલો ધર્મ સંસારી જીવોને સદ્ગતિની પરંપરા સર્જી મોક્ષનું કારણ બને છે. માટે ધર્મ કલ્પવૃક્ષ જેવો છે. આવા કલ્પવૃક્ષ જેવા ધર્મને આત્મામાં નિષ્પન્ન કરવો, તેની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવી, તે સર્વનું કારણ આ મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે; કેમ કે આ **મૈત્રી આદિ ચાર ભાવનાઓથી વાસિત થયેલો જીવ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારો બને છે.** આ રીતે ઉચિત પ્રવૃત્તિ કરવા સ્વરૂપ ધર્મની નિષ્પત્તિમાં અંગરૂપ આ મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે. અને જેઓએ આ મૈત્રી આદિ ચાર ભાવનાઓને જાણી નથી અથવા જાણ્યા પછી આ ભાવનાઓને અભ્યસ્ત કરી નથી તેવા જીવોને ધર્મ અતિદુર્લભ છે. દૃષ્ટિરાગવાળા જીવોએ આ ચાર ભાવનાઓને જાણી નથી અને અભ્યસ્ત પણ કરી નથી તેથી જ સ્વ-પરનું અકલ્યાણ કરે છે. **।।૭।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૪માં કહ્યું કે દૃષ્ટિરાગવાળા જીવો મૈત્રી આદિ ચાર ભાવનાઓથી અસંસ્કૃત છે, ત્યાર પછી શ્લોક-૫, ૬માં મૈત્રી આદિ ચાર ભાવનાઓનું**

સ્વરૂપ અને તેનો વિષય બતાવ્યો અને શ્લોક-૭માં જેઓએ મૈત્રી આદિ ચાર ભાવનાઓથી ચિત્તને વાસિત કર્યું નથી તેઓને ધર્મ દુર્લભ છે તેમ બતાવ્યું. હવે દૃષ્ટિરાગવાળા જીવો કઈ રીતે વિપરીત જોનારા છે તે બતાવે છે –

**શ્લોક :-**

**अहो विचित्रं मोहान्ध्यं तदन्धैरिह यज्जनैः ।**
**दोषा असन्तोऽपीक्ष्यन्ते परे सन्तोऽपि नात्मनि ।।८।।**

**શ્લોકાર્થ :-**

**અહો ! ખેદ અર્થક અવ્યય છે. મોહનું અંધપણું વિચિત્ર છે જે કારણથી અહીં=જગતમાં, તેનાથી અંધ એવા લોકો વડે=મોહથી અંધ એવા લોકો વડે, પરમાં અછતા દોષો પણ દેખાય છે અને આત્મામાં= પોતાનામાં વિદ્યમાન પણ દોષો દેખાતા નથી. ॥૮॥**

**ભાવાર્થ :-**

મિથ્યાત્વના ઉદયથી થયેલું અંધપણું અનેક પ્રકારની વિચિત્રતાવાળું છે તેથી મિથ્યાત્વના ઉદયથી જીવોને ગુણવાન જીવોમાં પણ દોષો દેખાય છે અને પોતાનામાં વિદ્યમાન પણ દોષો દેખાતા નથી તેથી તેવા જીવોમાં કેવો વિપર્યાસ વર્તે છે તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. ॥૮॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે દૃષ્ટિરાગવાળા જીવોમાં વર્તતા મોહના અંધપણાનું વિચિત્રપણું છે તેથી હવે દૃષ્ટિરાગી જીવો મોહના અંધપણાથી કઈ રીતે વિચારે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**मदीयं दर्शनं मुख्यं पाखण्डान्यपराणि तु ।**
**मदीय आगमः सारः परकीयास्त्वसारकाः ।।९।।**

तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः ।
इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ।।१०।।(युग्मम्)

**શ્લોકાર્થ :-**

**મારું દર્શન મુખ્ય છે=મેં સ્વીકારેલું દર્શન તત્ત્વને સ્પર્શનારું છે. વળી, પર દર્શન પાખંડો છે=તત્ત્વને સ્પર્શનારા નથી. મારા વડે સ્વીકારાયેલું આગમ સાર છે. વળી પરકીય એવા આગમો અસાર છે. અમે જ તાત્ત્વિક=તત્ત્વને સેવનારા, છીએ. અન્ય સર્વે અતાત્ત્વિક ભ્રાંત છે. એ પ્રકારે દષ્ટિરાગવાળા જીવો મત્સરી, તત્ત્વના સારથી દૂર ઉત્સારિત= દૂર ફેંકાયેલા છે. ।।૯-૧૦।।**

**ભાવાર્થ :-**

જે જીવો સંસારના ભોગોને છોડીને કલ્યાણના માર્ગે આવેલા છે તેઓ પણ દૃષ્ટિરાગના દોષથી દૂષિત મતિવાળા હોય ત્યારે તત્ત્વાતત્ત્વના વિભાગ વગર સ્વમતિ અનુસાર કે સ્વજન્મથી પ્રાપ્ત એવું દર્શન સ્વીકારે છે પરંતુ તત્ત્વના પક્ષપાતથી કયું દર્શન સદ્દર્શન છે એની જિજ્ઞાસા પણ ધરાવતા નથી અને માને છે કે આપણું દર્શન તત્ત્વને બતાવનારું છે માટે આપણું દર્શન મુખ્ય છે. વળી, આવા જીવો પોતાના દર્શનની મુખ્યતાને જોવામાં પણ પોતે પોતાની અભિનિવિષ્ટ મતિ અનુસાર જ પોતાના દર્શનના પદાર્થોને સારરૂપે સ્થાપન કરે છે. અને બીજાનાં દર્શન પાખંડી છે તેમ માનીને તે તે દર્શનમાં રહેલા તત્ત્વને સ્પર્શનારાં વચનોને જોવાને બદલે સ્વમાન્યતાની સાથે વિરોધવાળાં વચનોને ગ્રહણ કરીને તેને અસારરૂપે સ્થાપન કરવા પ્રયત્ન કરે છે.

વળી, વિચારે છે કે આપણું સ્વીકારેલું આગમ જ સાર છે. પરકીય આગમ અસાર છે. પરંતુ સ્વ આગમમાં કે પર આગમમાં તત્ત્વને સ્પર્શનારા વચનો કયા છે તેનો વિભાગ કરવા પ્રયત્ન કરતા નથી. વળી, દૃષ્ટિરાગવાળા જીવો માને છે કે અમે જ તાત્ત્વિક=પારમાર્થિક યોગમાર્ગને સ્પર્શનારા છીએ. અન્ય સર્વે અતાત્ત્વિક છે=પોતાનાથી ભિન્ન માન્યતાવાળા તત્ત્વભૂત યોગમાર્ગને સેવનારા નથી પરંતુ અતત્ત્વભૂત યોગમાર્ગને સેવે છે તેવા ભ્રમવાળા છે. આ પ્રકારના

સ્વ-પરનો વિભાગ કરીને પરના પ્રત્યે મત્સરવાળા એવા દૃષ્ટિરાગવાળા જીવો છે તેથી મુક્તિમાર્ગ અનુસાર એવા કોઈ પણ દર્શનના તત્ત્વને સ્પર્શનારાં વચનોના સારથી રહિત એવા તેઓ કદાગ્રહની મતિને કારણે તત્ત્વમાર્ગથી દૂર ફેંકાયેલા છે. આથી જ પૂર્વશ્લોકમાં કહ્યું તે પ્રમાણે તેઓ પોતાના આત્મામાં રહેલા દૃષ્ટિરાગને જોતા નથી અને પરદર્શન કે પરદર્શનને સેવનારાઓમાં જે તત્ત્વમાર્ગનું સેવન છે તે દોષરૂપ નહિ હોવા છતાં તેને દોષરૂપ જુએ છે. **॥૯-૧૦॥**

**અવતરણિકા :-**

**કોઈપણ દર્શનમાં રહેલા દૃષ્ટિરાગવાળા જીવો કેવા મત્સરવાળા હોય છે તે પૂર્વના બે શ્લોકમાં બતાવ્યું. હવે, તેવા દૃષ્ટિરાગવાળા જીવો પરસ્પર અન્ય દૃષ્ટિરાગવાળા જીવો સાથે અથડાઈને કઈ રીતે વિનાશ પામે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**यथाऽऽहतानि भाण्डानि विनश्यन्ति परस्परम् ।**
**तथा मत्सरिणोऽन्योन्यं ही दोषग्रहणाद् हताः ।।११।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે પરસ્પર અફળાયેલા ભાંડો=ભાજનો, વિનાશ પામે છે તે પ્રમાણે મત્સરવાળા એવા દૃષ્ટિરાગી જીવો દોષના ગ્રહણથી=પરપક્ષના દોષના ગ્રહણથી, પરસ્પર હણાયેલા વિનાશને પામે છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

જે પ્રમાણે બે કે અધિક ભાંડ=ભાજન પરસ્પર અથડાય તો વિનાશ પામે તેમ દૃષ્ટિરાગવાળા જીવો પોતપોતાના દર્શન પ્રત્યે રાગવાળા અને અન્ય દર્શન પ્રત્યે મત્સરવાળા થઈને પરદર્શનના દોષને ગ્રહણ કરવામાં યત્ન કરીને પરસ્પર વાદ-વિવાદ દ્વારા અફડાય છે અને પોતાની માન્યતા એકાંતથી દૂષિત હોવાને કારણે અન્યના વચનથી હણાય છે અને પ્રતિપક્ષી પણ એકાંત માન્યતાવાળો

હોવાથી પોતાની માન્યતાની યુક્તિ આપી તેની માન્યતા હણે છે. આ રીતે બંન્ને પક્ષોની માન્યતાઓ દૃષ્ટિરાગવાળી હોવાથી એકાંતવાદનો પક્ષપાત કરીને પરસ્પર અફડાય છે અને તેઓના વચનના બળથી તે બંને માન્યતાઓ જર્જરિત થાય છે, પણ કોઈ સત્યપક્ષનું સ્થાપન થતું નથી. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે દૃષ્ટિરાગવાળા જીવો પરસ્પર વાદ-વિવાદ કરીને હણાય છે. હવે દૃષ્ટિરાગવાળા જીવો તત્ત્વને જોવામાં કઈ રીતે મોહાંધ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**परं पतन्तं पश्यन्ति न तु स्वं मोहमोहिताः ।**
**कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**ભવનું કારણ એવું પરદોષોનું ગ્રહણ કરતાં મોહથી મોહિત એવા દૃષ્ટિરાગવાળા જીવો પાત પામતા એવા પરને જુએ છે પરંતુ સ્વને જોતા નથી. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

દૃષ્ટિરાગવાળા જીવો સ્વમાન્યતા પ્રત્યે બદ્ધરાગવાળા હોય છે તેથી તેમની સામે સ્વમાન્યતામાં બદ્ધરાગવાળા પ્રતિપક્ષ માન્યતાવાળા કોઈ જીવો આવે ત્યારે તે પ્રતિપક્ષી પોતાની એકાંત માન્યતાનો આગ્રહ રાખીને કઈ રીતે તત્ત્વને જોઈ શકતો નથી તે દૃષ્ટિરાગવાળા જીવોને દેખાય છે. પરંતુ પર દ્વારા અપાયેલા દોષો પોતાને કઈ રીતે પ્રાપ્ત થાય છે તે મોહથી મોહિત થઈને જોતા નથી. આથી તત્ત્વને જોવાને બદલે પરના દોષોનું ગ્રહણ પોતે કરી રહ્યો છે તે ભવનું કારણ છે અને તેનાથી પોતાનો વિનાશ થશે તેનો વિચાર કર્યા વગર મોહથી મોહિત થઈને યુક્તિયુક્ત પદાર્થો ન જોવા દ્વારા પોતે પણ વિનાશ તરફ જઈ રહ્યા છે તે જોઈ શકતા નથી.

આશય એ છે કે કોઈપણ જીવોમાં કોઈપણ દોષ હોય તો તે દોષને જોઈ તેના પ્રત્યે દ્વેષ કરવાથી પોતાનામાં ગુણ તો પ્રગટતો નથી જ પરંતુ પોતાનો મત્સરી સ્વભાવ જ દૃઢ થાય છે. આથી, શાસ્ત્રકારો પરમાં રહેલા મોક્ષમાર્ગને અનુકૂળ ગુણ જોવામાં ઉદ્યમ કરવાનું કહે છે અને મોક્ષમાર્ગમાં ચાલનારા જીવમાં જે અન્ય દોષો દેખાય છે તેની ઉપેક્ષા કરવાનું કહે છે. ક્વચિત્ તેના હિતની ચિંતાથી દોષને જોઈ તેને કાઢવાનો ઉચિત યત્ન થાય તો તે દોષરૂપ નથી પણ તેઓના તે દોષને જોઈ મત્સરભાવ થાય તો પોતાની જ મત્સરી પ્રકૃતિની વૃદ્ધિ થાય છે. માટે **પરના દોષને જોવાની દૃષ્ટિને શાસ્ત્રકારોએ ભવનું કારણ કહ્યું છે.** આમ છતાં, દૃષ્ટિરાગવાળા જીવો પોતાનાથી ભિન્ન માન્યતાવાળા જીવો જે માર્ગથી વિરુદ્ધ આચરણ કરે છે તેને જુએ છે અને કહે છે કે આ લોકોની આવી અનુચિત પ્રવૃત્તિ કઈ રીતે ધર્મ બની શકે ? એ પ્રમાણે લોકો આગળ કહીને તેઓને હીન બતાવે છે. પરંતુ પોતે પ્રતિપક્ષી એવા અન્યોના દોષોને ગ્રહણ કરનારી ક્ષુદ્ર દૃષ્ટિવાળા થઈને અને પોતાની અવિચારક દૃષ્ટિરાગની દૃષ્ટિને નહિ જોતાં મોહથી મોહિત એવા તેઓ પોતાની પરના દોષ જોવાની પ્રવૃત્તિથી પોતાનો સંસાર વધી રહ્યો છે તેની ચિંતા કરતા નથી. આ સર્વ દૃષ્ટિરાગનો જ અદ્ભુત વિલાસ છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**અત્યારસુધી દૃષ્ટિરાગથી દૂષિત જીવો કઈરીતે આત્મહિત સાધી શકતા નથી તે બતાવીને દૃષ્ટિરાગના ત્યાગનો ઉપદેશ આપ્યો. હવે, તત્ત્વની પ્રાપ્તિના અર્થીએ શું કરવું જોઈએ જેથી આત્મહિતની પ્રાપ્તિ થાય તે પ્રકારનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**यथा परस्य पश्यन्ति दोषान् यद्यात्मनस्तथा ।**
**सैवाजरामरत्वाय रससिद्धिस्तदा नृणाम् ।।१३।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રકારે જીવો પરના દોષો જુએ છે તે પ્રકારે જો પોતાના દોષોને**

**જુએ તો મનુષ્યોને તે જ=સ્વદોષનું અવલોકન જ, અજરામરત્વની સિદ્ધિ માટે રસસિદ્ધિ છે. ॥૧૩॥**

❖ सा+एव=सैव-માં 'સા' શબ્દ સ્વદોષોના દર્શન અર્થે વપરાયેલો છે તેથી નપુંસકલિંગમાં જોઈએ છતાં રસસિદ્ધિની પ્રધાનતા બતાવવા માટે 'રસસિદ્ધિ'ને અનુરૂપ સ્રીલિંગમાં પ્રયોગ છે.

**ભાવાર્થ :-**

સામાન્યથી જીવોને બાહ્ય પદાર્થોને જોવાની દૃષ્ટિ હોય છે અને તેવા જીવો કોઈક રીતે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પણ બીજા જીવોની દેખાતી વિપરીત પ્રવૃત્તિઓ જોઈને કે બીજા જીવોની વિપરીત મનોવૃત્તિઓ જોઈને "આ જીવો આ દોષવાળા છે" એમ સહજ રીતે વિચારે છે. હવે, જો યોગમાર્ગમાં આવેલા તે જીવો જે રીતે પરના દોષોને જોવા માટેની દૃષ્ટિ ધરાવે છે તે જ દૃષ્ટિથી પોતાના આત્મામાં થતા મોક્ષમાર્ગની વિરુદ્ધ એવા પ્રમાદાદિ દોષોને જોવા માટે યત્ન કરે તો મોક્ષમાર્ગને છોડીને અતત્ત્વ પ્રત્યે પોતાનામાં વર્તતો અવિચારક રાગ પોતાને દેખાય. અને પ્રમાદને વશ પોતે ઉચિત પ્રવૃત્તિ ન કરતા હોય તો તે પણ પોતાને દેખાય. એટલું જ નહિ પણ પોતાની માર્ગાનુસારી બુદ્ધિ હોય તો તેઓને દેખાય કે **પરમાં રહેલા દોષો મારા વિનાશનું કારણ નથી પરંતુ મારામાં રહેલા મારા દોષો જ મારા વિનાશનું કારણ છે.** માટે મને ક્યાંક અતત્ત્વનો રાગ ન રહે, સર્વ પ્રવૃત્તિમાં તત્ત્વનો જ રાગ પ્રવર્તે તે રીતે મારે મારા આત્માને નિષ્પન્ન કરવો જોઈએ. અને મારી ભૂમિકાને અનુરૂપ અપ્રમાદ ભાવની ઉચિત આચરણા કરવી જોઈએ. આ રીતે માર્ગાનુસારી વિચારણા કરીને જો તેઓ પોતાની ભૂમિકા અનુસાર શાસ્ત્રોનું અધ્યયન કરે, આત્માને શાસ્ત્રના બોધથી સંપન્ન કરે અને પોતાની ભૂમિકા અનુસાર શાસ્ત્રાનુસારી ઉચિત ક્રિયાઓ કરે તો પોતાનો આત્મા ગુણથી સમૃદ્ધ બને. આમ તેઓનું સ્વદોષ દર્શન મોક્ષની પ્રાપ્તિ માટે રસસિદ્ધિ બને છે. અર્થાત્ તાંબા ઉપર રસસિદ્ધિ નાંખવાથી જેમ તાંબુ સુવર્ણ બને છે તેમ સ્વદોષના દર્શનના બળથી પોતાના દોષોને કાઢવા માટે તેઓ ઉદ્યમ કરવા માંડે તો ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ દ્વારા તે સ્વદોષનું દર્શન તેઓ માટે મોક્ષનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે કેટલાક જીવો પોતાને કોઈક વસ્તુનો રાગ થાય, કોઈ પ્રત્યે ઇર્ષ્યા થાય કે કોઈક પ્રકારની સાંસારિક ભોગોની મનોવૃત્તિ થાય તો તે જોઈને પોતે માને છે કે અમે સ્વદોષોનું દર્શન કરીએ છીએ. પછી તે સ્વદોષોનું દર્શન કરીને પોતાનામાં ઘણા દોષો છે તેમ વિચારીને જીવનમાં સાધના માટે ઉત્સાહ વિનાના બને છે. આ પ્રકારનું સ્વદોષોનું દર્શન કલ્યાણનું કારણ બનતું નથી. પરંતુ કલ્યાણના અર્થી જીવે વિવકપૂર્વક વિચારવું જોઈએ કે આપણે વીતરાગ નથી અને જીવ જ્યાં સુધી વીતરાગ ન બને ત્યાં સુધી તેના આત્મા પર અનાદિના રાગાદિના સંસ્કારો પડ્યા જ છે જે નિમિત્તને પામીને અવશ્ય જાગૃત થાય છે. માટે તેટલા માત્રથી નિરુત્સાહી થવું જોઈએ નહીં પરંતુ વિવેકપૂર્વક દોષનિવારણના ઉપાયો સેવવા જોઈએ. આથી વિવેકી પુરુષે વિવેકપૂર્વક પોતાને પ્રાપ્ત થયેલો બોધ સ્થિર કરવા માટે અને નવો નવો બોધ કરવા માટે તથા પોતાના બોધને અનુરૂપ અપ્રમાદભાવથી ઉચિત ધર્મ અનુષ્ઠાનની આરાધના કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ અને તે ઉદ્યમમાં કોઈ પ્રમાદ થતો હોય તો તે રૂપ સ્વદોષનું દર્શન કરવું જોઈએ. જેથી તે પ્રમાદ દૂર થાય અને આત્મહિતની પ્રવૃત્તિ દૃઢ બને. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**જેઓ પરદોષ ગ્રહણમાં પ્રવૃત્ત છે તેવા જીવોને તત્ત્વની પ્રાપ્તિ દુર્લભ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**रागद्वेषविनाभूतं साम्यं तत्त्वं यदुच्यते ।**
**स्वशंसिनां क्व तत् तेषां परदूषणदायिनाम् ।।१४।।**

**શ્લોકાર્થ :-**

**રાગદ્વેષ વિના થનારું જે સામ્ય તત્ત્વ કહેવાય છે તે સ્વપ્રશંસા કરનાર અને પરદૂષણદાયી એવા તેઓને ક્યાંથી હોય ? અર્થાત્ હોય નહિ. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

યોગમાર્ગનો પ્રારંભ સામ્યભાવથી થાય છે અને આ સામ્ય ભૂમિકાભેદથી તરતમતાવાળું હોય છે. આદ્ય ભૂમિકામાં તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ મધ્યસ્થબુદ્ધિપૂર્વક તત્ત્વને અનુકૂળ યત્ન સ્વરૂપ સામ્યભાવ છે. અને તે સામ્યભાવના બળથી તત્ત્વના અર્થી જીવો સમકિત પામે છે ત્યારે પરમ મધ્યસ્થતાપૂર્વક તત્ત્વના પક્ષપાતવાળા બને છે. જે અનંતાનુબધી કષાયના વિગમનથી થયેલું સામ્ય છે. સમકિત પામ્યા પછી જગતના સર્વ ભાવો પ્રત્યે સામ્યભાવને પ્રગટ કરવા માટે મુનિઓ જે ઉદ્યમ કરે છે તે વિશેષ પ્રકારનું સામ્ય છે. આ **સર્વ પ્રકારનો સામ્યભાવ રાગદ્વેષને બાજુએ મૂકીને માનસ વ્યાપારરૂપ જીવના પરિણામ સ્વરૂપ છે.** પરદોષના ગ્રહણમાં અને પોતાની પ્રશંસા કરવામાં જ જે જીવો તત્પર છે તેવા જીવોમાં સ્વપ્રત્યેના પક્ષપાતનો રાગ અને પર પ્રત્યે અસહિષ્ણુતા રૂપ દ્વેષભાવની બુદ્ધિ છે. આવા જીવોને રાગદ્વેષ વિના થનારો સામ્યનો પરિણામ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. આથી જ આદ્ય ભૂમિકાવાળા અપુનર્બંધક જીવો પણ પરદર્શન પ્રત્યેના દ્વેષ વગરના થઈને તત્ત્વાતત્ત્વના વિભાગ માટે ઉદ્યમ કરતા હોય ત્યારે તેઓનો માનસ વ્યાપાર સ્વદર્શનના રાગ અને પરદર્શનના દ્વેષના સ્પર્શ વગર મધ્યસ્થભાવથી વર્તે છે. તેઓ પ્રારંભિક ભૂમિકાના સામ્યભાવમાં છે. અને જે જીવોની માર્ગાનુસારી બુદ્ધિ નથી તેઓ તપ-સંયમની ક્રિયાઓ કરતા હોય, બાહ્ય કઠોર આચાર પાળતા હોય તોપણ તેઓ સ્વના આચારો પ્રત્યે પક્ષપાતી થઈને પોતાને મહાન માને છે અને અન્યના યત્કિંચિત્ દોષ જોઈને પણ અસાર માને છે તેવા જીવોને સામ્યનો સંભવ નથી. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે રાગ-દ્વેષ વગર થનારું 'સામ્ય' તત્ત્વ કહેવાય છે. હવે, જગતના પદાર્થો પ્રત્યે વર્તતા સામ્યભાવ રૂપ 'તત્ત્વ' કેવું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

मानेऽपमाने निन्दायां स्तुतौ वा लोष्ठुकाञ्चने ।
जीविते मरणे लाभालाभे रंके महर्द्धिके ।।१५।।
शत्रौ मित्रे सुखे दुःखे, हृषीकार्थे शुभाशुभे ।
सर्वत्रापि यदेकत्वं तत्त्वं तद् भेद्यतां परम् ।।१६।।(युग्मम्)

**શ્લોકાર્થ :-**

**માનમાં કે અપમાનમાં, સ્તુતિમાં કે નિંદામાં, ઢેફાંમાં કે સોનામાં, જીવનમાં કે મરણમાં, લાભમાં કે નુકસાનમાં, રંકમાં કે રાજામાં, શત્રુમાં કે મિત્રમાં, સુખમાં કે દુઃખમાં, ઈન્દ્રિયોના શુભાશુભ વિષયોમાં, સર્વત્રપણામાં જે એકતા=સમાનતા, તે તત્ત્વ છે, પર=સામ્યભાવથી વિરુદ્ધ, ભેદ્યતાને પામો=અતત્ત્વને પામો. ।।૧૫-૧૬।।**

**ભાવાર્થ :-**

આત્માનું પારમાર્થિક સ્વરૂપ જગતના સર્વ ભાવો પ્રત્યે સામ્યભાવ સ્વરૂપ છે અને સામ્યભાવમાં વર્તતા મુનિઓ પોતાનો કોઈ આદર-સત્કાર કરે કે પોતાને કોઈ અપમાનિત કરે, તે બંને ભાવોને અવલંબીને કોઈ ભાવ કરતા નથી. પરંતુ જગતના ભાવો સાથે સંશ્લેષનો પરિણામ ઉલ્લસિત ન થાય તે પ્રકારે જ જિનવચન અનુસાર આત્માના ભાવોને પ્રવર્તાવવામાં ઉદ્યમ કરે છે. આથી જ તેઓને લોકો તરફથી માન પ્રાપ્ત થાય તો તે માન સન્માનથી કોઈ ભાવ સ્પર્શતો નથી તેમ અપમાનમાં પણ કોઈ ભાવ સ્પર્શતો નથી. વળી કોઈ તેમની નિંદા કરે કે કોઈ સ્તુતિ કરે બંનેમાં કોઈ ભાવ સ્પર્શતો નથી. આવા મહાત્માઓ પોતે દેહથી પૃથક્ છે અને દેહ કે દેહને ઉપષ્ટંભક બાહ્ય પદાર્થો પોતાને ઉપષ્ટંભક નથી તેવું જાણનારા છે તેથી જિનવચનને અવલંબીને સદા ઉચિત પ્રવૃત્તિમાં મનને પ્રવર્તાવનારા હોય છે. તેથી માટીનું ઢેફું પડ્યું હોય કે સુવર્ણ પડ્યું હોય બંનેમાં તેઓને કોઈ વિશેષતા દેખાતી નથી. વળી, પોતે પોતાના દેહ સાથે સંબંધવાળા રહે કે દેહના વિયોગને પામે તેમાં પણ તેમને કોઈ ભાવ થતો નથી અને આથી જ જીવન-મરણ પ્રત્યે તુલ્ય વૃત્તિવાળા તેઓને

જીવન જીવવાની ઇચ્છા નથી અને શારીરિક વિષમ સ્થિતિમાં મૃત્યુ થાય તેવી પણ ઇચ્છા નથી. વળી, સંયમની વૃદ્ધિ માટે ભિક્ષાટન કરે છે ત્યારે ઇષ્ટ એવા આહારના લાભ કે અલાભ પ્રત્યે પણ તુલ્ય વૃત્તિવાળા થઈને લાભમાં રતિનો અનુભવ કરતા નથી કે અલાભમાં અરતિનો અનુભવ કરતા નથી, પરંતુ જિનવચન અનુસાર આત્માના ભાવોને પ્રગટ કરવામાં જ યત્ન કરે છે. તેથી તેઓ પાસે કોઈ દરિદ્ર વ્યક્તિ ધર્મ સાંભળવા આવે કે ઋદ્ધિમાન વ્યક્તિ આવે તેના કૃત પણ કોઈ ભેદ પડતો નથી પણ જીવની યોગ્યતા અનુસાર ઉચિત ઉપદેશ આપે છે. વળી, આવા મહાત્મા પ્રત્યે પણ કોઈ શત્રુભાવ તો કોઈ મિત્રભાવ ધારણ કરે છે છતાં તે મહાત્માનું મન તે બંને પ્રત્યે સમાન છે. શારીરિક સુખ કે શારીરિક દુઃખ પણ તેઓને રતિ-અરતિના ભાવો કરાવતા નથી પરંતુ તુલ્યવૃત્તિથી સુખ-દુઃખનું વેદન કરે છે. વળી, જગતના કેટલાક અશુભ ભાવો ઇન્દ્રિયોને ઉપઘાત કરે તેવા હોય છે અને કેટલાક શુભભાવો ઇન્દ્રિયોને ઉપષ્ટંભ કરે તેવા હોય છે તેવા પદાર્થોનો ઇન્દ્રિયો સાથે અનાયાસે સંબંધ થાય તોપણ તેઓની ચિત્તવૃત્તિ કોઈ ભાવો પ્રત્યે પક્ષપાતવાળી થતી નથી પરંતુ સર્વભાવોમાં એકપણાની ચિત્તની વૃત્તિ વર્તે છે તે જ તેઓનું મોક્ષપ્રાપ્તિને અનુકૂળ તત્ત્વ છે. આનાથી પર=માનઅપમાનાદિ ભાવોમાં સમાનતાથી પર, એ અતત્ત્વ છે તેથી જેઓ પરના દૂષણ જોનારા અને પોતાની પ્રશંસા કરનારા છે તેઓમાં સામ્યભાવ રૂપ તત્ત્વ સંભવે નહિ, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

અહીં વિશેષ એ છે કે પ્રસ્તુત બે શ્લોકમાં જે સામ્યભાવ બતાવ્યો તે સામ્યભાવ અસંગભાવ તરફ જનારા મુનિઓમાં વર્તે છે અને તેવા મુનિઓ શાસ્ત્રવચનથી ભાવિત થઈને સદા યોગમાર્ગમાં દૃઢ યત્ન કરે છે. આ દૃઢ યત્નથી તેઓનો સામ્યભાવ જીવે છે, ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને અંતે તેવા મુનિઓ ક્ષપકશ્રેણી માંડી વીતરાગ બને છે ત્યારે આ સામ્યભાવ જીવની પ્રકૃતિરૂપે સ્થિર થાય છે. **॥૧૫-૧૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં મુનિઓના સામ્યભાવનું સ્વરૂપ બતાવ્યું. હવે મુનિઓ યોગના આઠ અંગોને સેવનારા છે. તે યોગના આઠ અંગો અને પ્રસ્તુત સામ્યભાવ વચ્ચે પરસ્પર કયા પ્રકારની વ્યાપ્તિ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अष्टाङ्गस्यापि योगस्य सारभूतमिदं खलु ।**
**यतो यमादिव्यासोऽस्मिन् सर्वोऽप्यस्यैव हेतवे ।।१७।।**

**શ્લોકાર્થ :-**

**આઠ અંગવાળા પણ યોગનું આ=પૂર્વમાં વર્ણન કરાયેલું સામ્ય, ખરેખર સારભૂત છે. જે કારણથી આમાં=સામ્યભાવમાં, યમાદિ આઠનો વિસ્તાર છે (અને) આના જ હેતુ માટે=સામ્યભાવના જ હેતુ માટે, સર્વ પણ છે=સર્વ એવા યોગના અંગો છે. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

મુનિઓ મોક્ષના અર્થી છે તેથી મોક્ષના ઉપાયભૂત યોગમાર્ગને સેવે છે અને તે યોગમાર્ગ આઠ અંગોમાં વિભક્ત છે. મુનિઓ સ્વ સ્વ ભૂમિકા અનુસાર તે યોગાંગોને સેવે છે. તે સર્વે યોગાંગોના સેવનમાં આ સામ્યભાવ જ સારભૂત છે. આનાથી એ ફલિત થાય છે કે, મુનિઓ સ્વ સ્વ ભૂમિકા અનુસાર યમ, નિયમ આદિ જે જે યોગાંગોને સેવે છે તે સર્વના સેવનકાલમાં જેટલા જેટલા અંશમાં સામ્યભાવને સ્પર્શે છે તેટલા તેટલા અંશમાં જ તેઓના યોગના સેવનનું સાફલ્ય છે; કેમ કે યોગની બાહ્ય આચરણા માત્રથી મોક્ષ નથી પરંતુ તે તે યોગના સેવન દ્વારા તેના સારભૂત એવા સામ્યને પ્રગટ કરવાનું જ મુનિઓનું પ્રયોજન છે.

આ આઠેય યોગાંગોમાં સામ્યભાવ સાર કેમ છે તેમાં શ્લોકના ઉત્તરાર્ધથી યુક્તિ આપે છે. જે કારણથી સામ્યભાવમાં જ યમાદિનો વિસ્તાર છે. આનાથી એ ફલિત થાય કે જેમ જેમ મુનિમાં સામ્યભાવ પ્રકર્ષવાળો થતો જાય તેમ તેમ તેઓ વડે સેવાયેલા યમાદિ યોગાંગો વિશિષ્ટ-વિશિષ્ટતર બને છે અને જેમ જેમ સામ્યભાવ ન્યૂન તેમ તેમ તેમના યમાદિ પણ નિમ્ન કક્ષાના રહે છે. તેથી જ સામ્યભાવમાં જ યમાદિનો વિસ્તાર છે અર્થાત્ સામ્યભાવની વૃદ્ધિમાં જ યમાદિ અંગોની વૃદ્ધિ છે.

વળી, મુનિઓ જે યમાદિ સેવન કરે છે તે સર્વ સામ્યભાવના હેતુથી જ સેવે

છે; કેમ કે મુનિઓ જાણે છે કે અસંગભાવ એ જીવનો પરિણામ છે અને આ અસંગભાવમાં રહેલો આત્મા જ કર્મ બાંધતો નથી. સંગનો ભાવ એ આત્માનો વિકૃત ભાવ છે અને તેનાથી જીવ કર્મ બાંધી સંસારની વિડંબણા પામે છે. તેથી અસંગભાવના અર્થી એવા મુનિઓ વિચારે છે કે માત્ર વિચારો કે વિકલ્પો કરવાથી અસંગભાવ સ્ફુરણ થતો નથી પરંતુ આત્માએ તેના ઉપાયભૂત મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરવી જોઈએ. આ કારણથી મુનિઓ અસંગભાવને ઉલ્લસિત કરવામાં બીજભૂત એવા સામ્યપરિણામને લક્ષ્ય કરીને તેના ઉપાયરૂપે યમ, નિયમ આદિનું સેવન કરે છે. આ રીતે યમાદિ સર્વના સેવનનું પ્રયોજન સામ્યભાવ જ છે. માટે અષ્ટાંગયોગનો સારભૂત એવો જીવનો પરિણામ સામ્યભાવ જ છે, અન્ય નહિ. **॥૧૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સામ્યના હેતુ માટે જ યોગના આઠે અંગો છે. તેને જ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**क्रियते दधिसाराय दधिमन्थो यथा किल ।**
**तथैव साम्यसाराय योगाभ्यासो यमादिकः ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે ખરેખર દહીંના સાર એવા માખણ માટે દહીંનું મંથન કરાય છે તે પ્રમાણે સામ્યભાવના સાર માટે અર્થાત્ વિશિષ્ટ કોટિના સામ્ય માટે યમાદિ યોગનો અભ્યાસ કરાય છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

જેમ દહીંના સાર એવા માખણના અર્થી સંસારી જીવો દહીંનું મંથન કરીને માખણ પ્રાપ્ત કરે છે તેમ સર્વભાવો પ્રત્યે સામ્યભાવને ધારણ કરનારા યોગીઓ પણ સામ્યના સારભૂત એવી વિશેષ નિર્લેપ પરિણતિ માટે યમાદિ યોગનો અભ્યાસ કરે છે. તેથી જેમ દહીંના મંથનથી સારભૂત માખણ પૃથક્ પ્રાપ્ત થાય

છે તેમ યમાદિક યોગના અભ્યાસથી પ્રથમ ભૂમિકાના સામ્યભાવને ધારણ કરનારા યોગીઓ પણ વિશેષ પ્રકારના નિર્લેપભાવ સ્વરૂપ સામ્યભાવ પ્રાપ્ત કરે છે માટે સામ્યના હેતુ અર્થે જ સર્વ યમાદિનું સેવન છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**કેવલજ્ઞાનના અર્થી જીવે સર્વ અનુષ્ઠાન સેવતી વખતે સામ્યમાં જ અપ્રમાદ કરવો જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अद्य कल्येऽपि कैवल्यं साम्येनानेन नान्यथा ।**
**प्रमादः क्षणमप्यत्र ततः कर्तुं न साम्प्रतम् ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**આજે કે કાલે પણ આ સામ્યથી જ કૈવલ્ય છે, અન્યથા નહિ. તે કારણથી આમાં=સામ્યભાવમાં, ક્ષણ પણ પ્રમાદ કરવો સામ્પ્રત નથી=યુક્ત નથી. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

સંસારનો ઉચ્છેદ યોગનિરોધથી થાય છે અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ વગર યોગનિરોધ સંભવિત નથી. માટે સંસારના ઉચ્છેદના અર્થીએ કેવલજ્ઞાન જ પ્રાપ્ત કરવું જોઈએ અને કેવલજ્ઞાન આજે થાય કે કાલે થાય અર્થાત્ ગમે તે ક્ષણે કે ગમે તે ભવમાં થાય પણ પૂર્વમાં વર્ણન કરાયેલા સામ્યભાવને છોડીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવાની નથી. તેથી કેવલજ્ઞાનના અર્થી એવા મહાત્માએ સામ્યભાવમાં ક્ષણ પણ પ્રમાદ કરવો જોઈએ નહિ અર્થાત્ માત્ર સદનુષ્ઠાનના સેવનથી સંતોષ માનવો જોઈએ નહિ પણ સર્વ સદનુષ્ઠાન સામ્યભાવની નિષ્પત્તિનું કારણ બને તે પ્રકારના માનસ વ્યાપાર પૂર્વક સેવવા જોઈએ.

વસ્તુતઃ સદનુષ્ઠાન કરતી વખતે બોલાતાં સૂત્રોમાં નાનું પણ સૂત્ર સામ્યભાવની નિષ્પત્તિનું કારણ બને તેવો યત્ન કરવો જોઈએ. જેમ "લોગસ્સ સૂત્ર"નું ઉચ્ચારણ કરતાં સ્મરણ કરવું જોઈએ કે હું સામ્યભાવની પરાકાષ્ઠાએ પહોંચેલા

તીર્થંકરોના નામનું સ્મરણ કરું છું અને તેમના નામસ્મરણનું અવલંબન લઈને તીર્થંકરની જેમ સામ્યભાવની શક્તિનો સંચય થાય તે પ્રકારના અંતરંગ વીર્યના વ્યાપારથી સૂત્ર-અર્થમાં ઉપયોગ રાખીને યત્ન કરીશ તો 'લોગસ્સ સૂત્ર'નું ઉચ્ચારણ જ સામ્યભાવની પ્રાપ્તિનું કારણ બનશે અને અંતે કેવલજ્ઞાનનું કારણ બનશે. આ રીતે સર્વ અનુષ્ઠાનમાં ઉદ્યમ કરવો જોઈએ. પરંતુ માત્ર તે તે ક્રિયાઓ કે તે તે સૂત્રો બોલીને સંતોષ માનવો જોઈએ નહિ એ પ્રકારનો પ્રસ્તુત શ્લોકનો ધ્વનિ છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કેવલજ્ઞાનના અર્થીએ સામ્યભાવની નિષ્પત્તિમાં ક્ષણ પણ પ્રમાદ કરવો યુક્ત નથી. તેને જ દઢ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**किं बुद्धेन किमीशेन किं धात्रा किमु विष्णुना ।**
**किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः? ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધ વડે શું ?=બુદ્ધની ઉપાસનાથી શું ? ઈશ્વરથી શું ?=ઈશ્વરની ઉપાસનાથી શું ? ધાત્રાની ઉપાસનાથી શું ? વિષ્ણુની ઉપાસનાથી શું કે જિનેન્દ્રની ઉપાસનાથી શું ? જો રાગ આદિ વડે પોતાનું મન ક્લુષિત હોય ! ॥૨૦॥**

**ભાવાર્થ :-**

ધર્મના ક્ષેત્રમાં કેટલાક ઉપાસકો બુદ્ધ ભગવાનની ઉપાસના કરે છે તો કેટલાક ઉપાસકો ઈશ્વર તત્ત્વની ઉપાસના કરે છે તો કેટલાક ઉપાસકો જગતના વિધાતાની, તો કોઈ વિષ્ણુની, તો કોઈ જિનેન્દ્રની=તીર્થંકરોની ઉપાસના કરે છે. પરંતુ આ સર્વ ઉપાસકોનું ચિત્ત જો રાગાદિની આકુળતાનો ત્યાગ કરે નહિ કે વીતરાગભાવને અભિમુખ યત્નવાળું થાય નહીં. અને પોતાના ઇષ્ટ દેવની પૂજા-સ્તુતિ-ભક્તિ કરતા હોય તો તે સર્વ કૃત્યોથી પણ તેઓનું કોઈ કલ્યાણ

થતું નથી. આથી જ કોઈ પોપટની જેમ 'લોગસ્સ સૂત્ર' બોલી જાય તેનાથી કોઈ નિર્જરાની પ્રાપ્તિ થતી નથી કે તીર્થંકરની ભક્તિ થતી નથી પરંતુ તીર્થંકરોના ગુણોના સ્મરણપૂર્વક તેઓના નામના કીર્તનથી તેમના ગુણોને અભિમુખ જવામાં પ્રતિબંધક એવા રાગાદિથી અનાકુલ ચિત્ત વર્તતું હોય તો જ જિનેન્દ્રની ઉપાસના થાય છે. આ રીતે તે તે દર્શનમાં રહેલા યોગીઓ પણ રાગાદિથી અનાકુલ થઈને સામ્યભાવ તરફ ચિત્ત જાય તે રીતે બુદ્ધાદિની ઉપાસના કરતા હોય તો તેઓનું કલ્યાણ થાય પરંતુ સ્વ સ્વ દર્શનના આગ્રહથી રાગાદિથી આકુલ ચિત્તવાળા એવા તેઓ બુદ્ધનું નામસ્મરણ કરે કે જિનનું નામસ્મરણ કરે તોપણ કોઈ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે સામ્યભાવને અનુકૂળ ચિત્તથી બુદ્ધાદિની ઉપાસના થાય તો જ ઉપાસકનું કલ્યાણ થાય છે, અન્યથા નહિ. હવે બાહ્ય કઠોર આચરણાથી પણ સામ્યભાવ પ્રગટ ન થાય તો તે સર્વ આચરણા વિફલ છે તેમ બતાવે છે –**

**શ્લોક :-**

**किं नाग्न्येन सितै रक्तैः किं पटैः किं जटाभरैः ।**
**किं मुण्डमुण्डनेनापि साम्यं सर्वत्र नो यदि? ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**જો સર્વત્ર સામ્ય નથી તો નગ્નતાથી શું ? વળી શ્વેત કે રક્ત એવાં વસ્ત્રોથી શું ? જટા ધારણ કરવાથી શું ? મસ્તકના મુંડન વડે પણ શું ? ॥૨૧॥**

**ભાવાર્થ :-**

દિગંબર સાધુઓ અપરિગ્રહી થવા માટે સર્વથા વસ્ત્રોનો ત્યાગ કરીને નગ્ન ફરે છે. શ્વેતાંબર સાધુઓ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે. તો કેટલાક ભિક્ષુઓ રક્ત વસ્ત્ર ધારણ કરે છે. તો કેટલાક સંન્યાસીઓ સંયમની અભિવ્યક્તિ રૂપે

જટા ધારણ કરે છે તો જૈન સાધુઓ આદિ મસ્તકનું મુંડન કરે છે. પરંતુ આ સર્વ કષ્ટમય આચરણાઓ પણ જો સામ્યભાવનું કારણ ન બને તો વ્યર્થ છે.

આનાથી એ ફલિત થાય છે કે સામ્યભાવ ન હોય તો ઉપાસ્યની ઉપાસના પણ વ્યર્થ છે તેમ સામ્યભાવની પ્રાપ્તિનું કારણ ન બને તો તે તે દર્શનને અનુસાર બાહ્ય કઠોર આચરણા પણ વ્યર્થ છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**જેમ બાહ્ય કઠોર આચરણા પણ સામ્યભાવનું કારણ ન બને તો વ્યર્થ છે તેમ વ્રતો, વ્રતોના આચારો કે ધ્યાનાદિ પ્રવૃત્તિ પણ સામ્યભાવનું કારણ ન બને તો વ્યર્થ છે. તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**किं व्रतैः किं व्रताचारैः किं तपोभिर्जपैश्च किम् ।**
**किं ध्यानैः किं तथा ध्येयैर्न चित्तं यदि भास्वरम्? ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**વ્રતોથી શું ? વ્રતોના આચારોથી શું ? તપ વડે શું ? અને જપ વડે પણ શું ? ધ્યાન વડે શું ? અને તે પ્રકારના ધ્યેય વડે પણ શું ?=આ આચારો દ્વારા મારે કેવલજ્ઞાન પ્રાપ્ત કરવું છે ઈત્યાદિ ધ્યેય વડે પણ શું ? જો ચિત્ત ભાસ્વર ન હોય અર્થાત્ જો ચિત્ત સામ્યભાવને પ્રગટ ન કરતું હોય. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

યોગના અર્થી, કેવલજ્ઞાનના અર્થી કે મોક્ષના અર્થી મહાત્માઓ મોક્ષના ઉપાયરૂપે આ વ્રતો છે કે આ વ્રતોના આચાર છે કે આ તપાદિ છે કે આ જપાદિ ક્રિયાઓ છે તેમ માને છે. અને તે તે તપ-જપાદિ ક્રિયાઓ કરે છે. વળી, તે તે ક્રિયાઓ દ્વારા તે તે પ્રકારનું ધ્યેય પણ નક્કી કરે છે અર્થાત્ આ વ્રતોના પાલન દ્વારા મારે મોક્ષમાં જવું છે, કેવલજ્ઞાન પ્રાપ્ત કરવું છે વગેરે ધ્યેય પણ નક્કી કરે છે છતાં જો તેઓનું ચિત્ત મોક્ષને અનુકૂળ એવા તે તે

ભાવોને પ્રકાશિત કરે તેવું ભાસ્વર ન હોય તો તે વ્રતોની આચરણા વગેરે પણ નિષ્ફળ છે.

આનાથી એ ફલિત થાય કે સમભાવને અનુકૂળ ચિત્તને પ્રવર્તાવી ઉત્તરોત્તર સામ્યભાવને સ્પર્શે તેવું બનાવવામાં આવે તો તે સર્વ આચરણા ફલદાયી છે. અન્યથા તે સર્વ પ્રવૃત્તિઓ નિષ્ફળ છે. આનો અર્થ એ કે જેઓ મોક્ષને પોતાનું ધ્યેય બનાવે તેઓ મોક્ષમાં જે પ્રકારના જીવના પરિણામો છે તેને અભિમુખ ચિત્ત ગમન થાય તે રીતે વ્રતાદિની આચરણા કરે કે જપાદિ કરે કે પરમાત્માનું ધ્યાન કરે તો અવશ્ય ઉત્તરોત્તર સામ્યભાવની નિષ્પત્તિ દ્વારા તે વ્રતાદિ આચરણાઓ મોક્ષનું કારણ બને છે. અન્યથા ધ્યેય માત્ર વિચારણા રૂપે રહે છે, કૃત્ય કૃત્યરૂપે થાય છે અને ચિત્ત તેને અનુરૂપ કોઈ ભાવને કર્યા વગર યથા તથા પ્રવર્તે છે. કદાચ ચિત્ત કોઈ ધ્યાનમાં એકાગ્ર હોય તોપણ તે ચિત્ત રાગાદિના ઉચ્છેદને અનુકૂળ પ્રવર્તતું ન હોય તો તે ધ્યાન પણ નિષ્ફળ છે. માટે સર્વક્રિયાઓનો સાર સામ્યભાવ છે અને સામ્યભાવની વૃદ્ધિ અર્થે જ સર્વ વ્રતાદિ આચારો છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**વળી, દુષ્ટ ઈન્દ્રિયો પરનો સંયમ, સ્વાધ્યાય આદિની ક્રિયા કે ગુરુને સંપૂર્ણ સમર્પણ પણ સામ્યભાવની પ્રાપ્તિ વિના વ્યર્થ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**किं क्लिष्टेन्द्रियरोधेन किं सदा पठनादिभिः ।**
**किं सर्वस्वप्रदानेन तत्त्वं नोन्मीलितं यदि? ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**ક્લિષ્ટ એવી ઈન્દ્રિયના રોધથી શું ? સદા પઠનાદિ ક્રિયાથી શું ? સર્વસ્વપ્રદાનથી શું ?=ગુરુને સંપૂર્ણ સમર્પણથી શું ? જો તત્ત્વ=સામ્યભાવ રૂપ તત્ત્વ, ઉન્મિલિત ન થાય=તે તે ક્રિયાઓથી પ્રગટ ન થાય. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

મુનિઓ ચિત્તને તત્ત્વથી ભાવિત કરીને અમુક ભૂમિકાના શાંતરસને વહન કરનારા હોય છે અને તે શાંતરસવાળું ચિત્ત જે ભૂમિકાના અનુષ્ઠાનને ઉચિત હોય તે ભૂમિકાના અનુષ્ઠાનનું સેવન કરીને મુનિ વિશિષ્ટ-વિશિષ્ટતર સામ્યભાવને પ્રગટ કરે છે અને તેવા મુનિ જાણે છે કે ઇન્દ્રિયો પર સંયમ ન રાખવામાં આવે તો આ ઇન્દ્રિયો પોતપોતાના વિષય સાથે સંપર્ક પામી તે તે પ્રકારના રાગાદિ ભાવોની જ વૃદ્ધિ કરશે. તેથી સ્વ ભૂમિકા અનુસાર જે પ્રકારે ઇન્દ્રિયોનો સંયમ શક્ય હોય તે પ્રકારે ક્લેશને કરનારી એવી ઇન્દ્રિયોનો રોધ કરે છે અને તેના દ્વારા ઉત્તરોત્તર સામ્યભાવને પામીને તે ઇન્દ્રિયને તે પ્રકારે વિષયોથી વિમુખ કરે છે. આ રીતે વિમુખ કરાયેલી ઇન્દ્રિયોને પછી વિષયોની સન્મુખ લઈ જવામાં આવે તોપણ તે વિષયો સાથે સંશ્લેષને પામતી નથી. જેમ માંસાહારના ત્યાગથી ભાવિત મતિવાળા જીવોને માંસાહાર દર્શનથી પણ માંસ ખાવાનો પરિણામ થતો નથી. વળી, જેઓ તે પ્રકારના બોધને પામ્યા નથી અને ચિત્તમાં વિષયો પ્રત્યેનું આકર્ષણ પડેલું છે, ચિત્ત સામ્યભાવને અભિમુખ થતું નથી અને દૃઢ યત્નથી ક્લિષ્ટ એવી ઇન્દ્રિયોનો રોધ કરે છે તો તે રોધથી તત્કાલ વિષયો સાથે ઇન્દ્રિયોનો સંપર્ક નહિ હોવાથી ઇન્દ્રિયકૃત રાગાદિ ભાવો થતા નથી તોપણ ઇન્દ્રિયોની વિષયો વિષયક ઉત્સુકતા પણ જતી નથી. તેથી તેઓની ક્લિષ્ટ ઇન્દ્રિયોનો રોધ નિષ્ફળ છે.

આ કારણથી જ વિવેકી શ્રાવકો જે ભૂમિકાની પોતાની ચિત્તની ઉપશાંતતા હોય તે ભૂમિકાને અનુરૂપ વિષયોનો ત્યાગ કરીને ચિત્તને વિષયોથી વિમુખ રાખે છે અને જે ભૂમિકાનું ચિત્ત ઉપશાંત નથી તે ભૂમિકાના વિષયો ક્યારેક ઉત્થિત થાય અને યોગમાર્ગની પ્રવૃત્તિમાં વ્યાઘાતક બને તેમ જણાય તો ભોગ ભોગવીને પણ તે વૃત્તિને શાંત કરે છે. અને સ્વ સ્વ ભૂમિકા અનુસાર ઉત્તરોત્તરના ઇન્દ્રિયના સંયમ માટે ઉદ્યમ કરે છે. આ રીતે ક્રમે કરીને ઇન્દ્રિયના રોધ દ્વારા સામ્યભાવની વૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

વળી, જેઓની ઇન્દ્રિયો ઉચિત સામ્યભાવને અભિમુખ થઈ નથી તેવા જીવો

શાસ્ત્રનું પઠન કરે, શાસ્ત્રોના અર્થનો બોધ કરે તો તે સર્વ બોધથી પણ પરિગ્રહની જ વૃદ્ધિ થાય છે; કેમ કે જેમ સંસારી જીવો માટે ધનાદિ અભિમાન માટે થાય છે અર્થાત્ "હુ ધનવાન છું" તે પ્રકારના અભિમાનને માટે થાય છે તેમ તેઓની પઠનાદિ ક્રિયાથી પણ "હું વિદ્વાન છું" "હું તત્ત્વને જાણું છું" તે પ્રકારનું અભિમાન માત્ર થાય છે, પરંતુ પઠનાદિજન્ય સામ્યભાવ પ્રગટ થતો નથી. માટે તેઓની પઠનાદિ ક્રિયા પણ વ્યર્થ છે.

વળી, કેટલાક જીવો સંયમ ગ્રહણ કરીને ગુરુને સર્વસ્વનું પ્રદાન કરે છે અને ગુરુ કહે તે પ્રકારના બાહ્ય આચાર પણ કરે છે પરંતુ સામ્યભાવને અભિમુખ થયા નથી અને ગુરુસમર્પણ દ્વારા સામ્યભાવને અનુકૂળ કોઈ યત્ન કરતા નથી તેઓનું ગુરુને કરાયેલું સર્વસ્વનું પ્રદાન પણ કલ્યાણનું કારણ નથી. તેથી સંયમની સર્વ પ્રવૃત્તિઓમાં સામ્યભાવને લક્ષ્ય કરીને તેને અનુરૂપ જે પ્રકારના કષાયોનું વિગમન થયું હોય તેને ધ્યાનમાં રાખીને ઉત્તરોત્તરની ભૂમિકાના સામ્યને અનુકૂલ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ એ પ્રકારનો પ્રસ્તુત શ્લોકનો ઉદ્દેશ છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**વળી, સંયમનાં વસ્ત્રો કે પર્વતિથિની આરાધના આદિ પણ સામ્યભાવના પરિણામ વિના વ્યર્થ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**नाञ्चलो मुखवस्त्रं न न राका न चतुर्दशी ।**
**न श्राद्धादिप्रतिष्ठा वा तत्त्वं किन्त्वमलं मनः ।।२४।।**

**શ્લોકાર્થ :-**

**અંચલ તત્ત્વ નથી, મુખવસ્ત્ર તત્ત્વ નથી, પૂનમની આરાધના તત્ત્વ નથી, ચતુર્દશીની આરાધના તત્ત્વ નથી, શ્રાવકો આદિમાં પ્રતિષ્ઠા તત્ત્વ નથી. પરંતુ નિર્મલ મન=સામ્યભાવથી શાંત થયેલું મન, જ તત્ત્વ છે. ।।૨૪।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ સંયમ ગ્રહણ કરીને જીર્ણ વસ્ત્ર ધારણ કરે છે તેઓનો બાહ્ય ત્યાગ પણ મોક્ષને અનુકૂળ જીવની પરિણતિ રૂપ તત્ત્વ નથી. વળી, જેઓ વચન પ્રયોગ કરતી વખતે મુખ આગળ વસ્ત્ર રાખીને યતનાપૂર્વક બોલે છે આમ છતાં ચિત્ત સામ્યભાવને અભિમુખ નથી તો તેઓનું મુખનું વસ્ત્ર પણ તત્ત્વ નથી. વળી, કેટલાક પૂનમના દિવસે વિશેષ તપાદિ કરે છે કે ચતુર્દશીના દિવસે વિશેષ તપાદિ કરે છે તે પ્રવૃત્તિથી પણ જો ચિત્ત સામ્યભાવ તરફ ન જતું હોય તો તે પ્રવૃત્તિ મોક્ષનું કારણ નથી. વળી, કોઈ સાધુએ તત્ત્વમાર્ગનો ઉપદેશ આપીને શ્રાવક આદિમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હોય પરંતુ તેમનું ચિત્ત શાંતરસમાં જતું ન હોય તો તે શ્રાદ્ધાદિમાં પ્રાપ્ત કરેલી પ્રતિષ્ઠા પણ મોક્ષનું કારણ નથી. પરંતુ સંસારભાવથી પરાઙ્મુખ અને વીતરાગભાવને અભિમુખ જતું એવું નિર્મલ ચિત્ત જ તત્ત્વ છે=મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**મોક્ષમાર્ગ પ્રત્યે અંતરંગ સામ્યભાવ વિના બાહ્યત્યાગ નિરર્થક છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**दृष्ट्वा श्रीगौतमं बुद्धैस्त्रिपञ्चशततापसैः ।**
**भरतप्रमुखैर्वापि क्व कृतो बाह्यकुग्रहः ? ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**ગૌતમ સ્વામીને જોઈને બોધ પામેલા પંદરસો તાપસો વડે અને ભરતાદિ વગેરે વડે પણ બાહ્ય ત્યાગરૂપ કુત્સિત આગ્રહ ક્યાં કરાયો ? અર્થાત્ અંતરંગ પરિણામ નિરપેક્ષ માત્ર બાહ્ય આચરણા પ્રત્યેનો કુત્સિત આગ્રહ ક્યાં કરાયો ? ॥૨૫॥**

**ભાવાર્થ :-**

અંતરંગ સામ્ય પરિણતિ વિના બાહ્ય સર્વ ક્રિયાઓ નિષ્ફળ છે તે દૃષ્ટાંત

દ્વારા બતાવે છે. ગૌતમસ્વામીને જોઈ બોધ પામેલા પંદરસો તાપસોએ ગૌતમસ્વામી પાસે સંયમ ગ્રહણ કરી, બાહ્ય કોઈ વિશેષ આચરણા વગર અંતરંગ સામ્યભાવના ફલથી સત્ત્વના પ્રકર્ષવાળા થયેલા એવા તે પંદરસો તાપસો કેવલજ્ઞાનને પામ્યા.

આનાથી એ ફલિત થાય છે કે પરિણામને ગૌણ કરીને માત્ર બાહ્ય કઠોર જીવન જીવવાનો કુગ્રહ તે મહાત્માઓએ કર્યો નહિ પરંતુ ગૌતમસ્વામીના વચનથી પ્રતિબોધ પામેલા તે મહાત્માઓએ અંતરંગ અસંગભાવને અનુકૂળ મહા ઉદ્યમ કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી. વળી, ભરત ચક્રવર્તી વગેરે મહાત્માઓએ પણ અરીસાભુવનમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું તે વખતે પરિણામ નિરપેક્ષ બાહ્ય ત્યાગની આચરણાઓનો આગ્રહ ક્યાં કર્યો ? અર્થાત્ તે આગ્રહને છોડીને સ્વભૂમિકા અનુસાર અંતરંગ સામ્યભાવનો ઉદ્યમ કર્યો તો કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. માટે મોહના નાશ માટે અંતરંગ સામ્યભાવનો ઉદ્યમ જ જરૂરી છે. બાહ્ય આચરણા તો જીવોને સામ્યભાવના પ્રકર્ષમાં ઉપષ્ટંભક હોવાથી જ સફલ છે. જો તે બાહ્ય આચરણા સામ્યભાવની વૃદ્ધિમાં ઉપષ્ટંભક ન બને તો કષ્ટમય સર્વ આચરણા વ્યર્થ છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**સામ્યભાવ મોક્ષ પ્રત્યે બલવાન યોગ છે તે અન્ય દૃષ્ટાંતોથી બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**दृढप्रहारिवीरेण चिलातीपुत्रयोगिना ।**
**इलापुत्रादिभिश्चैव सेवितो योग उत्तमः ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**દૃઢપ્રહારી એવા વીર વડે, ચિલાતીપુત્ર એવા યોગી વડે અને ઈલાપુત્રાદિ વડે ઉત્તમ યોગ સેવાયો. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

દૃઢપ્રહારીએ પૂર્વમાં ઘણાં પાપો કરેલાં અને સંયમ ગ્રહણ કર્યા પછી પ્રતિજ્ઞા

કરેલી કે "મારા પાપનું સ્મરણ થશે તો આહારનો ત્યાગ કરીશ." આ પ્રકારની દૃઢ પ્રતિજ્ઞા કરી તે મહાત્મા સદા અંતરંગ સામ્યભાવમાં ઉદ્યમ કરીને કેવલજ્ઞાનને પામ્યા. તેથી ફલિત થાય છે કે તેઓને માત્ર બાહ્ય આચરણાથી નહિ પણ સામ્યભાવરૂપ ઉત્તમયોગના બળથી કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે.

તે જ રીતે ચિલાતીપુત્ર પણ પાપપ્રવૃત્તિ કરનારા હતા અને મુનિને જોઈને સંવેગનો પરિણામ થયો અને મુનિના મુખમાંથી નીકળેલા "ઉપશમ-વિવેક-સંવેગ"રૂપ ત્રણ શબ્દોને અવલંબીને સામ્યભાવમાં ઉદ્યમ કરીને સ્વર્ગે ગયા. આ રીતે ચિલાતીપુત્ર દ્વારા પણ અંતરંગ સામ્યભાવ રૂપ ઉત્તમ યોગ સેવાયો અને કલ્યાણની પ્રાપ્તિ થઈ. વળી, ઈલાપુત્રાદિ વડે પણ સામ્યભાવના બળથી જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરાયું.

આનાથી એ ફલિત થાય છે કે મોક્ષના અર્થીએ સામ્યભાવને પ્રધાન કરીને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ અને સામ્યભાવની ઉપેક્ષા કરીને માત્ર બાહ્ય આચારમાં જ રત રહેવાથી કલ્યાણની પ્રાપ્તિ થતી નથી. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**આ રીતે સામ્યનું માહાત્મ્ય બતાવીને સામ્ય માટે સર્વ ઉદ્યમ કરવો જોઈએ તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**येन केन प्रकारेण देवताराधनादिना ।**
**चित्तं चन्द्रोज्ज्वलं कार्यं किमन्यैर्ग्रहकुग्रहैः? ॥२७॥**

**શ્લોકાર્થ :-**

**જે કોઈ પ્રકારથી દેવતાની આરાધના આદિ દ્વારા ચિત્ત ચંદ્ર જેવું ઉજ્જ્વલ કરવું જોઈએ. અન્ય આગ્રહના કુગ્રહ વડે શું ?=સામ્ય નિરપેક્ષ એવી તે તે બાહ્ય આચરણા પ્રત્યેના આગ્રહ રૂપ કુગ્રહ વડે શું ? ॥૨૭॥**

**ભાવાર્થ :-**

મોક્ષપ્રાપ્તિનો ઉપાય સામ્યભાવ છે અને તે સામ્યભાવ માત્ર મનના વિકલ્પો

કરવાથી ઉલ્લસિત થતો નથી પરંતુ સામ્યભાવના પ્રતિબંધક જે જે પ્રકારના કાષાયિક ભાવો ચિત્તમાં વિદ્યમાન છે તે તે ભાવોને દૂર કરવામાં પ્રબલ નિમિત્તભૂત એવા દેવતા આરાધના આદિ જે કોઈ ઉપાયો સ્વભૂમિકા અનુસાર નિર્ણિત થાય તે ઉપાયોના આલંબનના બળથી સામ્યભાવની વૃદ્ધિ દ્વારા ચિત્તને ચંદ્ર જેવું ઉજ્જ્વલ કરવું જોઈએ.

શ્રાવકનું ચિત્ત સર્વ ભોગાદિનો ત્યાગ કરી મુનિની જેમ ત્રણ ગુપ્તિમાં ઉદ્યમ કરવા દ્વારા સામ્યભાવની વૃદ્ધિ કરવા સમર્થ નથી પરંતુ ઉત્તમ ભોગસામ્રગી પ્રત્યે પક્ષપાતવાળું છે. આમ છતાં તે ભોગસામ્રગી કરતાં પણ વીતરાગના ગુણો પ્રત્યે અધિક પક્ષપાતવાળું છે તેથી વિવેકી શ્રાવક "આ ઉત્તમ સામગ્રી દ્વારા ભગવાનની ભક્તિ કરીને વીતરાગ પ્રત્યેનો મારો રાગભાવ અતિશયિત કરું" એવા દૃઢ સંકલ્પથી ઉત્તમ સામગ્રી દ્વારા પ્રભુની ભક્તિ કરે છે ત્યારે તે ઉત્તમ સામગ્રી ભગવાનની ભક્તિમાં જ સફળ છે તેવું નિર્મલ ચિત્ત વર્તે છે અને તેના બળથી જ વીતરાગ પ્રત્યેનો રાગભાવ વૃદ્ધિ પામે છે. આ રીતે શ્રાવક માટે તે પ્રકારની દેવતાની આરાધનાથી જ ચિત્તની નિર્મલતા પ્રાપ્ત થાય તેમ છે. આના બદલે જો તે શ્રાવક વિચાર્યા વિના માત્ર બાહ્ય ત્યાગના આગ્રહથી સંયમ ગ્રહણ કરે અને સંયમ દ્વારા ત્રણ ગુપ્તિના સામ્રાજ્યને પ્રાપ્ત કરી સામ્યભાવને પ્રાપ્ત કરી શકે નહિ તો ભગવાનની ભક્તિ દ્વારા જે સામ્યભાવ પ્રાપ્ત થવાનો હતો તેનાથી પણ તે વંચિત થાય છે. તેથી તેવા અવિચારક આગ્રહરૂપ કુગ્રહ વડે શું ? વળી, જે શ્રાવકનું ચિત્ત શ્રાવકાચારનું પાલન કરીને અતિ સંવરભાવને પામેલું છે અને સર્વવિરતિ ગ્રહણ કરી ત્રણ ગુપ્તિના બળથી વીતરાગ પ્રત્યે ઉત્કટ રાગ કરી શકે તેમ હોવા છતાં, સર્વવિરતિ સ્વીકારવાનું છોડી માત્ર દ્રવ્યસ્તવનો આગ્રહ રાખે તો તે પણ તેના માટે ઉચિત નથી. માટે જે જીવની જે ભૂમિકા છે તે ભૂમિકા અનુસાર દેવતાની આરાધના, સદ્ગુરુની આરાધના, ભગવાનના વચનની આરાધના વિગેરે દ્વારા ચિત્ત અસંગભાવના રાગના પ્રકર્ષવાળું બને તે પ્રકારે ઉદ્યમ કરવો જોઈએ. અન્ય બાહ્ય આચરણા પ્રત્યે આગ્રહ રાખવો ઉચિત નથી. **॥૨૭॥**

**અવતરણિકા :-**

અત્યાર સુધી અનેક દૃષ્ટિકોણથી સામ્યભાવથી વાસિત મન મોક્ષનું કારણ છે તે બતાવ્યું. હવે, તેની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ તે બતાવે છે –

**શ્લોક :-**

तथा चिन्त्यं तथा वाच्यं चेष्टितव्यं तथा तथा ।
मलीमसं मनोऽत्यर्थं यथा निर्मलतां व्रजेत् ।।२८।।

**શ્લોકાર્થ :-**

**તે પ્રમાણે ચિંતવન કરવું જોઈએ, તે પ્રમાણે બોલવું જોઈએ અને તે તે પ્રકારે કાયાની ચેષ્ટા કરવી જોઈએ જે પ્રકારે મલીમસ એવું મન=રાગાદિ ભાવોથી મલિન એવું મન, નિર્મલતા તરફ જાય. ।।૨૮।।**

**ભાવાર્થ :-**

વીતરાગતાની પ્રાપ્તિ પૂર્વે આત્મામાં બાહ્ય પદાર્થોનો સંગ કરીને ઇષ્ટ પદાર્થ પ્રત્યે રાગ, અનિષ્ટ પદાર્થ પ્રત્યે દ્વેષ અને નિરર્થક પદાર્થ પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ વિદ્યમાન છે અને સંસારી જીવો સ્વકલ્પિત તે તે પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટ અને ઉપેક્ષાની બુદ્ધિ કરીને ચિત્તને મલિન કરે છે. આવા જીવને કાંઈક નિમિત્ત પામીને બોધ થાય કે આત્મા માટે રાગાદિથી અનાકુલ એવો આત્માનો ભાવ ઇષ્ટ છે, રાગાદિથી આકુલ એવો આત્માનો ભાવ અનિષ્ટ છે અને જગતવર્તી પદાર્થો આત્માને ઇષ્ટ પણ નથી અને અનિષ્ટ પણ નથી પણ સ્વકલ્પનાથી જ તે ઇષ્ટ-અનિષ્ટ બને છે, પરમાર્થથી આત્મા માટે ઉપેક્ષણીય છે. આવો નિર્ણય થયા પછી જે મહાત્મા પોતાનામાં વર્તતા રાગભાવને આત્માના વીતરાગભાવોને અનુકૂલ પ્રવર્તાવવાનો, દ્વેષભાવને વીતરાગભાવથી વિરુદ્ધ પ્રમાદમાં પ્રવર્તાવવાનો અને અન્ય પદાર્થો પ્રત્યે ઉપેક્ષા કરવાનો સંકલ્પ કરીને પોતાની ભૂમિકા અનુસાર તે પ્રકારે મનથી ચિંતવન કરે, વચનથી સર્વ ઉચિત વચનપ્રયોગ કરે અને જે જે પ્રકારની પોતાની શક્તિનો સંચય થયો હોય તે તે

પ્રકારે ઉચિત ચેષ્ટાઓ કરીને રાગાદિભાવોથી મલિન એવા પોતાના મનને વીતરાગની ભક્તિ વગેરેમાં પ્રવર્તાવવા દ્વારા અત્યંત નિર્મલ કરે તે પ્રવૃત્તિ જ તેના માટે કલ્યાણની પરંપરાનું કારણ છે.

અહીં વિશેષ એ છે કે ચિંતવનમાં તથા=તે પ્રકારનું, ચિંતવન કહ્યું, બોલવામાં તથા=તે પ્રકારનું, બોલવાનું કહ્યું અને ચેષ્ટામાં તથા તથા=તે તે પ્રકારની, ચેષ્ટા કહી તેથી એ ફલિત થાય છે કે કાયિકાદિ બાહ્ય કૃત્યો પોતાની જે ભૂમિકા હોય તે તે પ્રકારે કરવી જોઈએ. તે બતાવવા માટે **"ચેષ્ટિતવ્યં તથા તથા"** તેમ કહ્યું. અને તે સર્વ પ્રવૃત્તિકાલમાં માનસવ્યાપાર અને વચનપ્રયોગ તો તે પ્રકારે કરવો જોઈએ જે પ્રકારે મન નિર્મલતા તરફ જાય. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ચિત્તને સામ્યભાવથી વાસિત કરવા માટે તેને ઉપષ્ટંભક એવા મન-વચન-કાયાના યોગો પ્રવર્તાવવા જોઈએ. ત્યાં પ્રશ્ન થાય કે વિચારક જીવ પણ પોતાની કાયિક કે વાચિક ચેષ્ટા પર નિયમન લાવી શકે છે પરંતુ મન તો પ્રાયઃ નિયંત્રણ નીચે આવતું નથી, એટલું જ નહિ કાયિક અને વાચિક ચેષ્ટાને પણ વિફલ કરીને અનર્થ કરનારું બને છે. તેથી ચંચલ એવા ચિત્તને કઈ રીતે વશ કરી શકાય ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**चञ्चलस्यास्य चित्तस्य सदैवोत्पथचारिणः ।**
**उपयोगपरैः स्थेयं योगिभिर्योगकांक्षिभिः ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**(ચિત્તને યોગમાર્ગમાં પ્રવર્તાવવા અર્થે) યોગની કાંક્ષાવાળા એવા યોગીઓએ સદા જ ઉત્પથચારી ચંચલ એવા આ ચિત્તના ઉપયોગ પર=લક્ષ્યને અનુરૂપ ચિત્તને પ્રવર્તાવવા માટેના ઉપયોગમાં તત્પર, રહેવું જોઈએ. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

દ્રવ્યચિત્ત પુદ્ગલાત્મક છે અને ભાવચિત્ત મતિજ્ઞાનના ઉપયોગ રૂપ છે. અને આત્મામાં અનાદિના મોહના સંસ્કારોથી વાસિત એવો મતિજ્ઞાનનો પરિણામ વર્તી રહ્યો છે. આ મોહના સંસ્કારોથી સંસારી જીવોનો આત્મા સદા વાસિત છે અને તે વાસનાના નિમિત્તને પામીને સંસારી જીવો કોઈ ને કોઈ વિષયને અભિમુખ થાય છે. અને સંસારી જીવોના આભિમુખ્ય ભાવરૂપ નિમિત્તને પામીને પુદ્ગલાત્મક દ્રવ્યચિત્ત તે તે ભાવરૂપે પરિણમન પામે છે અને તે દ્રવ્યચિત્તના પરિણામના બળથી તે વખતનો મોહથી યુક્ત એવો માનસવ્યાપાર વર્તે છે. વળી, સંસારી જીવો ચિત્તને બાહ્ય પદાર્થોમાં પ્રવર્તાવવા માટે અત્યંત અભ્યાસવાળા છે તેથી અનાયાસે તેમનું ચિત્ત તે તે ભાવને અભિમુખ થઈને તે તે વિચારરૂપે પ્રવર્તે છે.

બીજી બાજુ, જીવને યોગમાર્ગનો કોઈ અભ્યાસ નથી અને યોગમાર્ગના સંસ્કારોનું આત્મામાં આધાન પણ થયું નથી તેથી ચિત્ત સહજભાવે યોગમાર્ગમાં પ્રવર્તતું નથી. આમ છતાં જીવમાં કર્મની મલિનતા દૂર થાય ત્યારે કાંઈક વિવેક ચક્ષુ પ્રગટે છે અને તે વખતે અનાદિના મોહના સંસ્કારોનું પ્રચુર દબાણ હોવા છતાં તેને દૂર કરીને યોગમાર્ગને સેવવા અભિમુખ ભાવ થાય છે. અને આ ભાવ પણ ઉપદેશ આદિ નિમિત્તથી અને તે પ્રકારના મનોવ્યાપારથી જીવમાં ઉત્પન્ન થયેલો પરિણામ છે અને તે પરિણામથી પ્રેરાઈને જીવ યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા તત્પર બને છે. આમ છતાં ઉપદેશના નિમિત્તનું સતત સાંન્નિધ્ય નહિ હોવાથી અને માર્ગાનુસારી સૂક્ષ્મ બોધ થયેલો નહીં હોવાથી તે આરાધક જીવનું ચિત્ત યોગમાર્ગની બાહ્ય પ્રવૃત્તિ કરવા તત્પર થાય છે છતાં તેનું ચિત્ત તે તે ક્રિયા દ્વારા સાધ્યને અભિમુખ પ્રવર્તતુ નથી તેથી આરાધક જીવ કાયાથી સદનુષ્ઠાન સેવે, વચનથી તે પ્રકારના સૂત્ર બોલે તોપણ મન તો અનાદિના સંસ્કાર નીચે યથા તથા પ્રવર્તે છે તેથી તેની યોગમાર્ગની પ્રવૃત્તિ નિષ્ફળ પ્રાયઃ બને છે.

ઉપરોક્ત પરિસ્થિતિ હોવાથી ગ્રંથકારશ્રી કહે છે કે યોગના કાંક્ષી એવા યોગીઓએ **"મારે મારા આત્મામાં મોક્ષનો સાધક એવો યોગ નિષ્પન્ન કરવો છે"**

એ પ્રકારે સદા ઉપયોગપર=ઉપયોગમાં તત્પર થઈને, રહેવું જોઈએ. અર્થાત્ કોઈપણ ક્રિયાના પ્રારંભ પૂર્વે જ આત્માને ઉપયોગ દ્વારા ભાવિત કરવો જોઈએ કે આ સદનુષ્ઠાન દ્વારા હું જો મારા ચિત્તને લક્ષ્યને અનુરૂપ પ્રવર્તાવીશ તો મારામાં યોગ નિષ્પન્ન થશે અને અનાદિના સંસારના સંસ્કારો ક્ષીણ ક્ષીણતર થશે અને તેનાથી મારી કલ્યાણની પરંપરા થશે અને જો હું અંતરંગ સાવધાનીપૂર્વક યત્ન નહિ કરું તો મારી આ યોગમાર્ગની ક્રિયા પણ અનાદિના સંસ્કાર નીચે પ્રવર્તતા મન દ્વારા નિષ્ફળ જશે; કેમ કે આત્મા હંમેશાં યોગમાર્ગથી વિપરીત એવા ઉત્પથમાં ચાલવાના સંસ્કારવાળો છે અને તે સંસ્કારથી પ્રેરાઈને તે ભાવોને અભિમુખ થશે તો તેનું દ્રવ્યચિત્ત તે ભાવની સાથે જોડાઈને ભાવો કરવાને અભિમુખ ચંચલ સ્વભાવવાળું છે. માટે તેવા ચંચલ ચિત્તને પ્રવર્તાવવાને અભિમુખ મારો અંતરંગ ઉદ્યમ ન થાય અને સેવાતા અનુષ્ઠાનની મર્યાદાને અનુરૂપ અંતરંગ ઉદ્યમ થાય તે પ્રકારના ઉપયોગવાળા થઈને યોગીઓએ સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી કાયિક અને વાચિક ચેષ્ટાને ઉપષ્ટંભ કરે તેવું ચિત્ત પ્રવર્તે; જેના બળથી મન-વચન-કાયાના ત્રણે યોગો અંતરંગ એવા આત્મામાં સામ્યભાવના સંસ્કારોને દૃઢ કરે જેથી મતિજ્ઞાનના ઉપયોગરૂપ મન નિર્મલતાને પામે. ॥૨૯॥

**અવતરણિકા :-**

**આત્મકલ્યાણ અર્થે પ્રવૃત્તિ કરનારા યોગીઓને પણ ચિત્તનું શોધન દુષ્કર છે તેમ બતાવીને દુષ્કર એવા તેમાં જ યત્ન કરવો જોઈએ તે સ્થિર કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सुकरं मलधारित्वं सुकरं दुस्तपं तपः ।**
**सुकरोऽक्षनिरोधश्च दुष्करं चित्तशोधनम् ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**મલધારીપણું સુકર છે, દુસ્તપ એવું તપ સુકર છે. ઈન્દ્રિયોનો નિરોધ સુકર છે, ચિત્તનું શોધન દુષ્કર છે. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

આત્મકલ્યાણ અર્થે તત્પર થયેલા મહાત્માઓ સંયમની બાહ્ય આચરણાઓ કરવા તત્પર થાય ત્યારે મલિન વસ્ત્રો ધારણ કરવા, દેહને મલથી યુક્ત રાખવું અર્થાત્ મલશોધન ન કરવું ઇત્યાદિ સર્વ સુકર બને છે; કેમ કે આવા પ્રકારની બાહ્ય આચરણાઓ સંયમની આચરણા છે તેવી બુદ્ધિ થવાથી તે મહાત્માઓ સુખપૂર્વક બાહ્ય આચરણા કરી શકે છે. વળી દુષ્તપ=કઠોર એવું તપ, પણ "આ તપ દ્વારા મારા આત્માનું કલ્યાણ થશે" તેવી બુદ્ધિથી તે મહાત્મા કરી શકે છે. શક્તિના પ્રકર્ષથી આવા મહાત્માઓ માસક્ષમણના પારણે માસક્ષમણ આદિ પણ કરી શકે છે. એટલું જ નહિ આત્મકલ્યાણ માટે તત્પર થયેલા તે મહાત્માઓ ઇન્દ્રિયો વિષયોમાં સંચાર ન થાય તે રીતે તેનો નિરોધ કરીને સંયમની બાહ્ય આચરણાઓ પણ સુકરથી કરી શકે છે. પરંતુ ચિત્તનું શોધન કરવું આવા મહાત્માઓ માટે પણ દુષ્કર છે; કેમ કે આત્મા પર અનાદિના મોહના સંસ્કારો સ્થિર થયેલા હોવાથી આત્માનો પરિણામ તે ભાવોને અભિમુખ વર્તે છે તેથી ચિત્ત તો મોહના ભાવો દ્વારા આનંદ લઈ શકે તે પ્રકારનું જ વર્તે છે. માત્ર ધર્મબુદ્ધિને કારણે તે બાહ્ય સંયમની આચરણા કરી શકે છે તેથી કલ્યાણના અર્થી પણ તે મહાત્મા પરમાર્થથી કલ્યાણ પામી શકતા નથી. માટે વિવેકી પુરુષોએ અત્યંત ઉપયોગવાળા થઈને ચિત્ત શોધનમાં ઉદ્યમ કરવો જોઈએ પણ માત્ર બાહ્ય ક્રિયાથી સંતોષ માનવો જોઈએ નહિ. બાહ્ય ક્રિયાઓ ચિત્તશોધનના અંગ તરીકે જ છે. તેથી **આત્મકલ્યાણના અર્થીએ ચિત્તશોધનના લક્ષ્યને વિસ્મરણ કર્યા વગર સર્વ ઉચિત્ત પ્રવૃત્તિઓ કરવી જોઈએ. ॥૩૦॥**

**અવતરણિકા :-**

**ચિત્તના શોધન વિના માત્ર સંયમની બાહ્ય આચરણાઓ કરવામાં આવે તો કલ્યાણ થઈ શકે નહિ તે બતાવવા સ્પષ્ટ કહે છે –**

**શ્લોક :-**

**पापबुद्ध्या भवेत् पापं को मुग्धोऽपि न वेत्त्यदः ।**
**धर्मबुद्ध्या तु यत् पापं तच्चिन्त्यं निपुणैर्बुधैः ॥३१॥**

**શ્લોકાર્થ :-**

**પાપબુદ્ધિથી પાપ થાય એ કોણ મુગ્ધ પણ જાણતો નથી ? અર્થાત્ સામાન્ય જન પણ જાણે છે. પરંતુ, ધર્મબુદ્ધિથી જે પાપ થાય છે તે નિપુણ એવા બુદ્ધિમાન પુરુષોએ વિચારવું જોઈએ. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો ભોગ માટે કે ધનાદિ માટે સંસારમાં જે આરંભ-સમારંભ કરે છે તેમાં તેમને પાપની બુદ્ધિ વર્તે છે. આવી પાપબુદ્ધિને કારણે ધર્મને સન્મુખ થયેલા સામાન્ય બુદ્ધિવાળા જીવો પણ “પોતે પાપની આચરણા કરે છે” તે જાણે છે. માટે આવા મુગ્ધ જીવો પણ કહે છે કે સંસારના ભોગ-વિલાસની, આરંભ-સમારંભની પ્રવૃત્તિ, પાપની પ્રવૃત્તિ છે. પરંતુ, ચિત્તનું શોધન કર્યા વિના જેઓ ધર્મ કરવા પ્રવૃત્ત થયા છે અને સંયમ ગ્રહણ કરીને સંયમની આચરણા કરે, કઠોર જીવન જીવે, તપ-ત્યાગ કરે છે તેઓમાં ધર્મબુદ્ધિ વર્તે છે અને તેવી ધર્મબુદ્ધિવાળા જીવો પણ સ્વપક્ષ પ્રત્યે રાગ અને પરપક્ષ પ્રત્યે દ્વેષ ધારણ કરીને, અન્યની નિંદા અને પોતાના ત્યાગની પ્રશંસા કરે છે ત્યારે તેઓ ધર્મબદ્ધિથી પાપ સેવી રહ્યા છે. વળી, પોતે કઠોર સંયમજીવન જીવે છે, દુષ્કર તપ કરે છે, ઇન્દ્રિયોનો રોધ કરે છે, બાહ્ય ત્યાગ દ્વારા પોતે મહાન ત્યાગી છે વગેરે અહંકારની બુદ્ધિ ધારણ કરે છે તે સર્વ તેઓની ધર્મબુદ્ધિથી થતી પાપની આચરણા છે. ધર્મબુદ્ધિથી કરાતી આવી પાપની આચરણા ક્યારેય સંસારના અંતનું કારણ બને નહિ માટે નિપુણ બુદ્ધિવાળા પુરુષોએ વિચારવું જોઈએ કે સંસારની ભોગાદિની આચરણાને પાપ રૂપે જાણવી સુકર છે પરંતુ પોતાનામાં વર્તતા પાપના પરિણામને પાપરૂપે જાણવો અતિ દુષ્કર છે. માટે ધર્મબુદ્ધિથી થતા પાપને નિપુણપ્રજ્ઞાપૂર્વક જાણીને તેને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ જેથી સામ્ય પરિણામવાળું નિર્મલ ચિત્ત પ્રગટે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ધર્મબુદ્ધિથી થતું પાપ નિપુણબુદ્ધિથી વિચારવું જોઈએ. તેથી હવે, ધર્મબુદ્ધિથી થતું પાપ જીવને કેમ દેખાતું નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अणुमात्रा अपि गुणा दृश्यन्ते स्वधियाऽऽत्मनि ।**
**दोषास्तु पर्वतस्थूला अपि नैव कथंचन ।।३२।।**

**શ્લોકાર્થ :-**

**પોતાના આત્મામાં વર્તતા અણુમાત્ર પણ ગુણો સ્વબુદ્ધિથી દેખાય છે. પરંતુ પર્વત જેવા મોટા પણ દોષો ક્યારેય દેખાતા જ નથી. ।।૩૨।।**

**ભાવાર્થ :-**

ધર્મ માટે તત્પર થયેલા જીવો ધર્મ માટે બાહ્ય કઠોર જીવન જીવે છે, દુષ્કર તપ કરે છે, ઇન્દ્રિયોનો રોધ કરે છે, છતાં જો ચિત્ત વીતરાગભાવને અભિમુખ થતું ન હોય તો તે સર્વ બાહ્ય આચરણાના ગુણો આત્મકલ્યાણના ક્ષેત્રમાં અણુમાત્ર તુલ્ય છે; કેમ કે **વીતરાગભાવનાથી ભાવિત ચિત્તની તરતમતાથી જ ગુણસ્થાનકના ક્રમની પ્રાપ્તિ અને વૃદ્ધિ છે.** છતાં સામાન્યથી ધર્મી જીવને પોતાનો આત્મા ધર્મની બાહ્ય પ્રવૃત્તિ કરે છે તે દેખાય છે પણ પોતે વીતરાગભાવને અભિમુખ જવા અંતરંગ રીતે કેવો ઉદ્યમ કરે છે અથવા તો બાહ્ય આચરણાઓ કરીને પણ પોતે વીતરાગભાવથી વિપરીત ભાવની વૃદ્ધિ કરે છે તે દેખાતું નથી. વળી, ધર્મક્ષેત્રમાં પ્રવૃત્ત એવા મહાત્માઓ પણ ધર્મબુદ્ધિથી પોતાના પક્ષ પ્રત્યે રાગાદિભાવોની વૃદ્ધિ કરે છે તે સ્વરૂપ પર્વત જેવા મોટા દોષો જોઈ શકતા નથી. તેથી જ બાહ્ય કઠોર આચરણાઓ કરીને પણ તેઓ પોતાનું હિત સાધી શકતા નથી. **।।૩૨।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ધર્મક્ષેત્રમાં પ્રવૃત્ત જીવો પોતાના પર્વત જેવા દોષોને જોઈ શકતા નથી. તે કેમ જોઈ શકતા નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**त एव वैपरीत्येन विज्ञातव्याः परं वचः ।**
**दिग्मोह इव कोऽप्येष महामोहो महाबलः ।।३३।।**

**શ્લોકાર્થ :-**

**તે જ=પોતાનામાં વર્તતા ગુણો અને દોષો જ, વિપરીતપણાથી વિજ્ઞાતવ્યા છે. તે પ્રકારનું પરમ વચન છે=શ્રેષ્ઠ વચન છે. (છતાં) દિગ્મોહની જેમ કોઈ પણ આ મહામોહનું મહાબલ છે (જેથી ધર્મના ક્ષેત્રમાં પ્રવૃત્ત જીવો પણ પોતાના નાના ગુણોને જુએ છે અને મોટા દોષોને જોઈ શકતા નથી તેમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.) ॥૩૩॥**

**ભાવાર્થ :-**

**યોગમાર્ગમાં પ્રવૃત્ત જીવોએ પોતાનામાં વર્તતા નાના પણ દોષને પર્વત જેવા અને મોટા પણ ગુણોને અણુ જેવા જોવા યત્ન કરવો જોઈએ. આ પ્રકારનું પરમ પુરુષનું વચન છે,** છતાં કોઈક મહામોહનું આ મહાબલ વર્તે છે કે જેથી ધર્મક્ષેત્રમાં આવેલા, ધર્મસાધના કરવા તત્પર થયેલા એવા જીવો પણ પોતાનામાં વર્તતા બાહ્ય આચરણા રૂપ અણુ જેવા ગુણોને પર્વત જેવા જુએ છે અને પોતે તત્ત્વના રાગને છોડીને સ્વપક્ષના રાગવાળા છે અથવા માર્ગાનુસારી બુદ્ધિથી શાસ્ત્રાધ્યયનમાં યત્ન કરતા નથી અને યથાતથા પ્રવૃત્તિ કરીને મનથી સંતોષ માને છે, વિગેરે પોતાનામાં વર્તતા મોટા દોષો પણ જોતા નથી. આના કારણે બાહ્ય આચરણાઓ કરે છે છતાં મહામોહને પરવશ થઈ આત્મકલ્યાણ પામી શકતા નથી. જો તેઓમાં નિર્મલ પ્રજ્ઞા પ્રગટે તો જિનવચનાનુસાર જણાય કે હું સંસારથી ભય પામેલો છું, આત્મકલ્યાણ માટે નીકળેલો છું અને આત્મકલ્યાણનો ઉપાય અસંગભાવનો પ્રકર્ષ કરવામાં છે અને સંયમની સર્વ આચરણાઓ અસંગભાવના પ્રકર્ષ અર્થે છે. હવે, અસંગભાવને અનુકૂળ કદાચ મારો ઉદ્યમ થતો હોય અને તેમાં પ્રમાદવશ કોઈ નાની સ્ખલના થાય તોપણ મારે વિચારવું જોઈએ કે સંસારથી ભય પામેલો હું અસંગભાવ માટે ઉદ્યમ કરું છું છતાં આવા બોધવાળા પણ મને આ સ્ખલનાઓ થાય છે તે મારા મહાપ્રમાદનો દોષ છે. આ રીતે નાની સ્ખલનાઓને મહાપ્રમાદ રૂપે જોવાથી તેને દૂર કરવા પ્રયત્ન થાય છે જેથી યોગમાર્ગ સુસ્થિત થાય છે. આમ છતાં, ધર્મ કરવામાં તત્પર પણ મોટા ભાગના જીવો મોહને પરવશ થઈ વીતરાગભાવથી વિપરીત ભાવો કરવામાં કારણરૂપ જે પ્રમાદ પોતાનામાં વર્તી રહ્યો છે તેને પ્રમાદરૂપે જોવાને

બદલે માત્ર સંયમની બાહ્ય આચરણામાં પોતે ઘણા ગુણવાન છે તેવી વિપરીત બુદ્ધિ કરે છે તેથી તે જીવો મહામોહને પરવશ થઈને હિત સાધી શકતા નથી. **II૩૩II**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૧માં કહ્યું કે ધર્મબુદ્ધિથી જે પાપ થાય છે તે બુધપુરુષોએ વિચારવું જોઈએ. તેથી હવે, ધર્મની પ્રવૃત્તિમાં યત્ન કરનારા જીવો પણ ધર્મબુદ્ધિથી કઈ રીતે પાપ કરે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**धर्मस्य बहुधाऽध्वानो लोके विभ्रमहेतवः ।**
**तेषु बाह्यफटाटोपात्तत्त्वविभ्रान्तदृष्टयः ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**લોકમાં ધર્મના ઘણા માર્ગો વિભ્રમના હેતુ છે. તત્ત્વમાં વિભ્રાંત દૃષ્ટિવાળા જીવો બાહ્ય ફટાટોપથી=બાહ્ય આચરણાના આડંબરથી, તેમાં=ધર્મના વિભ્રમના હેતુ એવા માર્ગમાં (વિભ્રમને ધારણ કરે છે). II૩૪II**

**ભાવાર્થ :-**

વ્યવહારનયથી ધર્મની પ્રવૃત્તિ બાહ્ય આચરણારૂપ છે અને નિશ્ચયનયથી ધર્મની પ્રવૃત્તિ અસંગભાવને અનુકૂળ એવી જીવની મધ્યસ્થ પરિણતિરૂપ છે. અને નિશ્ચયનય સાપેક્ષ વ્યવહારનય બાહ્ય આચરણા અંતરંગભાવની પરિણતિને પ્રગટ કરવા દ્વારા મોક્ષનો હેતુ બને છે, તેમ સ્વીકારે છે. આમ છતાં વિવેક વગરના સ્થૂલબુદ્ધિવાળા જીવોને ધર્મની બાહ્ય આચરણા માત્રમાં ધર્મની બુદ્ધિ થાય છે અને અંતરંગ લક્ષ્યને અનુકૂળ યત્ન વગરની તે બાહ્ય આચરણા જીવની અંતરંગ પરિણતિરૂપ ધર્મની નિષ્પત્તિનું કારણ ન હોવા છતાં "આ ધર્મની પ્રવૃત્તિ છે" તેવો વિભ્રમ થાય છે તે બતાવવા અર્થે શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું કે લોકમાં ધર્મના ઘણા માર્ગો વિભ્રમના હેતુ છે. અર્થાત્ તે આચરણા ધર્મનિષ્પત્તિનું કારણ નહિ હોવા છતાં તે ધર્મરૂપ છે તે પ્રકારના વિભ્રમના હેતુ છે. વળી, જે

જીવો તત્ત્વમાં વિભ્રાન્ત દૃષ્ટિવાળા છે તેઓ સંયમના બાહ્ય ફટાટોપથી તે આચરણામાં ધર્મબુદ્ધિ ધારણ કરે છે.

વસ્તુતઃ ધર્મની જે બાહ્ય આચરણા તત્ત્વ તરફ જતી ન હોય તે આચરણા સંસારની અન્ય ક્રિયાઓની જેમ મોહથી થતી હોવાના કારણે ધર્મબુદ્ધિથી થતા પાપ સ્વરૂપ છે. આમ છતાં, જેઓને તત્ત્વને જોવાની નિર્મલદૃષ્ટિ પ્રગટી નથી તેવા જીવો તે બાહ્ય આચરણામાં ધર્મબુદ્ધિના વિભ્રમને ધારણ કરે છે.

અહીં વિશેષ એ છે કે 'સિદ્ધાવસ્થા'માં પૂર્ણધર્મ છે; કેમ કે "વત્થુ સહાવો ધમ્મો" એ વચનાનુસાર આત્મરૂપ વસ્તુના સ્વભાવરૂપ ધર્મ સિદ્ધ અવસ્થામાં પ્રગટે છે અને તેના કારણભૂત એવો ધર્મ અપુનર્બંધક અવસ્થાથી માંડીને યોગનિરોધ સુધીની જીવની અંતરંગ પરિણતિ રૂપ છે. તેથી પ્રથમ ભૂમિકાની મધ્યસ્થતાની પરિણતિ અપુનર્બંધક દશામાં પ્રગટે છે જે પ્રકર્ષને પામી વીતરાગતામાં વિશ્રાંત થાય છે અને વીતરાગ સર્વજ્ઞ થઈ સર્વ યોગોનો નિરોધ કરે છે ત્યારે મોક્ષનું કારણ એવો સર્વસંવર રૂપ પૂર્ણધર્મ આત્મામાં પ્રગટે છે જેના ફલરૂપે મોક્ષની પ્રાપ્તિ થાય છે. છતાં માત્ર બાહ્ય કઠોર આચરણામાં ધર્મબુદ્ધિ ધારણ કરે તેવા તત્ત્વના વિષયમાં વિભ્રાન્ત દૃષ્ટિવાળા જીવો બાહ્ય ફટાટોપથી બાહ્ય આચરણામાં ધર્મબુદ્ધિને ધારણ કરીને અંતરંગ ભાવ નિરપેક્ષ ધર્મને ધર્મરૂપે જાણે છે તે સર્વ ધર્મની આચરણાઓ વિભ્રમનો હેતુ છે; કેમ કે તે આચરણાઓ ચિત્તની વિશુદ્ધિ દ્વારા મોક્ષમાં વિશ્રાંત થનાર નથી, માટે પરમાર્થથી ધર્મ નથી. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય પ્રકારે પણ ધર્મબુદ્ધિથી પાપ થાય છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**स्वस्वदर्शनरागेण विवदन्तो मिथो जनाः ।**
**सर्वथैवात्मनो धर्मं मन्यन्ते न परस्य तु ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**સ્વ સ્વ દર્શનના રાગથી પરસ્પર વિવાદને કરતા લોકો સર્વથા જ**

**પોતાના ધર્મને=પોતાના વડે સ્વીકારાયેલા ધર્મને, ધર્મ માને છે=ધર્મ રૂપે માને છે. પરંતુ પરના ધર્મને (ધર્મરૂપે માનતા નથી.) ।।૩૫।।**

**ભાવાર્થ :-**

ધર્મના ક્ષેત્રમાં તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂલ માર્ગાનુસારી દૃષ્ટિ પ્રગટી નથી તેવા કેટલાક જીવો અવિચારકરૂપે સ્વદર્શન પ્રત્યેના રાગવાળા હોય છે. તેઓ કદાચ શાસ્ત્રો ભણેલા હોય, તર્કોથી પદાર્થ વિચારતા હોય તોપણ મધ્યસ્થતાપૂર્વક તત્ત્વને જાણવા માટે યત્ન કર્યા વગર પોતપોતાના દર્શન પ્રત્યે રાગ ધરાવે છે. આવા જીવો સ્વદર્શનના પદાર્થને યથાર્થ સ્થાપન કરવા માટે પરદર્શનવાળા સાથે વાદ પણ કરતા હોય તોપણ તત્ત્વ પ્રત્યેનો રાગ નહિ હોવાથી અને સ્વદર્શન પ્રત્યે બદ્ધરાગવાળા હોવાથી પોતાના વડે સ્વીકારાયેલો ધર્મ જ સર્વથા ધર્મ છે તેમ માને છે. એટલું જ નહિ જે સ્થાને પરનો ધર્મ તત્ત્વને સ્પર્શનારો છે તે સ્થાને પણ તેઓ પરના ધર્મને ધર્મરૂપે જોતા નથી. તેવા જીવો ધર્મબુદ્ધિથી શાસ્ત્રોની વિચારણા કરે, શાસ્ત્રોની ચર્ચા કરે કે શાસ્ત્રનું અધ્યયન કરે તે સર્વ દ્વારા અતત્ત્વના પક્ષપાતરૂપ સ્વદર્શનનો રાગ જ દૃઢ કરે છે. તેથી તેઓની તે પ્રવૃત્તિ ધર્મબુદ્ધિથી પાપ સ્વરૂપ છે, એમ શ્લોક-૩૧ સાથે સંબંધ છે. **।।૩૫।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સ્વ સ્વ દર્શનના રાગથી વિવાદ કરનારા લોકો પોતાના ધર્મને સર્વથા ધર્મરૂપે માને છે તે તેઓનું ધર્મબુદ્ધિથી પાપનું સેવન છે. તેથી હવે તે સ્થાને શું કરવું ઉચિત છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**यत्र साम्यं स तत्रैव किमात्मपरचिन्तया ।**
**जानीत तद्विना हंहो! नात्मनो न परस्य च ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં સામ્ય છે ત્યાં જ તે=ધર્મ છે. આત્મા અને પરની ચિંતાથી**

**શું ?=આ મારો ધર્મ છે અને આ પરનો ધર્મ છે તેવી વિચારણાથી શું ? તેના વગર=આત્મા અને પરની ચિંતવના વગર, આત્માનો કે પરનો જણાતો નથી=પોતાના વડે સ્વીકારાયેલો ધર્મ ધર્મરૂપે જણાતો નથી કે પર વડે સ્વીકારાયેલો ધર્મ અધર્મરૂપે જણાતો નથી. ॥૩૬॥**

❖ 'हंहो' અવ્યય ખેદસૂચક છે.

**ભાવાર્થ :-**

**તત્ત્વાતત્ત્વના વિભાગમાં મધ્યસ્થતાથી તત્ત્વના સ્વીકારને અનુકૂળ વ્યાપાર તે સામ્યભાવ છે અને જે પ્રવૃત્તિમાં તેવો સામ્યભાવ છે ત્યાં જ ધર્મ છે.** આ પ્રકારના મધ્યસ્થભાવથી તત્ત્વને જોવાને અનુકૂળ કરાતા વ્યાપારથી સ્વદર્શનમાં કે પરદર્શનમાં મોહના ઉન્મૂલનને અનુકૂળ જે ઉચિત આચરણાઓ હોય તે ધર્મરૂપે જણાય છે. તેથી આ દર્શન આપણું છે અને પેલું દર્શન પરનું છે તે પ્રકારની ચિંતાથી શું ? અર્થાત્ ધર્મના અર્થી જીવ માટે તે પ્રકારનો પક્ષપાત ઉચિત નથી. તત્ત્વના અર્થી જીવને તો આ દર્શન મારું છે અને પેલું દર્શન પરનું છે તેવો વિચાર પણ આવતો નથી કે પોતાના દર્શનમાં ધર્મબુદ્ધિ અને પરના દર્શનમાં અધર્મબુદ્ધિ પણ થતી નથી પરંતુ સ્વ કે પરના દર્શનમાં જ્યાં મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ તત્ત્વનું સ્થાપન હોય તે સર્વ ધર્મરૂપે જણાય છે. માટે, અવિચારક રીતે પોતાના દર્શનને ધર્મરૂપે સ્થાપવા અને પરના દર્શનને અધર્મરૂપે સ્થાપવા માટે યત્ન કરવો વિવેકીને ઉચિત નથી. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે જ્યાં સામ્ય છે ત્યાં જ ધર્મ છે તેની જ પુષ્ટિ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः ।**
**सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम् ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ ધર્મમાં શિરોમણી એવો ક્ષમા વગેર દસ પ્રકારનો સાધુધર્મ છે. તે પણ=ક્ષાન્ત્યાદિ દસ પ્રકારનો ધર્મ પણ, મૈત્રી આદિથી કૃત કર્મવાળા એવા સામ્યવાળાઓને જ છે=મૈત્રી આદિથી ભાવિત થઈને ઉચિત કૃત્યો કરનારા એવા તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ મધ્યસ્થ પરિણામ-વાળાઓને જ છે. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

મોક્ષની પ્રાપ્તિનું કારણ બને એવો ધર્મ ભૂમિકા પ્રમાણે અનેક પ્રકારનો છે અને તે સર્વ જીવની મધ્યસ્થ પરિણતિરૂપ છે. આદ્ય ભૂમિકાની મધ્યસ્થ પરિણતિ આદ્યભૂમિકા જેવી હોય છે અને ઉપરની ભૂમિકાની મધ્યસ્થ પરિણતિ ઉપરની ભૂમિકા જેવી હોય છે તોપણ સ્વભૂમિકા અનુસાર તે સર્વ મધ્યસ્થ પરિણતિ રૂપ જ છે. આથી જ આદ્ય ભૂમિકાવાળા જીવો વિશેષ નહિ જાણતા હોવા છતાં મધ્યસ્થભાવથી તે તે દર્શનમાં રહેલી ઉચિત પ્રવૃત્તિને જોઈ સર્વ દર્શન પ્રત્યે સામ્યભાવ ધારણ કરનારા હોય છે અને તેઓ માને છે કે સર્વ દર્શન સારાં છે. વળી, તેઓની તે પ્રકારની માન્યતામાં પણ સ્વદર્શનમાં રહેલ તપ-ત્યાગના ઉચિત આચારો પ્રત્યેનો પક્ષપાત હોય છે અને સંસારની પ્રવૃત્તિ પ્રત્યે વિમુખભાવ હોય છે તે તેઓનો પ્રથમ ભૂમિકાનો મધ્યસ્થભાવ છે. પછી જેમ જેમ વિવેક પ્રગટે છે તેમ તેમ જે જે દર્શનમાં જે જે અંશથી તત્ત્વમાર્ગ છે તે તત્ત્વમાર્ગને ગ્રહણ કરીને અન્યના તત્ત્વમાર્ગનો ત્યાગ કરે છે અને જ્યારે મધ્યસ્થબુદ્ધિથી જણાય છે કે સર્વજ્ઞ કથિત દર્શન પરિપૂર્ણ તત્ત્વને બતાવનારું છે ત્યારે અન્યદર્શનનો ત્યાગ કરીને મધ્યસ્થભાવથી સર્વજ્ઞના દર્શનનો સ્વીકાર કરે છે. આવા મધ્યસ્થભાવના ધર્મમાં સર્વધર્મશિરોમણી સર્વજ્ઞ કથિત ક્ષાન્ત્યાદિ દસ પ્રકારોનો યતિધર્મ છે. **આ દસ પ્રકારના યતિધર્મને સેવનારા મહાત્માને કેવલ તત્ત્વનો પક્ષપાત પણ માત્ર બોધ કે રુચિમાં વિશ્રાંત થનારો નથી પરંતુ સત્ત્વના પ્રકર્ષથી સેવવાનો ઉદ્યમ કરાવે તેવો છે.** તેથી તત્ત્વના અર્થી એવા તે મહાત્માઓ આત્માની

તત્ત્વભૂત એવી વીતરાગ અવસ્થાને પ્રગટ કરવાના એક ઉપાયરૂપ એવા ક્ષાન્ત્યાદિ દસ પ્રકારના ધર્મને સેવે છે. અને સ્વદર્શનના પક્ષપાતવાળા અવિચારક જીવોએ કદાચ જૈન સાધુવેશ ધારણ કર્યો હોય, સાધ્વાચારની ક્રિયા કરનારા હોય તોપણ અવિચારક સ્વદર્શનના પક્ષપાતને કારણે વિશુદ્ધ શ્રમણ ધર્મ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ જેઓ સામ્યભાવવાળા છે અર્થાત્ કોઈ દર્શન પ્રત્યે પક્ષપાતવાળા નથી પરંતુ તત્ત્વના જ પક્ષપાતી છે અને જેઓનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી પરિકર્મિત થયેલું છે અને તેવા ચિત્તપૂર્વક ઉચિત ક્રિયા કરનારા છે તેવા જીવોને ક્ષાન્ત્યાદિ દશ પ્રકારનો ધર્મ પ્રાપ્ત થાય છે. માટે, મોક્ષના પ્રબલ કારણભૂત ક્ષાન્ત્યાદિ દસ પ્રકારના ધર્મની પ્રાપ્તિના અર્થી જીવોએ સ્વ સ્વ દર્શનના રાગનો ત્યાગ કરીને મધ્યસ્થતાપૂર્વક તત્ત્વનો રાગ કેળવવો જોઈએ. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત બીજા પ્રસ્તાવમાં અત્યારસુધી દૃષ્ટિરાગના ત્યાગપૂર્વક મધ્યસ્થતાને પ્રગટ કરવાના ઉપાયભૂત એવા તત્ત્વસારનો ઉપદેશ બતાવ્યો. હવે તે સર્વ ઉપદેશનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**साम्यं समस्तधर्माणां सारं ज्ञात्वा ततो बुधाः ।**
**बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं कुरुत निर्मलम् ।।३८।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી સમસ્ત ધર્મોના સાર એવા સામ્યને=સ્વદર્શન પરદર્શનના પક્ષપાતના ત્યાગ સ્વરૂપ મધ્યસ્થભાવને, જાણીને ત્યારપછી બુધો બાહ્ય દૃષ્ટિગ્રહને છોડીને નિર્મલ ચિત્તને કરો. ॥૩૮॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી હિતોપદેશ આપતાં કહે છે કે **સર્વધર્મનો સાર તત્ત્વ પ્રત્યેના પક્ષપાત સ્વરૂપ મધ્યસ્થભાવ** છે અને તેવો મધ્યસ્થભાવ જ સામ્યભાવ છે એમ

પ્રસ્તુત અધિકારમાં ગ્રંથકારે અત્યાર સુધી બતાવ્યું. તેને યથાર્થ જાણીને બુધ પુરુષોએ "આ પોતાનું દર્શન છે, પેલું પારકું દર્શન છે" તે પ્રકારનો પોતાની બુદ્ધિમાં વ્યક્ત કે અવ્યક્તરૂપે બાહ્ય દૃષ્ટિગ્રહ વિદ્યમાન હોય તો તેને યત્નપૂર્વક કાઢીને પોતાનું ચિત્ત નિર્મલ કરવું જોઈએ. પોતાના વડે સ્વીકારાયેલા ધર્મ પ્રત્યે અવ્યક્તરૂપે પણ એવો રાગ હોય કે જે અન્યત્ર રહેલા તત્ત્વને જોવામાં બાધક બનતો હોય તો તે કલુષિત ચિત્ત સંયમની અન્ય ઉચિત આચરણા દ્વારા પણ હિત સાધવા સમર્થ બનશે નહીં. માટે હિતના અર્થીએ સ્વદર્શનના રાગનો ત્યાગ કરીને ચિત્તને તત્ત્વના રાગવાળું કરવું જોઈએ. **॥૩૮॥**

**દ્વિતીય પ્રસ્તાવ સમાપ્ત**

## ❖ તૃતીય પ્રસ્તાવ ❖

# સામ્યોપદેશ

**પહેલા-બીજા પ્રસ્તાવ સાથે જોડાણ :**

પ્રથમ પ્રસ્તાવમાં ગ્રંથકારશ્રીએ યથાવસ્થિત ઉપાસ્ય એવા દેવનું સ્વરૂપ બતાવ્યું. જેથી કલ્યાણના અર્થીને બોધ થાય કે આવા ઉપાસ્ય દેવની ઉપાસના કરવાથી જ સંસારનો અંત થાય છે, અન્યદેવની ઉપાસનાથી નહિ. ત્યારપછી ધર્મની ઉપાસના કરવા માટે તત્પર થયેલા અને ત્યાગમાર્ગને સેવનારા ત્યાગીઓ પણ દૃષ્ટિરાગને કારણે હિત સાધી શકતા નથી. તેથી દૃષ્ટિરાગનો ત્યાગ કરીને તત્ત્વ પ્રત્યે જ રાગ કેળવવા અર્થે **"તત્ત્વસારોપદેશ"** નામનો બીજો પ્રસ્તાવ બતાવ્યો. જેથી કલ્યાણના અર્થી જીવો પ્રથમ પ્રસ્તાવના બળથી ઉપાસ્યના સ્વરૂપનો નિર્ણય કરી શકે અને બીજા પ્રસ્તાવના બળથી દૃષ્ટિરાગને છોડીને સર્વત્ર તત્ત્વમાર્ગ શું છે તે મધ્યસ્થતાથી જાણવા ઉદ્યમ કરી શકે.

હવે, તત્ત્વમાર્ગને જાણ્યા પછી પણ તત્ત્વને સેવવાથી જ સામ્યભાવ પ્રગટે છે અને તે **સામ્યભાવ જ પ્રકર્ષને પામી વીતરાગતાનું કારણ બને છે** તે બતાવવા અર્થે ત્રીજા પ્રસ્તાવમાં જગત્‌વર્તી સર્વ ભાવો પ્રત્યે સામ્યભાવને પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે.

**શ્લોક :-**

**सहजानन्दसाम्यस्य विमुखा मूढबुद्धयः ।**
**इच्छन्ति दुःखदं दुःखोत्पाद्यं वैषयिकं सुखम् ।।१।।**

**શ્લોકાર્થ :-**

**સહજાનન્દરૂપ એવો જે સામ્યભાવ, તેનાથી વિમુખ એવા મૂઢબુદ્ધિવાળા જીવો દુઃખથી ઉત્પાદ્ય અને દુઃખ દેનાર એવા વૈષયિક સુખને ઈચ્છે છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

જગતના સર્વભાવો પ્રત્યે જેનું ચિત્ત સામ્યભાવવાળું છે અને મોહની આકુળતા વગરના આત્માના શુદ્ધ સ્વરૂપ પ્રત્યેના રાગથી અને આત્માના સ્વરૂપથી વિપરીત સ્વરૂપ પ્રત્યે દ્વેષથી બદ્ધ છે તેવા મુનિઓનું ચિત્ત સદા આત્માના સામ્યભાવ સાથે પ્રતિબંધવાળું છે અને તે સામ્યભાવ જીવને સહજાનંદ આપે તેવો છે. આવા સામ્યભાવને વિમુખ એવા મૂઢબુદ્ધિવાળા જીવો સાંસારિક અન્ય ભાવો પ્રત્યે રાગ ધરાવે છે અને આત્માના ભાવો પ્રત્યે દ્વેષ અથવા ઉપેક્ષા ધરાવે છે તેથી આત્માના સહજ સામ્યભાવના સુખ માટે ઉદ્યમ કરવાનું છોડીને વૈષયિક સુખમાં યત્ન કરે છે. ઇચ્છાથી આકુળ થયેલા જીવોને આ વૈષયિક સુખ ક્ષણભર સુખ ઉત્પન્ન કરે છે તોપણ મોહની આકુળતા રૂપ દુઃખથી ઉત્પાદ્ય છે અને મોહથી આકુળ થયેલા જીવો તે તે પ્રકારના શ્રમરૂપ દુઃખને અનુભવે છે અને તેનાથી ઇચ્છાની આકુળતાના શમનને કારણે ક્ષણભર કાંઈક સુખ થાય છે. વળી, તે સુખ અનેક પ્રકારની પાપની પ્રવૃત્તિ કરાવનાર છે, અને સંગના પરિણામ રૂપ છે તેથી તે સંગના પરિણામથી બંધાયેલાં કર્મોના ફળરૂપે દુઃખની પ્રાપ્તિ થાય છે તેથી તે વૈષયિક સુખ દુઃખને દેનારું છે. છતાં સહજાનંદના સુખના પરમાર્થને નહિ જાણનારા જીવો સહજ સુખને ઇચ્છતા નથી પણ વૈષાયિક સુખને ઇચ્છે છે.

આ પ્રકારે બતાવીને ગ્રંથકારશ્રીને એ બતાવવું છે કે જીવ માત્ર સુખનો અર્થી છે પણ તેને જે સુખ જોઈએ છે તે સુખ સામ્યભાવના પરિણામરૂપ છે છતાં અજ્ઞાનને વશ જીવો તેવા સુખને છોડીને મોહની આકુળતારૂપ અને ભોગના શ્રમરૂપ દુઃખમાંથી ઉત્પન્ન થયેલું અને દુઃખની પરંપરાને કરનાર એવા અસાર સુખને ઇચ્છે છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**વિવેકદૃષ્ટિને પામેલા જીવો સહજાનંદના અર્થી છે. તેઓ સંસારી જીવોની વૈષયિક પ્રવૃત્તિને કઈ રીતે જોનારા છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**कषाया विषया दुःखमिति वेत्ति जनः स्फुटम् ।**
**तथापि तन्मुखः कस्माद् धावतीति न बुद्ध्यते ।।२।।**

**શ્લોકાર્થ :-**

**કષાયો અને વિષયો દુઃખ છે તે પ્રમાણે લોકો સ્પષ્ટ વેદન કરે છે તોપણ લોકો તેના સન્મુખ કયા કારણથી જાય છે તે જણાતું નથી. ॥૨॥**

**ભાવાર્થ :-**

કાષાયિક ભાવો આત્માના સહજ સુખના વિરોધી છે અને કષાયને વશ થયેલ જીવો કષાયની પીડાને અનુભવે છે પણ સુખને અનુભવતા નથી. વળી, કષાયને વશ થઈને વિષયને ગ્રહણ કરવામાં જે શ્રમ કરે છે તે શ્રમ પણ દુઃખરૂપ હોવાથી તે વિષયોની પ્રાપ્તિ પણ શ્રમના દુઃખ સ્વરૂપ છે. તેથી વિવેકી જીવોને સ્પષ્ટ દેખાય છે કે કષાય પણ દુઃખ સ્વરૂપ છે અને વિષયો માટે કરાતો શ્રમ પણ દુઃખ સ્વરૂપ છે. આમ હોવા છતાં જીવો તેને સન્મુખ કેમ જાય છે તે જણાતું નથી. તત્ત્વને જોવામાં મૂઢબૂદ્ધિવાળા જીવો જ સ્વપ્રયત્નથી દુઃખને ઉત્પન્ન કરીને પોતાના આત્માની વિડંબના કરે છે એમ વિવેકી પુરુષોને દેખાય છે. માટે સુખના અર્થી જીવોએ વિવેકી પુરુષોના વચનનું અવલંબન લઈને સહજાનંદ સ્વરૂપ સામ્યભાવમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, સંસારથી મૂઢ જીવો સહજાનંદના સુખને છોડીને દુઃખ ઉત્પન્ન કરે તેવી પ્રવૃત્તિ કેમ કરે છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**सर्वसंगपरित्यागः सुखमित्यपि वेत्ति सः ।**
**संमुखोऽपि भवेत् किं न तस्येत्यपि न बुद्ध्यते ।।३।।**

**શ્લોકાર્થ :-**

**તે=જીવ, સર્વસંગનો પરિત્યાગ સુખરૂપે છે તે પણ જાણે છે (છતાં) તેના સન્મુખ પણ=સર્વસંગના ત્યાગના સન્મુખ પણ, કેમ થતા નથી તે પણ જણાતું નથી. ॥૩॥**

**ભાવાર્થ :-**

વિવેકદૃષ્ટિ ખૂલેલી છે તેવા જીવો માર્ગાનુસારી પ્રજ્ઞાથી જોઈ શકે છે કે અંતરંગ અસંગનો પરિણામ જ જીવને માટે સુખરૂપ છે. અને આથી જ સિદ્ધ અવસ્થામાં આત્મા દ્રવ્યસંગ અને ભાવસંગથી રહિત છે માટે સુખી છે અર્થાત્ સિદ્ધના જીવોને દ્રવ્યસંગ રૂપ શરીર વગેરેના અભાવને કારણે બાહ્ય ઉપદ્રવ નથી અને અંતરંગસંગ રૂપ મોહના પરિણામના અભાવને કારણે અંતરંગ ઉપદ્રવ નથી. માટે તેઓ સહજસુખને અનુભવે છે એ પ્રમાણે વિવેકદૃષ્ટિવાળા જીવો જાણે છે.

આમ છતાં સંસારી જીવો અનાદિ ભવઅભ્યસ્ત સ્વભાવને કારણે સર્વસંગથી પર એવા આત્માના અસંગભાવને સન્મુખ પણ થતા નથી પરંતુ અનાદિની સંગની વાસનાને વશ થઈને બાહ્ય પદાર્થોનો સંગ કરીને જ આનંદ લેવા યત્ન કરે છે. આ પ્રકારનો યત્ન તે જીવો કેમ કરે છે તે પણ જણાતું નથી અર્થાત્ ગ્રંથકારશ્રી કહે છે કે જેને સ્પષ્ટ દેખાતું હોય કે સર્વસંગના પરિત્યાગમાં સુખ છે છતાં સુખના અર્થી જીવો એનાથી વિપરીત પ્રવૃત્તિ કરતા દેખાય ત્યારે વિવેકી પુરુષને વિચાર આવે છે કે આ જીવો આવી અસંભવિત પ્રવૃત્તિઓ કેમ કરે છે ? તે જણાતું નથી.

આ બતાવવા દ્વારા ગ્રંથકારશ્રીને એ જ ઉપદેશ આપવો છે કે સર્વ ઉદ્યમથી સહજાનંદ સ્વરૂપ સામ્યભાવમાં ઉદ્યમ કરવો જોઈએ અને તે જ જીવ માટે પરમસુખ છે. ॥૩॥

**અવતરણિકા :-**

**વળી, જે જીવો તત્ત્વને જાણવા માટે શાસ્ત્રો ભણે છે, શાસ્ત્રને ભણવામાં કુશાગ્ર બુદ્ધિવાળા છે તેઓ પણ અંતરંગ દુઃખ ઉત્પાદક એવા કષાયો અને**

વિષયના સ્વરૂપને જાણી શકતા નથી અને સંસારની વિડંબનાને પામે છે તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

सूक्ष्माः सूक्ष्मतरा भावा भेद्यन्ते सूक्ष्मबुद्धिभिः ।
एतद् द्वयं तु दुर्भेदं तेषामपि हि का गतिः ? ।।४।।

**શ્લોકાર્થ :-**

**જેઓ દ્વારા સુક્ષ્મબુદ્ધિથી સૂક્ષ્મ-સૂક્ષ્મતર ભાવો પણ ભેદ કરાય છે=તત્ત્વને કહેનારા શાસ્ત્રના ભાવો સૂક્ષ્મબુદ્ધિથી જેઓ વડે સૂક્ષ્મ-સૂક્ષ્મતર અવલોકન કરાય છે, એવા જીવોને પણ આ બે=કષાય અને વિષય, દુર્ભેદ છે=તેના પારમાર્થિક સ્વરૂપનો વિભાગ કરવો દુષ્કર છે. તેઓની પણ કઈ ગતિ છે ? અર્થાત્ શાસ્ત્રના અભ્યાસથી કોઈ કલ્યાણની પ્રાપ્તિ નથી. ।।૪।।**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો તત્ત્વના અર્થી છે, સૂક્ષ્મબુદ્ધિવાળા છે, શાસ્ત્રનું અધ્યયન કરે છે અને શાસ્ત્રમાં બતાવેલા સૂક્ષ્મતર ભાવોના વિભાગને પાડીને શાસ્ત્રવચનના પદાર્થોને યથાર્થ જાણે છે અને અન્ય જીવોને પણ બતાવે છે. તેવા પણ જીવો પોતાના ચિત્તમાં સ્પર્શતા કષાયો અને વિષયોના ભાવોનું વિભાગ કરીને અવલોકન કરી શકતા નથી. અર્થાત્ પોતે શાસ્ત્ર ભણે છે તેથી પોતે બુદ્ધિમાન છે, સૂક્ષ્મ પદાર્થોને જાણનારા છે, તપાદિની આચરણા કરનારા છે, ઇત્યાદિ ભાવો કરી પોતાના ચિત્તને કષાયોથી કલુષિત કરે છે. વળી, તેઓના બોધની કે પ્રમાદી આચરણાની લોક પ્રશંસા કરે છે, પૂજે છે તે સર્વ બાહ્ય વિષયો ચિત્તને સ્પર્શે છે. તેના પરમાર્થના વિભાગને પણ તેઓ કરી શકતા નથી. એટલું જ નહિ માત્ર વિચારે છે કે આ બાહ્ય શાસ્ત્રના બોધથી, આ વિદ્વત્તાથી કે આ આચરણાથી હું કલ્યાણના માર્ગ પર છું. આવા જીવોની પણ કઈ ગતિ છે ? અર્થાત્ તેઓની તે પ્રવૃત્તિ પણ સહજ આનંદરૂપ સામ્યભાવને અભિમુખ નથી. તેથી તે જીવો સહજાનંદના સુખને પામી શકે તેમ નથી, પરંતુ સંસારી જીવોની જેમ જ મૂઢ બુદ્ધિવાળા વૈષયિક સુખને ઇચ્છનારા છે. ।।૪।।

**અવતરણિકા :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે શાસ્ત્રના સૂક્ષ્મપદાર્થો જાણનારા જીવ પણ કષાય અને વિષયના પારમાર્થિક સ્વરૂપના વિભાગને જાણી શકે નહિ તો તેઓને શાસ્ત્ર-અધ્યયનનું કોઈ ફલ પ્રાપ્ત થાય નહીં. તેથી હવે સંક્ષેપથી કષાયના પારમાર્થિક સ્વરૂપનો ભેદ શું છે તે પ્રથમ બતાવે છે –

**શ્લોક :-**

**अपराधाक्षमा क्रोधो मानो जात्याद्यहंकृतिः ।**
**लोभः पदार्थतृष्णा च माया कपटचेष्टितम् ।।५।।**

**શ્લોકાર્થ :-**

**અપરાધમાં અક્ષમા તે ક્રોધ છે, જાત્યાદિ અહંકૃતિ=જાતિ,કુલ, શ્રુત વગેરેનો અહંકાર તે માન છે, પદાર્થમાં તૃષ્ણા તે લોભ છે, કપટ ચેષ્ટિત= કપટપૂર્વક ચેષ્ટા, કરાયેલી પ્રવૃત્તિ માયા છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત પ્રસ્તાવ સામ્યના ઉપદેશરૂપ છે અને તે સામ્ય કષાય અને વિષયનો ઉચ્છેદ કરીને વીતરાગભાવ રૂપ છે. તેથી ઉચ્છેદ્ય એવા કષાયોનો મર્મસ્પર્શી બોધ કરાવવા માટે ગ્રંથકારશ્રી ક્રોધાદિ ચાર કષાયોનું કાંઈક સ્વરૂપ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે.

**ક્રોધ :**

કોઈપણ જીવનો અપરાધ હોય તે અપરાધમાં આત્માને અંતરંગ રીતે ઇષદ્ કે અધિક કાંઈ પણ જ્વલનનો પરિણામ થાય તે 'અક્ષમા'નો પરિણામ છે અને તે ક્રોધ છે.

**માન :**

પોતે જાતિવાન છે, કુલવાન છે, વિદ્વાન છે, તપસ્વી છે ઇત્યાદિ બુદ્ધિથી અહંકૃતિ અર્થાત્ હું ઉચ્ચજાતિનો છું, હું ઊંચા કુલનો છું, મેં આટલો શાસ્ત્રાભ્યાસ

કર્યો, મેં આ તપ કર્યું એ પ્રકારની બુદ્ધિ તે માનનો પરિણામ છે. વસ્તુતઃ પૂર્ણજ્ઞાની વીતરાગ છે, પોતે પૂર્ણજ્ઞાની નથી. યત્કિંચિત્ ભણ્યો હોય તો એટલા અભ્યાસ માત્રથી અભણ જીવો કરતાં "હું કાંઈક છું" તેવી મિથ્યાબુદ્ધિજન્ય જે પરિણામ તે 'માન'નો પરિણામ છે.

**લોભ :**

પદાર્થની તૃષ્ણા લોભ છે. આત્માથી ભિન્ન એવા દેહ પ્રત્યે પણ શાતાની અર્થીતાથી તૃષ્ણાનો પરિણામ તે 'લોભ' છે. તેથી જેનું ચિત્ત દેહથી માંડીને બાહ્ય સર્વ પદાર્થો પ્રત્યે લેશ પણ પ્રતિબંધવાળું નથી, શાતા-અશાતા બંને પ્રત્યે સમાન પરિણામવાળું છે, માત્ર રાગાદિ ભાવોથી પર એવા શુદ્ધ આત્મામાં રાગ પ્રવર્તે છે અને તે સિવાય સર્વ ભાવો પ્રત્યે નિરપેક્ષ છે તેઓમાં લોભ નથી. તે સિવાય દેહની અનુકૂળતા આદિ કોઈપણ ભાવની તૃષ્ણા તે લોભ છે.

**માયા :**

કપટચેષ્ટિત પરિણામ તે માયા છે. પોતે વીતરાગભાવને અનુકૂળ ઉદ્યમ કરતા ન હોય પણ માત્ર ધર્મની બાહ્ય પ્રવૃત્તિ કરે છે છતાં પોતે ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે એવું જે માને છે અને બોલે છે તે સર્વ કપટચેષ્ટિત છે. પરમાર્થથી વીતરાગના વચનનું અવલંબન લઈને બાહ્ય સર્વ ઉચિત પ્રવૃત્તિ તે રીતે કરે જેથી તે પ્રવૃત્તિ વીતરાગભાવને અનુકૂળ બને નહિ અને જાતને ઠગીને માને કે હું કલ્યાણની પ્રવૃત્તિ કરું છું તે સર્વ કપટચેષ્ટિત છે.

**સંક્ષેપ :**

જીવ સદા મન-વચન-કાયાના વ્યાપારવાળો છે અને તેનો મન-વચન-કાયાનો વ્યાપાર જિનવચનને અવલંબીને સર્વ ઉચિત પ્રવૃત્તિમાં હોય અને અંતરંગ રીતે મોહના ઉન્મૂલનને અનુકૂલ ઉચિત ઉપયોગવાળો હોય તો ચાર કષાયમાંથી એકેય કષાયનો ઉપયોગ નથી પરંતુ કષાયના નાશમાં ઉપયોગ વર્તે છે અને જિનવચનથી નિયંત્રિત થઈને મન-વચન-કાયાના યોગો પ્રવર્તતા ન હોય તો જે કાંઈ ઉપયોગ વર્તે છે તે કોઈક પ્રકારના મોહથી અભિવ્યક્ત થતા ચૈતન્ય સ્વરૂપ છે અને મોહથી અભિવ્યક્ત થતું ચૈતન્ય ચાર કષાયમાંથી કોઈ કષાયના

ઉપયોગથી જ વર્તતું હોય છે. ક્યારેક તે કષાયનો પરિણામ અત્યંત વ્યક્ત હોય છે જે ઉપયોગથી જોવામાં આવે તો સ્પષ્ટ બોધ થાય તેવો હોય છે. ક્યારેક કષાયનો પરિણામ અતિ મંદ હોય છે. જે સૂક્ષ્મબુદ્ધિથી જોવામાં આવે તો જણાય તેવો હોય છે, પરંતુ કષાયને છોડીને તે ઉપયોગ પ્રવર્તતો નથી. તેથી કષાયના ઉચ્છેદના અર્થીએ સર્વથા કષાય રહિત એવા વીતરાગના વચનનું દઢ અવલંબન લઈને, કોઈ નિમિત્તને પામીને પોતાનો ભાવ મોહથી અભિવ્યક્ત ન થાય પરંતુ મોહના ઉન્મૂલનને અનુકૂળ થાય તે રીતે યત્ન કરવો જોઈએ. ॥૫॥

**અવતરણિકા :-**

**શ્લોક-૪માં કહ્યું કે સૂક્ષ્મપદાર્થોને જાણનારા પણ કષાય અને વિષયના વિભાગને જાણી ન શકે તો તેઓનો સૂક્ષ્મ બોધ વ્યર્થ છે. તેમાંથી કષાયનો સૂક્ષ્મ બોધ કેમ કરવો તેનું કાંઈક સ્વરૂપ પૂર્વશ્લોકમાં બતાવ્યું. હવે વિષયના પારમાર્થિક બોધ અર્થે કહે છે –**

**શ્લોક :-**

**शब्दरूपरसस्पर्शगन्धाश्च मृगतृष्णिका ।**
**दुःखयन्ति जनं सर्वं सुखाभासविमोहितम् ।।६।।**

**શ્લોકાર્થ :-**

**અને મૃગતૃષ્ણા જેવા શબ્દ, રૂપ, રસ, સ્પર્શ, ગંધ સુખાભાસથી મોહિત એવા સર્વજનને દુઃખ આપે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

મોહથી અનાકુળ અવસ્થા જીવનું પારમાર્થિક સુખ છે અને મોહથી આકુળ થયેલા જીવોને બાહ્ય પદાર્થોના સંગથી ક્ષણિક સુખ થાય છે તે ક્ષણિક સુખ જીવના પારમાર્થિક સુખની તુલનામાં સુખાભાસરૂપ છે; કેમ કે વાસ્તવમાં સામ્યભાવના પરિણામથી વેદન થતું પારમાર્થિક સુખ કષાયની આકુળતાથી, કર્મબંધની વિડંબનાથી અને સંસારના દુરંત પરિભ્રમણના અનર્થોથી જીવનું રક્ષણ કરે છે. તેની સામે ઇન્દ્રિયજન્ય સુખ ક્ષણભર સુખનો અનુભવ કરાવવા

છતાં તેની પ્રાપ્તિ માટે શ્રમ કરાવે છે અને અંતરંગ રીતે જીવને ઇચ્છાની આકુળતાથી વિહ્વળ કરે છે. વળી, તે સુખને પામીને જે કાંઈ અંતરંગ મલિન ભાવો થાય છે તથા તે સુખ મેળવવા જે કાંઈ પાપારંભ થાય છે તેના ફળરૂપે કર્મબંધની પ્રાપ્તિ થાય છે અને સંસારના પરિભ્રમણના અનર્થની પ્રાપ્તિ થાય છે. તેથી ઘણાં દુઃખોથી સંવલિત એવું ક્ષણભરનું અલ્પમાત્રાનું સુખ સુખાભાસ છે. અને મોહની આકુળતા વિનાનું સુખ સદા સ્થાયી અને સદા ઉપદ્રવ વગરનું હોવાથી પારમાર્થિક સુખ છે. જેઓની પારમાર્થિક સુખ જોવાની દૃષ્ટિ મોહથી આચ્છાદિત થયેલી છે તેવા જીવો ઇન્દ્રિયના વિષયજન્ય સુખાભાસથી મોહિત છે અને તેવા જીવોને પાંચ ઇન્દ્રિયના શબ્દાદિ વિષયો મોહથી આકુળ કરીને તે મેળવવા માટે શ્રમ કરાવે છે અને તેના દ્વારા જીવ અનેક જાતની વિડંબના પ્રાપ્ત કરે છે. માટે પાંચ ઇન્દ્રિયના વિષયો સંસારી જીવોને દુઃખ ઉત્પન્ન કરનારા છે.

આવું સુખ પાછું મૃગતૃષ્ણા જેવું છે અર્થાત્ જ્યાં જલ ન હોય ત્યાં જલનો ભ્રમ થાય તે ભ્રમાત્મક જલ મૃગતૃષ્ણા કહેવાય છે તેમ પાંચે ઇન્દ્રિયના વિષયો જીવને સુખ કરનારા નથી પરંતુ ઇચ્છાની આકુળતા કરીને દુઃખ ઉત્પન્ન કરનારા છે તોપણ આ વિષયો મારા સુખના કારણ છે તેવો ભ્રમ જીવને પેદા કરાવે છે તેથી શબ્દાદિ વિષયો મૃગતૃષ્ણા જેવા છે. તેની કદર્થનાને પામેલા જીવો સંસારની સર્વ કદર્થનાને પ્રાપ્ત કરે છે. ॥૬॥

**અવતરણિકા :-**

**શ્લોક-૪માં કહ્યું કે સૂક્ષ્મબુદ્ધિવાળાં વડે પણ કષાય અને વિષયોના પરમાર્થનો ભેદ થઈ શકતો નથી. તો તેઓની સૂક્ષ્મબુદ્ધિ વ્યર્થ છે. તેથી હવે કષાયયુક્ત જીવોના વિષયોનાં સુખનો અને યોગીનાં સુખનો ભેદ બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**नोपेन्द्रस्य न चेन्द्रस्य तत् सुखं नैव चक्रिणः ।**
**साम्यामृतविनिर्मग्नो योगी प्राप्नोति यत् सुखम् ।।७।।**

**શ્લોકાર્થ :-**

**ઉપેન્દ્રને તે સુખ નથી અને ઈન્દ્રને તે સુખ નથી. ચક્રવર્તીને તે સુખ નથી જ, જે સુખ સામ્ય અમૃતમાં વિશેષ રીતે નિર્મગ્ન એવાં યોગી પ્રાપ્ત કરે છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને ઇચ્છાની પૂર્તિ થવાથી ક્ષણિક સુખો થાય છે અને પુણ્યના પ્રકર્ષવાળા ઉપેન્દ્રને, ઇન્દ્રને કે ચક્રવર્તીને તેવાં સુખો ઘણાં થાય છે; કેમ કે પુણ્યના પ્રકર્ષને કારણે તે પ્રકારની શ્રેષ્ઠ ભૌતિક સામગ્રી પ્રાપ્ત થઈ હોવાથી સંસારમાં વર્તતા સામાન્ય જીવો કરતાં તેઓને વિશેષ પ્રકારનાં સુખનો અનુભવ હોય છે. આમ છતાં મોહના કલ્લોલની વિશ્રાંતિ થવાને કારણે વિશેષરૂપે સમભાવમાં મગ્ન એવા યોગીઓનું ચિત્ત સ્વસ્થતાના અનુભવથી જે પ્રકારનું સુખ અનુભવે છે તેવું સુખ ઉપેન્દ્ર આદિ કોઈને નથી. તેથી ફલિત થાય કે સુખ એ આત્માની સ્વસ્થતાવાળી અવસ્થા છે. અને પુણ્યના કારણે પ્રાપ્ત થયેલી ભોગસામગ્રીથી જીવોને જે સ્વસ્થતાનો અનુભવ થાય છે, તેના કરતાં પણ વિશેષ પ્રકારની સ્વસ્થતા તત્ત્વના ભાવોથી શાંતરસમાં અત્યંત મગ્ન એવા યોગીઓને થાય છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વના શ્લોકમાં કહ્યું કે સામ્યામૃતમાં વિશેષ રીતે મગ્ન યોગીને જે સુખ છે તે ઉપેન્દ્રાદિ કોઈને નથી. તેથી હવે ચાર શ્લોક દ્વારા એવું સામ્યામૃતનું સુખ મુનિને કઈ રીતે પ્રાપ્ત થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**रागोऽभीष्टेषु सर्वेषु द्वेषोऽनिष्टेषु वस्तुषु ।**
**क्रोधः कृतापराधेषु मानः परपराभवे ।।८।।**
**लोभः परार्थसंप्राप्तौ माया च परवञ्चने ।**
**गते मृते तथा शोको हर्षश्चागतजातयोः ।।९।।**

अरतिर्विषयग्रामे याऽशुभे च शुभे रतिः ।
चौरादिभ्यो भयं चैव कुत्सा कुत्सितवस्तुषु ।।१०।।
वेदोदयश्च संभोगे व्यलीयेत मुनेर्यदा ।
अन्तःशुद्धिकरं साम्यामृतमुज्जृम्भते तदा ।।११।।

(चतुर्भिः कलापकम्)

**શ્લોકાર્થ :-**

**મુનિને, સર્વ અભિષ્ટ પદાર્થોમાં રાગ, અનિષ્ટ વસ્તુમાં દ્વેષ, અપરાધવાળા પુરુષોમાં ક્રોધ, પરના પરાભવમાં માન, પદાર્થની પ્રાપ્તિમાં લોભ, પરવંચનમાં માયા, ગતમાં=કોઈ સ્નેહીજનના જવામાં કે મૃતમાં= મૃત્યુમાં શોક, આગત અને જાતમાં=કોઈક ઇષ્ટ એવા સ્નેહીજનના આગમનમાં કે પુત્રાદિના જન્મમાં હર્ષ અને અશુભ એવા વિષયોના સમુદાયમાં અરતિ અને શુભ વિષયના સમુદાયમાં રતિ, ચોરાદિથી ભય અને કુત્સિત વસ્તુઓમાં કુત્સા=જુગુપ્સા અને સંભોગના વિષયમાં વેદનો ઉદય, જ્યારે વ્યલીન થાય છે=પૂર્વમાં વર્ણન કરાયેલા સર્વ કષાયો અને નોકષાયો જ્યારે વ્યલીન થાય છે, ત્યારે અંતરની શુદ્ધિને કરનાર=ચિત્તની શુદ્ધિને કરનાર, સામ્યામૃત ઉજ્જૃંભ પામે છે=ઉલ્લસિત થાય છે. ।।૮-૯-૧૦-૧૧।।**

**ભાવાર્થ :-**

સંસારાવસ્થામાં જીવો દેહાદિના સંગવાળા છે, તેથી જેમ બાહ્યથી દેહાદિનો સંગ છે તેમ અંતર પરિણતિથી પણ સંગ કરવાની જીવની પ્રકૃતિ છે. અને તેના કારણે દેહ અને ઇન્દ્રિયોની સાથે સદા સંગની બુદ્ધિ વર્તે છે. તેથી જે પદાર્થો દેહ અને ઇન્દ્રિયને ઇષ્ટ છે તેમાં જીવને રાગ થાય છે અને દેહ અને ઇન્દ્રિયને જે અનિષ્ટ વસ્તુઓ છે તેમાં જીવને દ્વેષ થાય છે. રાગ હંમેશાં પ્રવૃત્તિ કરાવે છે અને દ્વેષ હંમેશાં નિવૃત્તિ કરાવે છે. તેથી, રાગને વશ જીવો દેહ કે ઇન્દ્રિયને જે ઇષ્ટ પદાર્થો છે તેમાં સદા પ્રવૃત્તિ કરે છે અને દ્વેષને કારણે દેહને કે ઇન્દ્રિયને જે અનિષ્ટ છે તેનાથી નિવૃત્તિ માટે સદા ઉદ્યમ કરે છે. વળી, બાહ્ય પદાર્થો

પ્રત્યે સંગની બુદ્ધિવાળા જીવનો કોઈ અન્ય પુરુષ અપરાધ કરે ત્યારે તેઓ તેના પ્રત્યે ક્રોધવાળા થાય છે અને કોઈ જીવનો પોતે પરાભવ કરે છે ત્યારે તે પરના પરાભવમાં માનવાળા થાય છે. વળી, સંગની બુદ્ધિવાળા હોવાને કારણે બાહ્ય અનુકૂળ સામગ્રીની સંપ્રાપ્તિમાં સદા લોભ વર્તે છે અને લોભાદિને વશ થઈને બીજાનું વંચન કરે છે ત્યારે માયા વર્તે છે. વળી કોઈ નજીકનો સ્નેહી પોતાની પાસેથી દૂર જાય કે કોઈ નજીકનો સ્નેહી મૃત્યુ પામે ત્યારે શોક થાય છે. વળી, જેના પ્રત્યે પોતાને પ્રીતિ છે તે આવે છે ત્યારે હર્ષ થાય છે. અને પુત્રાદિની આકાંક્ષાવાળા હોય છે માટે પુત્રાદિના જન્મમાં હર્ષ થાય છે. ઇન્દ્રિયોના પ્રતિકૂળ વિષયોની પ્રાપ્તિમાં અરતિ થાય છે અને અનુકૂળ વિષયોની પ્રાપ્તિમાં રતિ છે. વળી, ચોર વગેરેથી સદા ભય વર્તે છે, ઇન્દ્રિયો સામે કુત્સિત વસ્તુઓ દેખાય છે ત્યારે જુગુપ્સા થાય છે. વળી, વેદનો ઉદય થાય છે ત્યારે સંભોગનો પરિણામ થાય છે. આ પ્રકારે સંગની બુદ્ધિવાળા જીવોને જે-જે ઉપયોગ વર્તે છે, તે-તે ઉપયોગને અનુરૂપ ત્યારે-ત્યારે રાગાદિ ભાવો થાય છે અને તે રાગાદિ ભાવોને કારણે તેઓનું ચિત્ત સામ્યભાવમાં વર્તતું નથી. પરંતુ બાહ્ય પદાર્થના પક્ષપાતથી, પૂર્વમાં વર્ણન કરાયેલા કોઈક ને કોઈક ભાવોથી સદા આકુળ વર્તે છે.

જે મુનિ આ રાગાદિભાવો મારા આત્માની વિકૃતિના આધાયક છે તેવો નિર્ણય કરીને બાહ્ય પદાર્થોના સંગથી પર થવા માટે પોતાનો રાગ સંગ વગરની અવસ્થાની પ્રાપ્તિના ઉપાયને કહેનારા તીર્થંકરમાં અને ભાવથી સંગ વગરની અવસ્થાને પામેલા સિદ્ધાત્માઓમાં કરે છે અને સંગ વગરની અવસ્થાની પ્રાપ્તિના ઉપાયભૂત સંયમમાં કરે છે. તેવા મહાત્માઓને સંસારી જીવોની જેમ પૂર્વમાં ભાવો થતા હતા તે નાશ પામે છે તેથી તે મહાત્માનું ચિત્ત જગતના ભાવો પ્રત્યે અત્યંત સામ્યભાવવાળું થાય છે.

આનાથી એ ફલિત થાય છે કે જે મુનિઓ માત્ર બાહ્ય ક્રિયા કરીને સંતોષને ધારણ કરે છે તેઓને સામ્યભાવ ઉલ્લસિત થતો નથી. પરંતુ જે મુનિ સામ્યભાવને લક્ષ્ય કરી સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે અને સદા સૂત્ર-અર્થનું પરાવર્તન કરીને આત્માને શ્રુતથી વાસિત કરે છે તેઓને સામ્યની પ્રાપ્તિનો સંભવ છે. ॥૮-૯-૧૦-૧૧॥

**અવતરણિકા :-**

**શ્લોક-૮થી ૧૧માં મુનિઓને સામ્યભાવ કઈ રીતે પ્રાપ્ત થાય છે તે બતાવ્યું. હવે તે રાગાદિ ભાવો જીવના વિવેકને નાશ કરનારા છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**एतेषु येन केनापि कृष्णसर्पेण देहिनः ।**
**दष्टस्य नश्यति क्षिप्रं विवेकवरजीवितम् ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**આમાં=શ્લોક-૮થી ૧૧માં બતાવેલા રાગાદિ ભાવોમાં, જે કોઈપણ કૃષ્ણ સર્પથી ડંસાયેલા એવા દેહીનું=જીવનું, વિવેકરૂપ શ્રેષ્ઠ જીવિત ક્ષિપ્ર નાશ પામે છે. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવેલ તેમ કોઈ મહાત્મા સંયમમાં યત્ન કરીને સામ્યભાવને પ્રાપ્ત કરે ત્યારે તે જીવમાં શ્રેષ્ઠ એવું વિવેક નામનું જીવન પ્રગટે છે. જે વિવેકરૂપી જીવનના બળથી તે જીવ સુખની પરંપરાને પ્રાપ્ત કરે છે. આમ છતાં, કોઈક નિમિત્તથી તે જીવ પ્રમાદને વશ બને તો પૂર્વમાં બતાવેલા રાગાદિ ભાવોમાંથી કોઈ પણ રાગાદિ ભાવરૂપ કૃષ્ણ સર્પથી તે મહાત્મા ડંસિત થાય છે. જેથી મહાપ્રયત્નથી પ્રગટ થયેલું વિવેકરૂપ જીવન ક્ષિપ્ર નાશ પામે છે.

આશય એ છે કે આત્મામાં ચિરકાળથી મોહના સંસ્કારો સ્થિર થયેલા છે. હવે, કોઈક રીતે સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણીને કોઈ મહાત્મા તે સંસારના ઉચ્છેદ માટે જિનવચનાનુસાર ઉદ્યમ કરે છે અને તે ઉદ્યમના બળથી સર્વ બાહ્યપદાર્થો પ્રત્યેનું ભેદજ્ઞાન સ્થિર થાય છે અને જેમ જેમ ભેદજ્ઞાન સ્થિર થાય છે તેમ તેમ વિવેક અતિશય-અતિશયતર થાય છે અને ભેદજ્ઞાનનો વિવેક જ જીવનું શ્રેષ્ઠ જીવન છે અને તેના બળથી જ તે મહાત્મા સર્વ સુંદર અવસ્થાને પ્રાપ્ત કરે છે. આમ છતાં, કોઈક બલવાન બાહ્ય નિમિત્તથી સત્તામાં રહેલાં

બળવાન કર્મોના ઉદયથી કે જીવના પ્રમાદી સ્વભાવના બળથી સુષુપ્ત રહેલા મોહના સંસ્કારો જાગૃત થાય છે તે વખતે કોઈકને રાગ ઊઠે છે તો કોઈકને દ્વેષ ઊઠે છે, તો કોઈકને માનાદિ ઊઠે છે. આ રીતે કોઈપણ કષાયને વશ થયેલા તે મહાત્મા આત્માને મલિન કરનારા એવા કાળા સર્પ જેવા કાષાયિક ભાવોથી ડંસાય છે અને જો તે મહાત્મા તત્કાલ જાગૃત થઈને તે સર્પના વિષને દૂર ન કરે તો જેમ કાળા સર્પથી ડંસાયેલો પુરુષ શીઘ્ર મૃત્યુ પામે છે તેમ કષાયોથી ડંસાયેલા તે મહાત્માનું ચિત્ત ફરી મોહાકુલ ભાવને ધારણ કરે છે. તેથી ભેદજ્ઞાનરૂપ વિવેક દૂર થાય છે, સંગની વાસના પ્રબળ બને છે. જેના બળથી ફરી સંસારચક્રનું ભ્રમણ થાય તેવા વિનાશની પરિણતિ પ્રાપ્ત થાય છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કોઈક રીતે સામ્યભાવને પામેલા મહાત્માને પણ કાળા સર્પ જેવા ચાર કષાયાદિમાંથી કોઈ એક પણ ડંસ આપે તો તેઓમાં પ્રગટ થયેલું વિવેકરૂપી જીવન ક્ષિપ્ર નાશ પામે છે. તેથી હવે તેનાથી રક્ષણ કરવા માટે મુનિએ શું કરવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**दुर्विजेया दुरुच्छेद्या एतेऽभ्यन्तरवैरिणः ।**
**उत्तिष्ठमाना एवातो रक्षणीयाः प्रयत्नतः ।।१३।।**

**શ્લોકાર્થ :-**

**અભ્યન્તર વૈરી એવા આ=રાગાદિ શત્રુઓ, દુર્વિજેય અને દુરુચ્છેદ્ય છે. આથી ઉત્તિષ્ઠમાન જ પ્રયત્નથી રક્ષણીય છે=નિમિત્તને પામીને ઉત્થિત થતા હોય ત્યારે જ તેઓ ઉત્થિત ન થાય તે રીતે પ્રયત્નથી રક્ષણ કરવું જોઈએ. ॥૧૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વના શ્લોક-૮થી ૧૧માં વર્ણન કરાયેલા રાગાદિ ભાવો જીવના અભ્યંતર વૈરી છે; કેમ કે તે ભાવોને પરવશ થયેલો જીવ તત્કાલ તે-તે કષાયોની

આકુળતાથી પીડિત થાય છે અને તે-તે ભાવોને વશ થઈને ચિત્ર-વિચિત્ર પ્રકારનાં કર્મો બાંધે છે. અને તે-તે કષાયોના સંસ્કારોને દૃઢ કરે છે તથા કર્મોના વિપાકને પામીને દુઃખની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી તે-તે કષાયના સંસ્કારો દૃઢ થયેલા હોવાથી ફરી-ફરી તે કષાયો ઉત્થિત થઈને જીવને અનર્થની પરંપરાની પ્રાપ્તિ કરાવે છે. માટે તે સર્વ ભાવો જીવના વૈરી છે. વળી, બાહ્ય વૈરી તો માત્ર દેહનો જ ઘાત આદિ કરી શકે છે, જ્યારે આત્મામાં ઉત્થિત થતા આ કાષાયિક ભાવો તો આત્માને સર્વ અનર્થની પરંપરાની પ્રાપ્તિનું અવન્ધ્ય કારણ છે તેથી અંતરંગ વૈરી એવા આ ભાવો જીવના પરમશત્રુ છે. વળી, તે ભાવોને શત્રુ રૂપે જાણીને તેના પર વિજય માટે યત્ન કરનારા જીવથી પણ તે દુર્વિજેય છે. અર્થાત્ ઘણા દૃઢ યત્નથી તેના પર વિજય પામી શકાય તેવા છે પરંતુ સુખે કરીને તેના પર વિજય પામી શકાય તેમ નથી. વળી, તેનો ઉચ્છેદ તો અત્યંત દુષ્કર છે. આથી જ ઘણા યત્નથી દુર્વિજેય એવા પણ તે કાષાયિક ભાવોનો વિજય કરીને કોઈ સામ્યભાવને પ્રાપ્ત કરે છે. આમ છતાં શત્રુરૂપ એવા તેઓનો સંપૂર્ણ ઉચ્છેદ થયો નથી ત્યાં સુધી મુનિને પણ તેનાથી સદા ભય વર્તે છે. અને આથી જ જે મુનિએ યત્ન કરીને તેઓના પર વિજય મેળવ્યો છે તેવા પણ મુનિના તે અંતરશત્રુઓ ઉચ્છેદ નહીં પામેલા હોવાથી નિમિત્તને પામી ફરી તે કષાયો ઉત્થિત થાય તો તે કાષાયિક ભાવો તે મુનિ પર પોતાનું આધિપત્ય સ્થાપે છે. ચૌદપૂર્વ ભણેલા, ચાર જ્ઞાનના ધણી પણ પૂર્ણ વિચ્છેદ નહીં પામેલા એવાં તે કાષાયિક ભાવોને વશ થવાથી નિગોદમાં પણ જાય છે. તેથી સંસારનો અંત કરવાના અર્થી એવા મહાત્માઓએ સત્તામાં સંસ્કારરૂપે રહેલા તે કાષાયિક ભાવો ઉત્થિત ન થાય તે માટે સદા જાગૃત રહેવું જોઈએ અને કોઈ નિમિત્તને પામીને તે કાષાયિક ભાવોમાંથી કોઈ પણ ભાવ ઉત્થિત થાય કે તરત જ તેના નિવારણ માટે ઉદ્યમ કરવો જોઈએ. **II૧૩II**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે દુર્વિજેય દુરુછેદ્ય એવા અભ્યંતર વૈરીથી આત્માનું રક્ષણ કરવું જોઈએ. હવે જો કોઈ આત્મા તેનાથી પોતાનું રક્ષણ ન કરી શકે તો શું અનર્થ થાય છે અને તેનાથી રક્ષણ કરનારને શું હિત પ્રાપ્ત થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**यद्यात्मा निर्जितोऽमीभिस्ततो दुःखागमो महान् ।**
**यद्यात्मना जिता एते महान् सौख्यागमस्तदा ।।१४।।**

**શ્લોકાર્થ :-**

**જો આત્મા આનાથી=શ્લોક-૮ થી ૧૧માં કહેલ રાગાદિથી, જિતાયેલો થાય તો મહાદુઃખનું આગમન છે. અને જો આત્માથી આ=રાગાદિ ભાવો, જિતાયેલા થાય તો મહાસુખનું આગમન છે. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

સંસારથી ભય પામેલા અને સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમ કરનારા એવા મહાત્માઓ પણ કોઈક નિમિત્તને પામીને રાગાદિને પરવશ થાય છે ત્યારે તેઓનો આત્મા રાગાદિ ભાવોથી જિતાયેલો થાય છે. જેના કારણે તે મહાત્માને દુઃખની પરંપરાની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ જ્યારે રાગાદિને પરવશ થાય છે ત્યારે આંતરિક સંક્લેશો પ્રાપ્ત થાય છે. જેના ફળરૂપે ક્લિષ્ટ કર્મો બંધાય છે અને દુર્ગતિઓની પરંપરા પ્રાપ્ત થાય છે. જેમ સાવદ્યાચાર્ય સંસારના ઉચ્છેદ માટે દૃઢ ઉદ્યમ કરનારા હતા. અપ્રમાદભાવથી નવકલ્પી વિહાર કરતા હતા અને શિથિલાચારીઓ વડે જિનાલયના નિર્માણ માટે વિનંતી કરાઈ ત્યારે તેઓની વિનંતીને વશ થઈ ભગવાનના શાસનથી વિપરીત પ્રરૂપણા કરી નહીં પરંતુ તેઓની જિનાલયની પ્રવૃત્તિને "જો કે જિનાલયની પ્રવૃત્તિ છે તોપણ સાવદ્ય છે" તેમ કહીને શુદ્ધ પ્રરૂપણા કરી. આ રીતે તેઓશ્રી ભગવાનનાં વચન પ્રત્યે રાગવાળા હતા, છતાં પાછળથી પ્રસંગને પામીને પોતાનું નામ આ લોકો બદનામ કરશે તેવા ભયથી વિપરીત પ્રરૂપણા કરીને અનંત સંસારના પરિભ્રમણને પામ્યા. તેથી માનકષાયના વશના ફલરૂપે તે મહાત્માને ઘણા ક્લિષ્ટ ભવોની પ્રાપ્તિ થઈ. માટે ભવના ભ્રમણથી ભય પામેલા મહાત્માઓએ સર્વ પ્રયત્નથી ઉત્થિત થતા એવા કષાયોથી આત્માનું રક્ષણ કરવું જોઈએ. એમ પાછળના શ્લોક સાથે સંબંધ છે.

વળી, જે મહાત્મા વડે આ કષાયો જિતાયા તેઓને મહાન સુખનું આગમન પ્રાપ્ત થાય છે. જેમ, મેઘકુમારને દીક્ષા ગ્રહણ કર્યા પછી સંયમજીવનની કષ્ટમયતાને કારણે ક્ષણભર અરતિ થઈ. આમ છતાં વીરપ્રભુનાં વચનના ઉપદેશથી મહાપરાક્રમ કરીને તેઓએ આ સર્વ કષાયોને જીત્યા તો સર્વાર્થસિદ્ધની પ્રાપ્તિ થઈ.

આનાથી એ ફલિત થાય કે મનુષ્યભવના અલ્પકાલમાં પ્રમાદને અને કષાયોને વશ થઈને જીવ સાવદ્યાચાર્યની જેમ દુઃખની પરંપરા પ્રાપ્ત કરે છે અને તે જ મનુષ્યભવના અલ્પ સમયમાં મહાન પરાક્રમ કરીને જેઓ મેઘકુમારની જેમ કષાયને વશ થતા નથી તેઓ સુખની પરંપરાને પ્રાપ્ત કરે છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્મા વડે જિતાયેલા એવા રાગાદિ ભાવો મહાન સુખનું કારણ છે. તેથી હવે જે મહાત્મા તેને જીતવા માટે ઉદ્યમ કરી રહ્યા છે, તેઓની તે અવસ્થા કેવી છે તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**सहजानन्दता सेयं सैवात्मारामता मता ।**
**उन्मनीकरणं तद् यद् मुनेः शमरसे लयः ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**તે આ સહજાનંદતા છે, તે જ આ આત્મરામતા મનાઈ છે, તે ઉન્મનીકરણ છે=ઇન્દ્રિયોના વિષયોનું ઉન્મનીકરણ છે, જે મુનિનો શમ રસમાં લય છે. ॥૧૫॥**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી બતાવ્યું કે જે મુનિ રાગાદિ ભાવોનો જય કરે છે તેઓમાં સામ્યામૃત ઉલ્લસિત થાય છે અને તેના માટે કરાતો યત્ન સુખની પરંપરાનું કારણ છે. હવે, જે યોગીઓ રાગાદિ આપાદક કર્મોની સત્તાવાળા છે, આત્મામાં રાગાદિ ભાવોના સંસ્કાર વિદ્યમાન છે આમ છતાં તે રાગાદિ ભાવોથી થતી

અનર્થની પરંપરાનો વિચાર કરીને સદા જિનવચનનું અવલંબન લઈને સુભટની જેમ રાગાદિના ઉચ્છેદ માટે ઉદ્યમ કરી રહ્યા છે તેવા મુનિઓમાં જે-જે અંશથી રાગાદિ ભાવો શિથિલ-શિથિલતર થાય છે તે-તે અંશથી આત્માનો શમરસ આવિર્ભાવ થાય છે અને જેઓનું ચિત્ત તે શમરસમાં મગ્ન થયેલું છે, તેઓની ઇન્દ્રિયો વિષયો તરફ જતી નથી, મન વિષયને અભિમુખ ભાવવાળું થતું નથી પરંતુ વીતરાગનાં વચનાનુસાર વ્યાપારવાળું થાય છે. વળી, મુનિ જેમ-જેમ જિનવચનથી ભાવિત થઈને શાંતરસમાં જાય છે તેમ-તેમ મોહની આકુળતાના અભાવને કારણે તેના આત્મામાં સહજાનંદતા વર્તે છે.

અહીં વિશેષ એ છે કે સહજાનંદતા જીવની મૂળ પ્રકૃતિ છે તેથી તે આનંદમાં કર્મબંધ કે અનર્થની પરંપરા નથી અને પુદ્ગલાનંદતા એ જીવની મૂળ પ્રકૃતિ નથી, પરંતુ કર્મકૃત વિકૃતિ છે. જ્યારે જીવ પુદ્ગલાનંદી બને છે ત્યારે રાગાદિ ભાવો પૂર્ણ કક્ષામાં ખીલે છે અને જ્યારે જીવ સહજાનંદી બને છે ત્યારે તે રાગાદિ ભાવો સાક્ષાત્ ઉપયોગરૂપે પ્રવર્તતા નથી અને સંસ્કાર રૂપે રહેલા પણ રાગાદિ ભાવો ક્ષીણ-ક્ષીણતર થાય છે અને જીવમાં સહજાનંદતાના સંસ્કારો આધાન થાય છે અને અધિક-અધિક વૃદ્ધિ પામે છે. મુનિનો આ પ્રકારનો રાગાદિના ઉન્મૂલનનો યત્ન એ આત્મારામતા છે. જો કે પૂર્ણ આત્મારામી વીતરાગ છે તોપણ જે મુનિ વીતરાગ થવા માટે જિનવચન અનુસાર દૃઢ યત્ન કરી રહ્યા છે, તેઓ આત્મભાવોમાં વિશ્રાંત થઈ રહ્યા છે, માટે આત્મારામતા છે. વળી, જે જીવો કાષાયિક ભાવોને વશ થઈ ભારે પાપ પ્રવૃત્તિઓ કરે છે તે સર્વ પુદ્ગલારામતા છે, અર્થાત્ પુદ્ગલભાવમાં વિશ્રાંતિ થવા સ્વરૂપ છે. **પુદ્ગલમાં આરામ કરવાથી સંસારની વૃદ્ધિ થાય છે અને આત્મામાં આરામ કરવાથી સંસારનો ઉચ્છેદ થાય છે.** અને તેના વડે મહાત્મા સહજાનંદી અને આત્મારામી બને છે. ત્યારે ઇન્દ્રિયો વિષયોને અભિમુખ જવા ઉત્સુક નથી. ચિત્ત પણ વિષયોને અભિમુખ જવા ઉત્સુક નથી. પરંતુ, વીતરાગનાં વચનાનુસાર આત્માની અંતરંગ શક્તિને પ્રગટ કરવા ઉદ્યત છે. તે ઇન્દ્રિયના અર્થનું ઉન્મનીકરણ છે, જે **મુનિનો શમરસમાં લય છે. ॥૧૫॥**

**અવતરણિકા :-**

પ્રસ્તુત પ્રસ્તાવ સામ્યના ઉદ્દેશથી છે. તેથી તે સામ્યભાવ મુનિમાં કઈ રીતે પ્રગટ થાય છે તે અત્યાર સુધી અનેક દૃષ્ટિઓથી બતાવ્યું. હવે તે સામ્યને પ્રગટ કરવાં માટે વિશેષ બોધાર્થે કહે છે –

**શ્લોક :-**

साम्यं मानसभावेषु साम्यं वचनवीचिषु ।
साम्यं कायिकचेष्टासु साम्यं सर्वत्र सर्वदा ।।१६।।
स्वपता जाग्रता रात्रौ दिवा चाखिलकर्मसु ।
कायेन मनसा वाचा साम्यं सेव्यं सुयोगिना ।।१७।।(युग्मम्)

**શ્લોકાર્થ :-**

**માનસભાવોમાં સામ્ય, વચનની વીચિમાં=વચનના પ્રવાહમાં સામ્ય, કાયિક ચેષ્ટાઓમાં સામ્ય, સર્વત્ર=સર્વ બાહ્ય પ્રવૃત્તિઓમાં સર્વદા સામ્ય, સૂતાં, જાગતાં, રાત્રિમાં કે દિવસે અખિલ કાર્યોમાં=સર્વ કૃત્યોમાં, સુયોગી એવા મહાત્માએ કાયાથી, મનથી અને વાણીથી સામ્યનું સેવન કરવું જોઈએ. ||૧૬-૧૭||**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓના મન-વચન-કાયાના યોગો જિનવચનના સ્મરણના નિયંત્રણ નીચે સુદૃઢ વ્યાપારવાળા છે, તેઓ સુયોગવાળા છે અને તેવા યોગીઓએ ત્રણે યોગથી સદા સામ્યનું સેવન કરવું જોઈએ. કઈ રીતે સદા સામ્યનું સેવન કરવું જોઈએ તે બતાવતાં કહે છે.

માનસભાવોમાં સામ્યને ધારણ કરવું જોઈએ. અર્થાત્ મનથી જે કોઈ ચિંતવન થાય છે, સૂક્ષ્મ વિચાર આવે છે તે સર્વ વિચારકાલમાં સામ્યભાવ વર્તે તે પ્રકારના પરિણામપૂર્વક માનસવ્યાપાર કરવો જોઈએ. જેમ મુનિ ગોચરી માટે જાય છે ત્યારે મનથી સંકલ્પ કરે છે કે નિર્દોષ ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહીં મળે તો તપની વૃદ્ધિ થશે. આ પ્રકારે દૃઢ સંકલ્પ હોય અને તે

સંકલ્પ નીચે ભિક્ષાટનની પ્રવૃત્તિ ચાલતી હોય તો સંયમની વૃદ્ધિનું કારણ ન હોય તેવી ભિક્ષાના ગ્રહણ કરવાનો લેશ પણ પરિણામ થતો નથી. અને તેવા પ્રકારના યત્નથી ઇષ્ટ આહારની પ્રાપ્તિ થાય તો જરા પણ પ્રીતિ કે હર્ષ થતો નથી કે આહારની સર્વથા અપ્રાપ્તિ થાય તો પણ ખેદ થતો નથી. પરંતુ આહાર મળે તો ચિત્તના પ્રવાહમાં સંયમની આરાધના દ્વારા સમભાવની વૃદ્ધિનો પરિણામ વર્તે છે અને આહાર ન મળે તો તપ દ્વારા સમભાવની વૃદ્ધિનો પરિણામ વર્તે છે. આ પ્રકારનો માનસવ્યપાર વર્તતો હોય તે મહાત્માના સર્વ મનોવ્યાપાર સામ્યભાવના પરિણામમાંથી ઉત્થિત થાય છે અને વિશેષ-વિશેષતર એવા સામ્યભાવને ઉલ્લસિત કરે છે.

વળી આવા સામ્યભાવને ધારણ કરનારા મહાત્મા સંયમવૃદ્ધિનું કોઈ પ્રયોજન ન હોય તો અંતરંગ પરિણામથી વચન બોલવાને અભિમુખભાવવાળા થતા નથી. પરંતુ સ્વ-પરના કલ્યાણનું કારણ હોય તો જિનવચનના નિયંત્રણથી વચનપ્રયોગ કરે છે. તેવા મહાત્માના વચનપ્રવાહમાં પણ સર્વ ભાવો પ્રત્યે અને સર્વ જીવો પ્રત્યે સામ્યભાવ વર્તે છે. તેથી તે મહાત્મા સંયમના પ્રયોજનથી જે કાંઈ બોલે તે સામ્યભાવના નિયંત્રણથી ઉત્થિત થયેલાં વચનો બોલે છે. અને તે વચનો દ્વારા ઉલ્લસિત થયેલો વિશેષ પ્રકારનો સામ્યભાવ આત્મામાં સામ્યભાવના ઉત્તમ સંસ્કારોનું આધાન કરે છે અને ઉત્તર-ઉત્તરના સામ્યભાવનું કારણ બને છે. આથી જ જિનવચનથી ભાવિત મતિવાળા મહાત્માઓ કોઈ જીવ પોતાના ઉપદેશથી આવર્જિત થઈ મારી ભક્તિવાળો થશે કે મારો શિષ્ય થશે કે મારા સંપ્રદાયની વૃદ્ધિ થશે તેવા આશયથી વચનપ્રયોગ કરતા નથી. પરંતુ તે મહાત્મા સામ્યભાવના કારણે પોતાનું હિત સાધી રહ્યા છે તેમ તે શ્રોતાની યોગ્યતાને જાણીને તે શ્રોતા પણ તત્ત્વની પ્રાપ્તિ કરી આત્મહિત સાધે તેવી કામનામાત્રથી ઉપદેશ આપે છે.

વળી આવા મહાત્માને સંયમવૃદ્ધિનું કોઈ પ્રયોજન ન હોય તો સર્વ કાયચેષ્ટાનો નિરોધ કરીને ધ્યાન-અધ્યયનમાં સુદૃઢ વ્યાપાર કરી સામ્યભાવની વૃદ્ધિ કરે છે અને સંયમની વૃદ્ધિના પ્રયોજનથી કાયિક ચેષ્ટાઓ કરે ત્યારે પણ જગતના સર્વ જીવો પ્રત્યે સામ્યભાવ હોવાથી છકાયના પાલન અર્થે કંટકાકીર્ણ ભૂમિમાં

ગમનની જેમ અત્યંત યતનાપૂર્વક સર્વ પ્રવૃત્તિ કરે છે. જેથી તે કાયાની ચેષ્ટાથી સર્વ જીવો પ્રત્યે સમભાવની વૃદ્ધિ થાય છે અને જિનવચનના રાગથી કરાયેલી તે ઉચિત પ્રવૃત્તિ દ્વારા અંતરંગ નિર્લેપ પરિણામ પણ અતિશયિત થાય છે. પરંતુ વિષયોથી આકુળ થઈને કાયિક પ્રવૃત્તિ દ્વારા તે મહાત્માં પાંચ ઇન્દ્રિયોને યથાતથા પ્રવર્તાવતા નથી, પરંતુ સંવૃત્ત મનવાળા થઈને કાયાની તે-તે પ્રવૃત્તિમાં અત્યંત ઉપયુક્ત થઈને તે-તે પ્રવૃત્તિ દ્વારા સામ્યભાવની વૃદ્ધિ કરે છે.

વળી, આવા મહાત્માઓ સૂવાની ક્રિયામાં પણ ઊંઘ આવે તો ઊંઘ પ્રત્યે પક્ષપાત કરતા નથી અને જાગતાં પણ ઇન્દ્રિયના વિષયોમાં પ્રવૃત્તિ કરતા નથી પરંતુ સૂતી વખતે પણ સામ્યભાવની વૃદ્ધિ માટે ઉત્તરની પ્રવૃત્તિ કરવા અર્થે જેટલી ઊંઘ આવશ્યક જણાય તેટલી જ ઊંઘ કરે છે. એમ જાગતાં પણ કોઈ નિરર્થક ચેષ્ટા કરીને સામ્યભાવોનો હ્રાસ ન થાય તે રીતે દૃઢ યત્નપૂર્વક સામ્યભાવની વૃદ્ધિને અનુકૂળ સર્વ વ્યાપાર કરે છે.

આવા સુયોગવાળા મહાત્માઓએ શું કરવું જોઈએ તે સ્પષ્ટ કરતાં કહે છે. વળી, રાત્રિ કે દિવસે સર્વ વ્યાપારમાં કાયાથી, મનથી અને વાણીથી સામ્યનું સેવન કરવું જોઈએ. અર્થાત્ કાયાને સંયમિત રાખીને સામ્યની વૃદ્ધિને અનુકૂળ પ્રવર્તાવવી જોઈએ. મનને સંવૃત્ત રાખીને સામ્યને અનુકૂળ ચિંતન કરવું જોઈએ. વાણીમાં નિયંત્રણ રાખીને સામ્યભાવને અનુરૂપ વાણી પ્રવર્તાવવી જોઈએ, જેથી પ્રતિદિન સામ્યભાવની વૃદ્ધિ દ્વારા અનાદિના અસામ્યભાવના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર થાય અને અતિશયિત થયેલા સામ્યભાવના સંસ્કારો જીવને સહજ રીતે સામ્યભાવમાં સ્થિર કરે. **॥૧૬-૧૭॥**

**અવતરણિકા :-**

**વળી, મહાત્મા માટે સામ્ય જ હિતાવહ છે તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**यदि त्वं साम्यसंतुष्टो विश्वं तुष्टं तदा तव ।**
**तल्लोकस्यानुवृत्त्या किं? स्वमेवैकं समं कुरु ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**જો તું સામ્યથી સંતુષ્ટ છે, તો તારા પર વિશ્વ તુષ્ટ છે, તે કારણથી લોકની અનુવૃત્તિથી શું ? પોતાનું જ એક એવું સમ તેને તું કર. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

સામ્યનો ઉપદેશ આપતાં મહાત્મા કહે છે કે જો તું સામ્યથી સંતુષ્ટ છો તો તારા પર આખું વિશ્વ તુષ્ટ છે. આનાથી એ ફલિત થાય કે સામ્યભાવવાળા મુનિઓ સામ્યભાવમાં સંતુષ્ટ હોવાથી ઉત્તમ પુણ્ય બાંધે છે. દેવો-ઇન્દ્રો આદિ પણ તેઓની પૂજા વગેરે કરે છે અને આવા મહાત્માઓ કદાચ સામ્યભાવના પ્રકર્ષને પામીને વીતરાગ ન થાય તોપણ ઉત્તમ ભવમાં જાય છે. જ્યાં તેઓ પુણ્યથી સર્વત્ર પૂજાય છે. તેથી જે મહાત્માઓ સામ્યભાવથી સંતુષ્ટ છે તેઓ પર આખું વિશ્વ તુષ્ટ છે; કેમ કે દેવતાઓ-ઇન્દ્રો પણ તેમના ઉપર તુષ્ટ છે એટલું જ નહિ પણ **જીવની કદર્થના કરનાર એવું કર્મ પણ તેવા મહાત્મા પર તુષ્ટ છે.** તેથી તે કર્મ મહાત્માને સુગતિઓમાં સ્થાપન કરે છે અને સર્વ રીતે તેઓને અનુકૂળ થઈને વર્તે છે. તેથી મહાત્મા ઉપદેશ આપતાં કહે છે કે આવું ઉત્તમ સામ્ય હોવાને કારણે લોકોની અનુવૃત્તિથી શું ? અર્થાત્ લોકમાં બધાને સારું લાગે કે લોક કરતો હોય તે પ્રકારે કરવાની અનુવૃત્તિથી શું ? અર્થાત્ લોક કરતો હોય તે પ્રમાણે ધર્મની પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ પણ પોતાને એક સમભાવની પ્રાપ્તિ થાય તે પ્રકારની પ્રવૃત્તિ કરવી જોઈએ.

આનાથી એ ફલિત થાય છે કે કેટલાક ત્યાગીઓ પણ પોતાના સુખનો વિચાર કર્યા વગર લોકની અનુવૃત્તિથી લોકો જેમ કરતા હોય તેમ ગાડરિયા પ્રવાહની જેમ પ્રવૃત્તિ કરે છે તેવી પ્રવૃત્તિ કરવી ઉચિત નથી, પરંતુ જે પ્રકારે પોતાનામાં સામ્યભાવ વૃદ્ધિ પામે તે પ્રકારે તપાદિની બાહ્ય આચરણા કરવી જોઈએ. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**ભગવાને બતાવેલ શ્રુત અને ચારિત્ર ધર્મનું પ્રયોજન પણ સામ્યભાવ જ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**श्रुतश्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे ।**
**तथापि तत्त्वतस्तस्माज्जनोयं प्लवते बहिः ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વથી શ્રુત અને શ્રામણ્ય યોગોનો પ્રપંચ=વિસ્તાર, સામ્યભાવના હેતુ માટે છે તોપણ તેનાથી=શ્રુતશ્રામણ્યના યોગોથી, આ જીવ બાહ્ય પ્લવન પામે છે=બાહ્ય પ્રવૃત્તિ માત્રમાં સંતોષ માને છે. ।।૧૯।।**

**ભાવાર્થ :-**

ભગવાનનું શાસન શ્રુત અને ચારિત્ર ધર્મરૂપ છે અને ચારિત્રની પ્રાપ્તિના ઉપાયરૂપે જ શ્રુતઅધ્યયનની અને ચારિત્રાચારની ક્રિયા વિસ્તારથી બતાવવામાં આવે છે. કલ્યાણના અર્થી જીવો તે શ્રુત અને ચારિત્રના યોગોનું સેવન પણ કરે છે પરંતુ પરમાર્થથી તે સર્વનું પ્રયોજન શું છે તેનો બોધ નહીં હોવાથી તે યોગોને તેઓ સફલ કરી શકતા નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે શાસ્ત્રમાં શ્રુત અને ચારિત્રની આચરણાનો જે વિસ્તાર છે તે સર્વનું પરમાર્થથી પ્રયોજન સામ્યભાવની પ્રાપ્તિ છે છતાં પણ અજ્ઞાનને કે પ્રમાદને વશ શ્રુત અને ચારિત્રના યોગોથી આ જન=યોગમાર્ગમાં યત્ન કરનાર પુરુષ, બહારથી પ્લવન પામે છે અર્થાત્ બાહ્ય યોગોને સેવીને સંતોષ માને છે. પરંતુ તે યોગો દ્વારા સામ્યભાવમાં કઈ રીતે જવું તે વિષયમાં પ્રાયઃ જીવો દિગ્મોહવાળા હોય છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનનું શ્રુતરૂપી શાસ્ત્રવચન બહિર્દુનિયાના ઉચ્છેદપૂર્વક અંતરંગ સ્વસ્થતાની દિશાને બતાવનારું છે અને શ્રુતથી નિયંત્રિત સર્વ આચરણાઓ તે-તે ભૂમિકાના સામ્યભાવની હેતુ છે. તેથી સામ્યભાવના પરમાર્થને જાણીને કોઈ મહાત્મા વિચારે કે જગતનાં સર્વ ભાવો પ્રત્યે સમભાવનો પરિણામ સાક્ષાત્ દુષ્કર છે, તોપણ શ્રુતનાં વચનાનુસાર સમભાવના પરિણામને ઉલ્લસિત કરવાનો સંકલ્પ કરીને તેના મર્મનો બોધ થાય તે પ્રમાણે કોઈ મહાત્મા શ્રુત-અધ્યયનની ક્રિયા કરે તો શ્રુતનાં સર્વ વચનો તેને સામ્યભાવના ઉપાયની જ વિશેષ દિશા બતાવનારાં બને છે. અને સંયમની કોઈ પણ આચરણાઓ

શ્રુતથી નિયંત્રિત કરવામાં આવે તો તે આચરણા સામ્યભાવને અનુકૂળ વીર્યને ઉલ્લસિત કરે છે. જેમ કોઈ યોગ્ય જીવ પોતાના તથાભવ્યત્વના પરિપાક અર્થે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના કરે ત્યારે ચતુઃશરણગમન કાલમાં અરિહંત, સિદ્ધ અને સુસાધુઓ પ્રત્યે વધતો જતો બહુમાનભાવ સામ્યભાવને અભિમુખ પરિણામ બને છે; કેમ કે અરિહંત પ્રત્યેનો, સિદ્ધ પ્રત્યેનો, બહુમાનભાવ સંપૂર્ણ શુદ્ધ અવસ્થા પ્રત્યેનો બહુમાનભાવ હોવાથી તે પરિણામ સામ્યભાવને ઉલ્લસિત કરે છે. સાધુ પ્રત્યેનો બહુમાનભાવ સામ્યભાવના પ્રકર્ષવાળા યોગીઓ પ્રત્યેના બહુમાનભાવવાળો હોવાથી સામ્યભાવને અભિમુખ પરિણામ બને છે. શ્રુતનાં સર્વવચનો સંસારથી પર અવસ્થા તરફ લઈ જનાર હોવાથી શ્રુત પ્રત્યેનો બહુમાનભાવ પણ સામ્યભાવને ઉલ્લસિત કરે છે. એટલું જ નહીં પણ દુષ્કૃતની ગર્હાથી પણ, સામ્યભાવથી વિપરીત એવાં અસામ્યભાવથી થયેલાં દુષ્કૃતોથી જીવને વિમુખ કરે છે. તેથી ઉપયોગપૂર્વક કરાયેલી દુષ્કૃતગર્હા પણ સામ્યભાવને અભિમુખ જીવનું વીર્ય ઉલ્લસિત કરે છે. અને જગતમાં જે કાંઈ સુકૃતો છે તે સર્વ સામ્યભાવની પૂર્વભૂમિકારૂપ, સામ્યભાવનો સેવન સ્વરૂપ કે સામ્યભાવના પ્રકર્ષ સ્વરૂપ છે. તેથી સુકૃતની અનુમોદનાથી થયેલો સુકૃત પ્રત્યેનો જીવનો પક્ષપાત પણ સામ્યભાવ તરફ જનારો પરિણામ બને છે. આમ છતાં આ જીવ સર્વધર્મ અનુષ્ઠાન દ્વારા પણ તે પ્રકારનો અંતરંગ વ્યાપાર કરતો નથી અને માત્ર બાહ્ય ધર્મક્રિયાથી સંતોષ માને છે. તેથી તે ક્રિયા સફળ થતી નથી. માટે શ્રુત અને ચારિત્રની ક્રિયાનાં ફળના અર્થીએ સામ્યભાવનું લક્ષ્ય કરીને ક્રિયામાં યત્ન કરવો જોઈએ તે પ્રકારનો પ્રસ્તુત શ્લોકનો ઉપદેશ છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**ધર્મના ક્ષેત્રમાં આવેલા જીવો પણ બાહ્ય સંયોગોની વિષમતામાં તે વિષમતા દૂર થાય તેની ચિંતા કરે છે. પરંતુ પોતાને સ્વાધીન એવા સામ્યભાવમાં યત્ન કરતા નથી. તેના ત્યાગનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**स्वाधीनं स्वं परित्यज्य विषमं दोषमन्दिरम् ।**
**अस्वाधीनं परं मूढ! समीकर्तुं किमाग्रहः ? ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**હે મૂઢ ! સ્વાધીન એવા વિષમ, દોષના મંદિરરૂપ, સ્વને=પોતાને ત્યાગ કરીને અસ્વાધીન એવા પરને સમાન કરવા માટે=અનુકૂળ કરવા માટે, કેમ આગ્રહ રાખે છે ? ॥૨૦॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી માર્ગાનુસારી પ્રયત્ન ઉલ્લસિત કરવા અર્થે પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે. હે મૂઢ ! પોતાનામાં વર્તતા વિષમભાવને અનુકૂળ એવા દોષોનો સમૂહ દૂર કરવો સ્વાધીન છે અર્થાત્ સ્વપ્રયત્નને આધીન છે; કેમ કે કોઈ પણ જીવ પોતાની ભૂમિકા અનુસાર શાસ્ત્રવચનના અવલંબનથી દોષ-ગુણનું યથાર્થ પરિજ્ઞાન કરે અને પોતાનામાં જે કોઈ દોષોનો સમૂહ છે તે સર્વને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈને તેને દુર કરવા સમ્યક્ ઉદ્યમ કરે તો તે ઉદ્યમથી સ્વભૂમિકા અનુસાર તે દોષો અવશ્ય દૂર થાય છે. અને તે રીતે ઉદ્યમ કરતાં તે મહાત્મા ઉત્તર-ઉત્તરના સામ્યભાવને પામીને ક્રમસર સામ્યભાવના પ્રકર્ષરૂપ વીતરાગતાને પામે છે. આમ છતાં સ્વાધીન એવા પોતાના વિષમભાવને દૂર કરવાનું છોડીને મોટાભાગના જીવો અસ્વાધીન એવા બાહ્ય સંયોગોને સમાન કરવા માટે અર્થાત્ અનુકૂળ કરવા માટે આગ્રહ રાખે છે. અર્થાત્ વિચારે છે કે જો આ વિષમ સંયોગ દૂર થાય તો હું મારી ઇચ્છા અનુસાર આરાધના કરી શકું. વસ્તુતઃ તે બાહ્ય સંયોગો અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, જીવને તેની સાથે અતિપ્રયોજન નથી. પણ પોતાને સંપ્રાપ્ત સંયોગોનુસાર ઉચિત યત્ન કરીને પોતાનામાં વર્તતા અસામ્યભાવજન્ય એવા દોષોનું સમ્યક્ સમાલોચન કરીને ઉચિત ઉપાય દ્વારા તેને દૂર કરવા યત્ન કરે તો તે અંતરંગ યત્ન સ્વાધીન છે. માટે ગ્રંથકારશ્રી ઉપદેશ આપે છે કે હે મૂઢ ! અસ્વાધીન એવા પરની ચિંતાને છોડીને સ્વાધીન એવા સમભાવમાં ઉદ્યમ કર, જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે, પૂર્વભૂમિકામાં સમભાવની વૃદ્ધિમાં બાહ્ય આલંબન ઉપષ્ટંભકરૂપે ઇષ્ટ છે. છતાં કલ્યાણના અર્થી જીવોએ પ્રધાનરૂપે સામ્યભાવને અનુરૂપ અંતરંગ વીર્ય ઉલ્લસિત થાય તે રીતે પ્રયત્ન કરવો જોઈએ; કેમ કે સ્વપ્રયત્ન સાધ્ય હોય એટલાં બાહ્ય નિમિત્તો સ્વાધીન છે, પરંતુ અન્ય બાહ્ય

નિમિત્તો પૂર્વકર્મને આધીન છે. તેથી તેમાં સ્વભૂમિકાનુસાર ઉદ્યમ કરવો ઉચિત ગણાય. અને અશક્ય જણાય ત્યાં તેની ઉપેક્ષા કરીને પણ અંતરંગ સામ્યભાવને અનુકૂળ પ્રયત્ન કરવો જોઈએ. જોકે સામ્યભાવને અનુકૂળ ઉદ્યમ પણ પૂર્ણ સ્વાધીન નથી; કેમ કે કર્મવાળી અવસ્થામાં કર્મ અતિપ્રતિકૂળ હોય તો ઘણા યત્નથી પણ સામાન્ય સામ્યભાવ ઉલ્લસિત થાય છે અને સામ્યભાવને અવરોધ કરનારાં કર્મો અત્યંત શિથિલ હોય તો અલ્પ યત્નથી પણ વિશેષ પ્રકારનો સામ્યભાવ ઉલ્લસિત થાય છે. આથી જ દીક્ષા ગ્રહણ કર્યા પછી વીરભગવાનને સાડા બાર વર્ષ સુધી ઘોર પરિષહ આદિ નિમિત્તને પામીને વિશેષ સામ્ય ઉલ્લસિત થયું અને મલ્લિનાથ ભગવાનને સંયમ ગ્રહણ કર્યું તે જ દિવસે પ્રકર્ષવાળો સામ્યભાવ ઉલ્લસિત થયો અને તત્કાલ કેવલજ્ઞાનને પામ્યા, તોપણ જીવનું મુખ્ય પ્રયોજન અંતરંગ ગુણોની પ્રાપ્તિ છે અને તે ગુણો સર્વ કલ્યાણની પરંપરાનું કારણ છે. તેથી બાહ્ય અનુકૂલ-પ્રતિકૂલ સંયોગોની બહુ ચિંતા કર્યા વિના સંયોગો અનુસાર ઉચિત ઉદ્યમ કરવામાં આવે તો સ્વભૂમિકાને અનુસાર અવશ્ય સામ્યભાવની પ્રાપ્તિ થાય છે. આથી જ આદ્ય ભૂમિકામાં રહેલા અપુનર્બંધક જીવો પણ અંતરંગ રીતે જાગૃત થઈને સ્વભૂમિકાનુસાર શ્રુત અને ચારિત્રનાં અનુષ્ઠાનો સેવે તો મિથ્યાત્વ દશામાં પણ સંભવિત એવો પ્રારંભિક સામ્યભાવ તેઓમાં પ્રગટે છે અને તેના બળથી ક્રમસર સમ્યક્ત્વ પામે છે ત્યારે અનંતાનુબંધી કષાયના વિગમનથી સામ્યભાવ પ્રગટે છે અને ત્યારપછી દેશવિરતિ કે સર્વવિરતિનો ઉદ્યમ કરે તો અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમથી સામ્યભાવ પ્રગટે છે અને જ્યારે સોળે કષાયોનો ઉચ્છેદ કરે છે ત્યારે ક્ષાયિકભાવનો સામ્યભાવ પ્રગટે છે. તેથી પરાધીન એવા બાહ્ય સંયોગોમાં યત્ન કરવાનો આગ્રહ છોડીને સ્વાધીન એવો પોતાના વિષમભાવનો ત્યાગ કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**આ રીતે આત્માને સામ્યભાવમાં ઉદ્યમ કરવાની પ્રેરણા આપીને હવે સંપન્ન ભૂમિકાવાળા એવા મહાત્માઓ સામ્યભાવમાં હોય છે ત્યારે કેવા હોય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**वृक्षस्य छेद्यमानस्य भूष्यमाणस्य वाजिनः ।**
**यथा न रोषस्तोषश्च भवेद् योगी समस्तथा ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**છેદ્યમાન એવાં વૃક્ષને અને આભૂષણોથી શણગારાતા એવા ઘોડાને જે પ્રમાણે રોષ તોષ નથી તે પ્રમાણે યોગી સમપરિણામવાળા થાય. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ જિનવચનનું અવલંબન લઈને બાહ્ય સર્વ વિષયો પ્રત્યે ઉદાસીનભાવવાળા છે, આંતરિક નિરાકુલ ચેતના પ્રત્યે બદ્ધરાગવાળા છે અને આંતરિક નિરાકુલ ચેતનાને અનુકૂળ દૃઢ વ્યાપારમાં થતી સ્ખલના પ્રત્યે દ્વેષવાળા છે, તેવા યોગીઓનું ચિત્ત અંતરંગ સામ્યભાવના પ્રકર્ષ અર્થે દૃઢ વ્યાપારવાળું છે. તેથી જેમ કોઈ કઠિયારો વૃક્ષને છેદતો હોય તો તે વૃક્ષમાં કોઈ રોષ દેખાતો નથી અને કોઈ અશ્વને આભૂષણોથી શણગારતું હોય તો તેનાથી અશ્વને કોઈ તોષ થતો નથી, તેમ સમભાવમાં રહેલા મહાત્માને કોઈ ઉપસર્ગો કરતાં હોય કે પ્રતિકૂળ વર્તન કરતા હોય તેઓ પ્રત્યે દ્વેષ થતો નથી; કેમ કે તેમનો દ્વેષ સામ્યભાવને પ્રતિકૂળ એવા પ્રમાદમાં જ નિયંત્રિત થઈને વર્તે છે. તેથી બાહ્ય પદાર્થો પ્રત્યે ઉપેક્ષાથી ઉપયોગ જોડાય છે અને તેવા મહાત્માની કોઈ સ્તુતિ કરતો હોય કે પુણ્યના પ્રકર્ષથી કોઈ બાહ્ય અનુકૂળતાઓ પ્રાપ્ત થતી હોય તો તે સર્વ પ્રત્યે તે મહાત્માને તોષ પણ નથી; કેમ કે તેમનો તોષ સામ્યભાવમાં નિયંત્રિત થયેલો છે. તેથી બાહ્ય પદાર્થો સાથે ઉપેક્ષાથી ઉપયોગ પ્રવર્તે છે. આવા યોગી સર્વત્ર જિનવચનથી નિયંત્રિત સતત દૃઢ વ્યાપાર કરીને સમભાવવાળા થાય છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**સમભાવવાળા યોગીના પ્રકર્ષનું વિશેષ સ્વરૂપ દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે -**

**શ્લોક :-**

**सूर्यो जनस्य तापाय सोमः शीताय विद्यते ।**
**तद् योगी सूर्यसोमाभः सहजानन्दतां भजेत् ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**સૂર્ય લોકોના તાપ માટે છે અને ચંદ્ર લોકોની શીતલતા માટે વિદ્યમાન છે. તે કારણથી દોષોના ઉન્મૂલન માટે સૂર્ય જેવા અને આત્માને શીતલ કરવા માટે ચંદ્ર જેવા એવા યોગી સહજ આનંદતાને ભજે છે. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

સૂર્ય લોકોને તાપ આપીને વિહ્વળ કરે છે અને ચંદ્ર લોકોને શીતલતા આપીને આનંદ આપે છે. તે પ્રમાણે યોગમાર્ગમાં પ્રસ્થિત સૂર્ય-ચંદ્ર જેવા યોગીઓ આત્માના અંતરંગ શત્રુભૂત એવા મોહના સૈન્યને તાપ આપીને નિશ્ચેષ્ટ કરે છે અને આત્માને ચંદ્રની જેમ શીતલતા અર્પણ કરીને આત્માનો સહજ આનંદ પ્રાપ્ત કરે છે.

આશય એ છે કે જે યોગીઓ ભગવાનનાં વચનના પરમાર્થને જાણનાર છે, તેઓ ભીમકાન્ત દૃષ્ટિવાળા છે તેથી તેઓને અંતરંગ શત્રુ પ્રત્યે ક્યારેય દયા વર્તતી નથી પરંતુ ભીમદૃષ્ટિ વર્તે છે અને આત્મકલ્યાણનાં કારણ એવા ક્ષમાદિ ભાવો પ્રત્યે કાન્તદૃષ્ટિ વર્તે છે. તેથી તે યોગીઓ સૂર્ય અને ચંદ્ર જેવા છે અને આવા યોગીઓ સદા અપ્રમાદભાવથી ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ થાય તે પ્રકારનાં શાસ્ત્રવચનોથી આત્માને ભાવિત કરે છે જેથી શ્રુતભાવિત મતિવાળા એવા તેઓમાં મોહની અનાકૂળતાને કારણે સહજાનંદતા વર્તે છે અર્થાત્ બાહ્ય પદાર્થોના સંયોગજન્ય આનંદતા નથી પણ જીવના સહજ સ્વભાવરૂપ આનંદતા વર્તે છે. ।।૨૨।।

**અવતરણિકા :-**

**શ્લોક-૨૦માં આત્માને ઉદ્દેશીને સ્વાધીન એવા સામ્યભાવમાં ઉદ્યમ કરવાનો ઉપદેશ આપ્યો. ત્યાર પછી તે સામ્યભાવથી સંપન્ન યોગીઓ કેવા**

હોય છે તે શ્લોક-૨૧-૨૨માં બતાવ્યું. ત્યાં પ્રશ્ન થાય કે, યોગીઓમાં વર્તતો સામ્યભાવ તો શુભધ્યાનના પ્રકર્ષવાળા યોગીઓને સંભવિત છે. જ્યારે આદ્યભૂમિકાવાળા જીવોનું ચિત્ત તો અતિ ચંચલ છે, તેથી આદ્યભૂમિકાવાળા જીવો શ્રુત ચારિત્રની ક્રિયા કરતા હોય તોપણ ચિત્ત બાહ્ય નિમિત્તોથી ચલિત થવાને કારણે તેઓ સામ્યભાવને અભિમુખ જઈ શકતા નથી. તેવા યોગીઓએ સામ્યભાવમાં જવા શું કરવું જોઈએ, તે બતાવતાં કહે છે –

**શ્લોક :-**

यथा गुडादिदानेन यत् किञ्चित् त्याज्यते शिशुः ।
चलं चित्तं शुभध्यानेनाशुभं त्याज्यते तथा ।।२३।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે બાળકને અહિતકારી જે કોઈ વસ્તુ ગુડાદિદાન દ્વારા ત્યાગ કરાવાય છે, તે પ્રમાણે અશુભ એવું ચલચિત્ત, શુભ ધ્યાન દ્વારા=શુભ ચિંતવન દ્વારા, ત્યાગ કરાવાય છે. ।।૨૩।।**

**ભાવાર્થ :-**

સામ્યભાવનો ઉપદેશ સાંભળીને જે મહાત્માઓનું ચિત્ત સામ્યભાવને અભિમુખ થયું છે તેવા મહાત્માઓ સામ્યભાવને ઉલ્લસિત કરવા અર્થે શ્લોક-૧૯માં કહ્યું તે પ્રમાણે શ્રુત શ્રામણ્ય યોગોનો વ્યાપાર કરે. આમ છતાં અનાદિના દૃઢ અભ્યાસને કારણે જીવમાં અવિરતિનો પરિણામ સહજભાવે વર્તે છે. તેથી ચલ એવી ઇન્દ્રિયો તે-તે વિષયોમાં પ્રવૃત્ત થઈને જીવને અશુભ ચલચિત્ત પ્રાપ્ત કરાવે છે. જેથી તે મહાત્મા શ્રુત ચારિત્રનાં અનુષ્ઠાન સેવતા હોય તોપણ તે અનુષ્ઠાનથી સામ્યભાવને અભિમુખ જવા સમર્થ બનતા નથી. તેવા મહાત્માઓ સામ્યભાવનો ઉપદેશ આપનાર ગુરુને પૃચ્છા કરે છે કે બાહ્ય પદાર્થોમાં સહજ રીતે પ્રવર્તતું અશુભ ચલચિત્તનું કઈ રીતે વારણ થઈ શકે જેથી મારી શ્રુત ચારિત્રની ક્રિયા સામ્યભાવને અભિમુખ બને ? તેવા સામ્યભાવના અર્થીને

ઉપદેશ આપતાં મહાત્મા કહે છે કે જેમ બાળક અંતરંગ રીતે ચંચલ સ્વભાવવાળો હોવાથી યત્કિંચિત્ પ્રવૃત્તિઓ કરે છે, જે પ્રવૃત્તિ ક્યારેક તેના અહિતનું કારણ બને તેવી હોય ત્યારે તે પ્રવૃત્તિથી બાળકને વાળવા માટે ગુડ=ગોળ, વગેરે ઇષ્ટ પદાર્થો આપીને તેનું વારણ કરાય છે. અર્થાત્ તે બાળક ગૃહથી બહાર જતો હોય અને તેનાથી તેના અનિષ્ટની સંભાવના જણાય ત્યારે તે બાળકને કોઈ ખાદ્ય પદાર્થ આપીને તેનું વારણ કરાય છે, તો વળી ક્યારેક "બહાર બાવો છે" ઇત્યાદિ ભય બતાવીને તેનું વારણ કરાય છે. તે પ્રમાણે સમભાવના અર્થી મહાત્માએ શ્રુતચારિત્રની ક્રિયાઓ કરતી વખતે શુભ ચિંતવન દ્વારા અશુભ એવા ચલચિત્તનો ત્યાગ કરવો જોઈએ. અર્થાત્ વિચારવું જોઈએ કે અતિદુર્લભ એવો આ મનુષ્યભવ યોગમાર્ગની પ્રવૃત્તિ દ્વારા જ સફળ થાય છે; કેમ કે પ્રણિધાનપૂર્વક સેવાયેલા યોગમાર્ગથી આત્મામાં ગુણોની વૃદ્ધિ થાય છે, પુણ્યાનુબંધી પુણ્યનો સંચય થાય છે અને તેનાથી સુગતિઓની પરંપરા પ્રાપ્ત થાય છે. આ પ્રકારના ચિંતવનના પ્રલોભન દ્વારા અશુભ એવા ચલચિત્તનો ત્યાગ થાય છે અને જેમ બાળકને ભય બતાવવા દ્વારા પણ બહાર જતાં વારણ કરાય છે તેમ તે મહાત્માએ ચિંતવન કરવું જોઈએ કે જો હું પ્રમાદવશ થઈને આ શ્રુત ચારિત્રની ક્રિયા યથાતથા કરીશ તો યથાતથા કરાયેલી શ્રુત ચારિત્રની ક્રિયાથી જ જેમ ઘણા જીવો સંસારમાં ભટકે છે તેમ મને પણ ઘણા અનર્થોની પ્રાપ્તિ થશે તે પ્રકારના શુભ ચિંતવનથી અશુભ એવા ચલચિત્તનો ત્યાગ કરી શકાય છે. આ રીતે સદા શુભના ચિંતવનના અવલંબનથી જે યોગીઓ શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરે છે, છતાં અનાભોગથી તે ક્રિયાઓમાં સ્ખલના થાય તો તે સ્ખલનાઓને સ્મૃતિમાં રાખીને ક્રિયાની સમાપ્તિ પછી તેના પ્રત્યે જુગુપ્સા કરીને અત્યંત પ્રણિધાનપૂર્વક તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપે તો તે અશુભ ચલચિત્ત ક્રમસર ક્ષીણ-ક્ષીણતર થતું જાય છે અને દૃઢ વ્યાપારવાળું શુભ ચિંતવન ક્રમસર સામ્યભાવની પ્રાપ્તિનું કારણ બને છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ચલચિત્તનો ત્યાગ કરીને સમભાવને અનુકૂળ ચારિત્રની**

ક્રિયા કઈ રીતે કરી શકાય તેની દિશા બતાવી. આમ છતાં સામાન્ય રીતે યોગમાર્ગમાં પ્રસ્થિત પણ જીવોને પોતાના સહવર્તી જીવોની પ્રવૃત્તિથી ચિત્ત હંમેશાં વ્યાઘાત પામતું હોય છે તે અજ્ઞાનજન્ય છે, તેમ બતાવીને તેના નિવારણનો ઉપાય બતાવે છે –

**શ્લોક :-**

सर्वभूताविनाभूतं स्वं पश्यन् सर्वदा मुनिः ।
मैत्राद्यमृतसंमग्नः क्व क्लेशांशमपि स्पृशेत्? ।।२४।।

**શ્લોકાર્થ :-**

**સર્વ ભૂતોમાં અવિનાભૂત એવા સ્વને સર્વદા જોતા=સર્વ જીવોમાં નિયમા રહેનારું સ્વસદૃશ સ્વત્વ છે તેમ સર્વદા જોતાં, મૈત્રાદિ અમૃતથી સંમગ્ન એવા મુનિ ક્લેશના અંશને પણ ક્યાંથી સ્પર્શે ? ।।૨૪।।**

**ભાવાર્થ :-**

મુનિઓ "સર્વ જીવોમાં સ્વસદૃશ સ્વત્વ છે" તેમ જોનારા હોય છે. તેથી સર્વ જીવોને પોતાના તુલ્ય જોવાની નિર્મલ દૃષ્ટિને કારણે તેઓનાં ચિત્તમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ વર્તતો હોય છે. વળી, સર્વ જીવો પરમાર્થથી શુદ્ધ સ્વરૂપવાળા છે, આમ છતાં અશુદ્ધ અવસ્થાને પામેલા હોવાથી સર્વ કદર્થના પામે છે. તેથી જે જીવોમાં જે અંશે વિવેક પ્રગટ્યો છે અને તેના કારણે શુદ્ધ અવસ્થાને સન્મુખભાવવાળા થયા છે તે જીવોમાં વર્તતા શુદ્ધઅવસ્થાના સન્મુખભાવને આશ્રયી વર્તતા ગુણને જોઈને મુનિને પ્રમોદભાવ થાય છે. અને કર્મને પરવશ થઈને જે જીવો સંસારની વિડંબના પામે છે તેવા દુઃખી જીવોને જોઈને તેઓનું હિત કરવાની બુદ્ધિરૂપ કરુણા થાય છે તથા જે જીવો અતિકર્મને વશ વિપરીત પ્રવૃત્તિવાળા છે અને માર્ગને પામે તેવા નથી તેવા જીવો પ્રત્યે ઉપેક્ષા વર્તે છે. તેથી કોઈ પણ જીવોનું કોઈપણ પ્રકારનું અનુચિત વર્તન જોઈને પણ મહાત્માને મૈત્રીભાવના કારણે તે જ પરિણામ ઉલ્લસિત થાય છે કે હું શું કરું જેથી એનું હિત થાય ? હિત સંભવે નહિ તો મધ્યસ્થભાવને કારણે ઉપેક્ષા થાય પરંતુ

અન્ય જીવનાં કોઈપણ પ્રકારનાં વર્તનને આશ્રયીને તે મહાત્મા ક્લેશ પામતાં નથી.

આનાથી એ ફલિત થાય કે, જે જીવોનું ચિત્ત જીવના વાસ્તવિક સ્વરૂપને જોનારું નથી, તેથી સ્વ-પરનો પક્ષપાત વર્તી રહ્યો છે અને તેના કારણે તે જીવોનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી વાસિત નથી. તેથી અન્ય જીવોની તે-તે પ્રકારની પ્રવૃત્તિ પોતાને પ્રતિકૂળ દેખાય તો ક્લેશ પામે છે. પરમાર્થને જોનારા વિચારક સાધુને તો પરની તે સર્વ પ્રવૃત્તિ સ્વભૂમિકાનુસાર ઉચિતભાવો કરાવીને નિર્જરાનું કારણ બને છે. તેથી કલ્યાણના અર્થી જીવોએ મુનિના પારમાર્થિક ચિત્તનો વિચાર કરીને તેને અનુરૂપ સામ્યભાવમાં ઉદ્યમ કરવો જોઈએ, જેથી ક્લેશોની પ્રાપ્તિ થાય નહિ. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**વળી મુનિઓને સહવર્તી જીવોથી ક્લેશ કેમ પ્રાપ્ત થતો નથી તે અન્ય દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**नाज्ञानाद् बालको वेत्ति शत्रुमित्रादिकं यथा ।**
**तथात्र चेष्टते ज्ञानी तदिहैव परं सुखम् ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે નાનું બાળક અજ્ઞાનને કારણે આ મારો શત્રુ છે કે આ મારો મિત્ર છે તે પ્રમાણે જાણતો નથી. તે પ્રમાણે અહીં=જીવોના વિષયમાં, જ્ઞાની ચેષ્ટા કરે છે. તે કારણથી અહીં જ=વર્તમાનમાં જ પરમસુખ છે=જ્ઞાનીને વર્તમાનમાં જ પ્રકૃષ્ટ સુખ છે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

સામાન્યથી જીવોને આ મારો શત્રુ છે અને આ મારો મિત્ર છે તે પ્રકારનો બોધ વર્તે છે અને તે બોધને કારણે શત્રુ પ્રત્યે હંમેશાં દ્વેષ રાખે છે, તેનાથી

હંમેશાં ભય પામે છે અને તેનો નાશ કરવાનો મલિન અધ્યવસાય રાખે છે. વળી, મિત્ર પ્રત્યે સ્નેહભાવ ધારણ કરીને તે સદા પાસે રહે તેવી ઇચ્છા રાખે છે. પરંતુ નાનું બાળક જેનામાં તે પ્રકારના બોધનો વિકાસ થયો નથી, તે બાળકને આ શત્રુ છે કે આ મિત્ર છે તેવી કોઈ બુદ્ધિ થતી નથી. તેથી તે બાળકને શત્રુકૃત કોઈ ઉપદ્રવ વર્તતો હોય ત્યારે પણ શત્રુ-મિત્રની બુદ્ધિના અભાવને કારણે ક્લેશ પ્રાપ્ત થતો નથી. તે પ્રમાણે જ્ઞાની પુરુષો સર્વજીવો સાથે ચેષ્ટા કરે છે; કેમ કે વિવેકદૃષ્ટિવાળા હોવાથી વિચારે છે કે લોકો જેને શત્રુ કહે છે કે લોકો જેને મિત્ર કહે છે તે સ્થૂલદૃષ્ટિથી શત્રુ-મિત્ર તુલ્ય વર્તન કરનાર હોવાથી શત્રુ-મિત્ર તુલ્ય છે પણ **પરમાર્થથી તો કર્મને પરવશ થયેલો પોતાનો આત્મા જ પોતાના માટે શત્રુ તુલ્ય છે અને કર્મની પરવશતાને દૂર કરવા માટે જિનવચનનું અવલંબન લઈને અપ્રમત્તભાવથી જિનવચન અનુસાર પ્રવૃત્તિ કરનાર પોતાનો આત્મા જ પોતાનો મિત્ર છે.** તેથી બાહ્ય સર્વજીવો પરમાર્થથી મારા માટે સમાન છે. કોઈ શત્રુ નથી, કોઈ મિત્ર નથી. આવી નિર્મળ મતિને કારણે તે મહાત્મા અંતરંગ પરિણામથી અને બાહ્ય ઉચિત પ્રવૃત્તિથી સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ ધારણ કરે છે. તેથી જેમ બાળકને અજ્ઞાનને કારણે શત્રુ-મિત્ર બુદ્ધિકૃત ક્લેશની પ્રાપ્તિ નથી તેમ જ્ઞાનીને પણ સમ્યગ્ જ્ઞાનને કારણે શત્રુ-મિત્ર બુદ્ધિકૃત ક્લેશની પ્રાપ્તિ નથી. તેથી અહીં જ=વર્તમાનમાં જ, તે મહાત્માને સર્વ જીવો પ્રત્યે સમભાવના પરિણામપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરાવે તેવું ઉત્તમ ચિત્ત હોવાથી પરમસુખ પ્રાપ્ત થાય છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**બાહ્ય પદાર્થોકૃત ક્લેશભાવ ન થાય તેના માટે શું ઉચિત કરવું જોઈએ, જેથી બાહ્ય ક્લેશોથી પર થઈને સામ્યભાવ પ્રગટે તે માટે ઉચિત માર્ગ બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**तोषणीयो जगन्नाथस्तोषणीयश्च सद्गुरुः ।**
**तोषणीयस्तथा स्वात्मा किमन्यैर्बत तोषितैः ? ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**જગતના નાથને સંતોષ આપવો જોઈએ, સદ્ગુરુને તોષ આપવો જોઈએ. સદા પોતાના આત્માને તોષ કરાવવો જોઈએ. ખરેખર ! અન્યના તોષથી શું ? અર્થાત્ અન્યના તોષોથી મહાત્માને કોઈ પ્રયોજન નથી. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

ભગવાન વીતરાગ છે તેથી તે આપણાં કોઈ કૃત્યોથી તોષ પામતા નથી કે કોઈ કૃત્યોથી રોષ પામતા નથી. તોપણ ભગવાને જીવોના હિતાર્થે પોતાના તુલ્ય થવાનો ઉચિત માર્ગ બતાવ્યો છે અને તે માર્ગ પર જે મહાત્માઓ ચાલે છે તે મહાત્મા ઉપર પરમાત્માની કૃપા વર્તે છે. તે પ્રકારનો વ્યવહાર થાય છે; કેમ કે **ભગવાનની આજ્ઞાનાં પાલનથી જ જીવને હિતની પરંપરાની પ્રાપ્તિ થાય છે.** માટે ઉપચારથી ભગવાન તેના પર તુષ્ટ થયા છે તેમ બોલાય છે. તે પ્રકારની વ્યવહાર દૃષ્ટિને સામે રાખીને કહે છે કે સર્વ જીવોએ ભગવાનને સંતોષ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. અર્થાત્ સ્વભૂમિકાનુસાર ભગવાનની ઉચિત આજ્ઞા શું છે તેનો નિર્ણય કરીને સર્વવીર્યથી જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી પોતાના પર પરમાત્માની કૃપા વરસે.

વળી, જે વીતરાગ નથી આમ છતાં વીતરાગનાં વચનને પરતંત્ર છે અને વીતરાગનાં વચનના પરમાર્થને જાણનારા છે તેવા સદ્ગુરુ પણ સદા સ્વ-પરાક્રમથી વીતરાગના વચનાનુસાર જ ચાલનારા છે. અને યોગ્ય જીવોને તેની ભૂમિકા પ્રમાણે વીતરાગનાં વચનાનુસાર સત્પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરનારા છે. તેવા સદ્ગુરુઓનાં વચનાનુસાર સર્વ પ્રવૃત્તિ કરવામાં આવે તો તે સદ્ગુરુઓને પણ તોષ થાય છે કે આ યોગ્ય જીવ જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરીને શીઘ્ર સંસારના અંતને પામશે. તેથી આત્મહિતના અર્થી જીવને મહાત્મા કહે છે કે ભગવાનને સદા તોષ આપવો જોઈએ. અને સદ્ગુરુને સદા તોષ આપવો જોઈએ.

વળી, પોતાનો આત્મા સ્વશક્તિ અનુરૂપ જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ

કરે તો પોતાને નિર્ણય થાય કે આ મારી ઉચિત પ્રવૃત્તિથી વર્તમાનમાં હું ક્લેશ પામતો નથી, ભાવિમાં સર્વ સુખની પરંપરાને પામી અંતે વીતરાગનાં વચનાનુસાર સેવાતી મારી આ પ્રવૃત્તિ મને વીતરાગતુલ્ય બનાવશે. તેથી પોતાનો આત્મા હંમેશાં સંતોષ પ્રાપ્ત કરે છે.

આ રીતે જે મહાત્મા વીતરાગને, સદ્ગુરુને તથા પોતાના આત્માને સંતોષ થાય તેવી પ્રવૃત્તિ કરે છે, તેવા મહાત્માને અન્ય જીવોને તોષ કરવાનું કોઈ પ્રયોજન નથી; કેમ કે અન્ય જીવો રાગ-દ્વેષને પરવશ સ્વ-સ્વ મતિ અનુસાર પ્રવૃત્તિ કરીને તુચ્છ આનંદ લેનારા છે અને તેવા જીવોને તેઓના તુચ્છ આનંદમાં જે ઉપષ્ટંભક થાય તેનાથી જ તોષ થાય છે અને તેવા જીવોના તોષ માટે યત્ન કરવાથી આત્માને અકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. આથી કલ્યાણના અર્થીએ જગન્નાથ, સદ્ગુરુ અને આત્માને તોષ થાય તેવી જ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી સ્વભૂમિકાનુસાર સામ્યભાવની પ્રાપ્તિ થાય અને ઉત્તરોત્તર અતિશય-અતિશયતર સામ્યભાવ પ્રગટ થાય. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, અન્ય જીવોને સંતોષ કરાવવાથી શું ? તેથી હવે અન્ય જીવોને સંતોષ થાય તેવો યત્ન મહાત્માઓએ કેમ ન કરવો જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**कषायविषयाक्रान्तो बहिर्बुद्धिरयं जनः ।**
**किं तेन रुष्टतुष्टेन तोषरोषौ च तत्र किम्? ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**કષાય અને વિષયથી આક્રાંત બહિર્બુદ્ધિવાળો આ લોક છે, રુષ્ટ અને તુષ્ટ એવા તેઓ વડે શું ? અને ત્યાં=બહિર્બુદ્ધિવાળા જનમાં, રોષ અને તોષ વડે શું ? ॥૨૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે, જગન્નાથ, સદ્ગુરુ અને પોતાનો આત્મા તોષણીય છે. અન્ય જીવોના તોષ વડે શું ? તેથી હવે જગન્નાથ આદિ ત્રણથી અન્ય જીવો કેવા છે તે બતાવવા કહે છે.

સંસારી જીવો કષાયથી આક્રાંત મતિવાળા છે, વિષયોમાં પ્રવૃત્તિ કરીને આનંદ લેવાની વૃત્તિવાળા અને બાહ્ય પદાર્થોને જોવાની બુદ્ધિવાળા છે. પરંતુ કષાય-વિષયથી પર નિરાકુલ એવી પોતાની ચેતના કેવી છે અને તે ચેતનાનું હિત શેમાં છે તેના વિષયમાં કોઈ વિચાર કરનારા નથી. એવા જીવોને પોતાના કષાયોની પુષ્ટિ થાય કે પોતાના ઇષ્ટ વિષયની પ્રાપ્તિ થાય તેમાં જ તોષ હોય છે અને પોતાને અભિમત કષાયની અપુષ્ટિમાં કે પોતાને અભિમત વિષયની પ્રાપ્તિમાં વ્યાઘાત કરનારા પ્રત્યે રોષ થાય છે. આથી જ માનના અર્થી જીવોને કોઈ ઉચિત માન ન આપે તો રોષ થાય છે. તેવા જીવોના તોષથી પોતાને શું પ્રયોજન છે કે પોતાના પ્રયત્ન વગર કોઈ નિમિત્તને પામીને તેવા જીવોને રોષ થતો હોય તોપણ પોતાને શું પ્રયોજન છે. તેથી તેવા જીવોના તોષ અને રોષથી શું ? અર્થાત્ તેવા જીવો પોતાનાથી ત્યારે તોષ પામે કે તેઓને અભિમત એવા કષાયોની પુષ્ટિ થાય અને તેવા જીવો પોતાને અભિમત એવા કષાયોની પુષ્ટિ ન થાય ત્યારે રોષ પામે છે. તેથી તેવા જીવોના તોષ-રોષ સાથે મહાત્માને કોઈ પ્રયોજન નથી.

વળી, તેવા જીવોની કોઈ પ્રવૃત્તિ જોઈને પણ મહાત્માને તેઓમાં તોષ કે રોષથી કોઈ પ્રયોજન નથી; કેમ કે મહાત્માને તો જિનવચનાનુસાર પ્રવૃત્તિ થાય તેમાં જ તોષ હોય છે અને જિનવચનથી વિપરીત પ્રવૃત્તિમાં જ રોષ હોય છે. પરંતુ કર્મને વશ જીવો આ રીતે વિષય-કષાયથી આક્રાંત મતિવાળા હોય, તેઓમાં તોષ કરવાથી તેઓની પ્રવૃત્તિની અનુમોદના પ્રાપ્ત થાય અને તેઓના તે વર્તન પ્રત્યે દ્વેષ કરવાથી ચિત્તમાં કાલુષ્યની પ્રાપ્તિ થાય માટે મહાત્માએ તેવા જીવો પ્રત્યે ઉપેક્ષા કરવી જ ઉચિત છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં અંતે કહ્યું કે, સંસારી જીવોમાં મહાત્માને રોષ-તોષથી શું ! ત્યાં પ્રશ્ન થાય કે, સંસારી જીવો કષાયને પરવશ થઈને અનુચિત પ્રવૃત્તિ કરતા હોય તે જોઈને તેઓ પ્રત્યે મહાત્માને દ્વેષ કેમ ન થાય ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**असदाचारिणः प्रायो लोकाः कालानुभावतः ।**
**द्वेषस्तेषु न कर्तव्यः संविभाव्य भवस्थितिम् ।।२८।।**

**શ્લોકાર્થ :-**

**કાલના અનુભાવથી=વર્તમાન કાલના દોષથી, લોકો=સામાન્ય લોકો તો ખરા પરંતુ ધર્મીલોક પણ, પ્રાયઃ અસદાચારી છે. ભવસ્થિતિનું સંવિભાવન કરીને તેઓમાં દ્વેષ કરવો જોઈએ નહીં. ।।૨૮।।**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જીવો સદા આરંભ-સમારંભમાં વર્તનારા હોય છે. પરંતુ વર્તમાનનો કાલ તો અતિ વિષમ છે. તેના કારણે જેઓ આત્મકલ્યાણ માટે પ્રસ્થિત છે તેવા લોકો પણ પ્રાયઃ અસદાચારવાળા છે. તેઓના તે પ્રકારના અસદાચારને જોઈને જો મહાત્મા ખ્યાલ ન રાખે તો તેઓ પ્રત્યે દ્વેષ થવાનો સંભવ રહે; કેમ કે સામાન્યથી સંસારી જીવો સાથે મહાત્માને બહુ કોઈ પ્રયોજન નથી. પરંતુ ધર્મી તરીકે પ્રસિદ્ધ હોય તેવા સાધુઓ કે શ્રાવકો અનુચિત પ્રવૃત્તિ કરતા હોય તો જીવ સ્વભાવથી તેઓની તે પ્રવૃત્તિ જોઈને ચિત્તમાં ઇષદ્ દ્વેષ થવાનો પ્રસંગ મહાત્માઓને પણ પ્રાપ્ત થાય છે. તેના નિવારણના ઉપાયરૂપે કહે છે કે એવા પ્રસંગે મહાત્માએ વિચારવું જોઈએ કે, આ જીવોની ભવસ્થિતિ જ એવા પ્રકારની છે કે જેથી ધર્મ પ્રત્યેના વલણવાળા થઈને ધર્મ અર્થે પ્રવૃત્ત થયા છે તોપણ અસદાચાર સેવીને પોતાનો વિનાશ કરે છે તેથી જ્યાં સુધી તેઓની ભવસ્થિતિનો પરિપાક થાય નહીં ત્યાં સુધી તેઓને અસદાચારથી નિવર્તન કરી શકાય નહિ. આમ વિચારીને તેઓમાં દ્વેષ કરવો જોઈએ નહિ. પરંતુ જો તેઓ પ્રજ્ઞાપનીય

જણાય તો ઉચિત પ્રયત્નથી બોધ કરાવવા પ્રયત્ન કરવો જોઈએ અને અપ્રજ્ઞાપનીય જણાય તો મધ્યસ્થભાવ ધારણ કરીને ઉપેક્ષા કરવી જોઈએ. પરંતુ તેઓ પ્રત્યે દ્વેષ કરીને પોતાના ચિત્તને કલુષિત કરવું ઉચિત નથી.

અહીં, ભવસ્થિતિ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, દરેક જીવોની કર્મ પરિણતિને અનુસાર તેઓની ભવપરંપરા ચાલે એવી ભવની સ્થિતિ હોય છે. અને જે જીવોની ભવસ્થિતિ પરિપાકને પામેલી છે તે જીવો સદા ભવભ્રમણનાં કારણોનું નિવારણ કરવા જિનવચનનું અવલંબન લઈને તેના ઉચ્છેદ માટે પ્રયત્ન કરે છે. અને જેઓની ભવસ્થિતિ પરિપાકને પામેલી નથી, તેઓની તે પ્રકારની જ ભવસ્થિતિ છે કે જેથી ભવની પરંપરા ચલાવે તેવાં પરિણામો કરીને પોતાની ભવસ્થિતિને સુરક્ષિત રાખે છે. વળી, તે જ જીવની ભવસ્થિતિ જ્યારે પરિપાકને અભિમુખ થાય છે ત્યારે તે જીવ હંમેશાં સદાલંબનો લઈને પોતાના ભવના ઉચ્છેદના ઉપાયોને વિચારે છે અને તેવા મહાત્માઓ પોતાની વિદ્યમાન ભવસ્થિતિને અલ્પ-અલ્પતર કરીને સંસારનો શીઘ્ર અંત કરે છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**અત્યાર સુધી સામ્યભાવમાં જવા માટે મહાત્માએ કઈ રીતે યત્ન કરવો જોઈએ તેનો અનેક દૃષ્ટિકોણથી ઉપદેશ આપ્યો. હવે, તે રીતે પ્રયત્ન કરનારા મહાત્માને પણ સામ્યભાવ ક્યારે ઉલ્લસિત થાય છે તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**निःसंगो निर्ममः शान्तो निरीहः संयमे रतः ।**
**यदा योगी भवेदन्तस्तत्त्वमुभ्दासते तदा ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે યોગી નિઃસંગ, નિર્મમ, શાંત, નિરીહ=ઈચ્છા રહિત, સંયમમાં રત થાય ત્યારે અંતસ્તત્ત્વ=જીવના પરિણામરૂપ અંતરંગ સામ્યભાવ, ઉદ્ભાસન પામે છે. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં સામ્યભાવમાં યત્ન કરવાનો ઉચિત ઉપદેશ આપ્યો. તે ઉપદેશથી ભાવિત થયેલી મતિવાળા યોગી બાહ્ય અને અંતરંગ સંગ વગરના થાય છે અર્થાત્ ઇન્દ્રિયો અનુત્સુક થવાના કારણે બાહ્ય પદાર્થોમાં કોઈ સંશ્લેષ ન થાય તેવા અંતરંગ પરિણામવાળા થાય છે અને અંતરંગ અસંગના પરિણામ માટે તે યોગીઓ બાહ્ય સંગનો ત્યાગ કરે છે. તેથી ધર્મમાં ઉપયોગી ઉપધિને ધારણ કરવા સિવાય સર્વથા બાહ્ય સંગ વગરના છે. વળી, દેહાદિ પ્રત્યે નિર્મમભાવવાળા છે, ચિત્તવૃત્તિમાં કષાયો શાંત થયેલા છે, અને કોઈ પદાર્થની પ્રાપ્તિની ઇચ્છા નથી. પરંતુ ઇચ્છારહિત અવસ્થા માટે જ સદા ઉદ્યમવાળા છે અને સંયમની ઉચિત ક્રિયામાં રત છે તે મહાત્મામાં અંતસ્તત્ત્વનું=જીવના અંતરંગ પરિણામરૂપ સામ્યભાવનું, ઉદ્ભાસન થાય છે=પ્રગટીકરણ થાય છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કેવા યોગીને સામ્યભાવ પ્રગટ થાય છે તે બતાવી હવે સામ્યભાવની પરાકાષ્ઠા લયથી પ્રાપ્ત થાય છે અર્થાત્ પરમાત્મભાવમાં લયથી પ્રાપ્ત થાય છે અને તે પ્રકારના લયને તે મહાત્મા કઈ રીતે પ્રાપ્ત કરે છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

सद्वृक्षं प्राप्य निर्वाति रवितप्तो यथाऽध्वगः ।
मोक्षाध्वस्थस्तपस्तप्तस्तथा योगी परं लयम् ।।३०।।

**શ્લાકાર્થ :-**

**જે પ્રમાણે સૂર્યનાં કિરણોથી તપ્ત થયેલો મુસાફર સદ્‌વૃક્ષને=ઘટાદાર વૃક્ષને, પ્રાપ્ત કરીને વિશ્રાંતિને કરે છે તે પ્રમાણે મોક્ષરૂપી માર્ગમાં પ્રસ્થાન કરનાર અને તપથી તપ્ત થયેલા એવા યોગી પરં લયને પ્રાપ્ત કરીને વિશ્રાંતિને કરે છે. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

કોઈ ઉચિત સ્થાનમાં જવા માટે તત્પર થયેલ મુસાફર સૂર્યનાં કિરણોથી તપ્ત થયેલો હોય અને રસ્તામાં કોઈ ઘટાદાર વૃક્ષ મળે તો તે તાપને દૂર કરવા અર્થે ત્યાં વિશ્રાંતિને કરે છે. જેથી મુસાફરીનો થાક અને સૂર્યનાં કિરણોથી થયેલો તાપ દૂર થાય. તે રીતે જે મહાત્માઓ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત છે અને તપની ક્રિયાથી આત્માને તપાવે છે તેઓ જ્યારે પરમાત્માના પારમાર્થિક સ્વરૂપના મર્મરૂપ સદ્‌વૃક્ષને પ્રાપ્ત કરે છે ત્યારે તે પરમાત્મભાવમાં પરમ લયને પ્રાપ્ત કરીને વિશ્રાંતિને કરે છે.

આશય એ છે કે, જેમ મુસાફર માટે ઉચિત સ્થાને જવું શ્રમસાધ્ય હોય છે તેમ આદ્યભૂમિકામાં યોગમાર્ગનું સેવન શ્રમસાધ્ય હોય છે. તેથી મોક્ષમાર્ગમાં પ્રસ્થિત યોગીઓ શાસ્ત્રીય પદાર્થોથી આત્માને વારંવાર ભાવિત કરે છે. ઉત્પથમાં જતી ઇન્દ્રિયોનો યત્નપૂર્વક રોધ કરે છે અને ઉત્પથમાં જતી ઇન્દ્રિયોના અનર્થનું વારંવાર ભાવન કરીને આત્માને ભય બતાવે છે અને સત્પથમાં જવાથી આગામી શું લાભ થશે, કલ્યાણની પરંપરાની કઈ રીતે પ્રાપ્તિ થશે તેનું ચિંતવન કરીને સત્પથમાં ચાલવા માટે પોતાને ઉત્સાહિત કરે છે. તેથી તે ભૂમિકામાં પ્રસ્થિત મહાત્માઓ માટે યોગમાર્ગ શ્રમસાધ્ય છે. વળી, જેમ ઉચિત સ્થાને જવા માટે મુસાફરને સૂર્યના તાપથી તપ્ત પણ થવું પડે છે, તેમ મોક્ષની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરતા મહાત્માને પણ વારંવાર શક્તિઓના પ્રકર્ષથી તપ દ્વારા આત્માને તપ્ત કરવો પડે છે. આ સર્વ પ્રવૃત્તિ કષ્ટરૂપ હોવા છતાં ભાવિના હિતને સામે રાખી તે મહાત્મા કષ્ટમય પ્રવૃત્તિ પણ કરે છે. જેમ મુસાફર માટે ગમનની પ્રવૃત્તિ અને સૂર્યનો તાપ કષ્ટરૂપ હોવા છતાં ઇષ્ટ સ્થાનની પ્રાપ્તિના આશયથી તે મુસાફર તે પ્રકારની પ્રવૃત્તિ કરે છે. વળી, તે પથિક શ્રાન્ત થયો હોય અને સદ્‌વૃક્ષ=ઘટાદાર વૃક્ષ પ્રાપ્ત કરે તો તે શ્રમ અને તાપને દૂર કરવા માટે ત્યાં વિશ્રાંતિ કરે છે તેમ શ્રમથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત અને તપથી તપ્ત થયેલા એવા તે મહાત્મા પરમાત્માના પારમાર્થિક સ્વરૂપને પામીને સદ્‌વીર્યના પ્રકર્ષથી જ્યારે પરમલયને પ્રાપ્ત કરે છે ત્યારે તેઓ વિશ્રાંતિને કરે છે અર્થાત્ પરમાત્મા સાથે લય પામ્યા પછી ક્ષણભરમાં સંપૂર્ણ મોહનો નાશ કરીને તે મહાત્મા કેવલજ્ઞાનને પામે છે પછી તે મહાત્મા માર્ગમાં ગમનની કોઈ પ્રવૃત્તિ કરતા

નથી. અર્થાત્ પરમાત્મા સાથે પરમલયભાવને પામેલા વીતરાગ સર્વજ્ઞ થયેલા એવા તે મહાત્મા યોગમાર્ગમાં ગમનને અનુકૂળ કોઈ શ્રમ કરતા નથી; કેમ કે સદ્‌વૃક્ષની પ્રાપ્તિ થાય તેવા સ્થાનમાં વિશ્રાંતિતુલ્ય કેવલજ્ઞાનનો કાળ છે. અને જેમ તે પથિક સદ્‌વૃક્ષ નીચે આરામ કરીને શ્રમ અને તાપ દૂર થાય ત્યારે ઇષ્ટ સ્થાને જવા માટે ગમન કરે છે. તેમ તે મહાત્મા ઉચિત કાળે યોગનિરોધની ક્રિયાનો પ્રારંભ કરીને મોક્ષપથ પર પ્રયાણ કરે છે. જેના ફળરૂપે ઇષ્ટ એવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધક દશાથી જીવો મોક્ષમાર્ગમાં પ્રસ્થિત હોય છે અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી તેઓનું સ્વભૂમિકાનુસાર મોક્ષમાર્ગમાં પ્રયાણ ચાલુ હોય છે. અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી આયુષ્ય ક્ષયના કાલ સુધી કેવલીને યોગમાર્ગ વિષયક અન્ય કોઈ પ્રવૃત્તિ નથી. તેથી કેવલી સદ્‌વૃક્ષની છાયામાં વિશ્રાંત હોય છે અને તેરમા સયોગી ગુણસ્થાનકને અંતે યોગનિરોધનો પ્રારંભ કરે છે ત્યારે મહાત્મા ફરી મોક્ષમાર્ગમાં ગમન કરી ઇષ્ટ સ્થાનને પ્રાપ્ત કરે છે. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**હવે, 'સામ્યોપદેશ' પ્રસ્તાવનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**इति साम्यतनुत्राणत्रातचारित्रविग्रहः ।**
**मोहस्य ध्वजिनीं धीरो विध्वंसयति लीलया ।।३१।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે, સામ્યરૂપી શરીરને બખ્તરથી રક્ષણ કરાયેલા એવા ચારિત્ર દેહવાળો ધીર લીલાપૂર્વક મોહની સેનાનો વિધ્વંસ કરે છે. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત પ્રસ્તાવમાં સામ્યનો ઉપદેશ આપ્યો અને તે ઉપદેશને

જે મહાત્માઓ અવધારણ કરે છે અને તે ઉપદેશથી આત્માને ભાવિત કરીને સ્વભૂમિકાનુસાર યોગમાર્ગમાં યત્ન કરે છે તે મહાત્માઓ જીવના સામ્યભાવરૂપ દેહનું પ્રસ્તુત ઉપદેશરૂપ બખ્તરથી રક્ષણ કરે છે અને તે બખ્તરથી રક્ષણ કરાયેલા ચારિત્રાચારના પાલનરૂપ દેહધારી એવા તે ધીરપુરુષ સંયમની ઉચિત ક્રિયા કરવા દ્વારા લીલાપૂર્વક મોહની સેનાનો નાશ કરે છે.

આશય એ છે કે, સિદ્ધાવસ્થામાં સિદ્ધાત્માઓ સામ્યભાવના દેહવાળા છે અને સંસારાવસ્થામાં કેવલી ભગવંતો સામ્યભાવના દેહવાળા છે. તેઓએ સામ્યભાવનો નાશ કરનાર મોહરૂપી શત્રુનો સર્વથા ઉચ્છેદ કર્યો હોવાથી તેમનો સામ્યભાવરૂપી દેહ કોઈનાથી નાશ પામે તેમ નથી અને જેઓ વીતરાગ સર્વજ્ઞ થયા નથી તેવા મહાત્માઓ પોતાના સામ્યભાવરૂપી દેહના રક્ષણ માટે સદા સર્વજ્ઞના વચનના ઉપદેશરૂપ બખ્તરને ધારણ કરે છે અને સર્વજ્ઞના વચનથી રક્ષિત એવા તેઓ ચારિત્રાચારની ક્રિયાઓ સેવે છે. તેથી તેઓ ચારિત્રરૂપી દેહવાળા છે. વળી, તે મહાત્માઓ શત્રુની સામે લડવામાં અત્યંત ધીર છે. તેથી કોઈ વિષમ સંયોગો પ્રાપ્ત થાય તોપણ યુદ્ધભૂમિમાં પાછા પડતા નથી. પરંતુ આત્મામાં વર્તતા મોહના સંસ્કારોના ઉન્મૂલન માટે વીતરાગભાવનાથી ચિત્ત ભાવિત બને તે રીતે સતત દિવસ-રાત ઉદ્યમ કરનારા છે. અને તેવા ધીર મહાત્માઓ પોતાના આત્મામાં રહેલ મોહની સેનાનો લીલાપૂર્વક નાશ કરે છે. તેથી મોહના નાશના અર્થીએ સામ્યરૂપી દેહનું રક્ષણ કરનાર એવા પ્રસ્તુત પ્રસ્તાવમાં બતાવેલ સામ્યના ઉપદેશને સદા ધારી રાખવો જોઈએ. અને શત્રુનો નાશ કરવા માટે અપ્રમત્તભાવથી ઉદ્યમ કરવો જોઈએ. **॥૩૧॥**

**તૃતીય પ્રસ્તાવ સમાપ્ત**

## ચતુર્થ પ્રસ્તાવ

# સત્ત્વોપદેશ

**ત્રીજા પ્રસ્તાવ સાથે જોડાણ :**

ત્રીજા પ્રસ્તાવમાં સામ્યભાવનો ઉપદેશ આપ્યો. હવે તે સામ્યભાવમાં દૃઢ ઉદ્યમ કરવા માટે સત્ત્વની આવશ્યકતા છે. હીનસત્ત્વવાળા જીવો ધર્મમાં ઉદ્યમ કરી શકતા નથી, માટે ચોથા પ્રસ્તાવમાં ગ્રંથકારશ્રી સત્ત્વ કેળવવાનો ઉપદેશ આપે છે.

**શ્લોક :-**

**त्यक्त्वा रजस्तमोभावौ सत्त्वे चित्तं स्थिरीकुरु ।**
**न हि धर्माधिकारोऽस्ति हीनसत्त्वस्य देहिनः ।।१।।**

**શ્લોકાર્થ :-**

**રજસ્ અને તમસ્ ભાવને છોડીને સત્ત્વમાં ચિત્તને સ્થિર કર. જે કારણથી, હીન સત્ત્વવાળા જીવને ધર્મનો અધિકાર નથી. ।।૧।।**

**ભાવાર્થ :-**

ત્રીજા પ્રસ્તાવમાં સામ્યનો ઉપદેશ આપ્યો. તે ઉપદેશને અવધારણ કરીને કોઈ યોગ્ય જીવ આત્મકલ્યાણ અર્થે સામ્યભાવનો અર્થી બને આમ છતાં અલ્પસત્ત્વવાળા જીવો સામ્યભાવનો વિધ્વંસ કરનાર અનાદિના મોહના સંસ્કારોનો નાશ કરવા માટે વીર્યને પ્રવર્તાવવામાં સાત્ત્વિક ન હોય તો સામ્યભાવનો ઉપદેશ સાંભળીને યોગમાર્ગમાં પ્રયત્નના અભિલાષવાળા થાય તોપણ પોતાનું ઇષ્ટ સાધી શકતા નથી. તેથી મહાત્મા ઉપદેશ આપતાં કહે છે કે રાગ-દ્વેષના ભાવોને છોડીને ચિત્તને સત્ત્વમાં સ્થિર કર=પોતાનામાં વિદ્યમાન એવા રાગ-દ્વેષના સંસ્કારોને આધીન થયા વિના તેઓના ઉન્મૂલને અનુકૂળ પ્રવૃત્તિ કરવા સમર્થ બને એવા સત્ત્વભાવમાં ચિત્તને સ્થિર કર. હવે, સત્ત્વભાવને કેમ સ્થિર કરવો જોઈએ તેથી કહે છે "હીનસત્ત્વવાળા જીવોને ધર્મનો અધિકાર નથી." અર્થાત્ જેઓમાં ગ્રહણ કરાયેલી પ્રતિજ્ઞાને પાળવાને અનુકૂળ સત્ત્વ નથી તેવા

જીવો ધર્મ નિષ્પત્તિને અનુકૂળ ઉચિત અભિગ્રહ ગ્રહણ કરવા માટે અધિકારી નથી. કદાચ તેવા જીવો ઉપદેશ આદિ સાંભળી ક્ષણભર ધર્મ કરવાના પરિણામવાળા થાય તોપણ સત્ત્વનો સંચય થયેલો નહિ હોવાથી જે ધર્મનો સ્વીકાર કરશે તે ધર્મને નિષ્ઠા સુધી વહન કરી શકશે નહિ. આથી સામ્યભાવના ઉપદેશના પરમાર્થને જાણ્યા પછી ધર્મના સેવન માટે બદ્ધ અભિલાષવાળા જીવે સત્ત્વનો સંચય કરવા યત્ન કરવો જોઈએ. ॥૧॥

**અવતરણિકા :-**

**પ્રથમ શ્લોકમાં કહ્યું કે, સામ્યભાવની નિષ્પત્તિના અર્થી જીવે, સત્ત્વનો સંચય કરવો જોઈએ; કેમ કે હીન સત્ત્વવાળા જીવોને ધર્મમાં અધિકાર નથી. હવે, હીન સત્ત્વવાળા જીવોને ધર્મમાં કેમ અધિકાર નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**हीनसत्त्वो यतो जन्तुर्बाधितो विषयादिभिः ।**
**बाढं पतति संसारे स्वप्रतिज्ञाविलोपनात् ।।२।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી વિષયાદિથી બાધા પામેલો હીનસત્ત્વવાળો જીવ સ્વપ્રતિજ્ઞાના વિલોપનથી સંસારમાં અત્યંત પડે છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો સદ્ગુરુઓનો ઉપદેશ સાંભળી સંસારથી ભય પામે છે અને સંસારથી નિસ્તારના અર્થી બને છે. આવા જીવો ઉપદેશના મર્મને પામેલા હોય તો તેઓની અર્થિતા અવશ્ય કલ્યાણનું કારણ બને તેમ છે. આમ છતાં તેઓ જે ધર્મ સ્વીકારવા તત્પર થયા છે તેને અનુકૂળ સત્ત્વનો સંચય કર્યો ન હોય અને રાભસિકવૃત્તિથી=પોતાની શક્તિનો વિચાર કર્યા વગરની વૃત્તિથી, વ્રતો સ્વીકારી લીધાં હોય તો તેવા જીવમાં સ્વીકારાયેલાં વ્રતોનું પાલન કરવાને અનુકૂળ સત્ત્વનો સંચય થયેલો નથી. તેથી વિષયો અને મોહના સંસ્કારથી વારંવાર

બાધિત થયેલા હીન સત્ત્વવાળા જીવો પોતાની સ્વીકારાયેલી પ્રતિજ્ઞાનો વિલોપ કરે છે અને તે પ્રતિજ્ઞાના વિલોપનને કારણે ક્લિષ્ટ કર્મ બાંધીને સંસારમાં અત્યંત પડે છે. અર્થાત્ ઘણો કાળ સંસારમાં પરિભ્રમણ કરે છે. તેથી સામ્યભાવના ઉપદેશને સાંભળ્યા પછી સામ્યભાવના અર્થી પુરુષે જેમ તેના ઉપાયભૂત ચારિત્રના ગ્રહણનો પરિણામ આવશ્યક છે તેમ **ચારિત્રગ્રહણ કરતા પહેલાં દુર્ધર એવા ચારિત્રવ્રતના પાલનને અનુકૂળ શક્તિનો સંચય કરીને વ્રત ગ્રહણ કરવાં જોઈએ.** આથી જ શાસ્ત્રમાં આ કાલમાં વિશેષથી દેશવિરતિના અને પ્રતિમાના પાલન પછી સર્વવિરતિ ગ્રહણનો ઉપદેશ આપેલ છે.

અધ્યાત્મસાર, ૧૫મો યોગાધિકાર, શ્લોક-૨૬માં કહ્યું છે :-

अत एव हि सुश्राद्धाचरणस्पर्शनोत्तरम् ।
दुष्पालश्रमणाचारग्रहणं विहितं जिनैः ।।२६।।

તેથી તે ફલિત થાય કે જે જીવો જે ભૂમિકામાં હોય તેની ઉત્તરની નજીકની ભૂમિકાને અનુરૂપ વ્રતોનું ગ્રહણ કરે અને તેનું સમ્યક્ પાલન કરે તો તે અંશમાં ઇન્દ્રિયો સંવૃત્ત બને છે ત્યાર પછી તે ભૂમિકાનો સંવરભાવ સુઅભ્યસ્ત થાય ત્યારે તેઓમાં ઉત્તરના સંવરણ માટે યત્ન થઈ શકે તેવા સત્ત્વનો સંચય થાય છે. આ રીતે પૂર્વ પૂર્વના યોગમાર્ગના અભ્યાસપૂર્વક જેઓ ઉત્તર-ઉત્તરના યોગમાર્ગમાં યત્ન કરે છે તે ધીરપુરુષો સુખપૂર્વક મોહરૂપી શત્રુનો નાશ કરવાં સમર્થ બને છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, હીન સત્ત્વવાળા જીવો સ્વપ્રતિજ્ઞાના લોપથી સંસારમાં અત્યંત પડે છે. હવે તેઓ કઈ રીતે સંસારમાં અત્યંત પડે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**सावद्यं सकलं योगं प्रत्याख्यायान्यसाक्षिकम् ।**
**विस्मृतात्मा पुनः क्लीबः सेवते धैर्यवर्जितः ।।३।।**

**શ્લોકાર્થ :-**

**અન્યસાક્ષિક સકલ સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરીને વળી વિસ્મૃત આત્મા એવો નપુંસક, ધૈર્યવર્જિત સેવે છે=ધૈર્યવર્જિત સાવદ્યયોગને સેવે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

કેટલાંક હીન સત્ત્વવાળા જીવો કલ્યાણના અર્થે સંયમગ્રહણ કરે છે, તીર્થંકર આદિ અન્યની સાક્ષીએ સંપૂર્ણ સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરે છે. આમ છતાં એ ભૂમિકાને અનુકૂળ સત્ત્વનો સંચય નહીં કરેલો હોવાથી ઇન્દ્રિયોની ઉત્સુકતા નિવર્તન પામતી નથી. તેથી વારંવાર વિષયોથી બાધિત થાય છે અને નપુંસક જેવા તેઓ પોતાના આત્માને ભૂલી જાય છે અર્થાત્ મેં મારા આત્મકલ્યાણ અર્થે, મોહનો નાશ કરવા માટે આ સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કર્યું છે તે ભૂલી જાય છે અને ગ્રહણ કરાયેલી પ્રતિજ્ઞાને અનુરૂપ ઉચિત આચારોના પાલનમાં ધૈર્યથી રહિત એવા તેઓ સકલ સાવદ્યયોગને સેવે છે. અર્થાત્ ઉપયોગપૂર્વક સંયમની સર્વ ઉચિત યતના કરતા નથી. માત્ર યથાતથા ચારિત્રાચારની બાહ્ય ક્રિયાઓ કરે છે. પરંતુ પાંચ ઇન્દ્રિયો તથા મનના સંવર અને ષટ્કાયના પાલનને અનુરૂપ બાર પ્રકારની વિરતિમાં સમ્યક્ યત્ન કરતા નથી, તેઓ સ્વપ્રતિજ્ઞાના લોપથી અનંત સંસારમાં ભટકે છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૩॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, હીન સત્ત્વવાળા જીવો સાવદ્યયોગનો ત્યાગ કરીને તે સાવદ્યયોગને સેવીને વિનાશ પામે છે. તે કેમ વિનાશ પામે છે અર્થાત્ ગુરુનું વચન, શાસ્ત્રનું વચન કે ઉચિત ભાવનાઓ તેમનું રક્ષણ કેમ કરતી નથી ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**तावद् गुरुवचः शास्त्रं तावत् तावच्च भावनाः ।**
**कषायविषयैर्यावद् न मनस्तरलीभवेत् ।।४।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં સુધી ગુરુનું વચન છે, ત્યાં સુધી શાસ્ત્ર છે અને ત્યાં સુધી ભાવના છે જ્યાં સુધી મન કષાય અને વિષયોથી તરલી થતું નથી=વિહ્વળ થતું નથી. ॥૪॥**

**ભાવાર્થ :-**

જે જીવોએ સંયમ ગ્રહણ કરતાં પૂર્વે સત્ત્વનો સંચય કર્યો નથી તે જીવોને પણ સંયમ ગ્રહણ કર્યા પછી ગુરુના વચનથી, શાસ્ત્રથી કે ભાવનાથી સ્થિર મતિ પ્રાપ્ત થશે. તેના બળથી તે જીવો સંયમ પાળી શકશે તેમ કોઈને જણાય તો ગ્રંથકારશ્રી કહે છે કે જે જીવોએ સત્ત્વનો સંચય કર્યો નથી અને વ્રત ગ્રહણ કર્યા પછી જે વ્રત પાળવાનું છે તેને અનુરૂપ ઇન્દ્રિયો સંવૃત્ત કરી નથી. તેવા જીવો પૂર્વના અભ્યાસને અનુરૂપ તે-તે કષાયો અને તે-તે વિષયોને સેવે તેવી મનોવૃત્તિ ધરાવે છે અને તેવા જીવો સર્વવિરતિ ગ્રહણ કરે તોપણ પૂર્વના સંસ્કારોથી જ્યારે તેઓનું મન તે-તે વિષયને અભિમુખ બને છે અને તે-તે કષાયને વશ બને છે, ત્યારે તે વિષય-કષાયથી આક્રાંત થયેલા મનને ગુરુનો ઉપદેશ પણ સ્પર્શતો નથી કે શાસ્ત્રઅધ્યયન દ્વારા શાસ્ત્રનો પરમાર્થ પણ સ્પર્શતો નથી અને વિહ્વળ થયેલા મનને શાંત કરવા માટે તે-તે પ્રકારની ભાવનાઓ કરે તો તે ભાવનાથી પણ મન વ્રતને અનુકૂળ પરિણામવાળું થતું નથી. પરંતુ અંતરંગ રીતે ઊઠેલા કષાય અને ઇન્દ્રિયોને વશ થઈને તે-તે પ્રવૃત્તિ કરવા અભિમુખ બને છે, તેવા જીવો હીન સત્ત્વવાળા હોવાથી સ્વીકારેલ પ્રતિજ્ઞાનો લોપ કરીને અનંત સંસારમાં ભટકે છે. ॥૪॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, કષાયથી અને વિષયથી મન તરલિત=વિહ્વળ, થાય છે. ત્યારે ગુરુ-ઉપદેશ, શાસ્ત્ર આદિ સર્વ નિષ્ફળ છે. હવે જેઓ કષાય-વિષયને જીતતા નથી પરંતુ પોતાના એક આત્માને જ જીતે છે અર્થાત્ વિષય-કષાયને પરવશ થાય છે તેઓ હીન સત્ત્વવાળા છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**कषायविषयग्रामे धावन्तमतिदुर्जयम् ।**
**यः स्वमेव जयत्येकं स वीरतिलकः कुतः? ।।५।।**

**શ્લોકાર્થ :-**

**કષાય-વિષયના સમૂહમાં દોડતાં અતિવિષમ એવા એક પોતાને જે જીતે છે=પરાજય કરે છે, તે વીરતિલક ક્યાંથી હોય ?=વીરતિલક ન હોય=હીન સત્ત્વવાળા હોય. ।।૫।।**

**ભાવાર્થ :-**

અનાદિના અભ્યાસથી જીવ ક્રોધાદિ ચાર કષાયો અને પાંચ ઇન્દ્રિયોના વિષયોના ભાવોને અનુસરવાના સ્વભાવવાળો છે અને અનાદિની તે ચાલને અનુસરનાર કોઈ જીવ ઉપદેશ આદિને પામી સંયમ ગ્રહણ કરે આમ છતાં અનાદિની ચાલને અનુસરનાર કષાય અને વિષયના સમૂહમાં દોડતાં અતિ દુર્જય એવા પોતાના આત્માને જ, અર્થાત્ માત્ર બાહ્ય ત્યાગથી જેના પર કાબૂ પ્રાપ્ત ન કરી શકાય તેવા એક પોતાના આત્માને જ જીતે છે અર્થાત્ કષાય અને વિષયના સમૂહને જીતતો નથી. પરંતુ પોતાના આત્માને કષાય-વિષયને પરાધીન કરે છે અને તે રીતે પોતાના આત્માને કષાય આદિને પરાધીન કરીને પોતાના આત્માનો પોતે જ વિનાશ કરે છે. તેવા સત્ત્વહીન જીવો સંયમ ગ્રહણ કરે તોપણ વીરોમાં તિલક એવા સુસાધુ ક્યાંથી હોય ? અર્થાત્ માત્ર વેશ ગ્રહણ કરવામાં કે બાહ્ય ક્રિયા કરવામાં જ તેઓ શૂરા છે પરંતુ પોતાના આત્માનું રક્ષણ કરવામાં શૂરા નથી. વસ્તુતઃ શત્રુથી વિનાશ પામતા એવા પોતાના આત્માનું રક્ષણ કરવાનું છે. તેના બદલે પોતાના આત્માનો જ જે જય કરે છે તેઓ વીર નથી. વીર તો તેઓ જ છે કે જે પોતાના શત્રુ એવા કષાયોનો અને ઇન્દ્રિયોનો જય કરે છે. ।।૫।।

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, સંયમગ્રહણ કરીને કષાયોના અને વિષયોના**

**સમૂહનો જે જય કરતા નથી, તેઓ વીરતિલક ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. તેથી હવે, વીરતિલક કોણ છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**धीराणामपि वैधुर्यकरै रौद्रपरीषहैः ।**
**स्पृष्टः सन् कोऽपि वीरेन्द्रः संमुखो यदि धावति ।।६।।**

**શ્લોકાર્થ :-**

**ધીરોને પણ વૈધુર્ય કરનાર=વિહ્વળ કરનાર, એવા રૌદ્ર પરિષહો વડે સ્પર્શાયેલો છતો કોઈક પણ વીરોમાં ઈન્દ્ર જો સન્મુખ દોડે=ઉપસર્ગો અને પરિષહોમાં વિધુરિત થયા વગર શત્રુઓના નાશમાં સન્મુખ દોડે, તે વીરતિલક છે. એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ।।૬।।**

**ભાવાર્થ :-**

સંયમગ્રહણ કરીને ધીરતાપૂર્વક જિનવચનાનુસાર સંયમમાં ઉત્થિત થયેલા એવા વીર પુરુષોને પણ ઉપસર્ગો અને પરિષહો પ્રાપ્ત થાય તો શત્રુના સૈન્યને જીતવા માટે સુભટ જેવા તે મહાત્માઓ પણ વિધુરિત થાય છે. અર્થાત્ શત્રુઓના સૈન્યને જીતવા માટે ક્ષોભાયમાન થાય છે તેવા ઉપસર્ગો અને પરિષહોને સ્પર્શાયેલા વીરોમાં ઇન્દ્ર જેવા કોઈક મહાત્મા તેવા સંયોગોમાં પણ શત્રુઓના નાશ માટે અંતરંગ મહાપરાક્રમ ફોરવે તો તે વીરતિલક કહેવાય. જેમ સારા પણ સંયમી સાધુ ઉપસર્ગો અને પરિષહોને પામીને સંયમના કંડકસ્થાનોથી હીનતાને પામે છે અને ક્યારેક ગુણસ્થાનકથી પાત પણ પામે છે. આથી જ શાસ્ત્રકારોએ ઉપસર્ગ અને પરિષહોને સંયમમાં અતિચાર આપાદક કહ્યા છે. પરંતુ તેવા ઘોર ઉપસર્ગો-પરિષહોમાં પણ વીર પ્રભુ સ્હેજ પણ વિહ્વળતા પામ્યા વિના મોહના જય માટે મોહને સન્મુખ દોડી અંતે તેનો જય કર્યો તેથી વીર ભગવાનને વીરતિલક કહી શકાય. પરંતુ સંયમ ગ્રહણ કરીને માત્ર સંયમની ક્રિયા કરનારા અને બાહ્યત્યાગ કરનારા છતાં જેઓ કષાય અને વિષયના સમૂહનો જય કરતા નથી તેઓ કઈ રીતે વીરતિલક કહી શકાય ? અર્થાત્ વીરતિલક કહી શકાય નહિ. એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. **।।૬।।**

**અવતરણિકા :-**

**વળી, સંયમગ્રહણ કર્યા પછી વીરોમાં તિલક કોણ છે તેનું સ્વરૂપ અન્ય પ્રકારે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**उपसर्गे सुधीरत्वं सुभीरुत्वमसंयमे ।**
**लोकातिगं द्वयमिदं मुनेः स्याद् यदि कस्यचित् ।।७।।**

**શ્લોકાર્થ :-**

**ઉપસર્ગોમાં સુધીરપણું, અસંયમમાં સુભીરુપણું, લોકાતિગ એવાં આ બંને કોઈક મુનિને જો થાય તો=જો પ્રાપ્ત થાય તો, તે મુનિ વીરતિલક છે, એમ શ્લોક-૫ સાથે સંબંધ છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

જે જીવોને દેહની સાથે કે ઇન્દ્રિયના સમૂહ સાથે એકત્વ બુદ્ધિ છે તે જીવોને અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગો પ્રાપ્ત થાય છે ત્યારે તેઓ ધૈર્યપૂર્વક મોહને જીતવા માટે યત્ન કરી શકતા નથી. પરંતુ પ્રાપ્ત થયેલા પ્રતિકૂળ ઉપસર્ગમાં વિહ્વળ થાય છે અને અનુકૂળ ઉપસર્ગમાં ઇન્દ્રિયને વશ થાય છે. આવા અલ્પસત્ત્વવાળા જીવો સંયમ ગ્રહણ કર્યા પછી અનુકૂળ ઉપસર્ગરૂપ તુચ્છ પુણ્યના સહકારથી લોકોમાં માન-ખ્યાતિ આદિ પામે તો તેને વશ થઈને પોતાના શત્રુના નાશ કરવાના ઉદ્યમને છોડી દે છે. પરંતુ જે મહાત્માઓ પ્રતિકૂળ ઉપસર્ગોમાં પણ સુધીર છે, અર્થાત્ ધૈર્યપૂર્વક શત્રુના નાશમાં ઉદ્યમ કરે તેવા છે અને અનુકૂળ ઉપસર્ગમાં તે અનુકૂળ ભાવોથી લેપાયા વગર અંતરંગ રીતે તેના નાશ માટે સુભટની જેમ યત્ન કરનાર છે, તેઓમાં સુધીરપણું છે અર્થાત્ ઉપસર્ગોમાં સુધીરતાપૂર્વક મોહરૂપી અંતરંગ શત્રુનો નાશ કરવાનો ઉદ્યમ કરે છે.

વળી જેઓ અતિચારોમાં સુભીરુ છે તેથી અનુકૂળ સંયોગોમાં કે પ્રતિકૂળ સંયોગોમાં સંયમમાં અતિચાર ન લાગે તેવો યત્ન કરનારા છે અને તેવા

મુનિઓમાં સુભટભાવ જેવો સંયમનો પરિણામ છે અને આથી જે આવા મુનિઓ સામાયિકના પરિણામનું રક્ષણ કરવા માટે સુભટની જેમ મોહની સામે લડે છે અને સર્વ જીવો પ્રત્યે સમભાવના પરિણામરૂપ સામાયિકના પરિણામના બળથી કંટકાકીર્ણ ભૂમિમાં પ્રયાણની જેમ સંયમના પ્રયોજનથી કોઈ ચેષ્ટા કરે ત્યારે ષટ્કાયના પાલનમાં પરાયણ હોય છે. આવા પ્રકારનું ઉપસર્ગોમાં સુધીરુપણું અને અતિચારોમાં સુભીરુપણું લોકથી અતિગ છે અર્થાત્ લોકો તે માર્ગ ઉપર ચાલી શકતા નથી. પરંતુ સર્વજ્ઞનાં વચનને પરતંત્ર થઈ યોગીઓ જ લોકથી અતિગ એવા લોકોત્તર માર્ગ પર ચાલી શકે છે. તેથી લોકથી અતિગ એવાં આ બંને=સુધીરપણું અને સુભીરુપણું એ બંને, જે કોઈ મુનિને પ્રાપ્ત થાય તે મુનિ વીરોમાં તિલક છે; કેમ કે સંયમગ્રહણ કર્યા પછી વીરશિરોમણિ સુભટ જેવા તે મહાત્માઓ અતિચારના પરિહારપૂર્વક મોહના સૈન્યનો નાશ કરવા માટે પ્રતિક્ષણ ઉદ્યમવાળા રહે છે અને જેઓ આવા નથી પણ સંયમગ્રહણ કરીને માત્ર સંયમના સ્થૂલ આચારો પાળે છે તેઓને વીરતિલક ક્યાંથી કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહીં એમ શ્લોક-૫ સાથે યોજન કરવું. **॥૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬ અને ૭માં વીરતિલક કેવા હોય છે તેનું સ્વરૂપ બતાવ્યું. હવે પારમાર્થિક મુનિભાવને પામેલા મુનિ જ વીરતિલક કેમ છે તે અનુભવ અનુસાર યુક્તિથી બતાવે છે –**

**શ્લોક :-**

**दुस्सहा विषयास्तावत् कषाया अतिदुःसहाः ।**
**परीषहोपसर्गाश्चाधिकदुःसहदुःसहाः ।।८।।**
**जगत्त्रैकमल्लश्च कामः केन विजीयते ।**
**मुनिवीरं विना कंचिच्चित्तनिग्रहकारिणम् ।।९।।**

**શ્લોકાર્થ :-**

**વિષયો દુસ્સહ છે અર્થાત્ યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલા જીવોને માટે**

**વિષયો સ્ખલના પમાડે તેવા છે. કષાયો અતિ દુસ્સહ છે=યોગમાર્ગમાં પ્રવૃત્ત મહાત્મા માટે વિષય કરતાં પણ કષાયો અધિક સ્ખલનાનાં કારણો છે અને પરિષહ અને ઉપસર્ગો અધિક દુસ્સહ દુસ્સહ છે. અર્થાત્ ભાવથી યોગમાર્ગમાં પ્રસ્થિત મહાત્માઓને પણ સ્ખલના પમાડનારા છે અને ચિત્તના નિગ્રહને કરનાર કોઈક મુનિવીર વિના ત્રણે જગતના એક મલ્લ એવા "કામ" ઉપર કોના વડે વિજય કરાય ? અર્થાત્ મુનિવીર જ વિષયો આદિ સર્વનો વિજય કરી શકે છે. ॥૮-૯॥**

**ભાવાર્થ :-**

સંસારથી ભય પામેલા, કલ્યાણ અર્થે સંયમને ધારણ કરનારા અને સંયમની બાહ્ય આચરણાઓ કરનારા એવા મુનિને માટે પણ વિષય દુસ્સહ છે; કેમ કે વિષયો અનાદિથી જીવને પરિચિત છે. તેથી સ્વસંસ્કારને વશ ઇન્દ્રિયો તે-તે વિષયને ગ્રહણ કરીને તે-તે પ્રકારના ઇષ્ટ-અનિષ્ટના ભાવો કરે છે. પરંતુ વિષયોથી ઇન્દ્રિયોને સંવૃત્ત કરીને જિનવચનના દૃઢ અવલંબનથી મોહને જીતવા માટે સાધુ વેશધારી પણ પ્રયત્ન કરી શકતા નથી. તેથી પાંચે ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયો શત્રુનો નાશ કરવા માટે ઉદ્યત એવા મહાત્માઓને શિથિલ કરે છે. માટે તે મહાત્મા માટે તેઓનો પ્રતિકાર દુષ્કર છે.

હવે, કદાચ કોઈ મહાત્મા સંયમગ્રહણ કર્યા પછી કાંઈક ભાવિતમતિને કારણે ઇન્દ્રિયોને વિષયોથી દૂર રાખીને સદા સ્વાધ્યાય આદિમાં રત રહે તો તેવા પણ મહાત્માને કષાયો અતિદુર્જય છે. આથી જ ઇન્દ્રિયોના વિષયોથી સંવૃત્ત થયેલા પણ તે મહાત્મા તપ કરતા હોય અને લોકો "તપસ્વી" કહે તો તેમને અભિમાન થાય છે કે "હુ તપસ્વી છું" - કોઈ તે મહાત્માને કોઈક ક્ષતિ બતાવે તો તે મહાત્મા ઇષદ્ પ્રજ્વલિત બને છે. તેથી જે મહાત્માઓ ઇન્દ્રિયોને સંવૃત્ત કરીને આત્માને સંયમની પ્રવૃત્તિમાં પ્રવર્તાવે છે. તે મહાત્મા માટે પણ કષાય દુર્જય બને છે. તેથી કષાય અતિ દુસ્સહ છે.

વળી, કોઈ મહાત્મા વિષયોથી પરાઙ્મુખ થઈ કષાયોનું નિયંત્રણ કરીને જિનવચનાનુસાર દૃઢ ઉદ્યમ કરનારા હોય તેવા મહાત્માને પણ અનુકૂળ કે પ્રતિકૂળ પરિષહ-ઉપસર્ગ પ્રાપ્ત થાય ત્યારે મોહના ઉન્મૂલન માટેનો અંતરંગ

ઉદ્યમ દુષ્કર બને છે. તેથી વિષય અને કષાયો કરતાં પણ પરિષહ-ઉપસર્ગો અધિક દુસ્સહ-દુસ્સહ છે. અર્થાત્ તેનો પ્રતિકાર અતિ દુષ્કર છે.

વળી, અનાદિનો કામનો પરિણામ તો કોના વડે જીતી શકાય કે જે કામે ત્રણેય જગતને વશ કર્યો છે અને તેને વશ થયેલા મહાત્મા મોહનો નાશ કરવા કઈ રીતે સમર્થ બને ? અર્થાત્ જે મહાત્મા ઉપસર્ગ પરિષહથી ક્ષોભાયમાન ન થતા હોય તે પણ બલવાન નિમિત્તને પામીને કામથી ક્ષોભાયમાન થાય છે. આથી જ, સિંહગુફાવાસી મુનિ મહાયોગી હતા છતાં કામથી ક્ષુભિત થયા તો તેઓનો સુભટભાવ સ્ખલનાને પામ્યો.

વળી ચિત્તનો નિગ્રહ કરનારા કોઈક મુનિ છે અને જે મુનિવીરને છોડીને વિષય-કષાય અને કામને કોણ જીતી શકે ? અર્થાત્ કોઈ જીતી શકે નહીં.

આશય એ છે કે જે મુનિ સદા અંતરંગ સાવધાન થઈને વિચારે છે કે પ્રાપ્ત થયેલી આ મનુષ્યભવની ક્ષણ કોઈપણ બાહ્ય પદાર્થને અવલંબીને પરિણામ કરશે તો કર્મબંધ પ્રાપ્ત થશે જેના ફળરૂપે સંસારપરિભ્રમણની પ્રાપ્તિ થશે અને સંસારના પરિભ્રમણના ઉચ્છેદનો ઉપાય જિનવચનના અવલંબનથી નિયંત્રિત થયેલ અને વીતરાગભાવનાથી ભાવિત થયેલું ઉત્તમ ચિત્ત જ છે. તેથી વીતરાગનાં વચનને અવલંબીને વીતરાગતા જ મારો સ્વભાવ છે, અન્ય નહીં તે પ્રકારના દૃઢ પરિણામપૂર્વક પોતાના ચિત્તને વીતરાગ થવાના ઉપાયભૂત જિનવચનથી નિયંત્રિત કરે છે, તેવા નિગ્રહકારી મહાત્માઓને માટે વિષયોને જીતવા સુકર છે, કષાયો જીતવા પણ દુષ્કર નથી અને પરિષહ ઉપસર્ગ પણ સાધનામાં વ્યાઘાતક થતા નથી પરંતુ તે સાધનાનાં અંગ બને છે એટલું જ નહિ, પણ ત્રણ જગતને જીતવામાં એક મલ્લ એવો કામ પણ મોહની સામે યુદ્ધની ભૂમિમાં મૃતપ્રાયઃ બને છે. આવા મુનિઓ જ વીરતિલક છે.

અહીં વિશેષ એ છે કે, જે જીવોમાં ઇન્દ્રિયોની ઉત્સુકતા શમી નથી, આથી જ ધર્મની પ્રવૃત્તિ-કાલમાં પણ ઇન્દ્રિયો તે તે વિષયો ગ્રહણ કરવામાં વ્યાપારવાળી થાય છે અને તેવા મહાત્મા સંવૃત્ત ઇન્દ્રિયવાળા થઈને સેવાતા અનુષ્ઠાન દ્વારા અંતરંગ ધર્મના સંસ્કારોનું આધાન કરવા સમર્થ બનતા નથી, તેવા જીવોને પાંચ ઇન્દ્રિયના વિષય અંતર્ગત કામ વિડંબણા કરનાર છે જ.

વળી, જે મહાત્માઓ પાંચ ઇન્દ્રિયને સંવૃત્ત કરી શકે છે અને સંવૃત્ત થયેલા એવાં તેઓ દૃઢ યત્નપૂર્વક તપ-સંયમની ક્રિયાઓ કરે છે તેવા મહાત્માઓમાં વિષયની ઉત્સુકતા નહિ હોવા છતાં "હુ તપસ્વી છું", "હું ત્યાગી છું" ઇત્યાદિ બુદ્ધિ ઉત્પન્ન કરીને કાષાયિક ભાવો તેઓને પીડે છે તેથી તેવા મહાત્મા માટે વિષયોના જય કરતાં કષાયોનો જય દુષ્કર બને છે.

વળી, જે મહાત્માઓ તે-તે પ્રકારના કષાયને વશ થયા વગર જિનવચનથી સતત ભાવિત થઈને તપ-સંયમ દ્વારા સંયમના કંડકોમાં ઉદ્યમ કરે છે તેવા પણ મહાત્માઓને ઉપસર્ગો અને પરિષહો પ્રાપ્ત થાય ત્યારે તેઓ અંતરંગ રીતે ક્ષોભાયમાન થાય છે તેથી કષાય કરતાં પણ ઉપસર્ગો અને પરિષહો અતિ દુર્જય છે.

વળી, ઉપસર્ગો અને પરિષહોને જેમણે જીત્યા છે તેવા સિંહગુફાવાસી મુનિ પાંચ ઇન્દ્રિયના સંવૃત્ત પરિણામવાળા હોવાથી કામની વૃત્તિવાળા ન હતા છતાં કોશાના બલવાન નિમિત્તને પામીને ક્ષુભિત થયા તેથી બલવાન નિમિત્તની પ્રાપ્તિરૂપ કામ અતિદુર્જય છે. તેઓને પણ જીતનારા ધીર મુનિવરો હોય છે. ॥૮-૯॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, જગત્‌ત્રયમાં એક મલ્લ એવો કામ કોના વડે જીતી શકાય છે ? તેથી હવે કામ મલ્લને જીતવો અતિદુષ્કર છે તે બતાવવા અર્થે જ શ્લોક-૧૫ સુધી કહે છે –**

**શ્લોક :-**

मुनयोऽपि यतस्तेन विवशीकृतचेतसः ।
घोरे भवान्धकूपेऽस्मिन् पतित्वा यान्त्यधस्तलम् ।।१०।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી=કામમલ્લ દુર્જય છે, તેથી તેના વડે=કામ વડે, વિવશ કરાયેલા ચિત્તવાળા મુનિઓ પણ આ ઘોર ભવાંધકૂપમાં પડીને અધસ્તલ પહોંચે છે. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

વેદનો ઉદય નોકષાયરૂપ હોવા છતાં પણ સંસારમાં અન્ય સર્વ કષાયો કરતાં પ્રાયઃ વેદનો ઉદય અતિ દુર્જય છે. તેથી જે મહાત્માઓ સંસારથી ભય પામીને સંયમમાં ઉદ્યમવાળા છે, અપ્રમત્તભાવથી જિનવચનાનુસાર પ્રવૃત્તિઓ કરે છે તેઓ પણ કોઈક નિમિત્તને પામીને કામના ઉદ્રેકના પરિણામને પામે ત્યારે તેના વડે વિવશ કરાયેલા ચિત્તવાળા બને છે. અને જો તેઓ સાવધાન ન બને તો કામને પરવશ થયેલાં તેવાં તે સર્વ પાપો કરીને આ ઘોર ભવરૂપ અંધકૂવામાં પડે છે અને અંતે તેના અધઃસ્તલમાં પહોંચે છે.

આશય એ છે કે, ભવ ભયંકર અંધકારવાળો કૂવો છે. આથી જ ભવમાં પડેલા જીવોને પોતાના હિતની દિશાની કોઈ સૂઝ પડતી નથી. તેથી તે કૂવામાંથી બહાર નીકળવાનો કોઈ ઉદ્યમ કરતા નથી અને કામને વશ બનેલા જીવો તેવાં ઘોર કૂપમાં પડે છે ત્યારે વિવેકચક્ષુ નષ્ટ થાય છે અને વિવેકહીન થઈને ઘણા ભવોનાં પરિભ્રમણ પ્રાપ્ત થાય તેવા તે કૂવાના તળિયે પહોંચે છે. આથી કામમલ્લ અતિદુર્જય છે. **॥૧૦॥**

**શ્લોક :-**

**तावद् धैर्यं महत्त्वं च तावद् तावद् विवेकिता ।**
**कटाक्षविशिखान् यावद् न क्षिपन्ति मृगेक्षणाः ॥११॥**

**શ્લોકાર્થ :-**

**ત્યાં સુધી ધૈર્ય છે, ત્યાં સુધી (યોગમાર્ગનું) મહત્ત્વ છે, ત્યાં સુધી જ વિવેકિતા છે. જ્યાં સુધી સ્ત્રીઓ કટાક્ષની વિશિખાને=કટાક્ષજન્ય બાણોને, ફેંકતી નથી. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

આત્મકલ્યાણના અર્થી જીવો ધૈર્યપૂર્વક યોગમાર્ગમાં યત્ન કરતા હોય, ચિત્તમાં યોગમાર્ગનું મહત્ત્વ વર્તતું હોય, શાસ્ત્રો ભણીને વિવેકરૂપ ચક્ષુ ખૂલેલાં હોય તોપણ તે સર્વ ત્યાં સુધી જ ટકી શકે છે જ્યાં સુધી સ્નેહદૃષ્ટિથી જોનારી

સ્ત્રીઓની દૃષ્ટિ તેમના પર પડતી નથી. તેથી સ્ત્રીઓના સ્નેહને પરવશ થઈને તે મહાત્મા ધૈર્ય વગરના બની જાય છે, આત્મકલ્યાણનું મહત્ત્વ ભૂલી જાય છે અને આત્માનું હિત-અહિત શેમાં છે તે વિવેક પણ ચૂકી જાય છે માટે કામમલ્લ અતિદુર્જય છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**કામને પરવશ થયેલા જીવો કેવા હોય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**गृहं च गृहवार्तां च राज्यं राज्यश्रियोऽपि च ।**
**समर्प्य सकलं स्त्रीणां चेष्टन्ते दासवज्जनाः ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**ગૃહને, પોતાના જીવનની ગંભીર વાતોને, રાજ્યને અને રાજ્યલક્ષ્મીને પણ સ્ત્રીઓને સંપૂર્ણ સમર્પણ કરીને લોકો દાસની જેમ ચેષ્ટા કરે છે. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

બુદ્ધિમાન જીવો શિષ્ટ પુરુષોનાં વચન જાણતા હોય છે કે સ્ત્રીઓને ગુપ્ત વાત કરવી ન જોઈએ. કારણ કે પ્રાયઃ સ્ત્રીભવકૃત જ તેઓમાં ચાંચલ્યાદિ દોષો હોય છે તોપણ કામને પરવશ થયેલા તેઓ પોતાનું ઘર, પોતાના જીવનની ગુપ્ત વાતો, રાજા હોય તો રાજ્ય, રાજ્યલક્ષ્મી, વગેરે સર્વ સ્ત્રીઓને સમર્પણ કરીને જાણે તેના દાસ ન હોય તે રીતે ચેષ્ટા કરે છે અને આથી જ બુદ્ધિમાન પણ એવા તેઓ પરવશતાના બળથી વિનાશ પામે છે. તેવા અનેક પ્રસંગો શાસ્ત્રમાં સંભળાય છે. આ સર્વ કામની દુર્જયતાને જ વ્યક્ત કરે છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**વળી, કામને પરવશ જીવો કેવી મનોવૃત્તિવાળા હોય છે તે બતાવે છે -**

**શ્લોક :-**

**सा मित्रं सैव मन्त्री च सा बन्धुः सैव जीवितम् ।**
**सा देवः सा गुरुश्चैव सा तत्त्वं स्वामिनी च सा ।।१३।।**
**रात्रौ दिवा च सा सा सा सर्वं सर्वत्र सैव हि ।**
**एवं स्त्र्यासक्तचित्तानां क्व धर्मकरणे रतिः ? ।।१४।।(युग्मम्)**

**શ્લોકાર્થ :-**

**તે=સ્ત્રી મિત્ર છે, તે જ મંત્રી છે=સર્વ પ્રશ્નોમાં સલાહ ગ્રહણ કરવા યોગ્ય છે, તે બંધુ છે, તે જ=સ્ત્રી જ જીવિત છે, તે દેવ છે, તે ગુરુ છે, તે તત્ત્વ છે અને સ્વામિની પણ તે જ છે. અને રાત્રિ દિવસ તે તે તે= સ્ત્રી સ્ત્રી સ્ત્રી, સર્વત્ર સર્વ તે જ છે. આ પ્રમાણે સ્ત્રીઆસક્ત ચિત્તવાળા જીવોને ધર્મકરણમાં રતિ ક્યાંથી હોય ? ॥૧૩-૧૪॥**

**ભાવાર્થ :-**

અતિ રાગને પરવશ એવાં જીવોને સ્ત્રી જ મિત્ર જણાય છે. તેથી તે જ મારું એકાંત હિત છે તેવી બુદ્ધિ વર્તે છે. વળી, પોતાને કોઈ સાંસારિક પ્રશ્ન હોય તો તે સર્વમાં પણ સલાહ લેવા યોગ્ય માત્ર સ્ત્રી જ જણાય છે. આથી અહિતકારી પણ તેની સલાહ તેને હિતકારી જણાય છે. તે જ તેને બંધુતુલ્ય જણાય છે. અને તે જ=સ્ત્રી જ, તેનું જીવિત છે; કેમ કે તેના વિના પોતે જીવી શકે તેમ નથી તેવી બુદ્ધિ થાય છે અને આવા કામાસક્ત જીવો સદા તેને પ્રસન્ન રાખવા જ પ્રયત્ન કરે છે. વળી, હિતકારી કાર્યમાં ગુરુ સ્થાનીય પણ સ્ત્રી જ જણાય છે. તેથી તેનાં વચનને જ સર્વત્ર અનુસરે છે અને પોતાની સ્વામિની સ્ત્રી જ છે તેવી બુદ્ધિ વર્તે છે. આ રીતે રાત-દિવસ સ્ત્રી સ્ત્રી સ્ત્રી સર્વત્ર સર્વ તે જ છે તે પ્રમાણે સ્ત્રીઆસક્ત ચિત્તવાળા જીવો સ્ત્રીને જોનારા છે. આવા જીવોને આત્મકલ્યાણને માટે ઉપયોગી એવાં ધર્મકૃત્યોમાં રતિ ક્યાંથી થાય ? અર્થાત્ સ્ત્રીના વચન સિવાય તેને ક્યાંય રતિ નથી. **॥૧૩-૧૪॥**

**અવતરણિકા :-**

**કામરૂપી મલ્લથી બચવું અતિ દુષ્કર છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**स्त्रीसमुद्रेऽत्र गम्भीरे निमग्नमखिलं जगत् ।**
**उन्मज्जति महात्माऽस्माद् यदि कोऽपि कथंचन ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**આ સ્ત્રીરૂપી ગંભીર સમુદ્રમાં આખું જગત નિમગ્ન છે=ગળાડૂબ ડૂબેલ છે. કોઈક મહાત્મા હોય તો આમાંથી=સ્ત્રીરૂપી સમુદ્રમાંથી, કોઈ રીતે ઉન્નમજ્જન કરે છે=બહાર નીક્ળે છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

જેમ ભોગ-વિલાસથી ભરાયેલો સંસાર જીવોને ડુબાડનાર હોવાથી સમુદ્ર જેવો કહેવાય છે; કેમ કે જીવો સમુદ્રનાં પાણીમાં ડૂબીને વિનાશ પામે છે તેમ ભોગ-સામગ્રીમાં આસક્ત થઈને જીવો વિનાશ પામે છે. તે રીતે **સ્ત્રી મનુષ્ય દેહધારી જીવ છે તોપણ કામની વૃત્તિવાળા જીવો માટે ભવસમુદ્રની જેમ ભોગથી ભરાયેલ વિનાશનું સાધન છે.** વળી, તે સ્ત્રીરૂપી સમુદ્ર ગંભીર છે. જેમ ઊંડાણવાળા સમુદ્રમાં પડેલાને બહાર નીકળવું દુષ્કર છે તેમ સ્ત્રી પ્રત્યે રાગ પામેલા જીવોને તેના સકંજામાંથી છૂટીને ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરવી દુષ્કર બને છે. અને તેવા ગંભીર સ્ત્રીરૂપી સમુદ્રમાં આખું જગત ડૂબેલું છે છતાં કોઈક મહાત્મા વિવેકરૂપી ચક્ષુને પ્રાપ્ત કરે છે ત્યારે સત્ત્વશાળી બને છે અને સત્ત્વના પ્રકર્ષના બળથી કોઈક રીતે સ્ત્રીસમુદ્રમાંથી બહાર નીકળે છે. અહીં "કોઈક રીતે" કહેવાથી એ બતાવવું છે કે ગુણસ્થાનકને પામેલા જીવોમાં પણ વેદનો ઉદય નષ્ટ થયો નથી. તેથી વિપાકમાં વર્તતો વેદનો ઉદય નિમિત્તોને પામીને અવશ્ય વિકાર પેદા કરે તેવો હોય છે. તોપણ ભવથી ભય પામેલા તે મહાત્મા શાસ્ત્રનું દૃઢ અવલંબન લઈને અને બ્રહ્મચર્યની નવ વાડોનું સમ્યક્પાલન કરીને સદા આત્માનું રક્ષણ કરે છે અને ગમનાગમનાદિ કાળમાં સૂર્ય સામે જેમ દૃષ્ટિ

પડે તેમ સ્ત્રી સન્મુખ દૃષ્ટિ પડે તો તરત સંવૃત્ત પરિણામવાળા બને છે; કેમ કે જેમ સૂર્યનો તાપ તેનાં ચક્ષુને બંધ કરે છે તેમ સ્ત્રીથી વિનાશ થવાનો ભય તે મહાત્માના બાહ્ય ચક્ષુને સંવૃત્ત કરે છે અને સદા વેદના ઉદયથી પોતાનું રક્ષણ કરવા માટે તે-તે પ્રકારની ભાવનાથી આત્માને ભાવિત કરે છે. આવા મહાત્માઓ જ સત્ત્વના બળથી કોઈક રીતે આ સ્ત્રીસમુદ્રમાંથી પોતાનું રક્ષણ કરી શકે છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત પ્રસ્તાવ સત્ત્વના ઉપદેશનો છે તેથી યોગમાર્ગના વિષયમાં સત્ત્વહીન જીવો કેવા હોય છે તે બતાવીને સત્ત્વશાળી બનવાનો ઉપદેશ આપ્યો. હવે વ્રત ગ્રહણ કર્યા પછી સાધુવેશમાં રહેલા સત્ત્વહીન જીવો કઈ રીતે અસાર પ્રવૃત્તિઓ કરે છે તે શ્લોક-૨૫ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**दूरे दूरतरे वाऽस्तु खड्गधारोपमं व्रतम् ।**
**हीनसत्त्वस्य ही चिन्ता, स्वोदरस्यापि पूरणे ।।१६।।**

**શ્લોકાર્થ :-**

**ખડ્ગધારાની ઉપમા જેવું વ્રત તો દૂર દૂરતર રહો. હીન સત્ત્વવાળા સાધુ વેશધારી જીવોને સ્વઉદરના પૂરણમાં પણ ચિંતા હોય છે. ॥૧૬॥**

❖ ही=પાદપૂર્તિ માટે છે.

**ભાવાર્થ :-**

જે જીવોએ સંયમગ્રહણ કરેલું છે પરંતુ લેશ પણ સત્ત્વ નથી એવા સત્ત્વહીન જીવો ખડ્ગની ધારાની ઉપમાવાળું વ્રત તો દૂર છે અથવા અત્યંત દૂર છે પરંતુ પોતાનાં જીવનની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પણ તેઓ ચિંતાવાળા હોય છે. આથી, ગૃહસ્થની સાથે આત્મીયતા આદિ કરીને પોતાના હીન સત્ત્વને જ પ્રગટ કરતા હોય છે.

આશય એ છે કે, ખડ્ગની ધારા પર નાચનારા પણ અત્યંત ઉપયુક્ત થઈને દેહને તે રીતે લાઘવ કરીને નૃત્ય કરી શકે છે. તેથી જેઓમાં દેહને લાઘવ કરવાની શક્તિ નથી અથવા તો શરીરને લાઘવ કરવાની શક્તિવાળા હોય તોપણ જેઓ નૃત્યકાળમાં તે પ્રકારના ઉપયોગવાળા રહી શકતા નથી તેઓ જો ખડ્ગની ધારા પર નૃત્ય કરે તો વિનાશ પામે છે. તેથી ખડ્ગની ધારા પર નૃત્ય કરવું અતિદુષ્કર છે તેમ સાધુપણું ગ્રહણ કર્યા પછી જેઓ ઇન્દ્રિયને અત્યંત સંવૃત્ત રાખી શકે છે તેઓ જ આત્માને વિષયોમાં ડૂબવાથી રક્ષણ કરી શકે તેવો લાઘવવાળો બનાવે છે અને તેવા સંવૃત્તચારી મુનિ પણ જિનવચનનું સતત સ્મરણ કરીને અપ્રમત્તભાવથી સંયમની સર્વ ક્રિયાઓ કરે તો ખડ્ગની ધારાની ઉપમાવાળાં વ્રતોનું પાલન કરી શકે છે. અને જેઓમાં ઇન્દ્રિયનો સંવર કરવાનું સત્ત્વ નથી અને જિનવચનના સ્મરણપૂર્વક તેનાથી નિયંત્રિત સર્વ ક્રિયાઓમાં યત્ન કરવાનું સત્ત્વ નથી તેવા જીવો માટે વ્રતનું પાલન દૂર છે અથવા અત્યંત દૂર છે. વળી, જેઓ સાધુવેશમાં છે અને કોઈપણ પ્રકારનું સત્ત્વ નથી તેવા હીન સત્ત્વવાળા જીવો તો પોતાની સુંદર ભિક્ષા કે સુંદર સ્થાનાદિ અર્થે સદા ચિંતા કરનારા હોય છે. તેથી તેઓનો ઉપદેશ આદિનો સર્વ પ્રયત્ન માત્ર ઉદરપૂરણમાં જ વિશ્રાંત થાય છે. આ પ્રકારે હીન સત્ત્વવાળા સાધુનું સ્વરૂપ બતાવીને મહાત્મા માર્ગાનુસારી સત્ત્વ કેળવવાનો ઉપદેશ આપે છે. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, સાધુવેશમાં રહેલા હીન સત્ત્વવાળા જીવો પોતાના ઉદરપૂરણની ચિંતાવાળા હોય છે. તેથી હવે સંયોગોનુસાર તેવા સાધુઓ કયા કયા પ્રકારે તેની ચિંતા કરે છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

**यत् तदर्थं गृहस्थानां बहुचाटुशतानि सः ।**
**बहुधा च करोत्युच्चैः श्वेव दैन्यं प्रदर्शयन् ।।१७।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી=હીન સત્ત્વવાળા સાધુઓ પોતાની જીવનવ્યવસ્થા માટે ચિંતા કરનારા છે એમ પૂર્વશ્લોકમાં કહ્યું તે કારણથી, તેના માટે=પોતાની સુંદર જીવનવ્યવસ્થા માટે, કૂતરાની જેમ દૈન્યને પ્રદર્શન કરતો એવો તે=સાધુવેશધારી, બહુ રીતે ગૃહસ્થોના સેંકડો ચાટુવચનો=ખુશામતનાં વચનો, અત્યંત કરે છે. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

કેટલાક મહાત્માઓ સંયમ ગ્રહણ કર્યા પછી વ્રતપાલનના વિષયમાં તો કોઈ ચિંતા કરતા નથી પરંતુ પોતે ભૌતિક રીતે સારી રીતે આહાર, વસ્ત્ર, પાત્ર આદિ મેળવે અને માનભેર જીવી શકે તેના માટે પોતાના સંયોગો અનુસાર ગૃહસ્થોની પ્રકૃતિ આદિને અનુરૂપ બહુ પ્રકારનાં ચાટુવચનો બોલે છે. જેમ કૂતરો તેને રોટલા આપનાર પ્રત્યે દીનતાપૂર્વક પૂછડું પટપટાવે છે તેમ આવા સાધુવેશધારી જીવો ગૃહસ્થોને પ્રીતિ ઉત્પન્ન થાય તેમ ઘણા પ્રકારનાં, ઘણાં મધુરવચનો કહે છે અને તે સર્વ દ્વારા પોતાની હીનસત્ત્વતાને જ પ્રગટ કરે છે. જેના ફલરૂપે દીનતાપૂર્વકની આજીવિકા કરીને દુરંત સંસારમાં ભટકે છે. **।।૧૭।।**

**અવતરણિકા :-**

**સાધુવેશધારી સાધુઓ તેમના સંયોગને અનુરૂપ કેવાં-કેવાં ચાટુવચનો સ્ત્રીને કહે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**त्वमार्या त्वं च माता मे त्वं स्वसा त्वं पितुःश्वसा ।**
**इत्यादिज्ञातिसंबन्धान् कुरुते दैन्यमाश्रितः ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**દૈન્યને આશ્રિત એવા તે સાધુ, તું આર્યા છું, તું માતા છું, તું મારી બહેન છું, તું મારી ફોઈ છું, ઈત્યાદિ જ્ઞાતિસંબંધો કહે છે. ।।૧૮।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓને વ્રતો શું છે, વ્રતોથી સંસારનો કઈ રીતે ઉચ્છેદ થાય છે તેનો કોઈ બોધ નથી, માત્ર સાધુવેશમાં રહીને ઉચિત આહાર, પાણી, સ્થાન વગેરેની પ્રાપ્તિ, માનસભર જીવવાની આશંસા આદિ રાખીને સાધ્વાચારની ક્રિયાઓ કરતા હોય તેઓની દૃષ્ટિ પોતાની જીવનવ્યવસ્થા-પ્રધાન હોય છે. તેથી કોઈ ભક્તિવાળા શ્રાવક કે સ્ત્રીને જોઈને ચાર જણાની વચમાં કહે છે કે, આ બહેન તો સાધુની માતા જેવી છે, સાધુની સદા હિતચિંતા કરનાર છે, ઇત્યાદિ સંયોગ અનુસાર જે-જે જ્ઞાતિના સંબંધો બતાવવા જેવા જણાય તે બતાવીને, દીનતાને આશ્રિત એવા તે સાધુ હીન સત્ત્વને કારણે પોતાનું સાધુજીવન વ્યર્થ કરે છે. ॥૧૮॥

**અવતરણિકા :-**

**વળી, કોઈ પુરુષ આદિને જોઈને હીન સત્ત્વવાળો સાધુ સંયોગ પ્રમાણે શું શું કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**अहं त्वदीयपुत्रोऽस्मि कवलैस्तव वर्धितः ।**
**तव भागहरश्चैव जीवकस्ते तवेहकः ।।१९।।**
**एवमादीनि दैन्यानि क्लीबः प्रतिजनं मुहुः ।**
**कुरुते नैकशस्तानि कः प्रकाशयितुं क्षमः ? ।।२०।।(युग्मम्)**

**શ્લોકાર્થ :-**

**હું તમારો પુત્ર છું, તમારાં કવલોથી=કોળિયાથી, વર્ધિત છું, તમારો ભાગીદાર છું, તમારો જીવક છું, તમારો ચાહક છું તે વિગેરે દીન વચનો પ્રતિજનને આશ્રયીને નપુંસક એવો તે સાધુ અનેક વખત કહે છે તે ચાટુવચનોને પ્રકાશન કરવા માટે કોણ સમર્થ છે ? ॥૧૯-૨૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં હીન સત્ત્વવાળા સાધુ સ્ત્રીને આશ્રયીને કઈ રીતે દીનવચનો

બોલે છે તેમ બતાવેલ. પ્રસ્તુત શ્લોકમાં પુરુષને આશ્રયી પોતાના સંયોગ અનુસાર કેવાં-કેવાં ચાટુવચનો બોલે છે તે બતાવીને કહે છે કે આવા પ્રકારનાં દીનવચનો દરેક જણને આશ્રયીને સંયોગ અનુસાર તે સાધુ બોલે છે. તેનું પ્રકાશન કરવું અશક્ય છે; કેમ કે તેવા પ્રકારના સંયોગો અનુસાર પોતે મહારાજા છે, ત્યાગી છે ઇત્યાદિ માનીને શ્રાવકોને ઠપકા આપે છે તે પણ પરમાર્થથી તો પોતાની ઇષ્ટની પ્રાપ્તિમાં વિશ્રાંત થનાર હોવાથી ચાટુવચન જ છે. ॥૧૯-૨૦॥

**અવતરણિકા :-**

**શ્લોક-૧૬થી ૨૦ સુધી હીન સત્ત્વવાળા સાધુવેશધારી કેવા હોય છે તે બતાવ્યા પછી તેવા હીન સત્ત્વવાળા સાધુઓને શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિઓ અતિ અસંભવિત છે તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**आगमे योगिनां या तु सैंही वृत्तिः प्रदर्शिता ।**
**तस्यास्त्रस्यति नाम्नापि का कथाऽऽचरणे पुनः ? ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**વળી, શાસ્ત્રમાં યોગીઓની જે સિંહવૃત્તિ બતાવાઈ છે તેના નામથી પણ તે સાધુ ત્રાસ પામે છે. વળી, આચરણા વિષયક કથા પણ ક્યાંથી હોય ? ॥૨૧॥**

**ભાવાર્થ :-**

સિંહ શત્રુની સામે લડવાં બેસે ત્યારે ક્યારેય પીછેહઠ કરતો નથી, પરંતુ સત્ત્વથી લડે છે. તેમ યોગીઓ સંયમ ગ્રહણ કર્યા પછી મોહની સામે સુભટની જેમ લડવા માટે ઉદ્યમવાળા છે. તેથી મોહનું કોઈ શસ્ત્ર પોતાને ન લાગે તે રીતે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને સદા જિનવચનરૂપી શસ્ત્ર દ્વારા મોહનો નાશ થાય તે રીતે સ્વાધ્યાય, ધ્યાન આદિ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. આથી જ સંયમવૃદ્ધિનું કારણ ન હોય તેવી નાનામાં નાની કાયાની ચેષ્ટા પણ સાધુ

કરતા નથી. આ પ્રકારની સિંહની વૃત્તિ જેવી સાધુની જીવનચર્યા શાસ્ત્રમાં બતાવી છે તેનું નામ સાંભળીને પણ અલ્પ સત્ત્વવાળા જીવો ત્રાસ પામે છે અર્થાત્ તેનું વર્ણન સાંભળીને તેવા મહાત્માઓ પ્રત્યે પ્રીતિ તો થતી નથી કે તેવા મહાત્માઓ જેવા થવાનો અભિલાષ થતો નથી પરંતુ તેના પ્રત્યે અનાદર જ થાય છે. તેવા હીન સત્ત્વવાળા જીવો વળી તેવી આચરણા કરે તે કઈ રીતે સંભવે ? અર્થાત્ સંભવે જ નહીં. આથી, સંસારના ઉચ્છેદના અર્થીએ હીનસત્ત્વવાળા જીવો કેવા હોય છે તેના પરમાર્થને બતાવનારા ઉપદેશને સાંભળીને પોતાનામાં સાત્ત્વિક વૃત્તિ પેદા થાય તેવો ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**હીન સત્ત્વવાળા સાધુઓને આગમમાં કહેલ યોગીઓ જેવી સિંહવૃત્તિ નથી હોતી તો કેવી વૃત્તિ હોય છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**किन्तु सातैकलिप्सुः स वस्त्राहारादिमूर्च्छया ।**
**कुर्वाणो मन्त्रतन्त्रादि गृहव्याप्तिं च गेहिनाम् ।।२२।।**
**कथयंश्च निमित्तादि लाभालाभं शुभाशुभम् ।**
**कोटिं काकिणिमात्रेण हारयेत् स्वं व्रतं त्यजन् ।।२३।।(युग्मम्)**

**શ્લોકાર્થ :-**

**પરંતુ સાતા એક લિપ્સુ એવા તે=સાધુ, વસ્ત્ર, આહાર આદિની મૂર્ચ્છાથી મંત્ર-તંત્રાદિ કરતાં તથા ગૃહસ્થોની ગૃહવ્યાપ્તિને કરતાં અને નિમિત્તાદિને, લાભાલાભને અને શુભાશુભને કહેતાં સ્વવ્રતોનો ત્યાગ કરતાં કાકિણી=એક પૈસા, માત્રથી કરોડોને હારે છે. ॥૨૨-૨૩॥**

**ભાવાર્થ :-**

હીન સત્ત્વવાળા સાધુઓ શાસ્ત્રમાં બતાવેલી યોગીઓની સિંહવૃત્તિનું અનુસરણ કરી શકે તેમ નથી. પરંતુ સાતાની લિપ્સાવાળા એવા તેઓ સુંદર વસ્ત્ર, સુંદર આહાર આદિમાં મૂર્ચ્છાને કારણે ગૃહસ્થોનાં કાર્યો કરે છે, મંત્રતંત્રાદિ કરે છે.

જેથી ગૃહસ્થો તેઓને સુંદર વસ્ત્ર, સુંદર આહાર આદિ આપે છે. આવા સાધુઓ ગૃહસ્થોને ક્યારે લાભ થશે, ક્યારે નુકસાન થશે, કયા નિમિત્તો શુભ છે, કયા નિમિત્તો અશુભ છે ઇત્યાદિ કહીને પોતાનાં વ્રતોનો ત્યાગ કરે છે. અને તુચ્છ એવાં માન-સન્માન, વસ્ત્ર-પાત્રાદિને પ્રાપ્ત કરીને કાકિણી જેવા અલ્પધનમાત્રથી કરોડોના મુલ્યવાળા એવા ચારિત્રનો નાશ કરે છે; કેમ કે આ રીતે જીવવાથી સંયમના બળથી સદ્ગતિઓની પરંપરા પ્રાપ્ત થવાની હતી તેના બદલે દુર્ગતિઓની પરંપરાની પ્રાપ્તિ થશે. તેથી આ પ્રકારની આજીવિકાથી કાકિણી જેવાં અલ્પ, તુચ્છ સુખો મેળવીને સદ્ગતિઓની પરંપરા દ્વારા પ્રાપ્ત થનારા મહાસુખને તેઓ હારે છે. **॥૨૨-૨૩॥**

**અવતરણિકા :-**

**વળી, હીન સત્ત્વવાળા સાધુઓની બુદ્ધિ કેવી વિપર્યસ્ત છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**चारित्रैश्वर्यसंपन्नं पुण्यप्राग्भारभाजनम् ।**
**मूढबुद्धिर्न वेत्ति स्वं त्रैलोक्योपरिवर्त्तिनम् ।।२४।।**
**ततश्च भिक्षुकप्रायं मन्यमानो विपर्ययात् ।**
**भावनिःस्वधनेशानां ललनानि करोत्यसौ ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**મૂઢબુદ્ધિવાળો એવો તે, પુણ્ય પ્રાગ્ભારનાં ભાજન, ચારિત્ર ઐશ્વર્યથી સંપન્ન ત્રૈલોક્ય ઉપરવર્તી એવા પોતાને જાણતો નથી અને તેથી વિપર્યયને કારણે પોતાને ભિક્ષુપ્રાયઃ માનતો=પોતાને ભિક્ષુતુલ્ય માનતો, આ=આ સાધુ, ભાવથી ધન વગરના એવા ધનવાનોની લલનાને=ખુશામતને, કરે છે. ॥૨૪-૨૫॥**

**ભાવાર્થ :-**

જેઓ સાધુવેશમાં છે અને શાતા આદિના લિપ્સુ છે તેઓ પુણ્યના પ્રાગ્ભારના

ભાજન, ચારિત્રના ઐશ્વર્યથી સંપન્ન એવા પોતાને ત્રૈલોક્યના ઉપરવર્તી જોઈ શકતા નથી; કેમ કે મૂઢબુદ્ધિવાળા હોવાના કારણે તેઓ બાહ્ય એવા વૈભવ, માન-સન્માનને જોનારા છે. વસ્તુતઃ જેઓનું ચિત્ત ચારિત્રના ઐશ્વર્યથી સંપન્ન છે તેઓ આ સંસારમાં સદ્ગતિઓની પરંપરા દ્વારા પુણ્યપ્રાગ્ભારનું ભાજન છે અને જગતના સર્વ જીવો કરતાં ઉત્તમ ભૂમિકાને પામેલા છે. પરંતુ મૂઢબુદ્ધિવાળા જીવોને ચારિત્રનું તેવું પારમાર્થિક સ્વરૂપ દેખાતું નથી. તેથી વિપર્યયને કારણે માને છે કે અમારો જીવનનિર્વાહ લોકો પર થનાર છે. તેથી જગતમાં માન-સન્માનથી ગાજતા, પ્રભાવશાળી દેખાતા હોય તોપણ પરમાર્થથી તો લોકો પાસેથી મેળવી પોતે જીવનારા છે તેવી બુદ્ધિ હોવાથી પોતાને ભિક્ષુપ્રાયઃ માને છે. આથી જ જેઓની પાસે ભાવ ઐશ્વર્ય નથી પણ તુચ્છ ધનાદિનું ઐશ્વર્ય છે તેઓની સામે આત્મીયતાથી વાતો કરે છે અને પ્રસંગે તેઓને આદર-સત્કાર આપીને પોતાનાં ઇચ્છિત કાર્યો કરવાં પ્રયત્ન કરે છે, તે સર્વ તેઓની હીનસત્ત્વતા છે. **॥૨૪-૨૫॥**

**અવતરણિકા :-**

**વળી, સત્ત્વશાળી મુનિઓ કેવા હોય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**प्रशान्तस्य निरीहस्य, सदानन्दस्य योगिनः ।**
**इन्द्रादयोऽपि ते रंकप्रायाः स्युः किमुतापराः ? ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**પ્રશાંત, ઈચ્છા વગરના, સદા આનંદવાળા એવા યોગીઓને તે ઈન્દ્રાદિ પણ રંકપ્રાયઃ છે. તો બીજાનું શું કહેવું ? અર્થાત્ બીજા ધનવાનોનું તો શું કહેવું ? ॥૨૬॥**

**ભાવાર્થ :-**

જે સાધુઓ સંસારના પારમાર્થિક સ્વરૂપને જોનારા છે, તેઓને બાહ્ય પુદ્ગલની માયાજાળ અસાર દેખાય છે અને આત્માની પ્રશમતાની પરિણતિ જ સાર

દેખાય છે; કેમ કે પ્રશમભાવના બળથી સિદ્ધિપથમાં પ્રયાણ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પણ ઉત્તમ દેવાદિભવની પ્રાપ્તિ થાય છે તેવો સ્થિર નિર્ણય છે તેવા મહાત્માઓની ઇન્દ્રિયો શાંત થયેલી છે અર્થાત્ તુચ્છ બાહ્ય પદાર્થ પ્રત્યે જોવાની ઉત્સુકતાવાળી નથી, મન શાંત થઈ ગયું છે. અર્થાત્ મન બાહ્ય પદાર્થોમાં ભટકવાની વૃત્તિવાળું નથી. તે મહાત્માઓ આત્માના અનિચ્છાભાવને પ્રગટ કરવા માટે સદા ઉદ્યમવાળા છે, તેથી 'નિરીહ' છે. મોહની આકુળતા નષ્ટપ્રાયઃ છે તેથી સદા આનંદવાળા છે. તેવા યોગીઓને અંતરંગ સમૃદ્ધિથી સમૃદ્ધ મહાત્માઓ સમૃદ્ધિવાળા દેખાય છે. તેથી તેઓની બુદ્ધિમાં સિદ્ધના જીવો પૂર્ણ સમૃદ્ધિવાળા દેખાય છે, અન્ય કોઈ તેવી સમૃદ્ધિવાળા દેખાતા નથી. આવી નિર્મળ દૃષ્ટિ હોવાને કારણે તત્ત્વમાર્ગને નહિ પામેલા એવા ઇન્દ્ર આદિ પણ તેઓને રંક જેવા લાગે છે તો બાહ્ય સમૃદ્ધિવાળા મનુષ્યો તો ક્યાંથી સમૃદ્ધિવાળા દેખાય ? અર્થાત્ તીર્થંકરો, સિદ્ધ ભગવંતો, ગુણસંપન્ન યોગીઓ તેઓને સમૃદ્ધિવાળા દેખાય છે. અન્ય સર્વ જીવો ભાવ સમૃદ્ધિ વિનાના હોવાથી રંક જેવા દેખાય છે. તેથી આ યોગીઓ તેવા બાહ્ય સમૃદ્ધિવાળા જીવોની ખુશામત ક્યારેય કરતા નથી. ક્વચિત્ કોઈ યોગ્ય જીવો ધર્મ પામે તેવા જણાય તો કરુણાબુદ્ધિથી હિતોપદેશ આપે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, પ્રશાંત આદિ ભાવવાળા યોગીઓને બાહ્ય વૈભવવાળા ઈન્દ્રાદિ પણ રંકપ્રાયઃ ભાસે છે. ત્યાં પ્રશ્ન થાય કે જેઓની પાસે પુણ્યને કારણે આવી ઉત્તમ સમૃદ્ધિ છે તેઓને પણ તે મહાત્માઓ રંકપ્રાયઃ કેમ જાણે છે તેથી કહે છે –**

**શ્લોક :-**

**किं विभुत्वेन किं भोगैः किं सौन्दर्येण किं श्रिया ।**
**किं जीवितेन जीवानां दुःखं चेत् प्रगुणं पुरः ।।२७।।**

**શ્લોકાર્થ :-**

**વિભુપણાથી શું ? ભોગોથી શું ? સૌંદર્યથી શું ? શ્રિયા=બાહ્ય**

**લક્ષ્મીથી શું ? જીવોનાં જીવનથી શું ? જો આગળ પ્રકૃષ્ટ દુઃખ હોય ? ॥૨૭॥**

**ભાવાર્થ :-**

જે જીવો અસાર પુણ્યના બળથી બાહ્ય સમૃદ્ધિવાળા છે તેઓને વર્તમાનના ભવ પછી આગળમાં દુર્ગતિઓની પરંપરાની પ્રાપ્તિ છે; કેમ કે તેઓએ ભૂતકાળમાં તેવું અસાર પુણ્ય એકઠું કરેલું છે કે જે ભોગાદિની લિપ્સા પ્રગટ કરાવીને ધનાદિની વૃદ્ધિ માટે મહાઆરંભો કરાવી અંતે દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરાવે છે. તેવા જીવો પાસે માત્ર બાહ્ય વૈભવ છે પણ અંતરંગ ધર્મરૂપી ધન નથી. અને તેવા વૈભવવાળા જીવોને સત્ત્વહીન સાધુ આદર-સત્કારથી જુએ અને તેના વૈભવ આદિની કે તેઓના અસાર એવા દાનની પ્રશંસા કરે તો તે સાધુઓની ખુશામતથી પ્રેરાઈને તેવા જીવો તે સાધુનો સત્કાર આદિ કરે છે. પરંતુ નિઃસ્પૃહી મુનિઓને તો વિચાર આવે છે કે આવા વૈભવથી શું, આવા બાહ્ય ભોગોથી શું અને ધનવાનોને મળેલા આ સૌંદર્યથી પણ શું કે તેઓની લક્ષ્મીથી પણ શું ? સર્વ અર્થ વગરનું છે. એટલું જ નહીં, પણ એવાનાં જીવિત વડે પણ શું કે જે જીવન સમાપ્ત થયા પછી ઘણાં દુઃખોનું કારણ બનતું હોય. યોગીઓને આવી નિર્મલ બુદ્ધિ હોવાથી તેઓ બાહ્ય વૈભવવાળા જીવોથી પ્રભાવિત થતા નથી. પરંતુ ગુણોની સમૃદ્ધિવાળા ઉત્તમ જીવોથી જ પ્રભાવિત થાય છે. ॥૨૭॥

**અવતરણિકા :-**

**પ્રશાંત આદિ ભાવવાળા યોગીઓ બાહ્ય વૈભવવાળા જીવોના ભાવિના દુઃખના કારણ એવા ભોગોને અસાર જોનારા છે એમ પૂર્વશ્લોકમાં કહ્યું. તેથી એ ફલિત થાય છે કે, નિઃસ્પૃહી મુનિઓને ભાવિના સુખની પરંપરા હોય છે. છતાં સુખના પણ અર્થી જીવો નિઃસ્પૃહતાને સાધવા કેમ યત્ન કરતાં નથી તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

नार्थ्यते यावदैश्वर्यं तावदायाति संमुखम् ।
यावदभ्यर्थ्यते तावत् पुनर्याति पराङ्मुखम् ।।२८।।
अधैर्यादविचार्येदमिच्छाव्याकुलमानसः ।
हा हा हेति तदर्थं स धावन् धावन् न खिद्यते ।।२९।।(युग्मम्)

**શ્લોકાર્થ :-**

**જ્યાં સુધી ઐશ્વર્ય ઈચ્છાતું નથી ત્યાં સુધી તે ઐશ્વર્ય સન્મુખ આવે છે. જ્યારે તેની અભ્યર્થના કરાય છે ત્યારે તે ઐશ્વર્ય પરાઙ્મુખ થાય છે. અધૈર્યને કારણે આ પ્રકારનો વિચાર કર્યા વગર=ઐશ્વર્યની પ્રાપ્તિનો ઉપાય નિઃસ્પૃહતા છે સ્પૃહા નથી એ પ્રકારનો વિચાર કર્યા વગર, ઈચ્છાથી વ્યાકુળ થયેલા માનસવાળો એવો જીવ અત્યંત ખેદની વાત છે કે તેના માટે=ઐશ્વર્ય માટે, દોડતો-દોડતો ખેદ પામતો નથી=થાકતો નથી. ।।૨૮-૨૯।।**

❖ "हा हा हेति=હા હા હા ઇતિ" અત્યંત ખેદ બતાવવા "હા, હા, હા" એમ ત્રણ વખત કહ્યું છે અને હા હા હા ઇતિમાં 'ઇતિ' શબ્દ પાદપૂર્તિ માટે છે.

**ભાવાર્થ :-**

જે સાધુઓ અત્યંત નિઃસ્પૃહી છે, કોઈ બાહ્ય સમૃદ્ધિની ઇચ્છા કરતા નથી, પરંતુ કેવલ અસંગભાવની વૃદ્ધિ માટે ઉદ્યમ કરનારા છે, તેવા મહાત્માઓ પણ તે ભવમાં મોક્ષમાં ન જાય તો જન્માંતરમાં મહાઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. જેમ પૂર્વભવમાં સંયમ પાળીને અતિ નિઃસ્પૃહ થયેલા એવા ભરત ચક્રવર્તી ચરમ ભવમાં ચક્રવર્તીની સમૃદ્ધિને પામ્યા. તેથી એ ફલિત થાય છે કે પૂર્વભવમાં સંયમ પાળતી વખતે તેઓએ ઐશ્વર્યની ઇચ્છા કરેલ નહીં છતાં પણ ઐશ્વર્ય તે મહાત્માની સન્મુખ આવે છે. અને જે જીવો અસાર પુણ્યને લઈ જન્મ્યા છે તેઓને ઐશ્વર્યની ઘણી ઇચ્છા છે અને તેથી ઐશ્વર્યને માટે દોડાદોડ કરે છે અને કાંઈક પુણ્યનો સહકાર હોય તો આ ભવમાં કાંઈક ઐશ્વર્ય મેળવે છે તોપણ

તેવા ઐશ્વર્યના અર્થી જીવોથી તે સમૃદ્ધિ પરાઙ્મુખ થાય છે. તેથી જન્માંતરમાં તેઓ દુર્ગતિઓની પરંપરાને પામે છે પરંતુ ઐશ્વર્યને પામતા નથી. આથી જ પૂર્વશ્લોકમાં કહ્યું કે, "તેવા જીવોના વૈભવ આદિથી શું કે જેઓને આગળ ઘણું દુઃખ હોય ?" તેથી તેવા ધનના અર્થી જીવો ધન માટે પાપ કરીને દુઃખની પરંપરાને પામે છે. અને નિઃસત્ત્વ એવા સાધુઓ પણ આવા જીવોની જેમ ગૃહસ્થો પાસે ચાટુવચનો કરીને બાહ્ય ભોગો મેળવે છે પણ ભવાંતરમાં તદ્દન ધન વગરની અવસ્થાને પ્રાપ્ત કરનારા છે.

અત્યંત ખેદની વાત છે કે ધન મેળવવાના અધૈર્યને કારણે આ પ્રકારે ધનની પ્રાપ્તિ, અપ્રાપ્તિના પરમાર્થને વિચાર્યા વિના ઇચ્છાથી વ્યાકુલ માનસવાળા જીવો તે ધન માટે સતત દોડતાં, અનેક પાપો કરીને ખેદ પામે છે. અર્થાત્ દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે, જીવને સર્વ સમૃદ્ધિનું પ્રયોજન સુખ છે અને સંસારમાં બાહ્ય સમૃદ્ધિથી સુખ મળે છે તે પણ હકીકત છે, આમ છતાં જે જીવોને તત્ત્વનો બોધ થયો છે તેઓ વિચારે છે કે જેમ-જેમ ચિત્ત નિઃસ્પૃહતાવાળું થશે, તેમ-તેમ ઉત્તમ કોટીનું પુણ્ય બંધાશે અને મોક્ષની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી પણ ઉત્તમ વૈભવવાળા ભવો મળશે. માટે સુખની ઇચ્છા હોય તો પૂર્ણ સુખમય મોક્ષ માટે ઉદ્યમ કરવો જોઈએ અને મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પણ નિઃસ્પૃહતા ગુણને કારણે ઉત્તમ વૈભવવાળા ભવોની પ્રાપ્તિ થાય છે. માટે શક્તિ અનુસાર નિઃસ્પૃહતામાં ઉદ્યમ કરવો જોઈએ. આ પ્રમાણે વિચારીને જેઓ ધૈર્યથી ઉદ્યમ કરે છે તેઓ સંસારમાં પણ સુખ-સંપત્તિને મેળવીને અંતે મોક્ષને પ્રાપ્ત કરે છે ત્યારે પરાકાષ્ઠાના સુખને મેળવે છે અને જેઓને તેવો બોધ નથી તેથી વિચાર્યા વગર સુખ મેળવવાની અધીરતાને કારણે સુખ મેળવવા માટે આરંભસમારંભ કરે છે અને પુણ્યનો સહકાર ન હોય તો કાંઈ મેળવ્યા વગર પાપો કરી દુર્ગતિમાં જાય છે. કદાચ તુચ્છ પુણ્યના સહકારથી કંઈક બાહ્ય ધનાદિ મેળવે છે તોપણ સતત તેની પાછળ દોડીને દુઃખની પરંપરાને પામે છે. આ અત્યંત ખેદની વાત છે એમ બતાવીને ધૈર્યપૂર્વક સત્ત્વથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ તે પ્રકારનો ઉપદેશ ગ્રંથકારશ્રી આપે છે. **||૨૮-૨૯||**

**અવતરણિકા :-**

**વળી, સત્ત્વશાળી જીવો કેવા હોય છે તે બતાવીને સત્ત્વ કેળવવાનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**स्थिरो धीरस्तु गम्भीरः संपत्सु च विपत्सु च ।**
**बाध्यते न च हर्षेण विषादेन न च क्वचित् ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**સ્થિર, ધીર, ગંભીર પુરુષ સંપત્તિઓમાં ક્યારેય હર્ષથી બાધ પામતા નથી અને વિપત્તિઓમાં ક્યારેય વિષાદ પામતા નથી. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

જેઓ તત્ત્વાતત્ત્વની વિચારણા કરવામાં સ્થિર બુદ્ધિવાળા છે, વળી ગંભીરતાપૂર્વક સંસારની વાસ્તવિકતાનો વિચાર કરનારા છે અને સંસારની વાસ્તવિકતાનો નિર્ણય કરીને ધીરતાપૂર્વક હિતકારી માર્ગમાં ચાલનારા છે તેવા પુરુષો વિચારે છે કે સર્વ સંયોગોમાં વ્યાકુલતા વિનાનું ઉત્તમ ચિત્ત જ સર્વ કલ્યાણની પરંપરાનું કારણ છે અને સંયોગોનુસાર વ્યાકુલ થયેલું ચિત્ત જ સર્વ અકલ્યાણની પરંપરાનું કારણ છે. તેથી તેવા મહાત્માઓને ભૂતકાળના પુણ્યથી સંપત્તિઓ મળે તોપણ હર્ષથી બાધિત થતા નથી. પરંતુ વિચારે છે કે આ સંપત્તિ અતિ ચપળ છે, ગમે ત્યારે ચાલી જતી હોય છે માટે તેનો તે રીતે ઉપયોગ કરું કે મારું ભાવિ હિત થાય અને ભૂતકાળનાં કોઈ તે પ્રકારનાં કર્મોને કારણે આપત્તિઓ આવે તો તે આપત્તિઓમાં પણ આવા ઉત્તમ પુરુષો ક્યારેય વિષાદથી બાધ પામતા નથી. પરંતુ વિચારે છે, મારાં જ એવા પ્રકારનાં ભૂતકાળનાં કર્મોનું આ ફળ છે માટે ધીરતાપૂર્વક તે કર્મોને સહન કરવાથી અનર્થોની પરંપરા થશે નહીં. અને જો સંયોગ પ્રમાણે અસ્વસ્થતાની પ્રાપ્તિ થશે તો પોતાને અહિતની જ પ્રાપ્તિ થશે. આમ, વિચારીને ઉત્તમપુરુષો પોતાના સત્ત્વના બળથી જ સર્વત્ર જીવનારા હોય છે. ॥૩૦॥

**અવતરણિકા :-**

**સર્વ પ્રકારની સિદ્ધિઓ સત્ત્વથી જ પ્રાપ્ત થાય છે. તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ये सिद्धा ये च सेत्स्यन्ति सर्वे सत्त्वे प्रतिष्ठिताः ।**
**सत्त्वं विना हि सिद्धिर्न प्रोक्ता कुत्रापि शासने ।।३१।।**

**શ્લોકાર્થ :-**

**જે જીવો સિદ્ધિને પામ્યા, જેઓ સિદ્ધિને પામશે તે સર્વ સત્ત્વમાં પ્રતિષ્ઠિત છે, સત્ત્વ વગર સિદ્ધિ કોઈ પણ શાસનમાં=કોઈ પણ દર્શનમાં, કહેવાઈ નથી. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

જે જીવો સંસારનો ઉચ્છેદ કરી મોક્ષમાં ગયા તે સર્વ જીવો પોતાના અંતરંગ શત્રુના નાશ માટે મહાસત્ત્વ ફોરવીને ગયા છે અને જે જીવો મોક્ષમાં જશે તે પણ અંતરંગ શત્રુના નાશ માટે મહાસત્ત્વ ફોરવીને જશે. પરંતુ અંતરંગ મોહના ઉન્મૂલનને અનુકૂળ સત્ત્વ ફોરવ્યા વિના કેવલ બાહ્ય ક્રિયાઓથી કે સાધુવેશમાં રહીને ભક્તવર્ગના સંચયથી કોઈ મોક્ષમાં ગયું નથી અને કોઈ જશે પણ નહીં. આથી જ સર્વ દર્શનમાં જીવના અસંગભાવથી જ સિદ્ધિ કહેવાઈ છે. અને જીવને અસંગભાવ પ્રગટ કરવા મહાસત્ત્વની અપેક્ષા છે. તેથી સર્વ ઉદ્યમથી બાહ્ય ઉત્સુકતાના શમન માટે, બાહ્ય સંયોગોથી પર થવા માટે અને બાહ્ય સુખ-દુઃખ આદિમાં સંગ વગરનું ચિત્ત બને તે પ્રકારે સત્ત્વમાં જ ઉદ્યમ કરવો જોઈએ, તે સિવાય આ સંસારનો અંત નથી. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**વળી, સાધુવેશથી કે માત્ર બાહ્ય સંયમની ક્રિયાથી મોક્ષની પ્રાપ્તિનો અસંભવ છે તે દૃઢ કરવાં અર્થે કહે છે –**

**શ્લોક :-**

**एवमेव सुखेनैव सिद्ध्यन्ति यदि कौलिकाः ।**
**तद् गृहस्थादयोऽप्येते किं न सिद्ध्यन्ति? कथ्यताम् ।।३२।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે જ, કૌલિકો=કુલાચારથી ધર્મ કરનારા, સુખેથી સિદ્ધ થાય તો આ ગૃહસ્થ આદિ પણ કેમ સિદ્ધ ન થાય ? તે કહો. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં સત્ત્વહીન સાધુવેશધારી કેવા હોય છે તે બતાવ્યું. તે રીતે જ કુલાચારથી ધર્મ કરનારા એવા કૌલિકો સુખથી જ જો સંસારનો અંત કરી શકતા હોય તો આ ગૃહસ્થો પણ પોતપોતાના કુલાચાર પ્રમાણે ધર્મ કરનારા છે, તેઓ કેમ સિદ્ધ ન થાય ? અર્થાત્ તેઓ સિદ્ધ થતા નથી. તેથી નક્કી થાય છે કે, જિનવચનાનુસાર અત્યંત સંવેગપૂર્વક સંયમમાં ઉદ્યમ કરનારા મુનિઓ જ મોહનું ઉન્મૂલન કરીને સિદ્ધિપદને પામે છે. માત્ર બાહ્ય ક્રિયાથી કે કુલાચારથી સ્વપર માન્યતાનુસાર કરાતા આચાર માત્રથી કોઈ સિદ્ધ થતું નથી. **॥૩૨॥**

**અવતરણિકા :-**

**સાધુવેશમાં રહેલા અને શાતાના અર્થી, ગૃહસ્થો આદિ સાથે મીઠો સંબંધ રાખનારા જીવો મોક્ષમાં કેમ જઈ ન શકે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सुखाभिलाषिणोऽत्यर्थं, ग्रस्ता ऋद्ध्यादिगौरवैः ।**
**प्रवाहवाहिनो ह्यत्र दृश्यन्ते सर्वजन्तवः ।।३३।।**
**एवमेव सुखेनैव सिद्धिर्यदि च मन्यते ।**
**तत्प्राप्तौ सर्वजन्तूनां तदा रिक्तो भवेद् भवः ।।३४।।**

**શ્લોકાર્થ :-**

**સુખના અત્યંત અભિલાષી, ઋદ્ધિ આદિ ગારવોથી ગ્રસ્ત અને પ્રવાહમાં વહેનારા=મોહના પ્રવાહમાં વહેનારા, અહીં=લોકમાં, સર્વ જીવો દેખાય છે. એ રીતે જ=જે રીતે સંસારી જીવો ઋદ્ધિગારવથી ગ્રસ્ત છે એ રીતે જ, સુખેથી જ જો સિદ્ધિ મનાય છે તો સર્વ જીવોને તેની પ્રાપ્તિ થયે છતે ભવ ખાલી થાય. ||૩૩-૩૪||**

**ભાવાર્થ :-**

સંસારી જીવો બાહ્ય સુખના અત્યંત અભિલાષી છે, ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવથી ગ્રસ્ત છે અને અનાદિના સંસ્કારથી ચાલતા પરિણામરૂપ મોહના પ્રવાહમાં વહેનારા છે. આ પ્રકારે સર્વ જીવો સંસારમાં દેખાય છે અને એ રીતે જ સાધુવેશમાં રહીને જેઓ શાતા અર્થે અનુકૂળતા પ્રમાણે સંયમના બાહ્ય આચારો પાળે છે અને સુખપૂર્વક જીવવા ઇચ્છે છે, એ રીતે સુખે સુખે સિદ્ધિ છે એમ માનવામાં આવે તો સંસારી જીવો અને સાધુવેશધારીમાં અંતરંગ રીતે કોઈ ભેદ નથી. સાધુઓ સાધુનો વેશ અને તેને અનુકૂળ બાહ્ય આચરણાઓ કરી પોતાનો નિર્વાહ કરે છે અને ગૃહસ્થ પોતાનો નિર્વાહ કરે છે. તેથી અંતરંગ કોઈ સત્ત્વ વગર શાતા આદિમાં આસક્ત એવા સાધુઓ સિદ્ધિને પામી શકે તો સર્વ જીવો સિદ્ધિને પામે અને જો સર્વ જીવોની સિદ્ધિ થાય તો ભવ=સંસાર, ખાલી થવાની આપત્તિ આવે. તેથી નક્કી થાય છે કે, સુખના અભિલાષી, મોહના પ્રવાહ પ્રમાણે ચાલનારા, ઋદ્ધિગારવ આદિમાં આસક્ત એવા સાધુવેશધારી જીવો મોક્ષમાં જઈ શકે નહીં, પરંતુ મોહનો નાશ કરવા માટે સત્ત્વને પ્રવર્તાવતા એવા મુનિઓ જ સિદ્ધિને પામે છે. **||૩૩-૩૪||**

**અવતરણિકા :-**

**મોક્ષની પ્રાપ્તિ તો સાત્ત્વિક જીવોથી જ થાય છે. પરંતુ સંસારના ક્ષેત્રમાં પણ સત્ત્વને જીતવા માટે તે જ પ્રકારની બાહ્ય સાત્ત્વિકતાની અપેક્ષા છે તે બતાવી અંતરંગ સત્ત્વ વગર સંસારનો અંત નથી તે સ્પષ્ટ કરવા કહે છે -**

**શ્લોક :-**

लोकेऽपि सात्त्विकेनैव जीयते परवाहिनी ।
उद्धूलिकोऽपि नान्येषां, दृश्यतेऽह्नाय नश्यताम् ।।३५।।

**શ્લોકાર્થ :-**

**લોકમાં પણ સાત્ત્વિક વડે જ શત્રુની સેના જીતાય છે. અન્યોનો ઉદ્‌ધૂલિક પણ શીઘ્ર નશ્યતાને પામતો નથી. ||૩૫||**

**ભાવાર્થ :-**

શત્રુને જીતવા માટે તત્પર થયેલામાં પણ સાત્ત્વિક જીવ વડે જ શત્રુની સેના જીતાય છે. અલ્પસત્ત્વવાળા જીવો શત્રુને જીતી શકતા નથી. અન્યોનો ઉદ્‌ધૂલિક પણ=પોતાના શત્રુનો સામનો કરનાર સત્ત્વશાળી પુરુષ પણ, જલ્દી નશ્યતાને પામતો દેખાતો નથી=શત્રુથી તરત જ નાશ પામતો નથી. તેથી નક્કી થાય છે કે સંસારના ક્ષેત્રમાં પણ શત્રુની સામે થનારા જ શત્રુને જીતી શકે છે. કદાચ શત્રુ બળવાન હોય તોપણ તેનો સામનો કરનારો સત્ત્વશાળી પુરુષ જલ્દી નાશ પામતો નથી પણ શક્તિ અનુસાર શત્રુનો સામનો કરે છે. તેમ આત્મકલ્યાણ અર્થે પ્રવૃત્ત થનારા સાધુઓમાં પણ જેઓ સાત્ત્વિક છે, તેઓ જ મોહના સૈન્યને જીતીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે અને કદાચ શત્રુ બળવાન હોય તોપણ તેનો સામનો કરનાર સાધુ શત્રુથી જલ્દી નાશ પામતો દેખાતો નથી. તે આ ભવમાં શત્રુનો નાશ ન કરી શકે તોપણ શક્તિ સંચય થશે ત્યારે અન્યભવમાં તો નક્કી શત્રુનો નાશ કરશે. માટે સંસારના ક્ષેત્રમાં જેમ સત્ત્વની અપેક્ષા છે, તેમ ધર્મના ક્ષેત્રમાં પણ મોહના નાશ માટે સત્ત્વની જ અપેક્ષા છે. **||૩૫||**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, બાહ્યશત્રુને જીતવા માટે પણ સાત્ત્વિક પુરુષો જ સમર્થ થાય છે. તેથી હવે મોહના નાશ માટે તો સાત્ત્વિક સિવાય અન્ય જીવો સમર્થ થઈ શકે જ નહીં તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**लोकोत्तरान्तरंगस्य, मोहसैन्यस्य तं विना ।**
**संमुखं नापरैः स्थातुं शक्यते नात्र कौतुकम् ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**તેના વિના=સત્ત્વ વિના, લોકોત્તર એવા અંતરંગ સૈન્યના=લોક જેને ન સમજી શકે તેવા લોકોત્તર અંતરંગ મોહસૈન્યના, સન્મુખ રહેવા માટે બીજા સમર્થ નથી, એમાં આશ્ચર્ય નથી. ॥૩૬॥**

**ભાવાર્થ :-**

મોહનું સૈન્ય જીવનો અંતરંગ શત્રુ છે. તેથી ચર્મચક્ષુથી દેખાય તેવું નથી પરંતુ શાસ્ત્રવચનથી પરિષ્કૃત માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવોને જ તે દેખાય તેવું છે. તેથી લોક ન સમજી શકે તેવું અંતરંગ મોહનું સૈન્ય છે અને તેના સામે થવું અતિ દુષ્કર છે, છતાં જે જીવોમાં સત્ત્વ નથી તેઓ સાધુવેશ ગ્રહણ કરે એટલે સુભટનો વેશ ધારણ કરે, છતાં સત્ત્વ ન હોય તો તેવા સાધુવેશધારી સુભટો મોહની સામે યુદ્ધ તો કરી શકતા નથી પરંતુ તેનો સામનો પણ કરી શકતા નથી અને કિંકરની જેમ મોહને પરવશ થાય છે. તેથી, અલ્પસત્ત્વવાળા સાધુવેશમાં રહેલા મોહનો સામનો ન કરી શકે. તેમાં કોઈ આશ્ચર્ય નથી માટે મોહના જય અર્થે અંતરંગ સત્ત્વનો જ સંચય કરવો જોઈએ. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**સાધુવેશ ગ્રહણ કર્યા પછી પણ મોહનો સામનો કરવો કોને દુષ્કર ભાસે છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોકાર્થ :-**

**सर्वमज्ञस्य दीनस्य, दुष्करं प्रतिभासते ।**
**सत्त्वैकवृत्तिवीरस्य ज्ञानिनः सुकरं पुनः ।।३७।।**

**શ્લોકાર્થ :-**

**અજ્ઞ અને દીન એવાને સર્વ દુષ્કર પ્રતિભાસે છે. સત્ત્વ એક વૃત્તિવાળા વીર એવા જ્ઞાનીને વળી સુકર પ્રતિભાસે છે. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

જે જીવો પરમાર્થને જાણનારા નથી અને **જેઓએ કલ્યાણના માર્ગને જોયો નથી, તેઓ અજ્ઞ અને દીન છે.** અને તેવા જીવોને ઇન્દ્રિયોને અનુકૂળ પ્રવૃત્તિ જ સુકર હોય છે. પરંતુ સત્ત્વથી સાધી શકાય તેવી સર્વ પ્રવૃત્તિ દુષ્કર પ્રતિભાસે છે. તેથી તેવા જીવો સાધુપણું ગ્રહણ કરે તોપણ સંયમની સર્વ ક્રિયાઓ અંતરંગ જાગૃતિપૂર્વક કરી શકતા નથી અને તે પ્રકારની પ્રવૃત્તિ કરવાનું કોઈ ઉપદેશક કહે તોપણ તે અનુષ્ઠાન દુષ્કર છે તેમ જ તેઓને ભાસે છે. અને જેઓ પરમાર્થને જાણનારા છે અને જાણે છે કે મોહને પરવશ થયેલો જીવ જ આ સંસારની સર્વ વિડંબના પામે છે અને હું મોહના નાશ માટે મારી શક્તિને ગોપવ્યા વિના યત્ન કરીશ તો મારા માટે કાંઈ અસાધ્ય નથી. એવા પ્રકારનાં સત્ત્વ એક વૃત્તિવાળા વીર પુરુષને સર્વ કાર્ય સુકર જણાય છે. અર્થાત્ આદ્ય ભૂમિકામાં મોહનો નાશ દુષ્કર હોવા છતાં સત્ત્વશાળી જીવો જિનવચનનું દઢ આલંબન લઈને, ઉચિત ઉપદેશનું સતત શ્રવણ કરીને અને પૂર્વનાં મહાપુરુષોનાં સાત્ત્વિક જીવનના પ્રસંગોને અત્યંત ભાવન કરીને પોતાનું સત્ત્વ ફોરવવા માટે બદ્ધ પરિણામવાળા હોય છે. તેવા મહાત્માઓને પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત અનુષ્ઠાન દુષ્કર નથી. પરંતુ સત્ત્વનાં બળથી તે-તે અનુષ્ઠાન સેવીને અધિક-અધિક સંચિત વીર્યવાળા થાય છે. તેથી આદ્ય ભૂમિકામાં અશક્ય દેખાતું અનુષ્ઠાન પણ તેવા સત્ત્વશાળી જીવો માટે સુકર બને છે. માટે કલ્યાણના અર્થીએ સર્વ ઉદ્યમથી સત્ત્વસંચય માટે યત્ન કરવો જોઈએ. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**સામાન્યથી જગતમાં સત્ત્વશાળી જીવો અલ્પ હોય છે. અને કલિકાલમાં તો અતિઅલ્પ હોય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**द्वित्रास्त्रिचतुरा वापि यदि सर्वजगत्यपि ।**
**प्राप्यन्ते धैर्यगाम्भीर्यौदार्यादिगुणशालिनः ।।३८।।**
**बाहुल्येन तदाभासमात्रा अपि कलौ कुतः ।**
**बुसप्रायैस्तु लोकोऽयं पूरितो भवपूरकैः ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**ધૈર્ય, ગાંભીર્ય, ઔદાર્ય આદિ ગુણોને ભજનારા જીવો સર્વ જગતમાં પણ જો બે-ત્રણ-ચાર પ્રાપ્ત થાય છે તો કલિકાલમાં તેના આભાસ માત્ર પણ=ગુણશાલી જેવા દેખાય તેવા આભાસમાત્ર પણ, બાહુલ્યથી ક્યાંથી હોય ? અર્થાત્ હોય નહીં.** કેમ ન હોય ? તેથી કહે છે –

**બુસપ્રાય એવા=નિઃસત્ત્વ એવા, ભવપૂરક જીવો વડે આ લોક પુરાયેલો છે. ||૩૮-૩૯||**

**ભાવાર્થ :-**

સામાન્યથી જગતમાં જ્યારે સારો કાળ વર્તે છે ત્યારે પણ મોહની સામે લડવામાં ધૈર્યવાળા, હિતાહિતના વિચારવાળા, ગંભીર ગુણવાળા, સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે એવા ઔદાર્ય આદિ ગુણવાળા જીવો બે-ત્રણ કે ત્રણ-ચાર મળે છે. અર્થાત્ અન્ય જીવોની સંખ્યાની અપેક્ષાએ અતિ અલ્પમાત્રામાં મળે છે; કેમ કે મહાવિદેહ આદિમાં પણ સંખ્યાથી સત્ત્વશાળી જીવો ઘણા હોવા છતાં અન્ય જીવોની સંખ્યાની અપેક્ષાએ અતિ અલ્પ છે તે બતાવવા માટે અહીં કહે છે કે અતિશક્તિશાળી જીવો બે-ત્રણ કે ત્રણ-ચાર છે. હવે આખા જગતમાં જ્યારે ઉત્તમ જીવોની સંખ્યા અતિ અલ્પ મળતી હોય ત્યારે વર્તમાનમાં ભરતક્ષેત્રમાં તો કલિકાલ વર્તે છે. તેથી તેવા ઉત્તમ ગુણવાળા જીવો તો ન હોય, પરંતુ તેવા ઉત્તમ થવા માટે યત્ન કરનારા અને તેઓનાં દૃષ્ટાંતને આદર્શ કરી જીવનારા એવા જીવો પણ બહુલતાથી ક્યાંથી હોય ? અર્થાત્ તેવા જીવો પણ અલ્પ જ હોય છે.

આનાથી એ ફલિત થાય છે કે, કલિકાલમાં અતિ સાત્ત્વિક જીવો તો ન હોય પરંતુ તેવા સાત્ત્વિક જીવોનું અવલંબન લઈને તેવાં ગુણોને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરનારા તેવા આભાસમાત્ર જીવો પણ ઘણા હોતા નથી. આવા ઉત્તમમાર્ગને ઘણા જીવો કેમ સેવતા નથી ? તેથી કહે છે.

ભવને પૂરનારા નિઃસત્ત્વ લોકોથી આ લોક ભરાયેલો છે. તેથી અનંતકાળમાં નિઃસત્ત્વ અને કર્મને પરતંત્ર જીવો ઘણા હોય છે અને કલિકાલમાં તો વિશેષથી એવા જીવો જ પ્રાપ્ત થાય છે. માટે કલ્યાણના અર્થી જીવોએ અતિ સાત્ત્વિક જીવો જેવાં ધૈર્ય આદિ ગુણો પોતાનામાં ન હોય તોપણ તેવા પુરુષોનું અવલંબન લઈને તેમના જેવા થવા માટે ઉદ્યમ કરવો જોઈએ. **॥૩૮-૩૯॥**

**અવતરણિકા :-**

**વળી, શક્તિશાળી થવા માટેનો ઉચિત ઉપદેશ આપે છે.**

**શ્લોક :-**

**मानुष्यं दुर्लभं लब्ध्वा ये न लोकोत्तरं फलम् ।**
**गृह्णन्ति सुखमायत्यां पशवस्ते नरा अपि ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**દુર્લભ એવા મનુષ્યપણાને પામીને જેઓ આયતિમાં=ભવિષ્યમાં, સુખરૂપ એવા લોકોત્તર ફલને ગ્રહણ કરતા નથી તે મનુષ્યો પણ પશુઓ છે. ॥૪૦॥**

**ભાવાર્થ :-**

પશુમાં નિર્વિચારકતા અને જડતા વર્તે છે. તેમ જે જીવો મનુષ્યભવને પામ્યા હોવા છતાં તત્ત્વની વિચારણા કરવા માટે જડ જેવા છે તેઓ મનુષ્યો હોવા છતાં દુર્લભ એવા મનુષ્યપણાને પામીને ભાવિના સુખરૂપ એવા લોકોત્તર ફળને ગ્રહણ કરતા નથી. તેથી તે પશુઓ જ છે.

આશય એ છે કે, એકેન્દ્રિય વિગેરે સર્વ ભવો આત્મહિત સાધવા માટે નિષ્ફળ છે અને સંસારમાં ધર્મસામગ્રીથી યુક્ત એવો મનુષ્યભવ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે. આમ છતાં તેવા મનુષ્યભવને પામીને જે જીવો ક્વચિત્ સંયમ

પણ ગ્રહણ કરે અને સાધ્વાચારની બાહ્ય ક્રિયાઓ પણ કરે, આમ છતાં ભાવિના સુખરૂપ એવું જે મનુષ્યભવનું લોકોત્તર ફલ છે તેને ગ્રહણ કરતા નથી, પરંતુ ગતાનુગતિકથી પોતાનું જીવન વ્યય કરે છે તેઓ પશુતુલ્ય છે. વસ્તુતઃ મનુષ્યભવને પ્રાપ્ત કર્યા પછી સર્વ ઉદ્યમથી તત્ત્વ શું છે તે જાણવા માટે જિનવચનમાં અત્યંત ઉદ્યમ કરવો જોઈએ, સ્વભૂમિકા અનુસાર કઈ ઉચિત આચરણા સેવીને પોતે આત્મહિત સાધી શકે છે, તેનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ અને તે પ્રમાણે તે તે ઉચિત આચરણા કરીને મનુષ્યભવને સફલ કરવો જોઈએ. પરંતુ જેઓ તે પ્રકારે કોઈ વિચાર કરતા નથી અને સંયમ ગ્રહણ કરીને પણ લોકવૃત્તિ અનુસાર જીવે છે, તેઓ મનુષ્યભવના ફલરૂપ લોકોત્તર ફલને ગ્રહણ કરતા નથી. જેથી તેઓને ભાવિના સુખની પરંપરા પ્રાપ્ત થતી નથી. માટે મનુષ્ય હોવાં છતાં પશુતુલ્ય છે. **॥૪૦॥**

**અવતરણિકા :-**

**અલ્પ સત્ત્વવાળા જીવો આત્મહિત સાધી શકતા નથી, તે કથનનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**तत्पुनर्मोक्षदो धर्मः शीलांगवहनात्मकः ।**
**प्रतिस्रोतःप्लवात् साध्यः सत्त्वसारैकमानसैः ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે આત્મહિત માટે સત્ત્વમાં ઉદ્યમ કરવો જોઈએ તે કારણથી, મોક્ષને દેનારો, શીલાંગના વહન સ્વરૂપ ધર્મ પ્રતિસ્રોતના ગમનથી સત્ત્વસાર એક માનસવાળા જીવો વડે સાધ્ય છે. ॥૪૧॥**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી સત્ત્વનો ઉપદેશ આપ્યો અને બતાવ્યું કે હીન સત્ત્વવાળા જીવો મોક્ષને પ્રાપ્ત કરી શકતા નથી. તે કારણથી સંયમગ્રહણ કરીને જેઓ અઢારહજાર

શીલાંગને વહન કરનારા છે તેવા સત્ત્વસાર એક માનસવાળા જીવો અનાદિના સંસ્કારોથી વિપરીત પ્રવૃત્તિ કરનારા છે અને તેઓ જ મોક્ષને દેનારા એવા ધર્મને સેવીને ભવપરંપરાનો ઉચ્છેદ કરનારા છે.

આશય એ છે કે, જીવમાં જ્ઞાનશક્તિ છે, વીર્યશક્તિ છે અને તે-તે નિમિત્તોને પામીને જીવો ઇષ્ટ પદાર્થમાં રાગ કરે છે, અનિષ્ટ પદાર્થમાં દ્વેષ કરે છે, અને નિરર્થક પદાર્થમાં ઉપેક્ષા કરે છે. સંસારી જીવોની આ સર્વ પ્રવૃત્તિ બાહ્ય પદાર્થોને આશ્રયી વર્તે છે. તેથી તે સંસ્કારના પ્રવાહથી જ જીવો ગમન કરે છે. કોઈક રીતે કર્મમલનો અપગમ થવાથી જીવમાં માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટે ત્યારે તેને સંસાર વિડંબણારૂપ દેખાય છે અને તે વિડંબણાથી પર થવાનો ઉપાય અઢારહજાર શીલાંગના પાલનરૂપ સંયમધર્મ છે. અને તેના ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ છે તેવો સ્થિર નિર્ણય થાય છે, તેવા માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવોને અત્યાર સુધી બાહ્ય ઇષ્ટ પદાર્થોમાં જે રાગ હતો તેનાથી વિપરીત એવા અંતરંગ મોક્ષસુખ અને મોક્ષસુખના ઉપાયરૂપ અઢારહજાર શીલાંગ પ્રત્યે રાગ પ્રગટે છે. તેથી તેનો રાગ પ્રતિસ્રોત તરફ જનાર બને છે. વળી, અત્યાર સુધી તેનો દ્વેષ બાહ્ય અનિષ્ટ પદાર્થો પ્રત્યે હતો જે વિવેકચક્ષુ ખુલવાથી સંસારના પરિભ્રમણ પ્રત્યે અને સંસારના પરિભ્રમણના કારણરૂપ અઢારહજાર શીલાંગમાં થતી સ્ખલનાઓ પ્રત્યે થાય છે. તેથી પૂર્વમાં જે દ્વેષ, દેહ અને ઇન્દ્રિયના ઉપઘાતક પદાર્થો પ્રત્યે હતો, તે હવે આત્મભાવોના ઉપઘાતક પ્રત્યે વર્તે છે. તેથી તેનો દ્વેષ પ્રતિસ્રોતરૂપે પ્રવર્તે છે. વળી, પૂર્વે તેનો ઉપેક્ષાભાવ ઇન્દ્રિયોને અનુપયોગી પદાર્થો પ્રત્યે વર્તતો હતો હવે તેનો ઉપેક્ષાભાવ પરમાર્થથી આત્મા માટે અનુપયોગી એવા સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યેં વર્તે છે. તેથી તેનો ઉપેક્ષાભાવ પણ પ્રતિસ્રોતરૂપે ગમન કરે છે. આથી, પૂર્વમાં જ્યારે-જ્યારે ઇન્દ્રિયના ઇષ્ટ પદાર્થોને પ્રાપ્ત કરતો હતો ત્યારે રાગનો ઉપયોગ વર્તતો હતો, ઉપઘાતક પદાર્થોને પ્રાપ્ત કરતો ત્યારે દ્વેષનો ઉપયોગ પ્રવર્તતો હતો અને નિરર્થક પદાર્થોને પ્રાપ્ત કરતો હતો ત્યારે ઉપેક્ષાનો ઉપયોગ વર્તતો હતો, આ રીતે સંસાર અવસ્થામાં રાગ, દ્વેષ અને ઉપેક્ષામાંથી એક કાલમાં જીવનો એક ઉપયોગ વર્તે છે. તે રીતે વિવેકચક્ષુ ખૂલવાથી આ મહાત્મા જ્યારે-જ્યારે મોક્ષનું સ્વરૂપ વિચારે છે, અઢારહજાર શીલાંગનું સ્વરૂપ વિચારે છે કે તેને અનુરૂપ શાસ્ત્રઅધ્યયન

કરે છે, ત્યારે-ત્યારે તેનો વીતરાગગામી એવો રાગનો ઉપયોગ વર્તે છે. વળી, આ મહાત્મા જ્યારે-જ્યારે સંસારનું સ્વરૂપ વિચારે છે, જીવનમાં કરાયેલા પ્રમાદની સ્ખલનાનો વિચાર કરે છે, ત્યારે-ત્યારે તે મહાત્માનો આશ્રવભાવના ઉન્મૂલનને અભિમુખ એવો દ્વેષનો ઉપયોગ પ્રવર્તે છે. અને તત્ત્વના સમાલોચનપૂર્વક વાસિત અંતઃકરણથી જગતવર્તી પદાર્થોને આશ્રયીને જ્યારે જ્યારે તે મહાત્માનો ઉપયોગ પ્રવર્તે છે ત્યારે ત્યારે ઉપેક્ષાનો ઉપયોગ પ્રવર્તે છે તેથી તે મહાત્માનો પૂર્વના ઉપયોગ કરતાં પ્રતિસ્રોત ગમનરૂપ ઉપયોગ વર્તે છે.

આ રીતે તે મહાત્મા સત્ત્વસાર એક માનસના બળથી પ્રતિસ્રોતના ગમનથી સાધ્ય એવો સંયમનો પરિણામ સાધી શકે છે. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**આ રીતે સત્ત્વનું માહાત્મ્ય બતાવીને હવે સત્ત્વ માટે ઉદ્યમ કરવાનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**ततः सत्त्वमवष्टम्भ्य त्यक्त्वा कुग्राहिणां ग्रहम् ।**
**क्रियतां भोः! सुधर्मस्य करणायोद्यमः सदा ।।४२।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=સત્ત્વસાર એક માનસવાળા પુરુષોથી જ મોક્ષને દેનાર ધર્મ સાધ્ય છે અન્યથી નહીં તે કારણથી, કુગ્રાહીઓના ગ્રહનો ત્યાગ કરીને=સાધુવેશમાં રહીને મનસ્વી રીતે જીવનારા એવાઓના આગ્રહનો ત્યાગ કરીને હે જીવો ! સત્ત્વના અવષ્ટંભથી સુધર્મને કરવા માટે સદા ઉદ્યમ કરો. ॥૪૨॥**

**ભાવાર્થ :-**

સત્ત્વસાર માનસવાળા જીવો જ અઢારહજાર શીલાંગનું વહન કરી શકે છે, અન્ય નહીં. તેથી કલ્યાણના અર્થી એવા જે જીવોએ સંયમવેશને ગ્રહણ કર્યો છે

તેવા જીવોને ઉદ્દેશીને ગ્રંથકારશ્રી કહે છે કે, સંયમવેશમાં મનસ્વી રીતે જીવનારા તેવા કુગ્રાહીઓના ગ્રહને=આગ્રહને, છોડીને પ્રતિસ્રોત ગમનને અનુકૂળ એવા સત્ત્વનું અવલંબન ગ્રહણ કરો અને તેના બળથી મોહથી વિપરીત એવા આત્મભાવોરૂપ સુધર્મને કરવા માટે સદા ઉદ્યમ કરો. જેથી અનાદિનો વળગેલો ભૂતાવેશ જેવો આ સંસારનો ઉપદ્રવ સદા માટે આત્માથી દૂર થાય અને સર્વ વિડંબણાથી પર એવા મોક્ષસુખની પ્રાપ્તિ થાય. **॥૪૨॥**

**ચતુર્થ પ્રસ્તાવ સમાપ્ત**

## ❖ પંચમ પ્રસ્તાવ ❖

# ભાવશુદ્ધિજનકોપદેશ

**પૂર્વના પ્રસ્તાવો સાથે પ્રસ્તુત પ્રસ્તાવનો સંબંધ :-**

આત્મકલ્યાણમાં દેવની ઉપાસના ઉપયોગી છે તેથી કેવા દેવની ઉપાસના કરવી જોઈએ અને કઈ રીતે ઉપાસના કરવી જોઈએ તેનું સ્વરૂપ **"યથાવસ્થિતદેવ સ્વરૂપોપદેશ"** નામના પ્રથમ પ્રસ્તાવમાં બતાવ્યું.

વળી, દેવની ઉપાસના કરનારા જીવો પણ દૃષ્ટિરાગના બળથી સ્વ-સ્વ દર્શન પ્રત્યેના અવિચારક રાગવાળા હોય છે. તેથી તેઓને માર્ગની પ્રવૃત્તિમાં અત્યંત બાધક એવા દૃષ્ટિરાગના પરિહારપૂર્વક નિર્મળ દૃષ્ટિ પ્રગટ કરાવવા અર્થે **'તત્ત્વસાર'** નામનો બીજો પ્રસ્તાવ ગ્રંથકારશ્રીએ બતાવ્યો.

વળી, જે જીવો ઉપાસ્ય એવા દેવની ઉપાસના કરીને અને દૃષ્ટિરાગનો પરિત્યાગ કરીને આત્મકલ્યાણ માટે ઉદ્યમ કરનારા છે તેઓએ સર્વવિરતિ ગ્રહણ કરીને સંસારના ઉચ્છેદ માટે ઉદ્યમ કરવો આવશ્યક છે અને સર્વવિરતિનું સમ્યક્પાલન સામ્યભાવના બળથી થાય છે. તેથી **'તત્ત્વસાર'**નો ઉપદેશ આપ્યા પછી ત્રીજા પ્રસ્તાવમાં **'સામ્યોપદેશ'** બતાવ્યો.

આ રીતે કોઈ મહાત્મા સંયમગ્રહણ કરીને સામ્યભાવ અર્થે સંયમની ક્રિયાઓ કરતા હોય. આમ છતાં, મોહને સન્મુખ પ્રતિકાર કરવાનું સત્ત્વ ન હોય તો સંયમ ગ્રહણ કરીને પણ તેઓ વિનાશ પામે છે. તેથી તેવા જીવોને યથાર્થ બોધ કરાવવા માટે ચોથા પ્રસ્તાવમાં **"સત્ત્વોપદેશ"** બતાવ્યો. તેથી સત્ત્વભાવનાથી ભાવિત થઈને સંયમની ક્રિયા કરીને તેઓ આત્મકલ્યાણ કરી શકે.

હવે, યોગમાર્ગમાં પ્રસ્થિત સત્ત્વથી યત્ન કરનારા મહાત્માઓ પણ ભાવશુદ્ધિ કરે તો જ તેઓનું સંયમ શીઘ્ર ફલદાયી થાય. તેથી **"ભાવશુદ્ધિજનકોપદેશ"** નામનો પાંચમો પ્રસ્તાવ ગ્રંથકારશ્રી બતાવે છે.

**અવતરણિકા :-**

**ભાવશુદ્ધિ માટે ઉચિત પ્રયત્ન બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**कायेन मनसा वाचा यत्कर्म कुरुते यदा ।**
**सावधानस्तदा तत्त्वधर्मान्वेषी मुनिर्भवेत् ।।१।।**

**શ્લોકાર્થ :-**

**કાયાથી, મનથી અને વાણીથી જ્યારે જે કર્મો=જ્યારે જે કૃત્યો, કરે છે ત્યારે તત્ત્વધર્મના અન્વેષી એવા મુનિ સાવધાન થાય. ।।૧।।**

**ભાવાર્થ :-**

સત્ત્વમાં એકનિષ્ઠ મનવાળા મુનિ હંમેશાં માત્ર બાહ્ય ક્રિયાથી તોષ પામનારા નથી. પરંતુ પોતાના આત્મામાં રહેલ વીતરાગતુલ્ય એવો તત્ત્વધર્મ કેવી રીતે પ્રગટ થાય તેનું અન્વેષણ કરનારા હોય છે અને તેવા મુનિ જિનવચનનું અવલંબન લઈને મન-વચન-કાયાની સર્વ ક્રિયાઓ કરે છે. તેથી ક્ષણભર પણ પ્રમાદ વિના ઉચિતકાળે કઈ ઉચિત કાયિક ક્રિયા કરવા જેવી છે, કઈ ઉચિત વાચિક ક્રિયા કરવા જેવી છે અને કઈ ઉચિત માનસિક ક્રિયા કરવા જેવી છે તેનો નિર્ણય કરીને તે મહાત્મા સદા પ્રવર્તે છે. આમ છતાં આત્મામાં સહવર્તી જડતા આપાદક કર્મો પણ વિદ્યમાન છે, તેથી ક્રિયાકાળમાં જો મુનિ સાવધાન ન રહે તો કાયાદિથી તે ક્રિયા થવા છતાં આત્મામાં તત્ત્વધર્મની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપારવાળી તે ક્રિયા બનતી નથી. તેથી **મુનિએ અત્યંત સાવધાન થઈને સર્વ ક્રિયાઓ કરવી જોઈએ.**

અહીં વિશેષ એ છે કે, જિનવચનથી ભાવિત મતિવાળા મુનિ ઉચિતકાળે કાયાથી વૈયાવચ્ચ આદિ કૃત્યો કરતા હોય ત્યારે પણ ગુણવાનના ગુણને અવલંબીને તેની ભક્તિ દ્વારા પોતાનામાં તે ગુણો આવિર્ભાવ થાય તે પ્રકારની અંતરંગ સાવધાનીપૂર્વક મનોવ્યાપારથી નિયંત્રિત કાયિક ક્રિયા કરે તો તે કાયિક ક્રિયા પણ તત્ત્વધર્મની નિષ્પત્તિનું કારણ બને અને જો તે પ્રકારના અવધાનપૂર્વક મુનિ યત્ન ન કરે તો ગુણવાનની ભક્તિકાલમાં પણ માત્ર બાહ્ય કાયિક વ્યાપાર થાય. કદાચ મન અન્યત્ર ભમતું ન હોય અને ભક્તિની ઉચિત ક્રિયા વિષયક મનોવ્યાપાર વર્તતો હોય તોપણ અંતરંગ અવધાન વિના વિશેષ

રીતે નિર્જરાની પ્રાપ્તિ થાય નહીં. માટે સર્વ ક્રિયાઓ ગુણવૃદ્ધિનું કારણ બને તે પ્રકારના અંતરંગ અવધાનપૂર્વક મુનિએ સર્વ ક્રિયાઓમાં ઉદ્યમ કરવો જોઈએ. વળી, મુનિ જ્યારે કોઈના હિતાર્થે ઉપદેશ આદિ આપતા હોય ત્યારે વાચાનું કૃત્ય કરતા હોય છે. ત્યારે પણ તે ઉપદેશ આદિ કાલમાં પોતાને કોઈ સ્પૃહા આદિના ભાવો ન થાય પરંતુ યોગ્ય જીવોનાં હિતને અનુકૂળ અત્યંત સંવેગથી વાસિત અંતઃકરણપૂર્વક અવધાનવાળા થઈને યત્ન કરવો જોઈએ. વળી, ક્યારેક મન દ્વારા સ્વાધ્યાયાદિમાં યત્ન કરતા હોય ત્યારે પણ માત્ર સૂત્ર પરાવર્તનમાં મનોયોગ વર્તે તો સંવેગની વૃદ્ધિ થાય નહીં. પરંતુ જે સૂત્ર, જે અર્થને સ્પર્શે છે તે અર્થમાં સૂક્ષ્મ-સૂક્ષ્મતર અવલોકનને અનુકૂળ મનોવ્યાપારપૂર્વક જો જાગૃત થઈને મુનિ વ્યાપાર કરે તો અવશ્ય ભાવની શુદ્ધિ પ્રગટ થાય. તેથી ભાવશુદ્ધિના અર્થી મુનિએ અત્યંત સાવધાનપૂર્વક સર્વયોગોની પ્રવૃત્તિ કરવી જોઈએ. **॥૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ભાવશુદ્ધિના અર્થી મુનિ સંયમની ક્રિયાઓ કઈ રીતે કરે તેની સ્પષ્ટતા કરી. હવે ભાવશુદ્ધિના અર્થી પણ મુનિને અનાદિ સંસ્કારને વશ બાહ્યપદાર્થોમાં પોતાનું ચિત્ત સ્પર્શતું દેખાય ત્યારે શું કરે જેથી મોહના અનર્થથી રક્ષણ કરીને ભાવશુદ્ધિને પ્રાપ્ત કરી શકે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**इष्टानिष्टेषु भावेषु, सदा व्यग्रं मनो मुनिः ।**
**सम्यङ् निश्चयतत्त्वज्ञः स्थिरीकुर्वीत सात्त्विकः ।।२।।**

**શ્લોકાર્થ :-**

**નિશ્ચયતત્ત્વના જાણનાર સાત્ત્વિક એવા મુનિ ઈષ્ટાનિષ્ટ ભાવોમાં સદા વ્યગ્ર એવા મનને સમ્યગ્ સ્થિર કરે. ।।૨।।**

**ભાવાર્થ :-**

આત્મકલ્યાણ માટે તત્પર થયેલા, સત્ત્વભાવનાથી ભાવિત એવા મુનિએ જિનવચનનું અધ્યયન કરીને સ્થિર નિર્ણય કર્યો છે કે સંયમજીવનમાં મોહના

ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વીર્ય વ્યાપાર થાય તેને અનુરૂપ જ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. તે સિવાયની અન્ય સર્વ પ્રવૃત્તિ વ્યર્થ છે. આવા પ્રકારના નિશ્ચયતત્ત્વના જાણનારા એવા મુનિનું પણ ચિત્ત અનાદિ ભવઅભ્યસ્ત સંસ્કારોને કારણે ઇન્દ્રિયગોચર એવા ઇષ્ટ-અનિષ્ટ ભાવોમાં સદા વ્યગ્ર રહે તેવું છે. જો સાવધાનતાપૂર્વક મુનિ યત્ન ન કરે તો દેહને કાંઈ પ્રતિકૂળતા આવે કે તત્કાલ ત્યાં અણગમો પ્રગટ થાય છે અને દેહને અનુકૂળ કોઈ ભાવોની પ્રાપ્તિ થાય તો તત્કાલ ત્યાં ઇષ્ટની બુદ્ધિ થાય છે. આ પ્રકારની બુદ્ધિમાં વ્યગ્ર મનને સ્થિર કરવા અર્થે મુનિએ ક્ષણભર પણ પ્રમાદ વગર મનને જિનવચનથી નિયંત્રિત કરીને સમ્યક્ સ્થિર કરવા યત્ન કરવો જોઈએ. જેથી દેહ કે બાહ્ય વિષયો સાથે ચિત્તનું યોજન જ થાય નહીં અને દેહ આદિની સાથે કે ઇષ્ટ પદાર્થ આદિની સાથે ચિત્તના યોજન દ્વારા તે પ્રકારના રતિ-અરતિના ભાવો ઉત્થિત જ થાય નહીં. મુનિ જો ક્ષણભર પણ પ્રમાદ કરે તો નિમિત્તો પ્રમાણે રતિ-અરતિના ભાવોને કરવા માટે જીવ સહજ પ્રવૃત્ત બને છે. તેથી સંયમની ક્રિયા કરતી વખતે પણ તે-તે નિમિત્તો અનુસાર રતિ-અરતિના ભાવો મુનિને પણ થાય છે અને તેના સંસ્કારો આત્મામાં આધાન થાય છે તેથી આત્માનો યોગમાર્ગ નિસ્સાર બને છે. તેનાથી આત્માનું રક્ષણ કરવાના અર્થી મુનિએ ભાવશુદ્ધિ અર્થે મનને ગુણનિષ્પત્તિને અનુકૂળ વ્યાપારમાં સદા સ્થિર કરવું જોઈએ. **॥૨॥**

**અવતરણિકા :-**

**વળી, ભાવશુદ્ધિ માટે મુનિ કઈ રીતે આત્માને જાગૃત કરે છે તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**अशुभं वा शुभं वापि स्वस्वकर्मफलोदयम् ।**
**भुञ्जानानां हि जीवानां, हर्त्ता कर्त्ता न कश्चन ।।३।।**

**શ્લોકાર્થ :-**

**અશુભ અથવા શુભ સ્વ-સ્વ કર્મના ફ્લના ઉદયને ભોગવતા જીવોનો હર્તા અને કર્તા કોઈ નથી. ॥૩॥**

**ભાવાર્થ :-**

જીવોએ ભૂતકાળમાં જે શુભ કે અશુભ કૃત્યો કર્યાં છે, તે પ્રમાણે વર્તમાનમાં પોતાના સ્વ-સ્વ કર્મનાં ફલના ઉદયને પામે છે, ત્યારે જીવો તે કર્મોનાં ફલને ભોગવે છે. તે કર્મોને અન્ય કોઈ હરણ કરી શકતું નથી કે તે શુભનો કે અશુભનો ઉદય અન્ય કોઈ કરનાર નથી. તેથી મુનિ અશુભના હરનાર પ્રત્યે રાગ કે અશુભના કરનાર પ્રત્યે દ્વેષભાવને કરતા નથી કે શુભના કરનાર પ્રત્યે રાગભાવ કરતા નથી અને શુભના હરનારા પ્રત્યે દ્વેષભાવ ધારણ કરતા નથી.

આશય એ છે કે, સ્થૂળ દૃષ્ટિથી સંસારી જીવોને કોઈ ઉપદ્રવ કરે ત્યારે તે, "આ પુરુષ દ્વારા મને અશુભ ફલ થયું" તેવી બુદ્ધિ કરે છે અને તેના પ્રત્યે દ્વેષ કરે છે. વળી, કોઈ અનુકૂળ એવું શુભ કરે ત્યારે સંસારી જીવોને, "આ મારું હિત કરનાર છે" તેવી બુદ્ધિ થવાથી તેના પર રાગ કરે છે. વળી, કોઈક નિમિત્તથી પોતાને કોઈ આપત્તિ આવી હોય અને તે આપત્તિ કોઈ દૂર કરે તો "તે પુરુષ અશુભનો હરનાર છે," તેવી બુદ્ધિ થવાથી તેના પ્રત્યે પ્રીતિ કરે છે અને પોતાને કોઈ ઇષ્ટની પ્રાપ્તિ થઈ હોય અને તેનું કોઈ હરણ કરે તો "આ પુરુષ શુભનું હરણ કરનાર છે" તેવી બુદ્ધિ થવાથી તેના પ્રત્યે દ્વેષ કરે છે. બાહ્ય પદાર્થોને જોનારી બાહ્ય દૃષ્ટિથી આ સર્વ બુદ્ધિ થાય છે અને તે પ્રમાણે જીવો શુભ-અશુભમાં નિમિત્તભૂત થનારા જીવો પ્રત્યે રાગ-દ્વેષ કરે છે. જ્યારે સત્ત્વનો આશ્રય કરનારા મુનિ તો તત્ત્વને જોવાની નિર્મળ મતિવાળા હોય છે. તેથી કોઈના દ્વારા પોતાને કોઈ અનર્થની પ્રાપ્તિ થાય ત્યારે પણ પરમાર્થને જોનારા હોવાથી વિચારે છે કે, મારા જ અશુભ કર્મના ફલનો આ ઉદય છે. તેથી તે અશુભ કરનાર પુરુષ તો નિમિત્ત માત્ર છે. આમ વિચારીને તે અશુભ કરનાર પ્રત્યે દ્વેષ કરતા નથી અને પોતાનું શુભ કરનાર પુરુષ તો નિમિત્ત માત્ર છે પરંતુ મારા શુભ કર્મનું જ આ ફળ છે એમ વિચારીને પોતાને અનુકૂળ વર્તન કરનાર પ્રત્યે રાગબુદ્ધિ કરતા નથી. પણ સર્વત્ર પોતાનાં શુભ-અશુભ કર્મનાં ફલનો વિચાર કરીને ચિત્તમાં સંક્લેશ ન થાય તે પ્રકારે ભાવશુદ્ધિ માટે ઉદ્યમ કરે છે. ॥૩॥

**અવતરણિકા :-**

ભાવશુદ્ધિમાં ઉદ્યમ કરનારા મુનિઓ કેવા હોય છે, મનને કઈ રીતે સ્થિર કરે છે, કઈ રીતે બાહ્ય નિમિત્તોમાં સત્ત્વની વિચારણા કરે છે તે ક્રમસર પૂર્વના ત્રણ શ્લોકમાં બતાવ્યું. અને આ રીતે ઉદ્યમ કરતા મુનિઓને શ્રેષ્ઠ સુખ ક્યારે થાય છે તે બતાવવા કહે છે –

**શ્લોક :-**

मृतप्रायं यदा चित्तं, मृतप्रायं यदा वपुः ।
मृतप्रायं यदाऽक्षाणां वृन्दं पक्वं तदा सुखम् ।।४।।

**શ્લોકાર્થ :-**

**જ્યારે ચિત્ત મૃતપ્રાયઃ થઈ જાય, જ્યારે દેહ મૃતપ્રાયઃ થઈ જાય, અને જ્યારે ઇન્દ્રિયોનો સમૂહ મૃતપ્રાયઃ થઈ જાય ત્યારે પક્વ સુખ થાય છે. ।।૪।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોનું ચિત્ત અનાદિની મોહવાસનાથી સતત બાહ્ય પદાર્થોમાં ગતિવાળું છે અને તે ગતિને અટકાવવા માટે યત્ન કરવાથી પણ રોધ પામતું નથી. પરંતુ જીવ જેમ-જેમ તે મનને બાહ્ય પદાર્થોમાં જતું અટકાવવા યત્ન કરે છે, તેમ-તેમ મન અધિક-અધિક ગતિથી જાય છે. પરંતુ સાત્ત્વિક એવા મુનિ જિનવચનના પરમાર્થને જાણીને બાહ્ય પદાર્થોની નિઃસારતાથી આત્માને ભાવિત કરે છે ત્યારે બાહ્ય પદાર્થોમાં ગમનની મનની ઉત્સુકતા જ શાંત થાય છે. તેથી **બાહ્ય પદાર્થોમાં ગમનશીલ એવું મન સ્થિરભાવને પામે છે. તે મન "મૃતપ્રાયઃ મન" કહેવાય છે.** જેમ દરેક જીવોની વિષ્ટા વર્ણ, ગંધ આદિ ભાવોથી જુદા-જુદા પ્રકારની હોય છે, છતાં વિષ્ટા જુગુપ્સનીય છે તેવી દૃઢ મતિ હોવાને કારણે સામાન્યથી કોઈ પણ જીવને તે વિષ્ટાના વર્ણ આદિને જોવાની કે ભેદ કરવાની કુતૂહલવૃત્તિ થતી નથી. પરંતુ તેનાથી ચિત્ત વિમુખ હોવાને કારણે ચિત્ત વિષ્ટાને અભિમુખ જતું જ નથી. તેમ **વિષ્ટા તુલ્ય ઇન્દ્રિયના વિષયો આત્માને મલિન કરનાર હોવાથી આત્મા માટે જુગુપ્સનીય છે** તે પ્રકારના શાસ્ત્રવચનના બળથી પરમાર્થ

જાણી જે મુનિનું ચિત્ત બાહ્યભાવોથી અત્યંત વિમુખભાવવાળું બને છે, તેઓનું ચિત્ત મૃતપ્રાયઃ હોય છે. તેથી આત્માની નિરાકુળ અવસ્થામાં સદાય સ્વસ્થતાથી રહેનારું બને છે.

વળી, સંસારી જીવોનો દેહ પણ સદા બાહ્ય કૃત્યો કરવા માટે અભિમુખ ભાવવાળો હોય છે. આથી સંસારી જીવો દેહનાં તે-તે કાર્યો કરીને આનંદ લેવાની વૃત્તિવાળા હોય છે. માટે સંસારી જીવો દેહથી હરવા-ફરવાની ક્રિયા કરીને કે જે ક્રિયાઓમાં પોતાને આનંદ આવે તેવી ક્રિયા કરીને આનંદ લેનારા હોય છે. જ્યારે મુનિ તો સિદ્ધ અવસ્થાના અર્થી છે તેથી જેમ સિદ્ધના આત્માઓ અચલ સ્વભાવવાળા છે, તેવા અચલ સ્વભાવની પ્રાપ્તિ અર્થે વૈયાવચ્ચ આદિનું કોઈ પ્રયોજન ન હોય તો સ્થિર આસનમાં બેસીને આત્માના સ્થૈર્યભાવને પ્રગટ કરવા યત્ન કરતા હોય છે. ત્યારે દેહની તે-તે ચેષ્ટાઓ પ્રત્યેનો અભિમુખ ભાવ મુનિમાં મૃતપ્રાયઃ હોય છે. અને જ્યારે તે મહાત્માનો દેહ મૃતપ્રાયઃ બને છે, ત્યારે દેહકૃત ઉત્સુકતાઓ શાંત થવાથી સ્વસ્થતાનું સુખ મળે છે.

વળી સંસારી જીવોની ઇન્દ્રિયો પોતપોતાના વિષય ગ્રહણ કરવા સદા ઉત્સુક હોય છે. તેથી સંસારી જીવોની ઇન્દ્રિયોનો સમૂહ સ્વ-સ્વ ભૂમિકાનુસાર સદા વ્યાપારવાળો હોય છે અને મુનિ ઇન્દ્રિયના વિષયોની નિઃસારતાને ભાવન કરીને તે રીતે સંપન્ન થયેલા હોય છે કે જેથી તે મહાત્માઓમાં ઇન્દ્રિયના વિષયો વિષયક ઉત્સુકતા શાંત થયેલ હોય છે. તેથી વશ થયેલી એવી તેમની ઇન્દ્રિયો મૃતપ્રાયઃ વર્તે છે.

આ રીતે મુનિઓનાં ચિત્ત, દેહ અને ઇન્દ્રિય સર્વ ઔત્સુક્ય વગરનાં હોવાથી મૃતપ્રાયઃ થાય છે તેથી તે મહાત્માને પક્વ સુખ વર્તે છે. અર્થાત્ ચિત્તને, દેહને અને ઇન્દ્રિયને શાંત કરવાના વ્યાપારકાળમાં પ્રારંભ કક્ષાનું સુખ હતું અને જ્યારે તે ત્રણેયની ઉત્સુકતા અત્યંત શાંત થાય છે ત્યારે તે મહાત્માનું સામ્યભાવનું સુખ પક્વ અવસ્થાવાળું બને છે, તેથી સુખમાં મગ્ન એવા તે મુનિઓ સર્વ આકુળતા રહિત સદા ઇષ્ટ એવા સિદ્ધપથ પર ગમન કરી શકે છે. તેથી ભાવશુદ્ધિના અર્થી મહાત્માઓએ સદા ચિત્ત, દેહ અને ઇન્દ્રિયને મૃતપ્રાયઃ કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ.

અહીં વિશેષ એ છે કે, ચિત્ત જડ છે, શરીર પણ જડ છે અને ઇન્દ્રિયો પણ જડ છે. પરંતુ આત્મામાં અનાદિના મોહના સંસ્કારો પડ્યા છે તે સંસ્કારોના બળથી આત્મા કોઈક વિષયને અભિમુખ થાય છે ત્યારે તેની ઇન્દ્રિયો ઉત્સુકતાથી પ્રવર્તે છે, અર્થાત્ ઉત્સુક એવો આત્મા તે ઇન્દ્રિયના આલંબનથી જ વિષયોને અભિમુખ થાય છે. વળી, આત્મામાં તે-તે પ્રકારનાં કૃત્યો કરી આનંદ લેવાના સંસ્કારો છે. તેનાથી પ્રેરાઈને ઉત્સુક થયેલો તે આત્મા તે-તે ક્રિયાઓ કરે છે. વળી, નિષ્પ્રયોજન વિચારણા કરીને આનંદ લેવાના સંસ્કારો આત્મામાં પડેલા છે. તેનાથી પ્રેરિત થયેલો આત્મા તે પ્રકારના ચિત્તને પ્રવતર્તાવીને આનંદ લેવા પ્રયત્ન કરે છે અને જ્યારે આ ત્રણેય પ્રકારના આનંદના બીજરૂપ ઔત્સુક્યનું શમન થાય છે, ત્યારે **આત્માની સ્વસ્થતાનું જે સુખ પ્રગટ થાય છે, તે સુખને "પક્વ સુખ" કહેવાય છે.** સંસારી જીવોને થતું સુખ વિકારી સુખ હોય છે અને મોક્ષ અર્થે આદ્ય ભૂમિકામાં પ્રવર્તતા મુનિઓને કંઈક સ્વસ્થતાનું, આદ્ય ભૂમિકાનું પણ પારમાર્થિક સુખ હોય છે. અને જ્યારે ચિત્ત આદિ ત્રણેય મૃતપ્રાયઃ બને છે. ત્યારે તે પારમાર્થિક સુખ "પક્વ સુખ" બને છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં પક્વ સુખ કેવું હોય છે તેનો બોધ કરાવીને તેના અર્થે ઉદ્યમ કરવાનો ઉપદેશ આપવા દ્વારા ભાવશુદ્ધિનો ઉપદેશ આપ્યો. હવે, યોગમાર્ગને પામ્યા પછી, યત્કિંચિત્ શાસ્ત્રજ્ઞાનના બળથી થતા અહંકારના વર્જન દ્વારા ભાવશુદ્ધિનો ઉપદેશ આપે છે.**

**શ્લોક :-**

आजन्माज्ञानचेष्टाः स्वा निन्द्यास्ताः प्राकृतैरपि ।
विचिन्त्य मूढ! वैदग्ध्यगर्वं कुर्वन्न लज्जसे ।।५।।

**શ્લોકાર્થ :-**

**પ્રાકૃત જનો વડે પણ=સામાન્ય જીવો વડે પણ, આ જન્મમાં કરાયેલી અજ્ઞાનજન્ય પોતાની ચેષ્ટા નિંદનીય છે, તેનું ચિંતવન કરીને હે મૂઢ ! વૈદગ્ધ્ય ગર્વ=વિદ્વાનપણાના ગર્વને, કરતો કેમ લજ્જા પામતો નથી ? ॥૫॥**

**ભાવાર્થ :-**

યોગમાર્ગમાં પ્રસ્થિત મહાત્માઓ સ્વકલ્યાણ અર્થે શાસ્ત્ર અધ્યયન કરતા હોય છે. શાસ્ત્ર ભણીને, બુદ્ધિમાન પણ બને છે, છતાં અત્યંત સાવધાન ન રહે તો જીવ સ્વભાવે પોતાની વિદ્વત્તાના અંશ દ્વારા પોતે લોકો કરતાં કંઈક વિશેષ જાણનાર છે તે પ્રકારની બુદ્ધિને વહન કરે છે. અને તેની વિદ્વત્તાને કારણે લોકો તેને પૂજે છે તે સર્વમાં પણ માનના પરિણામનું પોષણ થવાની સંભાવના રહે છે. અને સારા મહાત્માને પણ તેવો પરિણામ થાય તો તેમનું ચારિત્ર કષાયના ભાવથી મલિન બને છે. તેથી તેવા મહાત્માઓને આંતર્જાગૃતિ ઉત્પન્ન કરવા અર્થે કહે છે કે, જન્મથી માંડીને અત્યાર સુધી અજ્ઞાનને વશ નિંદ્ય એવી જે કાંઈ ચેષ્ટાઓ પોતાનાથી કરાઈ તે સામાન્ય જીવોને ખ્યાલ આવે તો તેઓને પણ લાગે કે આ મહાત્મા નિંદ્ય પ્રવૃત્તિ કરનારા છે છતાં તેઓનો વિચાર કર્યા વગર માત્ર પોતે કાંઈક શાસ્ત્ર ભણ્યો છે તેનો વિચાર કરીને હે મૂઢ જીવ ! તું ગર્વ કેમ કરે છે ? આ પ્રકારે મુનિઓ ભાવન કરે તો પોતાની નિંદ્ય પ્રવૃત્તિઓના સ્મરણના બળથી તેના નિવારણમાં સદા યત્ન થાય અને માત્ર બાહ્ય વિદ્વત્તાના બળથી માનકષાયની વૃદ્ધિ કરીને સંયમને નિષ્ફળ કરવાનો પ્રયત્ન થાય નહીં. ॥૫॥

**અવતરણિકા :-**

**સંયમ વિષયક ભાવશુદ્ધિ કરવા માટે શું વિશેષ કરવું જોઈએ, તેનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**निरुन्ध्याच्चित्तदुर्ध्यानं निरुन्ध्यादयतं वचः ।**
**निरुन्ध्यात् कायचापल्यं, तत्त्वतल्लीनमानसः ।।६।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વમાં તલ્લીન માનસવાળા એવા મુનિ ચિત્તમાં દુર્ધ્યાનનો નિરોધ કરે, અયતનાવાળાં વચનનો નિરોધ કરે, અને કાયચાપલ્યનો નિરોધ કરે. ॥૬॥**

**ભાવાર્થ :-**

સંયમી મુનિએ ભાવશુદ્ધિ માટે સદા તત્ત્વમાં લીન માનસવાળા થવું જોઈએ અર્થાત્ આત્માનું પારમાર્થિક તત્ત્વ સર્વ સંગથી પર છે અને તે તત્ત્વની પ્રાપ્તિના ઉપાયરૂપ ઉચિત પ્રવૃત્તિમાં લીન માનસવાળા બનવું જોઈએ અને જે મુનિ તત્ત્વમાં તલ્લીન માનસવાળા છે અર્થાત્ તત્ત્વમાં જવા માટે અત્યંત પક્ષપાતવાળા છે તેઓએ ચિત્તના દુર્ધ્યાનનો નિરોધ કરવો જોઈએ, અયતનાવાળા વચનનો નિરોધ કરવો જોઈએ અને કાયાની ચપલતાનો નિરોધ કરવો જોઈએ; કેમ કે તત્ત્વમાં તલ્લીન માનસવાળા મુનિને આ ત્રણમાંથી કોઈ એકની પણ પ્રાપ્તિ થાય તો તત્ત્વમાં લીન એવું તેઓનું માનસ સ્ખલના પામે છે. જેમ પ્રસન્નચંદ્રરાજર્ષિ તત્ત્વમાં તલ્લીન માનસવાળા હતા, છતાં દુર્મુખનાં વચનો સાંભળવાને અભિમુખ પરિણામવાળા થયા તો તત્ત્વમાં તલ્લીન પણ માનસ વ્યાઘાતને પામ્યું.

અહીં વિશેષ એ છે કે, **આત્માને આત્માના ભાવોની નિષ્પત્તિમાં ઉપયોગી ન હોય તેવી મનની કોઈ પણ વિચારણા એ ચિત્તના દુર્ધ્યાનની પૂર્વભૂમિકા છે**. અને ચિત્ત તે વિચારોમાં લીન બને તો ચિત્તનું દુર્ધ્યાન પ્રાપ્ત થાય. વળી, આત્માના પોતાના કે પરના કલ્યાણમાં કારણ ન હોય તેવું વચન અયતનાવાળું વચન છે અને પરના કલ્યાણ અર્થે બોલાતું હિતકારી વચન પણ અંતરંગ શાસ્ત્રમર્યાદાથી ઉપયુક્ત થઈને બોલાતું ન હોય તો તે-તે નિમિત્ત અનુસાર કાષાયિક ભાવોથી સંવલિત બને છે તેથી તે પણ અયતનાવાળું વચન છે. આવા વચનપ્રયોગથી કદાચ યોગ્ય જીવોને લાભ થાય તોપણ ઉપદેશક માટે તો કષાયોની વૃદ્ધિનું જ કારણ બને છે. માટે મુનિએ અયતનાવાળાં વચનનો નિરોધ કરવો જોઈએ. વળી, સંયમવૃદ્ધિનું કોઈ પ્રયોજન ન હોય તો મુનિએ કાયાને ઉચિત આસનમાં સ્થિર રાખીને સદા નિષ્પ્રકંપ આસનમાં બેસીને તત્ત્વમાં લીન થવાનો યત્ન કરવો જોઈએ. અને જો તે પ્રકારે યત્ન કરવામાં ન આવે તો તત્ત્વચિંતનકાલમાં વચવચમાં પ્રવર્તતા કાયચાપલ્યને કારણે સ્ખલનાઓ થાય છે અને તત્ત્વચિંતનથી સમ્યક્ ભાવશુદ્ધિની પ્રાપ્તિ થતી નથી. માટે ભાવશુદ્ધિના અર્થી સાધુએ ચિત્ત, વાણી અને કાયાનો નિરોધ કરીને સદા તત્ત્વમાં લીન રહેવા પ્રયત્ન કરવો જોઈએ. **॥૭॥**

**અવતરણિકા :-**

**વળી, ભાવશુદ્ધિ માટે અન્ય પ્રકારનો ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**दीनातिवाहिकां कष्टां दृष्ट्वा बन्द्यादिदुःखिनाम् ।**
**रुद्धमेकान्तमौनाभ्यां तपंश्चित्तं स्थिरीकुरु ।।७।।**

**શ્લોકાર્થ :-**

**દીન એવા અતિવાહકોનાં=અતિભાર વહન કરનારનાં, કષ્ટોને જોઈને, બન્દ્યાદિ દુઃખિતોનાં રુદ્ધને જોઈને, તપને કરતો મુનિ એકાંત અને મૌન દ્વારા ચિત્તને સ્થિર કરે. ।।૭।।**

**ભાવાર્થ :-**

સંયમજીવનમાં એકાંત સ્થાનમાં બેસી, મૌનને ધારણ કરી, તપનું સેવન કરવું અને ચિત્તને સ્થિર કરવું તે મહાત્મા માટે પણ અતિ દુષ્કર છે. તેથી મહાત્માને તે પ્રકારની પ્રવૃત્તિ કરવા માટે ઉત્સાહ પેદા થાય તેવું દૃષ્ટાંત બતાવવા કહે છે કે :

સંસારમાં ભારને વહન કરનારા દીન જીવો ઘણાં કષ્ટો વેઠે છે. તે જોઈને મુનિએ વિચારવું જોઈએ કે, આપણે પણ પરવશતાથી આવાં કષ્ટો વેઠ્યાં છે, હવે મોહનો નાશ કરવા અને અંતરંગ ગુણસમૃદ્ધિને પ્રગટ કરવા તપના તેવા કષ્ટથી ભય પામ્યા વગર તપના અલ્પ દુઃખની ઉપેક્ષા કરીને જો હું આત્મસાધના કરીશ તો મહાગુણની પ્રાપ્તિ થશે તે પ્રકારે વિચારીને શક્તિના પ્રકર્ષથી મુનિ તપમાં ઉદ્યમ કરે. વળી, બંદીખાનામાં પડેલા બંદી જીવો બંધ આદિનાં દુઃખો વેઠે છે, ત્યારે તેઓ રુદ્ધ અવસ્થામાં હોય છે અને પોતે પણ પરવશતાથી તેવો રોધ વગેરે ઘણું સહન કર્યું. તોપણ તેનાથી કોઈ કલ્યાણની પ્રાપ્તિ થઈ નહીં. હવે, એકાંતમાં બેસીને, મૌન ધારણ કરવામાં યત્ન કરાશે તો તેના દ્વારા મહાકલ્યાણની પ્રાપ્તિ થશે. તેમ વિચારીને મુનિએ ચિત્તને યોગમાર્ગમાં સ્થિર કરવું જોઈએ, જેથી ભાવની શુદ્ધિ થાય.

અહીં વિશેષ એ છે કે, દીનતાથી વેઠેલાં કષ્ટો નિષ્ફળ છે અને ચિત્તની શુદ્ધિ માટે વિવેકપૂર્વક કરાતાં તપનાં કષ્ટો સફળ છે. વળી, બંદીખાનામાં પડેલા જીવોને સ્વજનાદિનો વિયોગ હોય છે અને એકાંતમાં રહેવું પડે છે અને કોઈ પાસે ન હોવાથી અનિચ્છાએ પણ મૌન ધારણ કરીને રોધ અવસ્થાને ધારણ કરવી પડે છે જે એકાંત અને મૌન નિષ્ફળ છે. અને મુનિ તો અનાદિના સંગના ભાવના ત્યાગ અર્થે એકાંતમાં બેસનારા છે અને નિષ્પ્રયોજન વાક્પ્રયોગનો ત્યાગ કરીને મૌન ધારણ કરનારા છે. તોપણ આદ્યભૂમિકામાં તે એકાંત અને તે મૌન મુનિને ક્વચિત્ વિહ્વળતા કરે તો ચિત્ત સામ્યભાવના ગમન માટે અસમર્થ બને છે. તેથી તેવા મુનિ બંદી આદિનાં રુદ્ધ અવસ્થામાં સહન કરેલાં એકાંત અને મૌનને યાદ કરીને કલ્યાણ અર્થે અંતરંગ જાગૃતિપૂર્વક એકાંત અને મૌન દ્વારા ચિત્તને સ્થિર કરવા યત્ન કરે તો ભાવશુદ્ધિ થાય, જેનાથી સામ્યભાવની વૃદ્ધિ થાય છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**ભાવશુદ્ધિ માટે મુનિએ કેવો વચનપ્રયોગ કરવો જોઈએ, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**मुनिना मसृणं शान्तं, प्राञ्जलं मधुरं मृदु ।**
**वदता तापलेशोऽपि त्याज्यः स्वस्य परस्य च ।।८।।**

**શ્લોકાર્થ :-**

**કોમળ, શાંત, પ્રાંજલ=નિષ્કપટ, મધુર, મૃદુને બોલતા એવા મુનિએ સ્વના અને પરના તાપલેશનો પણ ત્યાગ કરવો જોઈએ. ॥૮॥**

**ભાવાર્થ :-**

મુનિઓ સદા મૌન લઈને આત્મહિત માટે ઉદ્યમવાળાં હોય છે, છતાં યોગ્ય જીવના ઉપકાર અર્થે કોઈ વચનપ્રયોગ કરે તો તે વચનપ્રયોગ કેવો હોય ? તે સ્પષ્ટ કરતાં કહે છે.

કોમલ હોય=સામેવાળા જીવોને પ્રીતિ ઉત્પન્ન કરે એવો વચનપ્રયોગ હોય, શાંત હોય અર્થાત્ કષાયોનો આવેગ ન હોય તેવો શાંત વચનપ્રયોગ હોય. પ્રાંજલ હોય=અચર્વિત અને સ્પષ્ટ અર્થવાળો વચનપ્રયોગ હોય - વળી, મધુર હોય જેથી યોગ્ય જીવને લાભ થાય. વળી, મૃદુ હોય પરંતુ કઠોર ન હોય. એવાં વચનને બોલતા મુનિએ વચનપ્રયોગકાળમાં પોતાને કોઈ પ્રકારના કષાયોનો તાપ ન થાય તે પ્રકારે અંતસ્તાપને દૂર કરવો જોઈએ અને પરજીવોને પણ કોઈ કષાયોનો ઉદ્રેક ન થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. મુનિ જો સ્વ-પરના તાપલેશના ત્યાગ માટે યત્ન ન કરે તો મસૃણ આદિ ગુણોથી બોલાયેલું વચન પણ ભાવથી મલિનતા દ્વારા કર્મબંધનું કારણ બને છે.

અહીં 'તાપલેશ'થી એ કહેવું છે કે, વચનપ્રયોગકાળમાં માનકષાય, લોભકષાય કે કોઈ કષાયને વશ થઈ વચનપ્રયોગ ન કરે. પરંતુ પોતાનો નિષ્કષાયભાવ વૃદ્ધિ પામે તે પ્રમાણે બોલે. વળી, શ્રોતાને પણ તે વચનથી સન્માર્ગનો સમ્યગ્ બોધ થાય તેવું બોલે જેથી શ્રોતાના તાપનું શમન થાય, પરંતુ શ્રોતાના કોઈ પ્રકારના કષાય અને તાપ વૃદ્ધિ પામે તેવો વચનપ્રયોગ મુનિ કરે નહીં. **॥૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં મુનિ કેવી વાણી બોલે છે, તેનાં પાંચ વિશેષણો બતાવ્યાં. તેમાંથી મૃદુ અને પ્રાંજલથી વિરુદ્ધ વાણીને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**कोमलापि सुसाम्यापि वाणी भवति कर्कशा ।**
**अप्राञ्जलाऽस्फुटात्यर्थं विदग्धा चर्विताक्षरा ।।९।।**

**શ્લોકાર્થ :-**

**કોમલ પણ, સુસામ્ય પણ વાણી કર્કશ હોય છે. અત્યંત અસ્ફુટ, વિદગ્ધ અને ચર્વિત અક્ષરવાળી વાણી અપ્રાંજલા હોય છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં મુનિ કોમળ વાણી બોલે અને ત્યાર પછી મૃદુ વાણી બોલે, તેમ

કહ્યું. તેથી જિજ્ઞાસા થાય કે, કોમલ અને મૃદુમાં શું ભેદ છે અને પ્રાંજલ ભાષા બોલે તેમ કહ્યું. ત્યાં જિજ્ઞાસા થાય કે, પ્રાંજલ ભાષા શું છે. તેથી કોમલ કરતાં મૃદુ ભાષાનો ભેદ બતાવવા માટે અને પ્રાંજલને બતાવવા અપ્રાંજલ ભાષાનું સ્વરૂપ બતાવવા માટે કહે છે –

કોઈ મહાત્મા કોમલ ભાષા બોલતા હોય, સુસામ્ય=શાંત ભાષા બોલતા હોય, છતાં વાણી કર્કશ હોઈ શકે છે; કેમ કે જીવની યોગ્યતાનો વિચાર કર્યા વગર તે પ્રકારનો ઉપદેશ આપવામાં આવે તો તે જીવને તે વાણી અપ્રીતિ કરે તો તેના માટે તે વાણી કર્કશ બને. આથી જ જીવની યોગ્યતા ન જણાય તો તેના હિત અર્થે જ મહાત્માઓ તેને ઉપદેશ આપતા નથી. વળી, કોઈ મહાત્મા કોઈના હિત અર્થે ઉપદેશ આપતા હોય, પરંતુ તેમનું તે વચન અત્યંત અસ્ફુટ હોય=અસ્પષ્ટ હોય, વિદગ્ધતાવાળું હોય, અર્થાત્ પોતાની વિદ્વત્તાને વ્યક્ત કરતું હોય પરંતુ શ્રોતાના બોધને અનુરૂપ ન હોય અને ચર્વિત અક્ષરવાળું હોય અર્થાત્ એકનું એક કથન ફરી-ફરી ભિન્ન ભિન્ન શબ્દોથી કહેવાતું હોય જેથી શ્રોતાને માટે તે વચન હિતકારી ન હોય તો તેવું વચન અપ્રાંજલ કહેવાય. મુનિએ કર્કશ અને અપ્રાંજલ વચનનો ત્યાગ કરી બોલવું જોઈએ, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૯॥

**અવતરણિકા :-**

**શ્લોક-૬માં કહેલ કે તત્ત્વમાં લીન મુનિ ચિત્તના દુર્ધ્યાનનો નિરોધ કરે, અયતનાવાળી વાણી અને કાયાના ચાપલ્યનો નિરોધ કરે. તેથી ચિત્તનિરોધ માટે ઉચિત ઉપાય શું છે તે શ્લોક-૭માં બતાવ્યું. અયતના વચનનો નિરોધ શું છે તે શ્લોક-૮-૯માં બતાવ્યું. હવે, કાયચાપલ્યના નિરોધ માટે મુનિએ શું કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**औचित्यं ये विजानन्ति, सर्वकार्येषु सिद्धिदम् ।**
**सर्वप्रियंकरा ये च ते नरा विरला जने ।।१०।।**

**શ્લોકાર્થ :-**

**જેઓ સર્વ કાર્યોમાં સિદ્ધિને આપનાર એવા ઔચિત્યને જાણે છે અને જેઓ સર્વનું પ્રિય કરનારા છે તે મનુષ્યો જનમાં=લોકસમુદાયમાં, વિરલા છે. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

જે મુનિઓ સર્વ કાર્યોમાં સિદ્ધિને દેનારું એવું=મોક્ષને પ્રાપ્ત કરાવનારું એવું, ઔચિત્ય જાણે છે તેઓ પ્રતિક્ષણ મોહનું ઉન્મૂલન થાય તે પ્રકારે સંયમનાં સર્વ કૃત્યો કરે છે. આથી જ આવા મહાત્મા સંયમવૃદ્ધિનું કોઈ પ્રયોજન ન હોય ત્યારે કાયાની ચેષ્ટા પણ કરતા નથી. પરંતુ સ્થિર, ઉચિત આસનમાં બેસીને આત્માને સતત શાસ્ત્રવચનથી ભાવિત કરે છે અને પોતાના સંયમવૃદ્ધિના પ્રયોજન અર્થે ભિક્ષાટનાદિ કોઈ પ્રવૃત્તિ કરે ત્યારે પણ કંટકાકીર્ણ ભૂમિમાં ગમનની જેમ યતનાપૂર્વક ચેષ્ટા કરે છે અને લેશ પણ મોહવૃદ્ધિનું કારણ ન બને તેવા દૃઢ વ્યાપારપૂર્વક ભિક્ષાગ્રહણ આદિની સર્વ પ્રવૃત્તિ કરે છે. આવા ઉત્તમ જીવો સાથે સંસારી જીવો મોહને વશ ક્યારેક અનુચિત પ્રવૃત્તિઓ કરે, તોપણ આ મહાત્માઓ તે અનુચિત પ્રવૃત્તિ કરનારા જીવો પ્રત્યે દ્વેષ કરતા નથી, પરંતુ કોઈ પણ પ્રકારે તેઓનું પ્રિય થતું હોય તો તે પ્રમાણે પ્રયત્ન કરે છે અને અયોગ્ય જીવ જણાય તો ઉપેક્ષા કરે છે. પરંતુ કોઈ અનુચિત પ્રવૃત્તિ કરતા નથી. આવા મહાત્માઓ જગતમાં વિરલા હોય છે.

અહીં વિશેષ એ છે કે, **મોહને પરવશ પ્રવૃત્તિ તે અનુચિત પ્રવૃત્તિ કહેવાય અને મોહના ઉન્મૂલનને અનુકૂળ જે ઉચિત વ્યાપાર હોય તે ઉચિત પ્રવૃત્તિ કહેવાય** અને જેઓ સર્વ કાર્યમાં આવું ઔચિત્ય સેવે છે, તેઓ તે ઔચિત્યના બળથી જ મોહનો નાશ કરીને સિદ્ધિને પામે છે. માટે ઔચિત્યને, સિદ્ધિ દેનાર કહેલ છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**યોગમાર્ગમાં ઔચિત્ય જ અતિકલ્યાણનું કારણ છે, તે દૃઢ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**औचित्यं परमो बन्धुरौचित्यं परमं सुखम् ।**
**धर्मादिमूलमौचित्यमौचित्यं जनमान्यता ।।११।।**

**શ્લોકાર્થ :-**

**ઔચિત્ય પરમબંધુ છે, ઔચિત્ય પરમસુખ છે, ધર્માદિનું મૂલ ઔચિત્ય છે. ઔચિત્ય જનમાન્યતા છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

સમભાવના પરિણામથી જ ઉચિત પ્રવૃત્તિ થાય છે. અને જે મહાત્માઓ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તે મહાત્માઓને તે ઔચિત્યના ફળરૂપે સદ્ગતિઓની પરંપરા અને અંતે મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. તેથી ઔચિત્ય આત્માને માટે પરમ બંધુ છે; કેમ કે સંસારમાં બંધુ કોઈક બાહ્ય આપત્તિ માત્ર દૂર કરી શકે. પરંતુ સર્વ પ્રકારના અનર્થની પરંપરાનું નિવારણ કરી શકે નહીં. જ્યારે ઔચિત્યનું પાલન સર્વ અનર્થની પરંપરાનું નિવારણ કરનાર છે માટે ઔચિત્ય પરમબંધુ છે. વળી, ઔચિત્યનું પાલન વર્તમાનમાં પણ મહાત્માના ચિત્તના ક્લેશને દૂર કરે છે. અને અંતે પ્રકૃષ્ટ એવા મોક્ષસુખને આપે છે. તેથી ઔચિત્ય જ જીવ માટે પરમસુખ છે. ધર્મ-અર્થ-કામ ત્રણેનું મૂલ ઔચિત્ય છે; કેમ કે જે મહાત્માઓ ઔચિત્યનું પાલન કરે છે, તે મહાત્માઓ મોક્ષમાં ન જાય ત્યાં સુધી ઉત્તમ એવા દેવ અને મનુષ્યના ભવોને પામે છે જ્યાં તેઓને વિપુલ ભોગરૂપ કામ મળે છે, વિપુલ ધનસંચય કે રાજ્યલક્ષ્મી મળે છે. તેનું મૂલ તે મહાત્માએ સેવેલું ઔચિત્યનું પાલન છે અને ઔચિત્યના સેવનથી મોક્ષપ્રાપ્તિના એક ઉપાયભૂત ધર્મની નિષ્પત્તિ થાય છે. તેથી ધર્મનું મૂલ પણ ઔચિત્ય જ છે. વળી, ઉચિત પ્રવૃત્તિઓ શિષ્ટ લોકોને માન્ય હોય છે. તેથી ઔચિત્ય જનમાન્યતારૂપ છે, એમ કહેલ છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ઔચિત્યનું માહાત્મ્ય બતાવ્યું. હવે સાધુએ સર્વને અપ્રીતિ**

**કરનારી એવી અનુચિત પ્રવૃત્તિ સદા પરિહાર કરવી જોઈએ, જેથી સર્વ જીવો સાથે ઉચિત વર્તન થાય તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**कर्मबन्धदृढश्लेषं सर्वस्याप्रीतिकं सदा ।**
**धर्मार्थिना न कर्तव्यं वीरेण जटिनि यथा ।।१२।।**

**શ્લોકાર્થ :-**

**કર્મબંધના દૃઢ સંશ્લેષવાળું સર્વની અપ્રીતિને કરનારું કૃત્ય ધર્માર્થીએ સદા કરવું જોઈએ નહીં. જે પ્રમાણે વીરપ્રભુએ તાપસના અપ્રીતિના પરિહાર માટે યત્ન કર્યો. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

કોઈ જીવને પીડા થાય, કોઈ જીવના પ્રાણનો નાશ થાય, કોઈ જીવને સંક્લેશ થાય, તેવી પ્રવૃત્તિ અન્યની અપ્રીતિને કરનારી છે અન તેવી અપ્રીતિને કરનારી પ્રવૃત્તિથી દૃઢ સંશ્લેષવાળો કર્મબંધ થાય છે. અર્થાત્ ભાવિમાં અનર્થની પરંપરાનાં કારણ બને તેવાં દૃઢ પરિણામવાળાં કર્મ વર્તમાનમાં બંધાય છે. તેથી ધર્મના અર્થી એવા સાધુએ તેવી પ્રવૃત્તિ સદા કરવી જોઈએ નહીં. જેમ ચાતુર્માસમાં રહેલા તાપસની અપ્રીતિને જાણીને ભગવાને ચોમાસામાં વિહાર કર્યો.

આનાથી એ ફલિત થાય કે, સાધુએ તે રીતે ગુપ્તિથી ગમનાગમન કરવું જોઈએ કે જેથી પોતાના નિમિત્તને પામીને એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી કોઈ જીવને લેશ પણ અપ્રીતિ ન થાય કે કોઈના પ્રાણ નાશ ન થાય અને તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરનારા મુનિ સર્વ પ્રકારનાં કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. **।।૧૨।।**

**અવતરણિકા :-**

**વળી, આ ઉચિત પ્રવૃત્તિ આત્મકલ્યાણનું કારણ છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**बीजभूतं सुधर्मस्य सदाचारप्रवर्तनम् ।**
**सदाचारं विना स्वैरिण्युपवासनिभो हि सः ।।१३।।**

**શ્લોકાર્થ :-**

**સુધર્મના બીજભૂત સદાચારનું પ્રવર્તન છે, સદાચાર વિના સ્વૈરિણી= વ્યભિચારી સ્ત્રીના, ઉપવાસ જેવો તે=ધર્મ, છે. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

સાધુપણું ગ્રહણ કર્યા પછી આત્મામાં સુધર્મને પેદા કરવાના પ્રયોજનથી સાધ્વાચારના પાલનની ક્રિયા કરાય છે અને સુધર્મનું બીજ સદાચારનું પ્રવર્તન છે. તેથી જે મહાત્માઓ શક્તિને ગોપવ્યા વગર જિનવચનાનુસાર સદાચારની પ્રવૃત્તિ કરે છે, તેઓની તે પ્રવૃત્તિ સુધર્મની નિષ્પત્તિનું બીજ છે. અને જેઓ સંયમની ક્રિયાઓ કરે છે, પરંતુ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિઓરૂપ સદાચારને સેવતા નથી તેઓની તે સંયમની પ્રવૃત્તિરૂપ ધર્મ વ્યભિચારી સ્ત્રીના ઉપવાસ જેવો છે. અર્થાત્ જેના જીવનમાં શીલ નથી, અનાચાર છે, તેવા જીવોના ઉપવાસની કોઈ કિંમત નથી. તેમ જે જીવો સર્વ જીવો સાથે ઔચિત્યપૂર્વક વર્તન કરતા નથી, તેઓની સંયમની ક્રિયા સુધર્મની નિષ્પત્તિનું કારણ નહીં હોવાથી નિષ્ફળ છે. માટે ભાવશુદ્ધિના અર્થી જીવે આત્મકલ્યાણ માટે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિમાં યત્ન કરવો જોઈએ. ।।૧૩।।

**અવતરણિકા :-**

**વળી, સદાચારનું માહાત્મ્ય જ બતાવે છે –**

**શ્લોક :-**

**मूर्तो धर्मः सदाचारः सदाचारोऽक्षयो निधिः ।**
**दृढं धैर्यं सदाचारः सदाचारः परं यशः ।।१४।।**

**શ્લોકાર્થ :-**

**સદાચાર મૂર્ત ધર્મ છે, સદાચાર અક્ષયનિધિ છે, સદાચાર દૃઢ ધૈર્ય છે, સદાચાર પ્રકૃષ્ટ યશ છે. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

અહીં શ્લોકમાં વારંવાર 'સદાચાર' શબ્દ મૂકેલ છે, તે 'સદાચાર'નું અત્યંત મહત્ત્વ બતાવવા અર્થે છે.

**મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ પરિણામનું પ્રબલ કારણ બને તેવી ઉચિત પ્રવૃત્તિ 'સદાચાર' છે.** તેથી જ મહાત્મા સંયમ ગ્રહણ કર્યા પછી સજ્જનો કે દુર્જનો સર્વ સાથે ઉચિત વર્તન કરીને પોતાના પરિણામનું રક્ષણ કરે છે. અને બીજાનું હિત થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરે છે. તેઓથી સેવાયેલો સદાચાર મૂર્તિમાન ધર્મ છે. અર્થાત્ ધર્મ તો વસ્તુતઃ તેમના આત્મામાં રહેલો પરિણામ છે પણ તે પરિણામ જ સાક્ષાત્ મૂર્તિરૂપે વર્તી રહ્યો છે. તેથી તેઓના સદાચારથી અંતરંગ નહીં દેખાતો ધર્મ પણ શિષ્ટ લોકોનાં ચક્ષુને ગોચર બને છે. વળી, સદાચાર અક્ષયનિધિ છે. અર્થાત્ ક્યારેય ક્ષય ન પામે તેવી જીવની સંપત્તિ છે. જેમ નિધિના બળથી સંસારી જીવો સંસારમાં ભોગવિલાસ કરનારા દેખાય છે, તેમ આ મહાત્મા સદાચારરૂપી ધર્મથી આત્માના પરમ સ્વસ્થતારૂપ આનંદને અનુભવનારા છે. વળી, સંસારની ઋદ્ધિ તો ભોગ દ્વારા ક્ષીણ થાય છે જ્યારે આ સદાચારરૂપી નિધિ તો ક્યારેય ક્ષય પામતી નથી. પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જીવ સાથે શાશ્વત રહેનારી જીવની સંપત્તિ છે માટે અક્ષયનિધિ છે. વળી, આ સદાચાર દૃઢ ધૈર્ય છે. જે જીવોમાં મોહના નાશ માટે દૃઢ ધૈર્ય વર્તે છે, તેઓ જ સદાચારને સેવી શકે છે. અન્ય જીવો તો નિમિત્તો પ્રમાણે ભાવો કરીને ક્લેશને જ પામે છે, તેથી જીવમાં વર્તતો સદાચાર એ જ દૃઢ ધૈર્ય છે. વળી, આ સદાચાર પરમ યશ છે; કેમ કે સદાચારવાળા પુરુષને દેવો પણ પૂજે છે. માટે જીવમાં વર્તતો ઉત્તમ આચારરૂપ સદાચાર જીવ માટે પરમ યશરૂપ છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**વળી, લોભનો ત્યાગ ભાવશુદ્ધિ માટે પ્રબલ કારણ છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**लोभमुन्मूलयन्मूलादप्रमत्तो मुनिः सदा ।**
**क्षायोपशमिके भावे स्थितोऽनुत्सुकतां व्रजेत् ।।१५।।**

**શ્લોકાર્થ :-**

**સદા ક્ષાયોપશમિક ભાવમાં રહેલાં મૂળમાંથી લોભનું ઉન્મૂલન કરતા એવા અપ્રમત્ત મુનિ અનુત્સુકતાને પામે છે. ||૧૫||**

**ભાવાર્થ :-**

જીવમાં બાહ્ય પદાર્થના સંગનો પરિણામ પડ્યો છે તેથી જ જીવને ઇન્દ્રિયના વિષયોમાં ઉત્સુકતા વર્તે છે. તેથી ઔત્સુક્ય ભાવને કારણે વિષયોને ગ્રહણ કરે છે અને વિષયોને ઇન્દ્રિયથી ગ્રહણ કરવા દ્વારા, દેહથી ગ્રહણ કરવા દ્વારા કે મનથી ગ્રહણ કરવા દ્વારા સદા પોતાના લોભકષાયને વશ વર્તે છે. જે મહાત્માઓ **લોભ કષાયનું મૂળ ઉત્સુકતા છે** તેમ જાણે છે અને ઉત્સુકતાના શમન અર્થે સર્વ ઉદ્યમથી સુદૃઢ વ્યાપાર કરીને, આત્માને શાસ્ત્રથી ભાવિત કરે છે તેઓ મૂળમાંથી લોભકષાયનું ઉન્મૂલન કરનારા છે અને તેવા અપ્રમત્ત મુનિઓ સદા ક્ષયોપશમ ભાવના ચારિત્રમાં વર્તે છે અને લોભ આપાદક સંજ્વલન કષાયનો જે ઉદય વર્તે છે તે ક્ષયોપશમ ભાવનો હોવાથી સંસારના ભાવો પ્રત્યેના લોભથી નિવર્તન કરીને શુદ્ધ આત્મતત્ત્વના આવિર્ભાવ અર્થે દૃઢ યત્ન કરાવે છે. તેથી જે લોભકષાય ઔદયિક ભાવથી બાહ્ય પદાર્થોમાં પ્રવર્તતો હતો, તે લોભકષાય ક્ષયોપશમ ભાવને પામીને આત્માના વીતરાગભાવના પરિણામ પ્રત્યે અભિલાષવાળો બને છે અને તેવા મુનિઓ સદા ક્ષાયોપશમિક ભાવમાં રહેલા છે અને તેના કારણે તેઓ બાહ્ય સર્વ પદાર્થ પ્રત્યે અનુત્સુકતાવાળા છે. તેથી તેઓની બાહ્ય પદાર્થ વિષયક અનુત્સુકતા ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગભાવની નિષ્ઠા તરફ જાય છે. **||૧૫||**

**અવતરણિકા :-**

આત્મકલ્યાણમાં પ્રસ્થિત મહાત્માને પણ લોભ કષાય કઈ રીતે અનર્થની પરંપરાનું કારણ બને છે, તે બતાવીને તેના ત્યાગ દ્વારા ભાવશુદ્ધિનો ઉપદેશ બતાવે છે –

**શ્લોક :-**

संसारसरणिर्लोभो, लोभः शिवपथाचलः ।
सर्वदुःखखनिर्लोभो, लोभो व्यसनमन्दिरम् ।।१६।।
शोकादीनां महाकन्दो लोभः क्रोधानलानिलः ।
मायावल्लिसुधाकुल्या, मानमत्तेभवारुणी ।।१७।।

**શ્લોકાર્થ :-**

**સંસારની સરણિ=નીક, લોભ છે. શિવપથમાં ગમન માટે લોભ વિઘ્નભૂત એવો અચલ=પર્વત, છે. લોભ સર્વ દુઃખોની ખાણ છે, લોભ આપત્તિનું મંદિર છે, શોકાદિ ભાવોનું મહાકંદ છે. લોભ ક્રોધરૂપી અગ્નિને માટે પવન છે, માયારૂપી વલ્લી=વેલડી માટે અમૃતની નીક છે, માનથી મત્ત એવા હાથી માટે વારૂણી=મદિરા છે. ।।૧૬-૧૭।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવો લોભને વશ સર્વ ભાવોને કરે છે. જેના ફળરૂપે દુર્ગતિઓની પરંપરા ઊભી કરે છે. તેથી સંસારની પ્રાપ્તિ માટે લોભ સરણિતુલ્ય=નીકતુલ્ય છે. વળી, મહાત્માઓ શિવપથ પર પ્રયાણ કરતા હોય છતાં બાહ્ય પદાર્થો પ્રત્યેનો કોઈ પણ પ્રકારનો લોભનો પરિણામ ઉત્થિત થાય તો શિવમાર્ગનું પ્રયાણ અવરોધ પામે છે. તેથી શિવમાર્ગમાં ગમન કરનાર માટે લોભ પર્વતતુલ્ય છે. વળી, લોભ સર્વ દુઃખોની ખાણ છે; કેમ કે, લોભને પરવશ થયેલા જીવો સંસારમાં મહાઆરંભ આદિ કરીને નરકાદિ દુઃખોની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી, લોભ આપત્તિઓનું મંદિર છે; કેમ કે લોભને પરવશ જીવ અનેક પ્રકારનાં પાપો કરીને અનર્થો પ્રાપ્ત કરે છે. એટલું જ નહીં, પણ લોભથી

થયેલા સંક્લેશના પરિણામને કારણે વર્તમાનમાં અનુદિત પાપ-પ્રકૃતિઓ ઉદયને પામે છે અને આપત્તિની પરંપરા સર્જે છે. તેથી સર્વ આપત્તિઓનું સ્થાન લોભ છે.

વળી, લોભને પરવશ જીવોને પોતાના ઇષ્ટ પદાર્થોના નાશમાં શોક થાય છે અને ઇષ્ટ પદાર્થોની અપ્રાપ્તિમાં અરતિ થાય છે. તેથી લોભ શોકાદિનો મહાકંદ છે. વળી, લોભ ક્રોધરૂપી અગ્નિ માટે પવનતુલ્ય છે; કેમ કે પોતાના ઇષ્ટનો વ્યાઘાત થતો હોય ત્યારે લોભને વશ જીવોનો ક્રોધાગ્નિ અત્યંત પ્રગટે છે. વળી, લોભ માયારૂપી વેલડી માટે અમૃતની ક્યારી જેવો છે. જેમ ક્યારીથી પાણીનું સિંચન થવાને કારણે વેલડીઓ વિકસે છે તેમ જીવમાં વર્તતા લોભના પરિણામથી સિંચનને પામેલ માયારૂપી વેલડી અત્યંત ખીલે છે. વળી, માનરૂપી મત્ત એવા હાથીને મદિરા પીવડાવવા જેવો લોભ છે; કેમ કે જીવો લોભને વશ ધનાદિ માટે પ્રયત્ન કરે છે અને પુણ્યના સહકારથી ધનાદિને પ્રાપ્ત કરે છે, ત્યારે સામાન્યથી જીવોમાં 'હું ધનવાન છું', 'હું મોટો છું' એ પ્રકારનો મત્ત હાથીની જેમ માનનો પરિણામ વર્તે છે અને લોભને વશ અધિક-અધિક ધનસંચય કરીને તે માનનો પરિણામ અતિઉન્મત્ત બને છે. તેથી જ તેવા જીવોને માનને વશ અન્ય સર્વ જીવો તુચ્છ અને અસાર બને છે અને પોતે "કાંઈક" છે, તેવી બુદ્ધિથી સર્વત્ર વ્યવહાર થાય છે. આ રીતે સર્વ અનર્થોનું મૂળ લોભનો પરિણામ છે. માટે ભાવશુદ્ધિના અર્થી જીવોએ લોભના ત્યાગમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૧૬-૧૭॥**

**અવતરણિકા :-**

**હવે, લોભ સર્વ દોષોનું સ્થાન છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**त्रिलोक्यामपि ये दोषास्ते सर्वे लोभसंभवाः ।**
**गुणास्तथैव ये केऽपि ते सर्वे लोभवर्जनात् ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**ત્રણે પણ લોકમાં જે દોષો છે, તે સર્વ લોભથી ઉત્પન્ન થયેલા છે, તે**

**રીતે જ=જે રીતે લોભથી દોષો ઉત્પન્ન થયા છે તે રીતે જ, જે કોઈપણ ગુણો ત્રણ લોકમાં છે, તે સર્વે લોભના વર્જનથી છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

આત્મામાં રાગનો પરિણામ લોભરૂપ છે. આત્માને આત્માથી ભિન્ન એવા બાહ્ય પદાર્થો પ્રત્યે રાગ વર્તે છે. અને તે રાગ જેટલો પ્રકર્ષવાળો, તેટલા દોષોનો પ્રકર્ષ જીવમાં પ્રગટે છે તેથી ત્રણે લોકમાં પણ જે કાંઈ દોષો છે, તે સર્વ દોષો લોભકષાયથી ઉત્પન્ન થાય છે અને જીવે છે. વળી, જે મહાત્માઓનાં વિવેકચક્ષુ ખૂલ્યાં છે, તે મહાત્માઓ લોભથી થતા અનર્થોનું સમાલોચન કરી જેમ-જેમ લોભનું વર્જન કરે છે, તેમ-તેમ તે મહાત્મામાં ગુણસંપત્તિ પ્રગટે છે. તેથી જગતમાં જે કાંઈ ગુણો છે તે સર્વ લોભના વર્જનથી જ પ્રગટે છે. માટે ગુણના અર્થી જીવે લોભના વર્જનમાં જ ઉદ્યમ કરવો જોઈએ. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**લોભ અપેક્ષારૂપ છે અને અપેક્ષાના નાશથી કઈ રીતે મોક્ષની પ્રાપ્તિ થાય છે તે બતાવીને ભાવશુદ્ધિ માટે લોભત્યાગ આવશ્યક છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**नैरपेक्ष्यादनौत्सुक्यमनौत्सुक्याच्च सुस्थता ।**
**सुस्थता च परानन्दस्तदपेक्षां क्षयेद् मुनिः ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**નૈરપેક્ષ્યથી અનૌત્સુક્ય પ્રગટે છે, અનૌત્સુક્યથી સુસ્થતા પ્રગટે છે અને સુસ્થતા પરાનંદ=પ્રકૃષ્ટ આનંદ, સ્વરૂપ છે. તેથી મુનિ અપેક્ષાનો નાશ કરે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

જીવને આત્માના પોતાના ભાવોથી ભિન્ન બાહ્ય પદાર્થોની અપેક્ષા થાય છે, તે લોભના પરિણામરૂપ છે. અને આ પ્રકારની જીવને અપેક્ષા થવાનું બીજ

જીવને દેહાદિ પુદ્ગલો સાથે થયેલો એકત્વભાવ છે; કેમ કે દેહાદિ સાથે જીવને એકત્વભાવ વર્તે છે. તેથી દેહને અનુકૂળ, પોતાને અનુકૂળ લાગે છે અને દેહને પ્રતિકૂળ, પોતાને પ્રતિકૂળ લાગે છે, વળી ઇન્દ્રિય સાથે એકત્વભાવને કારણે ઇન્દ્રિયોને જે અનુકૂળ તે પોતાને અનુકૂળ લાગે છે અને ઇન્દ્રિયોને પ્રતિકૂળ તે પોતાને પ્રતિકૂળ લાગે છે. તેથી જીવ દેહ અને ઇન્દ્રિયને અનુકૂળ પદાર્થોની અપેક્ષાવાળો છે. પરંતુ વિવેકચક્ષુ પ્રગટ થવાથી જ્યારે જીવને જણાય છે કે, દેહ અને ઇન્દ્રિયને અનુકૂળ એવા ભાવમાં અપેક્ષા કરીને હું સદા વ્યાકુળતાને અનુભવું છું અને તેના કારણે વ્યાકુળ થયેલા મને આરંભ-સમારંભ કરીને સર્વ અનર્થ પ્રાપ્ત થાય છે. આવો માર્ગાનુસારી બોધ થવાંથી તે મહાત્મા બાહ્ય પદાર્થો પ્રત્યે નિરપેક્ષ થવા પ્રયત્ન કરે છે અને જેમ-જેમ તે મહાત્મા બાહ્ય પદાર્થો પ્રત્યે નિરપેક્ષ થાય છે, તેમ-તેમ તેમનામાં અનુત્સુકતા પ્રગટે છે. અને જેમ-જેમ આત્મામાં ઉત્સુકતાનો અભાવ થાય છે, તેમ-તેમ આત્મા સુસ્થ=સ્વસ્થ, બને છે અને આત્મા સ્વસ્થ બનવાથી આત્મામાં પરાનંદ પ્રગટે છે=પ્રકૃષ્ટ આનંદ પ્રગટે છે. અર્થાત્ સંસારના ભોગોથી જે તુચ્છ આનંદ પ્રગટે છે, તેના કરતાં પ્રકૃષ્ટ આનંદ પ્રગટે છે. આથી જ, સંસારના ભાવો પ્રત્યે નિરપેક્ષ થઈને સમિતિ-ગુપ્તિમાં દૃઢ યત્ન કરનારા મુનિઓને અનુત્તરવાસી દેવો કરતાં પણ પ્રકૃષ્ટ આનંદ વર્તે છે. તેથી આનંદના અર્થી એવા મુનિ અપેક્ષાનો નાશ કરે.

અહીં વિશેષ એ છે કે, અપેક્ષા એ મૂળથી આકુળ એવી જીવની પરિણતિ છે અને અપેક્ષાનો અભાવ એ જીવની મૂળથી અનાકુળ પરિણતિ છે. અને જ્યારે જીવમાં અપેક્ષાની પરિણતિ વર્તતી હોય ત્યારે જે પદાર્થોની અપેક્ષા વર્તે છે તે પદાર્થોની પ્રાપ્તિ વગર સુખ થતું નથી. તેથી જીવોને ભ્રમ વર્તે છે કે ઇચ્છાના વિષયભૂત પદાર્થોની પ્રાપ્તિથી જ સુખ છે. અને ઇચ્છાના વિષયભૂત પદાર્થોની અપ્રાપ્તિમાં સુખ સંભવે નહીં. પરંતુ જેઓનાં વિવેકચક્ષુ ખૂલી ગયાં છે, તેઓ તો મોહથી અનાકુળ એવી સ્વસ્થતામાં જ સુખને જોનારા છે. આવા મહાત્માઓને અપેક્ષા સ્વયં આકુળ અવસ્થા જણાય છે અને અપેક્ષાની પૂર્તિ થવાથી જે સુખ થાય છે તે ક્ષણિક અને અસાર જણાય છે અને અપેક્ષાના ઉચ્છેદથી થતું સુખ જીવના સ્વરૂપ રૂપ હોવાથી પારમાર્થિક જણાય છે અને જીવમાં સદા અવિચ્છિન્ન રૂપે રહી શકે તેવું જણાય છે. તેથી સુખના અર્થી એવા મુનિ પારમાર્થિક સુખમાં વિઘ્નભૂત એવી અપેક્ષાનો ત્યાગ કરવા જ સદા સર્વ ઉદ્યમ કરે છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**હવે, ભાવશુદ્ધિ માટે માયાનો ત્યાગ આવશ્યક છે, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अधर्मो जिह्नता यावद् धर्मः स्याद् यावदार्जवम् ।**
**अधर्मधर्मयोरेतद् द्वयमादिमकारणम् ।।२०।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં સુધી જિહ્નતા છે=વક્રતા છે, ત્યાં સુધી અધર્મ છે. જ્યાં સુધી આર્જવ છે ત્યાં સુધી ધર્મ થાય, ધર્મ અને અધર્મનાં આ બે આદિમકારણ= પ્રારંભિક કારણ છે. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

જે જીવોમાં માયાનો ભાવ વર્તે છે તે જીવો માયાને વશ અન્યને તો ઠગે જ છે પરંતુ પોતાની જાતને પણ ઠગે છે તેથી તેઓમાં સદા અધર્મ વર્તે છે. આથી ધર્મનાં ક્ષેત્રમાં ધર્મની પ્રવૃત્તિ કરીને પણ જેઓ માયાના પરિણામવાળા છે, તેઓને અધર્મની પ્રાપ્તિ થાય છે. આથી જ સંયમના અર્થી પણ મુનિ ભિક્ષાચર્યા આદિ માટે ગયેલા હોય, પોતે નિર્દોષની ગવેષણા કરે છે તેવી બુદ્ધિ ધરાવતા હોય તોપણ ગૃહસ્થોનાં વચન આદિનું આલંબન લઈને દોષિતની સંભાવના જોવાતી હોવા છતાં આત્માને ઠગીને આ ભિક્ષા નિર્દોષ છે, તેવી બુદ્ધિથી ગ્રહણ કરે છે ત્યારે તેઓમાં પ્રગટ થતા અધર્મનું મૂળ કારણ, તેઓમાં વર્તતો માયાનો પરિણામ છે. તેથી સર્વ પ્રકારના અધર્મની નિષ્પત્તિનું આદિમ કારણ માયાનો પરિણામ છે.

વળી, જે જીવોમાં માયા વિરોધી આર્જવનો પરિણામ છે, તેઓ અન્ય જીવોને તો ઠગતા નથી જ, પરંતુ પોતાની જાતને પણ ક્યારેય ઠગતા નથી. અને આથી આવા જીવો તત્ત્વાતત્ત્વના વિભાગમાં પણ આત્માને ઠગ્યા વિના તત્ત્વનો નિર્ણય કરવા યત્ન કરે છે. અને જીવનમાં તત્ત્વને સેવવાં માટે પણ

આત્માને ઠગ્યા વગર તત્ત્વને સેવવા યત્ન કરે છે. આથી આર્જવ પરિણામવાળા મુનિ ભિક્ષામાં ગવેષણા કરતાં પોતાને માટે આ ભિક્ષા કરી છે, તેવી શંકા થાય ત્યારે ગૃહસ્થને પૃચ્છા કરે છે કે આજે કેમ આ વસ્તુ કરી છે ? ત્યારે કાંઈક ક્ષોભસહિત તે શ્રાવક કહે કે, "આજે મહેમાન છે માટે આ વસ્તુ કરેલ છે", તોપણ સરળ સ્વભાવી મુનિ તેના ક્ષોભ પરથી પણ દોષિત ભિક્ષાનો નિર્ણય કરીને તેનો ત્યાગ કરે છે, પરંતુ શ્રાવકના તે વચનનું અવલંબન લઈને આત્માને ઠગતા નથી. વળી, જે મહાત્માઓમાં આર્જવનો પરિણામ વર્તે છે, તેઓ આત્મવંચના કર્યા વગર પોતાનાં થયેલાં સૂક્ષ્મ પણ પાપોની તે રીતે આલોચના કરી શકે છે. અને જેઓમાં આર્જવનો પરિણામ નથી, તેઓ આલોચના ગ્રહણ કરીને પણ આત્માને ઠગે છે અને ફલરૂપે અધર્મને પ્રાપ્ત કરે છે. આથી, લક્ષ્મણાસાધ્વીએ માયાને વશ આલોચના કરી અને આલોચનાની ક્રિયાથી અધર્મની પ્રાપ્તિ કરી. તેથી અધર્મની પ્રાપ્તિનું આદિમ કારણ માયા છે અને ધર્મની પ્રાપ્તિનું આદિમ કારણ આર્જવભાવ છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**ભાવશુદ્ધિના ઉપાયરૂપ અંતરંગ સુખમાં ઉદ્યમ કરવા માટે પારમાર્થિક સુખ શું છે ? તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**सुखमार्जवशीलत्वं सुखं नीचैश्च वर्तनम् ।**
**सुखमिन्द्रियसंतोषः सुखं सर्वत्र मैत्र्यकम् ।।२१।।**

**શ્લોકાર્થ :-**

**આર્જવશીલપણું સુખ છે, નમ્રતાથી વર્તવું સુખ છે, ઈન્દ્રિયોનો સંતોષ સુખ છે, સર્વ જીવોને વિષે મૈત્રીનો પરિણામ સુખ છે. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

સરળતાનો પરિણામ જીવને માટે સુખરૂપ છે અને જ્યારે જીવ માયાના પરિણામમાં છે ત્યારે તેનામાં વક્રભાવ વર્તે છે અને તે વક્રભાવ જીવની કષાયકૃત

વિહ્વળતા સ્વરૂપ છે. અને તેનાથી વિપરીત આર્જવશીલપણું માયારૂપી કષાયોની પીડાના શમનરૂપ હોવાથી સુખરૂપ છે. વળી, નમ્રતાનું વર્તન સુખરૂપ છે; કેમ કે માનકષાયથી વિહ્વળ થયેલ જીવ અંતરંગ રીતે દુઃખી છે અને માનકષાયના શમનથી ઉત્પન્ન થયેલો નમ્રતાનો પરિણામ એ જીવના કષાયના તિરોધાનવાળી સ્વસ્થ અવસ્થા હોવાથી સુખરૂપ છે. ઇન્દ્રિયોનો સંતોષ સુખ છે. વિષયો પ્રત્યેના આકર્ષણથી વિહ્વળ થયેલો જીવ ઇન્દ્રિયના વિષય પ્રત્યે અસ્વસ્થ થઈને દોડે છે. તેથી ઇન્દ્રિયની વિષયોમાં પ્રવૃત્તિ એ જીવની અસ્વસ્થતાવાળી સ્થિતિ છે. અને તત્ત્વના ભાવનથી થયેલ સંતોષવાળી ઇન્દ્રિયો વિષયને અભિમુખ નહીં જતી હોવાથી જીવમાં સ્વસ્થતા પ્રગટે છે. તેથી ઇન્દ્રિયોનો સંતોષ એ જીવનું પારમાર્થિક સુખ છે. સર્વ જીવોમાં અમૈત્રીભાવ=અન્ય જીવો કરતાં પોતાના પ્રત્યેનો પક્ષપાતનો પરિણામ અને બીજાનાં હિતની ઉપેક્ષાનો પરિણામ અમૈત્રીરૂપ છે કે જે સર્વ જીવો પ્રત્યે સમભાવના પરિણામનો વ્યાઘાતક છે અને સર્વ જીવો પ્રત્યે સમભાવનો અભાવ એ જીવની મોહથી આકુળ દશા છે અને તે આકુળ દશાના શમનનું કારણ સર્વ જીવો પ્રત્યે મૈત્રીનો પરિણામ છે. તેથી સર્વ જીવો પ્રત્યેનો મૈત્રીનો પરિણામ સુખરૂપ છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**વળી, ભાવશુદ્ધિ અર્થે કૂરગડુના દૃષ્ટાંતને ભાવન કરવા બતાવે છે –**

**શ્લોક :-**

**संतुष्टं सरलं सोमं नम्रं तं कूरगड्डुकम् ।**
**ध्यायन् मुनिं सदा चित्ते, को न स्याच्चन्द्रनिर्मलः ? ।।२२।।**

**શ્લોકાર્થ :-**

**સંતુષ્ટ=લોભકષાયથી રહિત, સરળ=માયાકષાયથી રહિત, સૌમ્ય=ક્રોધકષાયથી રહિત, નમ્ર=માનકષાયથી રહિત, એવા તે કૂરગડુ મુનિને ચિત્તમાં સદા ધ્યાન કરતો કોણ ચંદ્ર જેવો નિર્મલ ન થાય ? અર્થાત્ તેવા મુનિના ચિંતવનથી ચિત્ત સદા નિર્મલ બને છે. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

કૂરગડુ મુનિ ભગવાનનાં વચનથી અત્યંત ભાવિત હોવાને કારણે લોભના વિરોધી એવા સંતોષ પરિણામવાળા હતા, માયાના વિરોધી એવા સરળ પરિણામવાળા હતા, ક્રોધના વિરોધી એવાં સૌમ્ય પરિણામવાળા હતા અને માનના વિરોધી એવા નમ્ર પરિણામવાળા હતા. આથી તે મહાત્મા કષાયોનું સતત તિરોધાન કરીને વીતરાગભાવને અનુકૂળ અત્યંત ઉદ્યમ થાય તે રીતે સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ કરનારા હતા. તેથી ચાર કષાયના તિરોધાન માટેના મહાપરાક્રમના બળથી આહાર વાપરતાં-વાપરતાં પણ તે મહાત્માએ કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું. જે જીવો તેવા મુનિનું સદા ધ્યાન કરે છે, તેઓનું ચિત્ત પણ કષાયના તિરોધાનને અભિમુખ થવાથી અવશ્ય ચંદ્ર જેવું નિર્મલ બને છે. માટે ભાવશુદ્ધિના અર્થી સાધુઓએ સદા તેવા મુનિનું ધ્યાન કરવું જોઈએ. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**વળી, ભાવુશુદ્ધિ માટે તપમાં ઉદ્યમ કરવાની પ્રેરણા આપે છે –**

**શ્લોક :-**

**सुकुमारसुरूपेण शालिभद्रेण भोगिना ।**
**तथा तप्तं तपो ध्यायन् न भवेत् कस्तपोरतः? ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**સુકુમાર, સુરૂપ અને વિશાળ ભોગોને ભોગવનારા એવા શાલિભદ્ર વડે તે પ્રકારનું તપ સેવાયું તેનું ધ્યાન કરતાં કોણ (મુનિ) તપમાં રત ન થાય ? અર્થાત્ અવશ્ય તપમાં રત રહે. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

શાલિભદ્ર ભૂતકાળના પુણ્યને કારણે અતિ સુકુમાલ શરીરવાળા સુંદર રૂપવાળા અને વિપુલ ભોગો મેળવેલા હોવાથી મહાભોગવાળા હતા, છતાં સંયમગ્રહણ કરીને તે પ્રકારે તપને કર્યો કે તેમની સુકુમાલ કાયા નષ્ટ થઈ, સુરૂપ નષ્ટ થયું, તોપણ તે તપના બળથી અનશન કરીને સર્વથાસિદ્ધ વિમાનને પામ્યા. જે મુનિ

શાલિભદ્રના આવા તપનું ધ્યાન કરે છે તે મહાત્માને પણ તપમાં રત થવાનો ઉત્સાહ આવે છે. તેથી શાલિભદ્રનું આલંબન લઈને શક્તિને ગોપવ્યા વગર અને અન્ય બલવાન યોગોનો વ્યાઘાત ન થાય તે રીતે જેઓ તપમાં ઉદ્યમવાળા થાય છે તેઓ ભાવશુદ્ધિની પ્રાપ્તિ કરે છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**વળી, જેઓ શક્તિઅનુસાર તપમાં ઉદ્યમ કરતા નથી, તેઓ સાધુપણામાં પણ વિષયને અભિમુખ મનોવૃત્તિઓવાળા રહે છે. તે બતાવીને તપમાં ઉદ્યમ કરવા પ્રેરણા કરે છે –**

**શ્લોક :-**

**किं न चेतयसे मूढ ? मृत्युकालेऽप्युपस्थिते ।**
**विषयेषु मनो यत्ते, धावत्येव निरङ्कुशम् ।।२४।।**

**શ્લોકાર્થ :-**

**હે મૂઢ ! મૃત્યુકાલ ઉપસ્થિત થયે છતે પણ જે કારણથી નિરંકુશ એવું તારું મન વિષયોમાં દોડે છે, કેમ સાવધાન થતો નથી ? અર્થાત્ વિષયમાં જતા મનના સંરક્ષણ અર્થે તપમાં ઉદ્યમ કરવો જોઈએ. ॥૨૪॥**

**ભાવાર્થ :-**

જે સાધુઓ શક્તિને અનુરૂપ તપમાં ઉદ્યમ કરતા નથી, તેઓને દેહની સુખાસિકા પ્રત્યે અને દેહની પુષ્ટતા પ્રત્યે પક્ષપાત વર્તે છે તેથી તેમનું ચિત્ત હંમેશાં દેહના સુખ તરફ જનારું છે. વળી, જેઓ તપ દ્વારા દેહને શિથિલ રાખતા નથી, તેઓને પુષ્ટ થયેલો દેહ આત્મામાં રહેલા વિષયોના સંસ્કારોને જાગૃત કરવાનું પ્રબળ કારણ બને છે, તેથી મૃત્યુની ક્ષણ નજીક આવતી હોય તોપણ તેઓનું નિરંકુશ એવું મન વિષયોમાં જ જાય છે. પરંતુ ભગવાનનાં વચનથી ભાવિત થઈને નિરાકુળ અવસ્થામાં રહી શકતું નથી. તેથી તે મહાત્માને ઉપદેશ આપતાં કહે છે કે, આ રીતે વિષયોમાં મૂઢ થઈને તું કેમ જાગૃત થતો નથી ? શક્તિને ગાપવ્યા વગર અથવા શક્તિનું અતિક્રમ કર્યા વગર શક્તિ

અનુસાર બાહ્ય તપ કરવામાં આવે તે મનને વિષયોમાંથી નિવર્તન કરવાનો એક ઉપાય છે જેથી શિથિલ થયેલો દેહ વિકારોનું નિમિત્ત બનતો નથી. ત્યાર પછી જિનવચનથી ભાવિત થવા માટે અંતરંગ સ્વાધ્યાયરૂપ તપમાં ઉદ્યમ કરવામાં આવે તો વિષયોમાં જતા મનનો કાબૂ રહે છે અને આ રીતે બાહ્ય અને અભ્યંતર તપ કરવાથી આ તારું સંયમજીવન સફળ થશે એમ બતાવીને ભાવશુદ્ધિ અર્થે બાહ્ય અને અભ્યંતર તપ માટે પ્રેરણા કરે છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**વળી, તપમાં ઉત્સાહિત થવા માટે ભાવશુદ્ધિજનક ઉપદેશ આપે છે -**

**શ્લોક :-**

**जीविते गतशेषेऽपि, विषयेच्छां वियोज्य ते ।**
**चेत् तपःप्रगुणं चेतस्ततः किञ्चिद् न हारितम् ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**જીવિત ગત શેષ હોવા છતાં પણ જો તારું ચિત્ત વિષયોની ઈચ્છાનું વિયોજન કરીને તપને પ્રગુણ કરે તો હારિત કાંઈ નથી=અવશિષ્ટ મનુષ્યભવ સફળ છે. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા સંયમજીવનમાં પ્રમાદને વશ હોય છતાં, પ્રસ્તુત 'યોગસાર'ના ઉપદેશને સાંભળીને આત્મકલ્યાણ માટે તત્પર થયા હોય તેવા મહાત્માઓને ઉદ્દેશીને કહે છે જીવિત ગતશેષ હોવા છતાં પણ=જીવન લગભગ પૂર્ણ થયું હોવા છતાં પણ, જીવનના અવશેષ કાલમાં પણ જો શાસ્ત્રથી ભાવિત મતિ કરીને વિષયોની ઇચ્છાનો ત્યાગ કરવામાં આવે અને શક્તિને ગોપવ્યા વિના ઉચિત બાહ્ય તપ કરવામાં આવે અને સંયમની શુદ્ધિના અર્થે સ્વાધ્યાયાદિ અંતરંગ તપ કરવામાં આવે તો પૂર્વમાં ગયેલું જીવન નિષ્ફળ હોવા છતાં અવશેષ જીવનમાં સાધનાપરાયણ થવાથી કાંઈ ગુમાવાયું નથી.

જેમ વંકચૂલ મહાત્માએ પૂર્વમાં પલ્લીમાં રહીને ઘણાં હિંસાદિ કૃત્યો કર્યાં

હતાં અને પાપમય જીવન જીવ્યું હતું, છતાં પાછળની જિંદગીમાં ધર્મની પ્રાપ્તિ થવાથી પરમ શ્રાવક થયા અને બારમા દેવલોકને પ્રાપ્ત કર્યું. એટલું જ નહીં, પણ જીવનના પૂર્વાર્ધમાં બંધાયેલાં સર્વ પાપો જીવનના ઉત્તરાર્ધમાં કરાયેલા ધર્મના બળથી નાશ પામ્યાં. તેથી જેમ તે વંકચૂલ મહાત્મા મનુષ્યભવને હાર્યા નહીં પણ સફળ કર્યો તેમ આયુષ્યના અંતિમકાલે પણ જો જાગૃતિપૂર્વક અંતરંગ અને બાહ્ય તપમાં ઉચિત યત્ન કરવામાં આવે તો જીવનના પૂર્વાર્ધમાં સેવાયેલાં પાપોનો નાશ કરીને તે તપ, તે મહાત્માને સદ્ગતિમાં પહોંચાડશે. માટે ભાવશુદ્ધિ અર્થે ઉત્સાહપૂર્વક તપમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**વળી, ભાવશુદ્ધિજનક અન્ય પ્રકારનો ઉપદેશ બતાવે છે –**

**શ્લોક :-**

**कूटजन्मावतारं स्वं पापोपायैश्च संकुलम् ।**
**व्यर्थं नीत्वा बताद्यापि, धर्मे चित्तं स्थिरीकुरु ।।२६।।**

**શ્લોકાર્થ :-**

**અને પાપના ઉપાયોથી સંવલિત પોતાના કૂટજન્મના અવતારને વ્યર્થ પસાર કરીને હજી પણ ધર્મમાં ચિત્તને સ્થિર કર. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

અનાદિથી જીવે પાપબંધ થાય તેવા ઉપાયો સેવ્યા છે. તેથી પ્રાયઃ સર્વ જીવો આ ભવમાં પણ પાપબંધનાં કારણ બને તેવા બાહ્ય વિષયોરૂપ ઉપાયોથી યુક્ત પોતાનો જન્મ પસાર કરે છે. જે જન્મ કૂટજન્મ જેવો છે અર્થાત્ આત્માને વિડંબણા કરાવે તેવો છે. તેવો આ જન્મ અત્યાર સુધી પોતે વ્યર્થ પસાર કરેલ છે તોપણ હજી પણ ધર્મમાં ચિત્તને સ્થિર કરવામાં આવે તો પોતનાં હિતની કંઈક પ્રાપ્તિ થાય એ પ્રકારે હિતોપદેશ કહે છે.

અહીં 'બત' અવ્યય ખેદ બતાવવાં અર્થે કહે છે. અર્થાત્ ખેદ જેવું છે કે, આ જન્મ અત્યાર સુધી વ્યર્થ પસાર કર્યો, તોપણ હવે ધર્મમાં ચિત્તને સ્થિર કરીને તેને સફળ કર. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**વળી, આત્મકલ્યાણમાં વીર્યોલ્લાસ અર્થે સંસારનું પારમાર્થિક સ્વરૂપ બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**अनन्तान् पुद्गलावर्तान्नात्मन्नेकेन्द्रियादिषु ।**
**भ्रान्तोऽसि च्छेदभेदादिवेदनाभिरभिद्रुतः ।।२७।।**
**साम्प्रतं तु दृढीभूय सर्वदुःखदवानलम् ।**
**व्रतदुःखं कियत्कालं, सह मा मा विषीद भोः! ।।२८।।**

**શ્લોકાર્થ :-**

**છેદ-ભેદ આદિ વેદનાથી અભિભૂત થયેલો=અભિભવને પામેલો, એવો તું એકેન્દ્રિયાદિમાં અનંત પુદ્ગલ પરાવર્તોને ભમેલો છું. વળી, હવે દઢ થઈને સર્વ દુઃખો માટે દાવાનલ સમાન વ્રતનું દુઃખ કંઈક કાલ સહન કર, પરંતુ વિષાદવાળો ન થઈશ. ।।૨૭-૨૮।।**

**ભાવાર્થ :-**

**યોગમાર્ગમાં પ્રસ્થિત જીવોને પણ વિષયોનો શ્રમ દુઃખરૂપ દેખાતો નથી પણ વ્રતની આચરણા દુઃખરૂપ જણાય છે.** તેથી આત્મકલ્યાણ માટે તત્પર થયેલા પણ જીવો વિષાદને પામે છે. તેવા જીવોના વિષાદનો પરિહાર થાય અને સદ્વીર્ય ઉલ્લસિત થાય તે અર્થે માર્ગાનુસારી ઉપદેશ આપતાં કહે છે.

હે જીવ ! તું શાશ્વત છું અને અત્યાર સુધી આ સંસારમાં ભમતા એવા તારા અનંત પુદ્ગલપરાવર્તો પસાર થયા, તે કાળની કલ્પના પણ અતિદુષ્કર છે અને તેમાં મોટાભાગનો કાળ એકેન્દ્રિયાદિમાં પસાર થયો છે. જે ભવો છેદન-ભેદન આદિ વેદનાથી વ્યાપ્ત હતા, તેને સ્મૃતિમાં લાવીને સર્વદુઃખોના માટે દાવાનલ જેવા આ વ્રતના દુઃખને દઢ મન કરીને કેટલોક કાળ સહન કર. પરંતુ વિષાદ કર નહીં. આ પ્રકારના ચિંતવનથી વ્રતના ભારથી શ્રાંત થયેલું પણ ચિત્ત ઉત્સાહથી વ્રતમાં યત્ન કરી શકે છે.

અહીં વિશેષ એ છે કે, **અનાદિના મોહના સંસ્કારોથી થતી પ્રવૃત્તિથી વિપરીત પ્રવૃત્તિ કરવા સ્વરૂપ વ્રતો છે;** કેમ કે વ્રતો માત્ર બાહ્ય ક્રિયારૂપ નથી પરંતુ પ્રતિસ્રોત ગમન થાય તે રીતે ઉચિત બાહ્યક્રિયારૂપ છે. અને જેનું ચિત્ત વ્રતોનાં કષ્ટથી અરતિના પરિણામવાળું થયુ છે તે જીવો વ્રતોની આચરણાથી પ્રતિસ્રોત ગમન કરવા માટે સમર્થ બનતા નથી. તેથી તે જીવો જે રીતે વિષયોની પ્રવૃત્તિમાંથી આનંદ લઈ શકે છે તેવો ઉપશમનો આનંદ વ્રતોના સેવનથી લઈ શકતા નથી. તેથી તેઓનું ચિત્ત વિષાદવાળું બને છે. અને આ રીતે **વિષાદપૂર્વક વ્રતોનું પાલન થાય તો જીવો પ્રાયઃ તે કાલમાં ભાવિમાં અરતિ અને અશાતા પ્રાપ્ત થાય તેવાં કર્મો બાંધે છે.** તેથી તેવાં પરિણામને પામેલા પણ ઉપદેશના બળથી માર્ગાનુસારી પ્રવૃત્તિ કરી શકે તેવા યોગ્ય જીવોને આ રીતે અનંતકાળની વેદના યાદ કરાવવાથી સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. માટે ગ્રંથકારશ્રી તે પ્રકારનો ઉપદેશ આપે છે. જેમ, સંયમના કષ્ટથી મેઘમુનિનું ચિત્ત વિષાદવાળુ થયું અને રાતના ઘરે જવાના સંકલ્પથી અરતિપૂર્વક રાત્રિ પસાર કરી. પરંતુ વીરપ્રભુએ જીવની યોગ્યતાને અનુરૂપ તેમનો પૂર્વભવ યાદ કરાવીને હાથીના ભવમાં તેમના જ જીવે વેઠેલા કષ્ટોને યાદ કરાવીને ઉપદેશ આપ્યો તો તેમનું સદ્વીર્ય ઉલ્લસિત થયું. તેથી સદ્વીર્યવાળા એવા તે મેઘમુનિ, મહાસત્ત્વથી સંયમ પાળીને સર્વાર્થસિદ્ધને પામ્યા. **॥૨૭-૨૮॥**

**અવતરણિકા :-**

**આત્માના હિતનું કાર્ય અતિદુષ્કર છે, તે બતાવીને તેના માટે અત્યંત અવધાનપૂર્વકની પ્રવૃત્તિ આવશ્યક છે, તે બતાવે છે. જેથી તે સાંભળીને યોગ્ય જીવોને ભાવશુદ્ધિ થાય –**

**શ્લોક :-**

**उपदेशादिना किञ्चित् कथंचित् कार्यते परः ।**
**स्वात्मा तु स्वहिते योक्तुं मुनीन्द्रैरपि दुष्करः ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**પર એવી વ્યક્તિને ઉપદેશાદિ દ્વારા કોઈક રીતે, કાંઈક કાર્ય કરાવાય**

**છે. અર્થાત્ પોતાને ઈષ્ટ એવું જે બાહ્યકૃત હોય તે કરાવાય છે. પરંતુ પોતાના આત્માને સ્વહિતમાં યોજવો મુનીન્દ્રો વડે પણ દુષ્કર છે. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

ઉપદેશાદિમાં "આદિ"થી, તથા પ્રકારનું પ્રલોભન, દબાણ આદિનું ગ્રહણ છે. સંસારમાં પર વ્યક્તિની ઇચ્છા ન હોય છતાં પણ કોઈને વિચાર આવે કે, મારે આની પાસેથી આ કાર્ય કરાવવું છે તો તે કામ કરાવવા માટે તેના લાભાદિનો ઉપદેશ આપે, સંયોગોનુસાર તેને દબાણ પણ કરે, પ્રલોભન પણ આપે અને બુદ્ધિશાળી પુરુષ કોઈક રીતે તે પ્રકારનું કોઈક કાર્ય બીજા પાસેથી કરાવી લે છે. પરંતુ જેઓએ સંસારના પરમાર્થનું સ્વરૂપ જાણ્યું છે, સંસારના ભાવોથી વિપરીત એવા આત્મભાવોને ઉલ્લસિત કરનાર ઉચિત વ્યાપારોથી પોતાના આત્માનું હિત છે તેવો નિર્ણય થયો છે અને તે પ્રકારના બોધને કારણે સંયમ ગ્રહણ કર્યું છે. તેથી મુનિઓમાં 'આ શૂરવીર છે' તેવું લોકોમાં જણાય તેવા મુનિઓમાં શૂરવીર અને બાહ્ય સંયમની ક્રિયાઓ કરનારા મહાત્માને પણ પોતાના આત્માને વીતરાગગામી પરિણામવાળો બનાવવો અને તે રીતે યત્ન કરીને પોતાના હિતમાં, પોતાના આત્માને યોજવો અતિદુષ્કર છે. આથી જ, તત્ત્વના પરમાર્થને જાણનારા, શાસ્ત્રોથી આત્માને વારંવાર ભાવિત કરનારા અને જિનવચનનું સ્મરણ કરીને સંયમમાં દૃઢ પ્રવૃત્તિ કરનારા ઉત્તમ મુનિઓને પણ પ્રસંગે-પ્રસંગે બાહ્ય નિમિત્તો ક્ષોભ કરે છે અને તેથી પોતાના આત્માને સ્વહિતમાં યોજન કરતાં-કરતાં પણ અન્યત્ર પ્રવૃત્ત થાય છે.

દુર્મુખનાં વચનરૂપ બાહ્ય નિમિત્તની પ્રાપ્તિ થવાથી પ્રસન્નચંદ્રરાજર્ષિ જેવા મહાત્માનું ચિત્ત પણ પોતાના આત્માને હિતમાં યોજન કરવાનું છોડીને પુત્રની ચિંતાથી વ્યગ્ર બન્યું. તેથી આત્મહિત સાધનારા મહાત્માઓએ અત્યંત સુપ્રણિધાન પૂર્વક, 'આ દુષ્કર કાર્ય છે' એવો નિર્ણય કરીને રાધાવેધ સાધકની જેમ સદા સંયમયોગમાં ઉદ્યમ કરવો જોઈએ. જેથી ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ ભાવશુદ્ધિ થાય. અન્યથા મહાસાત્ત્વિક એવા મુનિઓને જે દુષ્કર છે તે, અલ્પ સત્ત્વવાળા જીવો સંયમની માત્ર બાહ્ય ક્રિયાથી કેવી રીતે સાધી શકશે ! અર્થાત્ સાધી શકે નહીં તે પ્રકારનું ભાવન કરીને અંતરંગ જાગૃતિ માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૯॥**

**અવતરણિકા :-**

આત્મવીર્ય ઉલ્લસિત કરવા માટે માર્ગાનુસારી વિવેક બતાવે છે –

**શ્લોક :-**

**यदा दुःखं सुखत्वेन दुःखत्वेन सुखं यदा ।**
**मुनिर्वेत्ति तदा तस्य मोक्षलक्ष्मीः स्वयंवरा ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે દુઃખને સુખપણાથી અને જ્યારે સુખને દુઃખપણાથી મુનિ વેદન કરે છે, ત્યારે મોક્ષલક્ષ્મી તેની સ્વયંવરા છે. અર્થાત્ મોક્ષલક્ષ્મી તેને સ્વયં વરવા માટે આવે છે. ।।૩૦।।**

**ભાવાર્થ :-**

સંયમનાં બાહ્ય કષ્ટો, જેને સંસારી જીવો દુઃખરૂપે જુએ છે, તે કષ્ટો ઉપશમભાવનું કારણ હોવાથી વિવેકસંપન્ન મુનિને સુખરૂપ દેખાય છે. જેમ ભોગના અર્થીને કષ્ટકારી એવી ભોગની ક્રિયા પણ સુખરૂપ દેખાય છે, તેમ સ્થૂલથી કષ્ટરૂપ દેખાતી સંયમની ક્રિયાઓ પણ ચિત્તના શાંતરસને ઉલ્લસિત કરનાર હોવાથી મુનિને સુખરૂપે વેદન થાય છે. વળી, જેમ સંસારી જીવોને ઉપશમસુખનું કારણ એવી પણ સંયમની ક્રિયા દુઃખરૂપ દેખાય છે, તેમ મોહની આકુળતાનું કારણ એવું ઇન્દ્રિયોનું અને બાહ્ય વિષયોનું સુખ મુનિઓને દુઃખરૂપે દેખાય છે. અને જ્યારે આ પ્રકારની સ્થિર પરિણતિ મુનિને પ્રાપ્ત થાય છે ત્યારે તે મહાત્મા પૂર્ણ સુખરૂપ મોક્ષના ઉપાયભૂત એવા ઉપશમસુખમાં આસક્ત થયેલા અને સદા તે ઉપશમસુખની વૃદ્ધિના ઉપાયને જ સુખના ઉપાયરૂપે જોનારા ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા વીતરાગતા તરફ જનારા બને છે. અને આવા મહાત્માઓનો સ્થિર નિર્ણય છે કે, **વીતરાગને કોઈ દુઃખ નથી અને અવીતરાગને કોઈ સુખ નથી.** માટે સુખના અર્થીએ સુખના ઉપાયભૂત વીતરાગતામાં જ ઉદ્યમ કરવો જોઈએ. આવા નિર્ણયવાળા મહાત્માઓ પાસે મોક્ષલક્ષ્મી સ્વયંવરાની જેમ આવે છે=જેમ રાજકન્યા સ્વયંવરા થઈને કોઈને વરે છે, તેમ આવા મહાત્માઓને મોક્ષલક્ષ્મી સ્વયં વરે છે. **।।૩૦।।**

**અવતરણિકા :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે, મુનિ દુઃખને સુખરૂપે વેદન કરે છે અને સુખને દુઃખરૂપે વેદન કરે છે. ત્યારે તે મહાત્માને માટે મોક્ષલક્ષ્મી સ્વયંવરા છે. ત્યાં પ્રશ્ન થાય કે, જે દુઃખ હોય તેનું સુખરૂપે કઈ રીતે વેદન થઈ શકે અને જે સુખ હોય તેનું દુઃખરૂપે કઈ રીતે વેદન થઈ શકે ? સિવાય ભ્રમથી જ તેવું વેદન થાય. તેથી કેવી પરમાર્થદૃષ્ટિથી મુનિને દુઃખનું સુખરૂપે વેદન અને સુખનું દુઃખરૂપે વેદન થાય છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

सर्वं वासनया दुःखं सुखं वा परमार्थतः ।
म्लायत्यस्त्रेक्षणेऽप्येको, हतोऽप्यन्यस्तु तुष्यति ।।३१।।

**શ્લોકાર્થ :-**

**પરમાર્થથી સર્વ દુઃખ અથવા સર્વ સુખ વાસનાથી છે. શસ્ત્રના ઈક્ષણથી=જોવાથી, પણ એક મ્લાન=ભયભીત, થાય છે. શસ્ત્રથી હણાયેલો પણ અન્ય તોષ પામે છે. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

સંસારની કોઈપણ ક્રિયા, આ ક્રિયા સુખનું કારણ છે કે આ ક્રિયા દુઃખનું કારણ છે તેવો નિર્ણય તે-તે જીવો પોતાની વાસના અનુસાર કરે છે. આથી જ, ફરવાના શોખીન જીવોને ફરવાનો શ્રમ સુખરૂપ જણાય છે; કેમ કે તેના ચિત્તમાં તેવી જ વાસના છે કે તે પ્રકારની ફરવાની ક્રિયાથી પોતાને સુખ થાય છે. તે રીતે જેને તે પ્રકારની વાસના નથી, તેને ફરવાની ક્રિયા કષ્ટરૂપ જણાય છે. તેથી કોઈ બાહ્ય ક્રિયામાં પણ આ ક્રિયા સુખરૂપ છે કે આ ક્રિયા દુઃખરૂપ છે, તે પરમાર્થથી તે પુરુષમાં વર્તતી તે પ્રકારની વાસના અનુસાર નક્કી થાય છે. આથી જ, જે જીવોને દેહ પ્રત્યે મોહ છે, તેવાની સામે કોઈ શસ્ત્ર ઉગામે તો તે શસ્ત્રોને જોવામાત્રથી પણ તે ભયભીત થાય છે; કેમ કે તે પુરુષને તેવી જ વાસના છે કે, આ શસ્ત્ર મારા મૃત્યુનું કારણ છે. જ્યારે જે મહાત્માઓને આત્માના અસંગભાવ પ્રત્યે બદ્ધરાગ છે, દેહથી પોતે ભિન્ન છે તેવી સ્થિર બુદ્ધિ

છે, અને દેહ પ્રત્યેની ભેદબુદ્ધિને ઉલ્લસિત કરવામાં પોતાને પ્રાપ્ત થતા ઉપસર્ગ બલવાન કારણ છે તેવો બોધ વર્તે છે, તે મહાત્માને કોઈ શસ્ત્રથી હણે છે ત્યારે તે શસ્ત્રથી થતા દેહના ઉપઘાતને કારણે જેમ તે મહાત્માને અશાતાનો ઉદય થાય છે તેમ દેહથી ભિન્ન એવા પોતાના અસંગભાવમાં ચિત્ત દૃઢ વ્યાપારવાળું હોવાથી તે શસ્ત્રનો ઘા થવાના સમયે પણ પોતાને થયેલ અસંગભાવની વૃદ્ધિના બળથી તે મહાત્મા તોષ પામે છે. અર્થાત્ વિચારે છે કે, મારું તે પ્રકારનું મોહનીય કર્મ હતું કે જેથી વિશેષ પ્રકારનો ઉપશમભાવ સતત ઉલ્લસિત થતો નહોતો અને આ શસ્ત્ર દ્વારા નિમિત્તને પામીને મારો અસંગભાવ અધિક ઉલ્લસિત થયો તેથી પોતાને પ્રાપ્ત થયેલ અસંગભાવના પ્રકર્ષને કારણે તે મહાત્મા તોષને પામે છે. અર્થાત્ શસ્ત્રને જોઈને ભય તો પામતા નથી પણ શસ્ત્રના ઘાના નિમિત્તે વેદન કરતાં વિશિષ્ટ કોટિના અંસગના સુખને વેદન કરે છે. આથી જ સંસારી જીવોને જે દુઃખ દેખાય છે, તેને મુનિઓ સુખરૂપે વેદન કરે છે અને સંસારી જીવોને જે સુખરૂપે દેખાય છે, તેને તે દુઃખરૂપે વેદન કરે છે, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**યોગીઓ કઈ રીતે અક્ષયસુખમાં મગ્ન હોય છે, તે બતાવીને યોગીઓને અનુકૂળ શક્તિસંચય કરવા અર્થે ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**सुखमग्नो यथा कोऽपि लीनः प्रेक्षणकादिषु ।**
**गतं कालं न जानाति तथा योगी परेऽक्षरे ।।३२।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે પ્રેક્ષણક આદિમાં લીન સુખમગ્ન એવો કોઈ પુરુષ, પસાર થતાં કાલને જાણતો નથી અર્થાત્ કેટલો કાળ પસાર થઈ ગયો તે પણ ઉપસ્થિત થતું નથી. તે પ્રમાણે અક્ષર=ક્ષર ન પામે એવા, પરસુખમાં= સિદ્ધાવસ્થાના સુખમાં, લીન થયેલા યોગી પસાર થતાં કાલને જાણતા નથી. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

સિદ્ધના આત્માઓ ક્યારેય ક્ષરે નહીં એવા અક્ષર છે. અને તે સિદ્ધના આત્માઓને નિરાકુળ ભાવનું જે સુખ છે, તેવું સુખ જગતમાં ક્યાંય નથી; કેમ કે તેઓને **અંતરંગ કષાયરૂપ વિહ્વળતા નથી, બહિરંગ કર્મકૃત વિડંબના નથી.** તેવી સુંદર આત્માની અવસ્થા રૂપે તેઓ સર્વ કાળ રહેનારા છે. અને તેઓનું જે પ્રકૃષ્ટ સુખ છે, તે સુખ જેઓને સુખરૂપે જણાય છે અને તેવા સુખની પ્રાપ્તિનો ઉપાય યોગમાર્ગ છે તેવી સ્થિર બુદ્ધિ જેમને થયેલ છે, તે **મહાત્માઓ પ્રકૃષ્ટ સુખરૂપ મોક્ષ માટે યોગમાર્ગને સેવે છે માટે તેઓને યોગી કહેવાય છે.**

વળી, જેમ સંસારી જીવો પોતાને પ્રિય એવાં નાટકાદિમાં લીન થયેલા અને તે નાટકાદિનાં સુખમાં મગ્ન હોય છે ત્યારે કેટલો કાળ પસાર થયો તેનો ખ્યાલ પણ હોતો નથી પરંતુ નાટકનો દીર્ઘકાળ પણ ક્ષણતુલ્ય જણાય છે. તેમ જે યોગીઓ શ્રુતચક્ષુથી અક્ષર એવા સુખમાં=સિદ્ધના સુખમાં, લીન છે અને તેવા સુખને મેળવવા માટે જ અપ્રમાદભાવથી સંયમની સર્વ ક્રિયાઓ કરે છે, તેઓને લાખો વર્ષોનું આયુષ્ય હોય અને તે દીર્ઘકાળમાં સંયમજીવનનાં ઘણાં કષ્ટો હોય કે ઉપસર્ગો વગેરે હોય તે ઉપસ્થિત થતા નથી અને અક્ષર એવા પરસુખમાં મગ્ન પોતાના પસાર થયેલા કાળને તેઓ જાણતા નથી.

આનાથી એ ફલિત થાય છે કે, સાધુવેશમાં પણ જેઓ અક્ષર એવા પરસુખમાં લીન નથી, તેઓને કષ્ટકારી સંયમજીવન અને પ્રતિકૂળ સંયોગોવાળી અવસ્થાનો અલ્પકાળ પણ ઘણો મોટો જણાય છે. તેનું કારણ તેઓ આત્માના પ્રકૃષ્ટ સુખમાં મગ્ન રહી શકતા નથી. આથી, કલ્યાણના અર્થીએ યોગીઓની મગ્નતાનો વિચાર કરીને સિદ્ધાવસ્થાના સુખના પરમાર્થને જાણવા માટે યત્ન કરવો જોઈએ અને સંયમની ક્રિયા દ્વારા તેમાં ચિત્ત મગ્ન થાય તે પ્રકારની શક્તિનો સંચય કરવો જોઈએ. જેમ નાટકમાં મગ્ન રહેનારા જીવો સુખપૂર્વક કાલ પસાર કરે છે અને તે નાટક જેઓને રસપ્રદ જણાતું નથી તેઓને તે નાટકનો કાળ પણ દીર્ઘ જણાય છે. તેમ કષ્ટમય સંયમજીવનનો કાળ દીર્ઘકાળ જણાય તો સ્વસ્થતાનું સુખ મળે નહીં. માટે સ્વસ્થતાના સુખના અર્થીએ પરસુખમાંથી આનંદ લેવાની શક્તિનો સંચય થાય તે પ્રકારે યોગમાર્ગને સેવવો જોઈએ. **॥૩૨॥**

**અવતરણિકા :-**

**જ્યારે યોગીઓ એકાંતમાં રહીને અંતરંગ સુખમાં મગ્ન થઈ શકે છે, ત્યારે જ વિષયોની ઈચ્છા શમે છે. અન્યથા સંયમની ક્રિયાથી વિષયોની ઈચ્છાનું શમન દુષ્કર છે. તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**मृगमित्रो यदा योगी वनवाससुखे रतः ।**
**तदा विषयशर्मेच्छामृगतृष्णा विलीयते ।।३३।।**

**શ્લોકાર્થ :-**

**મૃગનો મિત્ર એવો યોગી જ્યારે વનવાસના સુખમાં રત રહે છે, ત્યારે મૃગતૃષ્ણારૂપ વિષયસુખની ઈચ્છા વિલય પામે છે. ।।૩૩।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને કોઈક પ્રકારના સંગથી જ આનંદ થાય છે. તેથી કોઈનું મુખ જોવા ન મળે, કોઈ સાથે વાર્તાલાપ કરવા ન મળે તેવા સ્થાનમાં તેઓ થોડીવાર પણ પસાર કરી શકે નહીં તો દીર્ઘકાળ તો કઈ રીતે રહી શકે ? જ્યારે યોગીઓ કોઈના સંગની અપેક્ષા વગર અસંગભાવમાં રહેવાના અર્થી હોય છે, તેથી પોતાના અસંગભાવને અતિશયિત કરવા માટે ભૂમિકાસંપન્ન યોગી વનવાસમાં રહીને શુદ્ધાત્માના પારમાર્થિક સુખમાં રત રહેવા યત્ન કરનારા બને છે. તે વખતે મૃગલાઓ જ તેમના મિત્ર હોય છે. અર્થાત્ મુનિને તે મૃગલા પ્રત્યે પણ કોઈ પ્રતિબંધ કે મિત્રબુદ્ધિ નથી છતાં તે નિર્જન પ્રદેશમાં મૃગલા સિવાય બીજા કોઈ નથી, તેથી જાણે મૃગલા જ તેમના મિત્ર ન હોય તેવા તે યોગી જણાય છે. આવા યોગી વનવાસમાં રહીને સિદ્ધ અવસ્થાના પારમાર્થિક સુખને ઉલ્લસિત કરવા માટે આત્માને શાસ્ત્રવચનોથી ભાવિત કરે છે અને ઝાંઝવાના જળરૂપ વિષયસુખની ઇચ્છાઓ તેઓને અસાર જણાય છે. તેથી જેમ તૃષાના અર્થી પુરુષને બોધ થાય કે, આ ઝાંઝવાનું જળ છે, પારમાર્થિક જળ નથી તો તેને તે જળની ઇચ્છા થતી નથી પરંતુ પારમાર્થિક જળની જ ઇચ્છા થાય છે. તેમ તે યોગીઓને ઝાંઝવાનાં જળરૂપ વિષયનાં સુખની ઇચ્છા થતી નથી પરંતુ શાંતરસના પરમસુખની ઇચ્છામાં જ તેઓ રત હોય છે. **।।૩૩।।**

**અવતરણિકા :-**

વનમાં રહેલા યોગીઓને કેવું સુખ હોય છે, તે સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

वने शान्तः सुखासीनो, निर्द्वन्द्वो निष्परिग्रहः ।
प्राप्नोति यत्सुखं योगी सार्वभौमोऽपि तत्कुतः ।।३४।।

**શ્લોકાર્થ :-**

**વનમાં શાંત પ્રકૃતિવાળા, સુખપૂર્વક બેઠેલા, અંતરંગ રાગ-દ્વેષ વગેરેનાં દ્વંદ્વોથી રહિત, સર્વ પરિગ્રહથી રહિત યોગી જે સુખને પ્રાપ્ત કરે છે, તે સુખને સાર્વભૌમવાળા રાજા પણ ક્યાંથી પ્રાપ્ત કરે ? ।।૩૪।।**

**ભાવાર્થ :-**

સુખ બે પ્રકારનું છે : (૧) અસાંયોગિક સુખ, (૨) સાંયોગિક સુખ. અસાંયોગિક સુખ જીવની મૂળ પ્રકૃતિરૂપ હોવાથી જીવની સ્વાભાવિક સ્વસ્થતારૂપ છે. વળી, અસાંયોગિક સુખ દ્વંદ્વોની કલુષિતતાવાળું નથી અને પ્રકર્ષને પામીને મોક્ષના પૂર્ણસુખમાં વિશ્રાંત થનાર છે. તેથી વર્તમાનમાં પણ સુખ છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને તે પૂર્ણસુખરૂપ બને છે.

સાંયોગિક સુખ બાહ્ય સંયોગની અપેક્ષાવાળા જીવોને પુણ્યના સહકારથી પ્રાપ્ત થાય છે અને તે સાંયોગિક સુખ રાગાદિ ભાવોનાં દ્વંદ્વથી આક્રાંત છે. અંતરંગ સંગ આદિની વૃત્તિઓથી દૂષિત છે, નાશના ભયવાળું છે અને ગમે ત્યારે નાશ પામે તેવું છે અને સાંયોગિક સુખમાં લીન થવાથી કર્મબંધની પ્રાપ્તિ અને અનર્થોની પરંપરા પ્રાપ્ત થયા છે. માટે અનર્થ ફલવાળું છે. આ રીતે સાંયોગિક સુખ જીવની વિડંબનાના ફલવાળું છે અને અસાંયોગિક સુખ વર્તમાનમાં સ્વસ્થતારૂપ અને અંતે પૂર્ણ સ્વસ્થતાના ફલવાળું છે. તેથી યોગીઓ તુચ્છ અને અસાર એવા સાંયોગિક સુખનો ત્યાગ કરીને અસાંયોગિક સુખની નિષ્પત્તિ અર્થે સર્વ ઉદ્યમ કરનારા હોય છે. તેવા યોગીઓ વનમાં બેસીને આત્માને

સુખથી ભાવિત કરતા હોય છે ત્યારે તેઓની ઇન્દ્રિયની ઉત્સુકતા શાંત થયેલી હોય છે. તેથી બાહ્ય પદાર્થોને જોવાની, જાણવાની કે તેમાંથી આનંદ લેવાની વિહ્વળતારૂપ કોઈ વ્યાકુળતા તેમનામાં નથી.

વળી, પૂર્ણ અસાંયોગિક સુખ પ્રગટ કરવા માટે તે યોગીઓ યોગસાધનામાં ઉપષ્ટંભક એવા સુખપૂર્વકના આસનમાં બેઠેલા હોય છે. ચિત્ત અસાંયોગિક સુખની પરાકાષ્ઠાને પામેલા સિદ્ધના સ્વરૂપમાં લીન પામેલું હોવાથી ચિત્તમાં રાગ-દ્વેષ, રતિ-અરતિ કે અન્ય કોઈ તેવાં મોહનાં દ્વંદ્વ વર્તતાં નથી. તેથી નિર્દ્વંદ્વ પરિણામવાળા હોય છે. વળી, બાહ્ય કોઈ પરિગ્રહ નહીં હોવાથી અને બાહ્ય કોઈ પદાર્થ પ્રત્યે, દેહ પ્રત્યે કે ધર્મનાં ઉપકરણ પ્રત્યે પણ મમત્વ નહીં હોવાથી નિષ્પરિગ્રહી છે. તેવા યોગીઓને અસાંયોગિક ભાવને અભિમુખ મોહની અનાકુલતાજન્ય જે શ્રેષ્ઠ સુખ છે, તેવું સુખ મોહથી આકુળ, દ્વંદ્વોથી હણાયેલા એવા સાર્વભૌમ રાજાઓને પણ ક્યાંથી હોય ? અર્થાત્ તે સાર્વભૌમ રાજાઓનું સુખ તુચ્છ એવા બાહ્ય પદાર્થોના બળથી ક્ષણિક એવું નિઃસાર સુખ છે અને યોગીઓને શાશ્વત સુખનું એક કારણ એવું પરમ સ્વસ્થતારૂપ સુખ છે. માટે, સુખના અર્થી જીવોએ તેવા યોગીઓના સુખનું સ્મરણ કરીને યોગમાર્ગને અનુકૂળ ભાવશુદ્ધિમાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, યોગીઓને વનમાં પણ સુખ થાય છે ત્યાં પ્રશ્ન થાય કે, જ્યાં સુખને અનુકૂળ કોઈ સામગ્રી નથી, તેવા વનમાં સુખ કઈ રીતે સંભવે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**जन्मभूत्वात् पुलिन्दानां वनवासे यथा रतिः ।**
**तथा विदिततत्त्वानां यदि स्यात् किमतः परम् ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**ભીલલોકોનું જન્મભૂપણું હોવાથી=વનવાસમાં જન્મેલા હોવાથી, જે પ્રમાણે વનવાસમાં રતિ છે તે પ્રમાણે વિદિતતત્ત્વવાળા યોગીઓને જો**

**થાય=વનવાસમાં રતિ થાય, તો આનાથી પર શું છે=આનાથી આશ્ચર્ય જેવું શું છે ? અર્થાત્ આશ્ચર્ય નથી. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

ભીલલોકો વનપલ્લીમાં રહેનારા હોય છે અને તેઓનો જન્મ ત્યાં થયેલો હોવાથી તે ભૂમિમાં પોતે જન્મેલા છે, તેવી બુદ્ધિ હોવાને કારણે ભોગસામગ્રી રહિત એવા વનવાસમાં પણ આ મારી માતૃભૂમિ છે તેવી બુદ્ધિ થવાથી ત્યાં રતિ થાય છે. તે પ્રમાણે જે મહાત્માઓએ આત્માના પારમાર્થિક સુખનું તત્ત્વ જાણ્યું છે, તેઓ વિચારે છે કે, આત્મા સિદ્ધ અવસ્થામાં, સર્વસંગરહિત એકલો જ છે, અને આથી જ સુખી છે અને સંસાર અવસ્થામાં એકલો નથી અને દેહાદિ પરિગ્રહવાળો છે, આથી જ દુઃખી છે. તેથી સંપૂર્ણ એકત્વભાવને પ્રગટ કરવાના અર્થી એવા તેઓને તેના ઉપાયભૂત બાહ્યસંગનો ત્યાગ દેખાય છે. અને બાહ્યસંગનો ત્યાગ વનમાં સુકર દેખાય છે. તેથી બાહ્યસંગવાળી મેદનીયુક્ત નગર આદિની વસ્તી કરતાં બાહ્ય સંગ વગરની મનુષ્યની મેદની રહિત વનની નિર્જનભૂમિ તેઓને નિસંગતાનું કારણ જણાવાથી રતિ ઉત્પન્ન કરે છે. અર્થાત્ વનવાસની ભૂમિના પ્રતિબંધથી ભીલને જેમ વનવાસમાં રતિ છે, તેમ મુનિઓને ભૂમિના પ્રતિબંધને કારણે વનવાસમાં રતિ નથી, પરંતુ નિસંગતાના ઉપાયભૂત એવા વનવાસમાં રતિ છે. એમાં શું આશ્ચર્ય જેવું છે ! અર્થાત્ કોઈ આશ્ચર્ય નથી. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**વળી, અન્ય પ્રકારે પ્રતિબંધનો પરિહાર થાય તેવો ભાવશુદ્ધિજનક ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**एको गर्भे स्थितो जात एक एको विनङ्क्ष्यसि ।**
**तथापि मूढ! पत्न्यादीन् किं ममत्वेन पश्यसि? ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**ગર્ભમાં એકલો રહ્યો, એક્લો જન્મ્યો, એક્લો મૃત્યુ પામીશ, તોપણ હે મૂઢ ! પત્ની આદિને મમત્વથી કેમ જુએ છે ? ॥૩૬॥**

**ભાવાર્થ :-**

સિદ્ધ અવસ્થામાં આત્મા દ્રવ્યથી અને ભાવથી સર્વ સંગ વગરનો છે અને **ભાવથી સંગ વગરની અવસ્થાથી જ દ્રવ્યથી સંગ વગરની અવસ્થા પ્રાપ્ત થાય છે.** છતાં ભાવથી સંગ છોડવો અતિદુષ્કર છે. તેથી સંસારને કદર્થનારૂપે અને મોક્ષને સુખરૂપે જોનારા મહાત્માઓ પણ ભાવથી સંગબુદ્ધિનો પરિહાર કરી શકતા નથી. તેથી પત્ની આદિ જે કોઈ પ્રત્યે ચિત્તને પ્રતિબંધ હોય તે પ્રતિબંધને કારણે તેના પ્રત્યે મમત્વબુદ્ધિને ધારણ કરે છે. આ મમત્વબુદ્ધિના પરિહારનો ઉપાય પદાર્થનું વાસ્તવિક અવલોકન છે. તેથી તે અવલોકનને બતાવતાં કહે છે કે હે મૂઢ ! તું ગર્ભમાં આવ્યો ત્યારે પરભવથી કોઈને સાથે લઈ આવ્યો નથી. એકલો જ આવ્યો છે અને ગર્ભમાં એકલો જ રહ્યો છે. વળી, જન્મ્યો ત્યારે પણ એકલો જ જન્મેલો, કોઈને સાથે લઈ જન્મ્યો નથી. વળી, મૃત્યુ પામીશ ત્યારે પણ એકલો જ મૃત્યુ પામીશ પરંતુ કોઈને સાથે લઈને અહીંથી જવાનું નથી. તેથી ફલિત થાય છે કે, ગર્ભકાળમાં પણ દ્રવ્યથી કોઈનો સંગ નહોતો, જન્મકાળમાં પણ દ્રવ્યથી સંગ ન હતો, મૃત્યુકાલમાં પણ દ્રવ્યથી સંગ નહિં હોય, તેવાં પત્ની આદિ પ્રત્યે સંગની બુદ્ધિ કરીને તેઓને મમત્વથી કેમ જુએ છે ? અર્થાત્ આ મમત્વની બુદ્ધિ જ તને પૂર્ણસુખમય મોક્ષસુખની પ્રાપ્તિમાં બાધક છે માટે પદાર્થના સ્વરૂપનું સમ્યક્ પર્યાલોચન કરીને મમત્વબુદ્ધિનો ત્યાગ કર. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**ભાવશુદ્ધિ માટે વૈરાગ્ય ઉલ્લસિત કરવા કહે છે –**

**શ્લોક :-**

**पापं कृत्वा स्वतो भिन्नं कुटुम्बं पोषितं त्वया ।**
**दुःखं सहिष्यसे स्वेन, भ्रान्तोऽसि हा महान्तरे? ॥३७॥**

**શ્લોકાર્થ :-**

**પાપને કરીને પોતાનાથી ભિન્ન એવા કુટુંબને તેં પોષ્યું તે સ્વેન=સ્વના પાપોથી, તું દુઃખને સહન કરીશ. આ ખેદની વાત છે કે, મહાન અંતરમાં= પોતાના અને પરના વિષયમાં જે મહાન અંતર છે, તેમાં તું ભ્રાન્ત છું. II૩૭II**

**ભાવાર્થ :-**

સંસારની જીવનવ્યવસ્થા જ પાપથી થાય તેવી છે અને પરમાર્થથી જીવ એકલો છે અને પોતાનાથી ભિન્ન એવા કુટુંબને મમત્વથી પોતાનું માને છે. અને તેના માટે આરંભ-સમારંભ કરીને તેઓને પોષે છે અને તેઓ પ્રત્યેના મમત્વનાં કારણે જે આરંભ-સમારંભ કર્યા તે સર્વ પાપોનાં દુઃખને તું સહન કરીશ. ખેદની વાત છે કે, પોતાના આત્માથી અન્ય સર્વ ભિન્ન છે તે પ્રકારના મહાઅંતરમાં તું ભ્રાન્ત છું. તેથી જ અંતર હોવા છતાં તેઓમાં પોતાની સાથે અંતર નથી, પોતાનાં છે તેમ માનીને તેઓ પ્રત્યે મમત્વ કરી અને આરંભ-સમારંભ કરીને તું સ્વયં તે સર્વના ફલરૂપ દુઃખને મેળવીશ. માટે તે ભ્રમને દૂર કરીને નિરારંભ જીવન માટે જીવવીર્ય ઉલ્લસિત થાય તે માટે આ પ્રકારનો ઉપદેશ આપે છે. II૩૭II

**અવતરણિકા :-**

**પાપથી નિવૃત્તિ માટેનો પ્રેરણાદાયક ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**चलं सर्वं क्षणाद् वस्तु दृश्यतेऽथ न दृश्यते ।**

**अजरामरवत् पापं, तथापि कुरुषे कथम्? ।।३८।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ વસ્તુ ચલ દેખાય છે. અથ=આથી, ક્ષણ પછી દેખાતી નથી તોપણ અજર અમરની જેમ અર્થાત્ પોતે અજરઅમર છે તેમ, તું પાપ કેમ કરે છે ? II૩૮II**

**ભાવાર્થ :-**

જગતમાં સર્વ પદાર્થો ચલ દેખાય છે. પોતાના ભવ પણ ચલ દેખાય છે. આથી, ક્ષણ પછી તે નથી તેમ પણ દેખાય છે. છતાં તે સર્વનો વિચાર કર્યા વગર પોતે જાણે અજરઅમર ન હોય તેમ માનીને તું પાપ કેમ કરે છે ? અર્થાત્ આ ક્ષણિક જગતમાં વિચાર્યા વગર પાપ કરીશ તો ભવ પૂરો થયા પછી તે પાપનું કારમું ફળ તારે જ ભોગવવું પડશે. આ પ્રકારે માર્ગાનુસારી ચિંતન કરવાથી અનાદિના ભોગના સંસ્કારોને કારણે, બાહ્ય પદાર્થો ચલ હોવા છતાં જે પાપપ્રવૃત્તિ ઉલ્લસિત થાય છે તે પણ ભાવિના અનર્થના સ્મરણના બળથી તિરોધાન પામે છે. માટે કલ્યાણના અર્થી જીવે હંમેશાં પાપનાં કટુફળનો વિચાર કરીને પણ પાપથી વિરામ પામવું જોઈએ. આ પ્રામાણિક ભય છે. **પાપનાં ફલમાં નિર્ભીકતા દોષ છે, ભય ગુણ છે. ॥૩૮॥**

**અવતરણિકા :-**

**દેહના મમત્વના ત્યાગ અર્થે માર્ગાનુસારી ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**सप्तधातुमये श्लेष्ममूत्राद्यशुचिपूरिते ।**
**शरीरकेऽपि पापाय, कोऽयं शौचाग्रहस्तव? ।।३९।।**

**શ્લોકાર્થ :-**

**શ્લેષ્મ, મલ, મૂત્રથી પૂર્ણ સપ્તધાતુમય એવા આ શરીરમાં પણ પાપ માટે આ શૌચનો તારો આગ્રહ શું છે ? ॥૩૯॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને અશુચિ પ્રત્યે જુગુપ્સા હોય છે. તેથી પોતાના શરીરમાં રહેલી અશુચિ પણ બહાર આવે છે ત્યારે તેને દૂર કરવા માટે શૌચનો આગ્રહ રાખી શુદ્ધિ માટે યત્ન કરે છે. **આ શુદ્ધિ દેહના મમત્વમાંથી ઉત્થિત થયેલી હોવાથી અને અન્ય જીવોની હિંસારૂપ હોવાથી પાપબંધનું કારણ છે.** તેથી મહાત્મા

કહે છે : આ શરીર જ શ્લેષ્મ, મળ, મૂત્ર વગેરે અશુચિથી પૂરિત સપ્તધાતુમય છે. તેથી તેને ગમે એટલું પવિત્ર કરવામાં આવે તોપણ ફરી-ફરી તે અશુચિના બળથી અપવિત્ર જ થવાનું. તેવા દેહ પ્રત્યે પાપનું કારણ બને તેવો શૌચનો આગ્રહ મૂઢતાસૂચક છે. માટે તેનો ત્યાગ કરીને દેહ પ્રત્યે મમત્વનો ત્યાગ કરવા યત્ન કર. ॥૩૯॥

**અવતરણિકા :-**

**નિરારંભ જીવન જીવવા માટે માર્ગાનુસારી ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**शारीरमानसैर्दुःखैर्बहुधा बहुदेहिनः ।**
**संयोज्य साम्प्रतं जीव! भविष्यसि कथं स्वयम् ।।४०।।**

**શ્લોકાર્થ :-**

**શારીરિક અને માનસિક દુઃખો વડે ઘણા પ્રકારે ઘણા જીવોને વર્તમાનમાં સંયોજન કરીને હે જીવ ! તું સ્વયં કેવી રીતે થઈશ અર્થાત્ તું સ્વયં કેવી રીતે સુખી થઈશ ? ॥૪૦॥**

**ભાવાર્થ :-**

આત્માને સંબોધીને પાપની નિવૃત્તિ માટેનો ઊહ બતાવતાં કહે છે હે જીવ ! સંસારની પ્રવૃત્તિઓ કરતી વખતે તું ઘણા પ્રકારે, ઘણા જીવોને શારીરિક અને માનસિક દુઃખો સાથે વર્તમાનમાં યોજન કરે છે અને તેનાથી જ તારી જીવનવ્યવસ્થા છે. આ રીતે તું જીવીશ તો અન્યને દુઃખો આપવા દ્વારા તું સ્વયં કેવી રીતે સુખી થઈશ ? અર્થાત્ અન્યને દુઃખ આપવાના ફળરૂપ ભવિષ્યમાં તને દુઃખોની જ પ્રાપ્તિ થશે. માટે આરંભમય જીવનનો ત્યાગ કરીને નિરારંભ જીવન માટે યત્ન કર, જેથી ભાવિમાં તારું હિત થાય. ॥૪૦॥

**અવતરણિકા :-**

**પ્રમાદના પરિહાર અર્થે માર્ગાનુસારી ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**धर्मं न कुरुषे मूर्ख! प्रमादस्य वशंवदः ।**
**कल्ये हि त्रास्यते कस्त्वां, नरके दुःखविह्वलम् ।।४१।।**

**શ્લોકાર્થ :-**

**હે મૂર્ખ ! પ્રમાદને વશંવદ એવો=આધીન એવો, તું ધર્મ કરતો નથી (તો) નરકમાં દુઃખથી વિહ્વલ એવા તને કાલે કોણ ત્રાણ થશે ? ।।૪૧।।**

**ભાવાર્થ :-**

આત્માને સંબોધીને કહે છે, હે મૂર્ખ ! અનાદિના ભવ અભ્યસ્ત એવા પ્રમાદને વશ થયેલો તું આત્મગુણોના વિકાસને અનુકૂળ અંતરંગ યત્ન કરતો અને ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિના બળથી બંધાયેલા પાપને કારણે કાલે તું નરકમાં જઈશ, તે વખતે દુઃખથી વિહ્વળ એવા તને ત્યાં કોણ ત્રાણ=શરણ, થશે ? અર્થાત્ કોઈ ત્રાણ થશે નહીં; કેમ કે ધર્મ જ સંસારી જીવો માટે ત્રાણ છે અને જેણે ધર્મ સેવ્યો નથી, તેમને તો નરકની કારમી યાતના જ વેઠવાની છે. આ પ્રકારનાં વચનોથી પ્રમાદને છોડીને આત્મા ધર્મ માટે ઉદ્યમવાળો થાય છે. **।।૪૧।।**

**અવતરણિકા :-**

**પાપના ત્યાગ માટે માર્ગાનુસારી ઉપદેશ આપે છે –**

**શ્લોક :-**

**कन्धराबद्धपापाश्मा, भवाब्धौ यद्यधोगतः ।**
**क्व धर्मरज्जुसंप्राप्तिः? पुनरुच्छलनाय ते ।।४२।।**

**શ્લોકાર્થ :-**

**ગળામાં બંધાયેલા પાપરૂપી પથ્થરથી ભવરૂપી સમુદ્રમાં જો તું નીચે ગયેલો થઈશ અર્થાત્ ડૂબેલો થઈશ તો તેમાંથી બહાર નીકળવા માટે ધર્મરજ્જુની સંપ્રાપ્તિ તને ક્યાં થશે ? અર્થાત્ થશે નહીં. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

મનુષ્યભવને પામીને જેઓ પ્રમાદને વશ જીવનવ્યવસ્થાની પ્રવૃત્તિમાં જ રત છે, તેઓ જીવનવ્યવસ્થા માટે દિવસ-રાત પ્રવૃત્તિ કરીને પાપરૂપી પત્થર ગળામાં બાંધે છે અને આ રીતે આયુષ્ય પૂરું થવાથી ચારગતિનાં પરિભ્રમણરૂપ ભવસમુદ્રમાં જો કોઈક એવા ખરાબ ભવોમાં તુ ચાલ્યો જઈશ, તે વખતે તેમાંથી બહાર નીકળવા માટે કોઈ રસ્તો નહીં મળે. માટે જો અત્યારે તેં ધર્મ સેવ્યો હશે તો કોઈક નિમિત્તથી સમુદ્રમાં પડ્યો હોઈશ તોપણ વર્તમાનમાં સેવાયેલા ધર્મ દ્વારા બંધાયેલા ઉત્તમ પુણ્યની સહાયથી તું બહાર નીકળીશ. માટે પ્રમાદને છોડીને ધર્મ સેવવા માટે જ ઉદ્યમ કર. તે પ્રકારે આત્માને અનુશાસન આપે છે. **॥૪૨॥**

**અવતરણિકા :-**

**સાંસારિક સુખની અસારતાનું ભાવન કરે છે –**

**શ્લોક :-**

**दुःखकूपेऽत्र संसारे, सुखलेशभ्रमोऽपि यः ।**
**सोऽपि दुःखसहस्रेणानुविद्धोऽतः कुतः सुखम्? ।।४३।।**

**શ્લોકાર્થ :-**

**દુઃખરૂપ એવા આ સંસારરૂપી કૂવામાં જે સુખલેશનો ભ્રમ પણ છે, તે પણ હજારો દુઃખોથી અનુવિદ્ધ છે. આથી સુખ ક્યાંથી હોય ? ॥૪૩॥**

**ભાવાર્થ :-**

**સંસાર એટલે કર્મને પરવશ ચારગતિઓમાં પરિભ્રમણ** અને જીવ માટે આ પરિભ્રમણ દુઃખદાયી કૂવામાં કોઈને નાંખવામાં આવે તેના જેવું છે. તેથી દુઃખદાયી એવા સંસારરૂપી કૂવામાં પડેલા જીવ માટે મનુષ્યઆદિ ભવમાં જે સુખલેશનો ભ્રમ દેખાય છે, તે પણ અનેક પ્રકારનાં શારીરિક, માનસિક, કાષાયિક દુઃખોથી અનુવિદ્ધ છે=હણાયેલું છે. તેથી ઘણાં દુઃખોથી અનુવિદ્ધ

એવું નહિવત્ સુખ પરમાર્થથી સુખ કહેવાય નહીં. માટે સંસારમાં સુખ ક્યાંથી હોય ? માટે જ સુખના અર્થીએ સદા સંસારના ઉચ્છેદ માટે જ ઉદ્યમ કરવો જોઈએ. **॥૪૩॥**

**અવતરણિકા :-**

**સંસારથી વિરક્ત થવાનો ઉપાય બતાવે છે –**

**શ્લોક :-**

**दुःखितानखिलाञ्जन्तून् पश्यतीह यथा यथा ।**
**तथा तथा भवस्यास्य विशुद्धात्मा विरज्यति ।।४४।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=સંસારમાં, વિચારક જીવ જે-જે પ્રમાણે સર્વ જીવોને દુઃખિત જુએ છે, તે-તે પ્રમાણે વિશુદ્ધ એવો તેનો આત્મા આ ભવથી વિરક્ત બને છે. ॥૪૪॥**

**ભાવાર્થ :-**

માર્ગાનુસારી દૃષ્ટિથી સંસારનું અવલોકન કરવામાં આવે તો, સંસારવર્તી સર્વ જીવો અનેક પ્રકારનાં દુઃખોથી ઘેરાયેલા દેખાય છે. અને જેમ-જેમ તત્ત્વને જોવાની માર્ગાનુસારી દૃષ્ટિવાળો એવો શુદ્ધાત્મા તે-તે પ્રકારે સંસારનું અવલોકન કરે છે, તેમ-તેમ વિચારક જીવને આ સંસારથી વૈરાગ્ય થાય છે. તેથી ભવથી વિરક્ત થવા માટે સંસારનું વાસ્તવિક સ્વરૂપ અને સંસારમાં જીવોની થતી વિડંબનાને સૂક્ષ્મદૃષ્ટિથી જોવી જોઈએ. જેથી ભવના ઉચ્છેદ માટે સદ્વીર્ય ઉલ્લસિત થાય. **॥૪૪॥**

**અવતરણિકા :-**

**માર્ગને પામેલા પણ મૂર્ખ જીવોની ચેષ્ટા બતાવે છે –**

**શ્લોક :-**

**संसारावर्तनिर्मग्नो घूर्णमानो विचेतनः ।**
**अध एव जनो याति निकटेऽपि तटे हहा ।।४५।।**

**શ્લોકાર્થ :-**

**ખેદની વાત છે કે, કિનારો નિકટ હોવા છતાં પણ સંસારના આવર્તમાં નિમગ્ન, ઘૂર્ણમાન=ચકાવા લેતો, વિચેતન એવો આ જન નીચે જ જાય છે. ।।૪૫।।**

**ભાવાર્થ :-**

જે જીવો મનુષ્યજન્મને પામ્યા છે, ઉપદેશની સામગ્રી પ્રાપ્ત કરી છે તેઓ સદ્વીર્ય ઉલ્લસિત કરે તો સંસારરૂપી સમુદ્રમાંથી સુખપૂર્વક બહાર નીકળી શકે તેવી ભૂમિકાવાળા છે. આથી, પૂર્વમાં જે અનંતકાળ પસાર કર્યો તેની અપેક્ષાએ અલ્પકાળમાં સંસારસાગરના કિનારાને પામે તેવા છે, અર્થાત્ તેઓ નિકટ તટવર્તી છે. આમ છતાં, ખેદની વાત છે કે, મનુષ્યભવને પામીને પણ સંસારની પ્રવૃત્તિઓમાં જ રચ્યા-પચ્યા રહે છે. ધર્મ સાંભળે ત્યારે કંઈક ચેતના આવે તોપણ ફરી સંસારમાં નિમિત્તો પ્રમાણે સંસાર આવર્તમાં જ મગ્ન રહેનારા છે. તેઓ સમુદ્રમાં વર્તતા આવર્તોના ચકાવામાં ગોળ-ગોળ ફરનારા છે. સંસારના ઊહ માટેની તેમની ચેતના નષ્ટ થયેલી છે. તેથી પ્રાણ ધારણ કરનારા હોવા છતાં વિચેતન જ છે અને તેવા જીવો સમુદ્રમાં તટ પાસે આવેલા હોવા છતાં સમુદ્રના ચકરાવામાં ગોળ-ગોળ ફરીને એકેન્દ્રિયમાં જ જાય છે જ્યાં ઘણાં કાળ સુધી બહાર નીકળવાનો સંયોગ મળતો નથી. આથી જ સંસારમાં ચૌદપૂર્વધરો પણ પ્રમાદને વશ થઈને નિગોદમાં જાય છે ત્યારે તે તટ પાસે આવેલા પણ રસ-ઋદ્ધિ-શાતા ગારવમાં ફસાઈ સંસારની વિડંબના પ્રાપ્ત કરે છે. આ પ્રકારે વિચારવાથી સંસારના આવર્તમાંથી બહાર નીકળવાને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. માટે અવધારણપૂર્વક તે પ્રકારનું ચિંતવન કરવું જોઈએ. **।।૪૫।।**

**અવતરણિકા :-**

**સંસારથી પાર પામવાનો માર્ગાનુસારી ઉપાય બતાવે છે –**

**શ્લોક :-**

**तिर्यग्गोऽयं यथा च्छिन्दन् नद्याः स्यात् पारगः सुधीः ।**
**भवस्यापि तथोत्सर्गापवादकुशलो मुनिः ।।४६।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે નદીમાં પડેલો સુંદર બુદ્ધિવાળો પુરુષ નદીને બે હાથથી છેદતો તિર્છું ગમન કરનાર એવો નદીના પારને પહોંચનારો થાય છે તે પ્રમાણે ઉત્સર્ગ-અપવાદમાં કુશળ એવો મુનિ ભવના પારને પ્રાપ્ત કરનારો થાય છે. ||૪૬||**

**ભાવાર્થ :-**

નદીમાં પડેલો તરવૈયો નદીમાં તિર્છો જાય છે અને હાથ પગની ચેષ્ટાથી પાણીને છેદતો-છેદતો સુખપૂર્વક નદીના કિનારે પહોંચે છે. તે પ્રમાણે ભગવાનનાં શાસ્ત્રના પરમાર્થને જાણનાર કુશલ બુદ્ધિવાળા મુનિ ઉત્સર્ગ-અપવાદને ઉચિત સ્થાને જોડીને અને આત્મામાંથી મોહના પ્રવાહને દૂર કરીને યોગમાર્ગમાં સુદઢ પ્રયત્ન કરવા દ્વારા ભવના પારને પામે છે.

અહીં 'ઉત્સર્ગ-અપવાદકુશલમુનિ' કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, ભગવાને બતાવેલ ઉત્સર્ગ-અપવાદનાં દરેક વચનો, ભવના ઉચ્છેદને અનુકૂળ આત્માના સદ્વીર્યને ઉલ્લસિત કરે તે પ્રકારના માર્ગને બતાવનારા છે અને જે મુનિ તેમાં કુશલ છે તે મુનિ ઉત્સર્ગને સ્થાને ઉત્સર્ગનું અને અપવાદના સ્થાને અપવાદનું યોજન કરે છે. જેથી ઉત્સર્ગ-અપવાદ બંને ચેષ્ટાઓ ભવમાંથી બહાર નીકળવાને અનુકૂળ માર્ગાનુસારી વ્યાપારરૂપ બને છે. તેથી તેવા મુનિ શીઘ્ર ભવના અંતને પામે છે. **||૪૬||**

**અવતરણિકા :-**

ભાવશુદ્ધિજનક ઉપદેશનું નિગમન કરતાં કહે છે –

**શ્લોક :-**

एभिः सर्वात्मना भावैर्भावितात्मा शुभाशयः ।
कामार्थविमुखः शूरः सुधर्मैकरतिर्भवेत् ।।४७।।

**શ્લોકાર્થ :-**

**સર્વાત્માથી=સર્વ અંતરંગ ઉધમથી, આ ભાવો વડે="યોગસાર" નામના ગ્રંથમાં બતાવેલા ભાવો વડે, ભાવિતાત્મા, શુભાશયવાળો, કામ અને અર્થથી વિમુખ, શૂર=કર્મોના નાશ કરવા માટે શૂરવીર, સુધર્મ એક રતિવાળો થાય. ।।૪૭।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પાંચ પ્રસ્તાવ દ્વારા યોગનો સાર બતાવ્યો. જેના યથાર્થ પરમાર્થને જાણીને જે મહાત્મા સર્વાત્માથી=પોતાના વિધમાન સર્વ જ્ઞાન અને વીર્યશક્તિથી, આ ભાવો વડે આત્માને ભાવિત કરે અર્થાત્ આ 'યોગસાર' ગ્રંથનાં દરેક વચનોને અને તેના અર્થોને પોતાના નામની જેમ સ્થિર-પરિચિત કરે અને તે ભાવોથી વાસિત મતિવાળા થઈને પોતાનું જીવન વ્યતીત કરે તો તે મહાત્મા શુભાશયવાળા બને છે. અર્થાત્ સંસારના ઉચ્છેદ અને મોક્ષને સાધવાના શુભાશયવાળા બને છે, કામ અને અર્થથી વિમુખ માનસવાળા બને છે અને અનાદિના મોહના સંસ્કારોને નાશ કરવા માટે શૂરવીર બને છે અને તેવા મહાત્માને માત્ર સુંદર એવા ધર્મની નિષ્પત્તિમાં એક રતિ વર્તે છે પરંતુ ક્યાંય અન્ય ઠેકાણે રતિ રહેતી નથી. તેથી કલ્યાણના અર્થીએ 'યોગસાર' ગ્રંથના ભાવોથી અત્યંત ભાવિત થઈને સદા ઉધમ કરવો જોઈએ. જેથી આ સંસારનો સુખપૂર્વક અંત થાય. ॥૪૭॥

**અવતરણિકા :-**

ગ્રંથકારશ્રી અંતમાં આ 'યોગસાર' ગ્રંથના ભાવનથી થતું ફલ બતાવે છે –

**શ્લોક :-**

इति तत्त्वोपदेशौघक्षालितामलमानसः ।
निर्द्वन्द्व उचिताचारः सर्वस्यानन्ददायकः ।।४८।।
स्वस्वरूपस्थितः पीत्वा योगी योगरसायनम् ।
निःशेषक्लेशनिर्मुक्तं प्राप्नोति परमं पदम् ।।४९।।

**શ્લોકાર્થ :-**

**આ પ્રકારે=શ્લોક-૪૭માં બતાવ્યું એ પ્રકારે, તત્ત્વ-ઉપદેશના સમૂહથી ક્ષાલિત એવા અમલ માનસવાળો, નિર્દ્વન્દ્વ, ઉચિત આચારવાળો, સર્વ જીવોને આનંદ દેનારો, સ્વસ્વરૂપમાં રહેલ યોગી યોગ રસાયનનું પાન કરીને નિઃશેષ=સંપૂર્ણ, ક્લેશથી રહિત એવા પરમપદને પ્રાપ્ત કરે છે. ।।૪૮-૪૯।।**

**ભાવાર્થ :-**

કોઈ વિચારક પુરુષ આ 'યોગસાર' ગ્રંથનું સમ્યગ્ અધ્યયન કરે, તેમાં કહેલા તત્ત્વના સારને બુદ્ધિમાં અવધારણ કરે તો શ્લોક-૪૭માં બતાવ્યું તેવા માનસવાળો બને છે અને તેવા માનસવાળો યોગી પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલા તત્ત્વઉપદેશના સમૂહથી ક્ષાલિત થયેલો હોવાથી અમલ=નિર્મળ માનસવાળો થાય છે. આથી જ આવા યોગીઓ સદા પરમાત્માનું સ્વરૂપ જાણીને, દૃષ્ટિરાગનો ત્યાગ કરીને, અને સામ્યભાવનું અવલંબન લઈને હંમેશાં સાત્ત્વિક પ્રકૃતિને ઉલ્લસિત કરવા પ્રયત્ન કરે છે. અને ઉલ્લસિત થયેલી સાત્ત્વિક પ્રકૃતિને અતિશય કરવા અર્થે ભાવશુદ્ધિમાં ઉદ્યમ કરે છે. તેથી તેઓની સર્વ વિચારણા પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલા પાંચ પ્રસ્તાવને અનુરૂપ પ્રવર્તે છે. તેથી આવા જીવો સામ્યભાવને ધારણ કરેલા હોવાથી દ્વન્દ્વ વિનાના વર્તે છે,

સ્વભૂમિકાનુસાર ઉચિત આચરણા કરનારા થાય છે. અને તેઓની સર્વ પ્રવૃત્તિઓ, સર્વ જીવો માટે આનંદદાયક હોય છે. અને તેવા યોગીઓ સદા શાંતરસમાં રહેનારા હોવાથી, સદા જીવના પોતાના સ્વરૂપમાં સ્થિર હોય છે અને યોગના રસાયણ જેવા શાસ્ત્રીય પદાર્થોનું પાન કરીને શીઘ્ર સર્વક્લેશથી રહિત એવા પરમપદને પ્રાપ્ત કરે છે. **॥૪૮-૪૯॥**

**પંચમ પ્રસ્તાવ સમાપ્ત**

✤ ❖ ✤

येनाज्ञा यावदाराद्धा स तावल्लभते सुखम् ।
यावद् विराधिता येन तावद् दुःखं लभेत सः ॥

જેઓ વડે=જે સાધુ કે શ્રાવક વડે, જેટલી આજ્ઞા
આરાધન કરાઈ તે તેટલા સુખને પામે છે
અને જેના વડે=જે સાધુ કે શ્રાવક વડે,
જેટલી આજ્ઞા વિરાધન કરાઈ
તે તેટલા દુઃખને પામે છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in